# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ વર્ષ, **MSW-SEM-I**

પેપર - **101** સમાજકાર્ય પરિચય

(મુખ્ય વિષય)


| ક્રમ | એકમ ક્રમ | એકમનું શિર્ષક | પેજ નંબર |
|---|---|---|---|
| 1. | એકમ- 1 | સમાજકાર્યનો અર્થ, ઉદ્દેશ્ય, સ્વરૂપ, મહત્વ અને કાર્યક્ષેત્ર | 01 |
| 2. | એકમ- 2 | સમાજકાર્યની વિભાવનાઃ સમાજસેવા; સમાજ સુધારણા; સમાજકલ્યાણ; સામાજિક નીતિ | 12 |
| 3. | એકમ– 3 | સમાજકાર્યની વિભાવનાઃ સામાજિક ક્રિયા; સામાજિક પ્રતિરક્ષા; સામાજિક શિક્ષણ; સામાજિક કાયદા | 27 |
| 4. | એકમ– 4 | ઈંગ્લૅન્ડ, અમેરિકા અને ભારતમાં સમાજકાર્યનો ઉદ્દભવ અને વિકાસ | 40 |
| 5. | એકમ- 5 | ભારતમાં સમાજસુધારકોનો સામાજકલ્યાણમાં ફાળો – I : રાજારામ મોહનરાય; મહાત્મા ગાંધીજી; મહાદેવ ગોવિંદ રાનડે; દાદાભાઈ નવરોજી; ગોપાલકૃષ્ણ ગોખલે; નાનાજી દેશમુખ | 58 |
| 6. | એકમ– 6 | ભારતમાં સમાજસુધારકોનો સામાજકલ્યાણમાં ફાળો – II : સ્વામી વિવેકાનંદ; ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર; જ્યોતિબા ફૂલે; દયાનંદ સરસ્વતી; રવિશંકર મહારાજ; સર સૈયદ અહમદ ખાન | 72 |
| 7. | એકમ- 7 | સમાજકાર્ય અભિગમ – I: મદદકર્તા- લાભાર્થી વિચારધારા; ધાર્મિક દાન અભિગમ; રાજ્ય પુરસ્કૃત દાન અને કલ્યાણ અભિગમ; સંગઠિત અથવા વૈજ્ઞાનિક દાન અભિગમ; વ્યાવસાયિક સમાજકાર્ય અભિગમ | 92 |
| 8. | એકમ- 8 | સમાજકાર્ય અભિગમ – II: તંત્ર અભિગમ; અધિકાર આધારિત અભિગમ; પર્યાવરણીય અભિગમ; શક્તિ આધારિત અભિગમ | 105 |
| 9. | એકમ- 9 | સમાજકાર્યની વિચારધારાનો અર્થ તથા તેના સ્રોતો | 132 |
| 10. | એકમ- 10 | સમાજકાર્યની વિચારધારાના નૈતિક અને ધાર્મિક મૂલ્યો – I: હિંદુ અને બૌદ્ધ ધર્મની પરંપરા | 152 |
| 11. | એકમ- 11 | સમાજકાર્યની વિચારધારાના નૈતિક અને ધાર્મિક મૂલ્યો – II: ખ્રિસ્તી અને મુસ્લિમ ધર્મની પરંપરા | 167 |
| 12. | એકમ- 12 | ગાંધીજીની સમાજકાર્ય સંદર્ભે વિચારધારાઃ મુક્ત અર્થતંત્ર, માનવતાવાદી, સમાજવાદી અને લોકતાંત્રિક વચારધારા | 182 |
| 13. | એકમ 13 | વ્યવસાય તરીકે સમાજકાર્યની ઓળખ | 195 |
| 14. | એકમ- 14 | વ્યાવસાયિક સમાજકાર્યના મૂળતત્વો તરીકે સમાજકાર્યની પધ્ધતિઓ અને કાર્યો | 207 |
| 15. | એકમ- 15 | સમાજકાર્યની આચારસંહિતા; ભૂમિકાઓ અને કુશળતાઓ, સામાજિક કાર્યનું ભારતીયકરણ | 220 |
| 16. | એકમ- 16 | સમાજકાર્ય શિક્ષણનો ઈતિહાસ; ક્ષેત્રકાર્યની જરૂરીયાત અને મહત્વ | 246 |

# એકમ-1
# સમાજકાર્યનો અર્થ, ઉદ્દેશ્ય, સ્વરૂપ, મહત્ત્વ અને કાર્યક્ષેત્ર

રૂપરેખા :-


**1.0** ઉદ્દેશ્યો

**1.1** પ્રસ્તાવના

**1.2** સમાજકાર્યના વૈજ્ઞાનિકો દ્વારા નિર્ધારિત ઉદ્દેશ્યો :

**1.3** સમાજકાર્યના સામાન્ય ઉદ્દેશ્ય :

**1.4** સમાજકાર્યનો અર્થ અને વ્યાખ્યાઓ :

**1.5** સમાજકાર્યનું સ્વરૂપ - પ્રકૃતિ :

**1.6** સમાજકાર્ય વૈજ્ઞાનિક જ્ઞાનનો આધાર :

**1.7** વ્યવસાયિક સમાજકાર્યનાં ક્ષેત્રો :

**1.8** સમાજકાર્યનું મહત્ત્વ :

**1.9** સારાંશ :

**1.10** ચાવીરૂપ શબ્દો :

**1.11** તમારી પ્રગતિને ચકાસો :

**1.12** સંદર્ભ સૂચિ :

- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

- સ્વાધ્યાયના પ્રશ્નો :


## 1.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થીમિત્રો આ એકમને સમજ્યા બાદ તમે,

- સમાજકાર્યના નિર્ધારિત ઉદ્દેશ્યો વિશે જાણશો.
- સમાજકાર્યના સામાન્ય ઉદ્દેશ્યની સમજ મેળવશો.
- સમાજકાર્યનો અર્થ અને સ્વરૂપની સમજ મેળવશો.
- વ્યાવસાયિક સમાજકાર્યના ક્ષેત્રો વિશે જાણશો.

## 1.1 પ્રસ્તાવના :

સમાજકાર્ય એ એક એવો વ્યવસાય છે જેનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યક્તિ, પરિવાર, જૂથો અને સમુદાયોની સમાજ સુખાકારી અને જીવનની ગુણવત્તામાં સુધારો કરવાનો છે. આ કાર્ય સમાજ ન્યાય, માનવ ગૌરવ અને માનવ અધિકારોના પ્રોત્સાહન માટે પ્રતિબદ્ધ છે.

સમાજકાર્યનો ઈતિહાસ ઉલ્લેખનીય છે. 19મી અને 20મી સદીમાં તેનો ઉદ્દભવ થયો હતો. જ્યારે જાન એડમ્સ અને મેરી રિચમંડ જેવા મહાન સમાજસેવકો દ્વારા તેનું સ્વરૂપ નિર્ધારિત કરવામાં આવ્યું. તેઓએ સમાજ સુધારણા માટે મહાન યોગદાન આપ્યું અને વ્યવસાયિક સમાજકાર્ય માટેના માળખાં વિકસાવ્યા. સમાજકાર્યના કેટલાક મૂળભૂત મૂલ્યો અને નૈતિકતાઓ છે. જે તેમના વ્યવસાયને આકાર આપે છે :

1. **સેવા :** સમાજકાર્યકરો સેવા અને સમાજ સમસ્યાઓના ઉકેલને પ્રાથમિકતા આપે છે.
2. **સમાજ ન્યાય :** તેઓ સમાજ બદલાવ માટે પ્રોત્સાહન આપે છે, જેથી સમાનતા અને ન્યાયને પ્રોત્સાહિત કરી શકાય.
3. **વ્યક્તિનું ગૌરવ અને મૂલ્ય :** સમાજકાર્યકરો દરેક વ્યક્તિનાં ગૌરવ અને મૂલ્યને માન આપે છે.
4. **માનવ સબંધોનું મહત્ત્વ :** તેઓ માનવ સબંધોની મહત્તા અને તેની સફળતામાં વિશ્વાસ રાખે છે.
5. **સત્યનિષ્ઠા :** સમાજકાર્યકરો ઈમાનદારી અને પારદર્શકતાથી પ્રચાર કરે છે.
6. **ક્ષમતાઓ :** તેઓ સતત તેમના કૌશલ્ય અને જ્ઞાનને વિકસાવે છે જેથી અસરકારક સેવાઓ આપી શકે.

## 1.2 સમાજકાર્યના વૈજ્ઞાનિકો દ્વારા નિર્ધારિત ઉદ્દેશ્યો :

સમાજકાર્ય ક્ષેત્રના કેટલાક મહાનુભાવોએ સમાજકાર્યના ઉદ્દેશ્યોને આ રીતે વ્યાખ્યાયિત કર્યા છે :-

❖ **વિટમરે સમાજકાર્યના બે ઉદ્દેશો સૂચવ્યા જેમ કે :-**

1. વ્યક્તિઓને સમાજની પાયાની સેવાઓનો ઉપયોગ કરવામાં જે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તેને દૂર કરવામાં મદદ કરવી
2. તેમના કલ્યાણ માટે સમુદાયના સંસાધનોના અસરકારક ઉપયોગની સુવિધા કરવી.

❖ **ફ્રિડલેન્ડરે સમાજકાર્યના ત્રણ ઉદ્દેશ્યો આપ્યા હતા :-**

1. વ્યક્તિઓની પીડાદાય પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા માટે
2. વ્યક્તિની અંદર અને તેની આસપાસ રચનાત્મક શક્તિઓનો વિકાસ કરવા અને
3. વ્યક્તિના લોકશાહી અને માનવતાવાદી વર્તનને પ્રોત્સાહન આપવું.

❖ **ઈશ્વરન બ્રાઉને સમાજકાર્યના ચાર ઉદ્દેશો આપ્યા છે જેમ કે :-**

1. ભૌતિક અથવા ભૌતિક આધાર પૂરો પાડવા માટે
2. સમાજ ગોઠવણમાં મદદ કરવા માટે
3. મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરવા માટે અને
4. સમસ્યાઓમાં રહેલી વ્યક્તિઓ માટે તેમના જીવનધોરણને વધારવા માટે પૂરતી તકો ઉભી કરવી.

## 1.3 સમાજકાર્યના સામાન્ય ઉદ્દેશ્ય :

સમાજકાર્યના સામાન્ય અને સર્વ વ્યાપી રીતે સ્વીકૃત ઉદ્દેશો નીચે મુજબ છે.

1. વ્યક્તિ, પરિવાર, જૂથો, સંગઠનો અને સમુદાયોને ધ્યેયો સિદ્ધ કરવામાં અને સંસાધનો વિકસાવવામાં સામેલ કરીને તેમની સમાજકાર્યપ્રણાલી અને આંતરક્રિયાને વધુ સુદ્રઢ બનાવીને તેમની તકલીફોને વધતી અટકાવવી અને દૂર કરવી.
2. મનો-સમાજ સમસ્યાઓ ઉકેલવા. તણાવ, હીનતા, હતાશા, અતિશય ગુસ્સો જે સમસ્યાઓનું કારણ બને છે; તે તમામ માનવીય માનસિક પરિસ્થિતિને અસર કરે છે અને તે મનોવૈજ્ઞાનિક સમસ્યાઓનું ઉદાહરણ છે.
3. પ્રેમ, સ્નેહ, સંભાળ, સુરક્ષા, સહાનુભૂતિ અને સ્વતંત્રતા વગેરે જેવી માનવતાવાદી જરૂરિયાતોને પૂર્ણ કરવી.
4. તેમની અનુકૂલનની સમસ્યાઓ ઉકેલવી.
5. માનવ સુખાકારી વધારવા અને ગરીબી, જુલમ અને સમાજ અન્યાયના અન્ય સ્વરૂપોને દૂર કરવા.
6. આત્મનિર્ભર બનાવવા એનો અર્થ એ છે કે, સમાજકાર્યકર્તાએ સેવાર્થીઓ પોતે પોતાને મદદ કરે તે માટે મદદ કરવી જોઈએ.
7. સુમેળભર્યા સમાજ સબંધો બનાવવા અને મજબૂત કરવા. લોકોના મનમાં હીનતાની લાગણી ન હોવી જોઈએ.
8. સુધારાત્મક અને મનોરંજન સેવાઓની જોગવાઈ કરવી.
9. સમાજ નીતિઓ, સેવાઓ અને કાર્યક્રમો ઘડવા અને અમલમાં મૂલ્યોવા જે મૂળભૂત માનવ જરૂરિયાતોને પૂર્ણ કરે છે અને માનવ ક્ષમતાઓના વિકાસને ટેકો આપે છે.
10. લોકોમાં લોકશાહી મૂલ્યો વિકસાવવા, સેવાર્થીમાં બંધુત્ત્વ, સ્વતંત્રતા, સહાનુભૂતિ, સમાનતાની ભાવનાઓ કેળવવી જોઈએ. આનાથી માત્ર સેવાર્થી જ નહીં પરંતુ સમાજનું વાતાવરણ પણ સુધરશે.
11. વિકાસ અને સમાજિક પ્રગતિની તકો પૂરી પાડવા.
12. સમુદાયને જાગૃત કરવા.

13. વ્યક્તિની વિકાસ તરફેણમાં પર્યાવરણને બદલવું.

14. સમાજ વિકાસ માૌ ખામીયુક્ત સમાજ વ્યવસ્થામાં પરિવર્તન લાવવું.

15. સમાજ અથવા રાજકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજ અને આર્થિક ન્યાયની હિમાયત કરવી અને ક્રિયાઓ દ્વારા નીતિઓ, સેવાઓ અને સંસાધનોને અનુસરવા.

16. જરૂરિયાતમંદોને સમાજ-કાનૂની સહાય પૂરી પાડવી.

17. સમાજકાર્ય પ્રેક્ટિસને આગળ વધારતા સંશોધન, જ્ઞાન અને કુશળતા વિકસાવવા અને તેનો ઉપયોગ કરવા.

18. સેવાર્થીને પુનઃવર્સન સેવાઓ પ્રદાન કરવી જેથી કરીને તે સમાજકાર્યકરના માર્ગદર્શન વિના પણ સારી રીતે કાર્ય કરી શકે.

આપણે સમાજકાર્યના ઉદ્દેશ્યોનો સરવાળો કરીએ તો કહી શકાય કે સમાજકાર્યનો ઉદ્દેશ્ય માનવ ક્ષમતાનો મહત્તમ વિકાસ અને માનવ જરૂરિયાતોને પૂર્ણ કરવાનો છે.

## 1.4 સમાજકાર્યનો અર્થ અને વ્યાખ્યાઓ :

સમાજની કેટલીક વ્યક્તિઓ, જૂથો કે સમુદાયની કલ્યાણ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ બધી જ સેવાઓ અને તેના બધા જ પાસાઓને સમાજકાર્ય તરીકે કહી શકાય. વિભિન્ન એજન્સીઓ દ્વારા લોકોને અનેક વિધ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ સેવાઓ જરૂરિયાત મંદ લોકો સુધી પહોંચે અને લોકો તેનો યોગ્ય ઉપયોગ કરીને વિકાસની ગતિ તરફ આગળ વધે તે કામગીરી સમાજકાર્યની છે.

❖ **એંડરસન, 1943 :**

"સમાજકાર્યએ વ્યવસાયિક સેવા છે. આ સેવા લોકોને વ્યક્તિગત સ્તરે અથવા જૂથમાં પૂરી પાડવામાં આવે છે. જેથી લોકો પોતાની વિશિષ્ટ ઈચ્છાઓ અને સામર્થ્ય અનુસાર સમુદાય સાથે સંવાદિત રહી સબંધોનો સંતોષ અને જીવન ધારણની પ્રાપ્તિ કરી શકે."

❖ **ફિડલેંડર 1955 :**

"સમાજકાર્ય એ માનવ સબંધો વિશેનાં વૈજ્ઞાનિક જ્ઞાન અને કુસળતા પર આધારિત વ્યાવસાયિક સેવા છે, જે વ્યક્તિઓને વ્યક્તિગત સ્તરે અથવા જૂથમાં સમાજ અને વ્યક્તિગત સંતોષ અને સ્વાધીનતા પ્રાપ્ત કરવામાં સહાયક થાય છે."

❖ **ઈન્ડિયન કોન્ફરન્સ ઓફ સોશ્યલ વર્કસ 1957 :**

"સમાજકાર્ય વ્યક્તિઓ અથવા જૂથો અથવા સમુદાયોને મદદ કરતી કલ્યાણ પ્રવૃત્તિ છે. જે માનવતાવાદી ફિલસૂફી વૈજ્ઞાનિક જ્ઞાન અને તકતીકી કૌશલ્ય પર આધારિત છે."

❖ **નેશનલ એસોસિએશન ઓફ સોશ્યલ વર્કસ 1973 :**

સમાજકાર્ય એ વ્યક્તિઓ, જૂથો અને સમુદાયોને મદદ કરતી વ્યવસાયિક પ્રવૃત્તિ છે. જેનો હેતુ તેઓની સમાજ ક્રિયા શક્તિ વધારવાનો અથવા પુનઃ સ્થાપિત કરવાનો છે. અને આ માટે અનુકૂળ એવી સમાજ પરિક્ષિત સર્જવાનો છે.

ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ સ્કૂલ્સ ઓફ સોશ્યલ વર્ક અને ઈન્ટરનેશનલ ફેડરેશન ઑફ સોશ્યલ વર્કસ દ્વારા સ્વીકૃત-2001.

''વ્યાવસાયિક સમાજકાર્ય સમાજ પરિવર્તનને ઉત્તેજન આપે છે. માનવ સબંધોમાં થતી સમસ્યાઓના સમાધાન અને લોક કલ્યાણ વધારવા તેમની મુક્તિ અને સશક્તિકરણને ઉત્તેજન આપે છે. સમાજકાર્ય માનવીય વર્તણૂક અને સમાજ વ્યવસ્થાના સિદ્ધાંતોનો ઉપયોગ કરી, જ્યાં લોકો તેમના વાતાવરણ સાથે આંતરક્રિયા કરે છે, ત્યાં દરમિયાનગીરી કરે છે. સમાજકાર્ય માટે માનવ હક્કના સિદ્ધાંતો અને સમાજ ન્યાય મૂળભૂત છે.''

## 1.5 સમાજકાર્યનું સ્વરૂપ - પ્રકૃતિ :

સમાજમાં કેટલીક વ્યક્તિઓને અંગત અથવા પારિવારીક સમસ્યાઓ હોય છે. કેટલીકવાર તેઓ તેને જાતે ઉકેલી શકતાં નથી. તેમને બહારની મદદની જરૂર પડે છે. આવી મદદ પ્રશિક્ષિત લોકો તરફથી મળે છે. મદદ લેનાર વ્યક્તિ લાભાર્થી તરીકે ઓળખાય છે. અને તેને મદદ કરનાર પ્રશિક્ષિત વ્યક્તિ સમાજકાર્યકર તરીકે ઓળખાય છે.

લાભાર્થીને સ્વ-સુધારણા માટે પ્રેરણા મળવી જોઈએ. સમાજકાર્યમાં મદદ સ્વીકારવાની તૈયારી એ પૂર્વ આવશ્યક શરત છે. સમાજકાર્યકર લાભાર્થીની સમસ્યા હલ કરવા માટે પ્રયત્ન કરે છે. તે લાભાર્થીના સ્વ-નિર્ણયના અધિકારને માન આપીને તેની સલાહ અથવા ઉકેલ લાભાર્થી પર લાદતો નથી. સમાજકાર્યકરોએ લાભાર્થીઓને તેઓ શ્રેષ્ઠ છે તેવું ન લગાડવું જોઈએ થવા તેમને તિરસ્કાર ન કરવો જોઈએ, લાભાર્થી પ્રત્યે સહાનુભૂતિ હોવી જોઈએ. તેઓએ લાભાર્થીની ભૂમિકામાં પોતાને મૂલ્યોને તેની પરિસ્થિતિ સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. સમાજકાર્યકર્તાએ લાભાર્થીની લાગણીઓને સમજીને તેનો સ્વીકાર કરવો જોઈએ.

આપત્તિઓ અને કુદરતી આફતો સમયે સૌ લોકો પીડિતોને મદદ કરવા માટે રોકડ અને જુદા જુદા પ્રકારનાં દાન આપે, તેઓને પીડિતો સાથે કોઈ સીધો સંપર્ક હોતો નથી. જેને સામાન્ય રીતે સેવા સેવા તરીકે ઓળખવામાં આવે છે. જેમાં અસહાયને કેટલીક મદદ પૂરી પાડવામાં આવે છે. પરંતુ સમાજકાર્યમાં કાર્યકર અને લાભાર્થીની સામ-સામે ક્રિયા પ્રતિક્રિયા મહત્ત્વપૂર્ણ છે. અનુક કિસ્સાઓમાં રાહત ઉપરાંત સમાજકાર્યકર આંતર વૈયક્તિક સબંધોને સુધારવામાં અને આપત્તિ અને કુદરતી આફતો સબંધિત સમસ્યાઓને સમાયોજિત કરવામાં પણ મદદ કરે છે. સબંધોને લગતી સમસ્યાઓ તેમજ જીવનના અગત્યનાં પાસાની સમસ્યાઓ કે મોટી સમસ્યાઓનો સામનો કરવા માટે જે પ્રકારની મદદની જરૂર પડે છે. તેને સમાજકાર્ય કહેવામાં આવે છે.

## 1.6 સમાજકાર્ય વૈજ્ઞાનિક જ્ઞાનનો આધાર :

સમાજકાર્ય વૈજ્ઞાનિક પધ્ધતિઓનો આધાર ધરાવે છે. સમાજકાર્ય તે ત્રણ પ્રકારનું જ્ઞાન ધરાવે છે.

(1) ચકાસાયેલ જ્ઞાન

(2) કાલ્પનિક જ્ઞાન કે જેને ચકાસાયેલ જ્ઞાનમાં પરિવર્તન કરવાની જરૂર છે.

(3) અનુમાનિતા જ્ઞાન - જે વ્યટવહારુ શાણપણ છે, જેને અનુમાનિક જ્ઞાન કહેવામાં આવે છે. જેને પરિક્ષણ જ્ઞાનમાં પરિવર્તન કરવાની જરૂર છે.

આ જ્ઞાન સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, નૃવંશશાસ્ત્ર, રાજકીય વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, જીવવિજ્ઞાન મનોચિકિત્સા, કાયદામાંથી સ્વીકારવામાં આવ્યુ છે. તમામ વિદ્યાશાખાઓએ માનવ સ્વભાવને સમજવામાં ઘણું યોગદાન આપ્યું છે. સમાજકાર્યકરો તેમના સેવાર્થીઓની સમસ્યાઓ ઉકેલવા માટે આ જ્ઞાનનો ઉપયોગ કરે છે.

સમાજકાર્યનું મૂળ માનવતાવાદમાં છે. તે વૈજ્ઞાનિક ''માનવતાવાદ'' છે. કારણ કે તે વૈજ્ઞાનિક આધારનો ઉપયોગ કરે છે. સમાજકાર્ય ચોક્કસ મૂલ્યો પર આધારિત છે. જેને સાંકળવાથી ''સમાજકાર્યની ફિલોસોફી'' રચાય છે. સમાજકાર્ય વ્યક્તિનાં આવશ્યક પર મૂલ્ય અને ગૌરવનાં વિશ્વાસ પર આધારિત છે. દરેક માણસ આદરપાત્ર છે. તે શ્રીમંત કે શક્તિશાળી ન હોય છતાં પણ તે માનવ હોવાને કારણે આદર પાત્ર છે. જેથી દરેક માનવે એક બીજાનો આદર કરવો જોઈએ.

સમાજકાર્ય જાતિ, રંગ, જ્ઞાતિ, લિંગ અથવા ધર્મના આધારે કોઈપણ પ્રકારના ભેદ-ભાવની વિરૂધ્ધ છે. સમાજકાર્ય ''સમાજ ડાર્વિનિઝમ અને સર્વાઈવલ ઓફ ધ ફીટેસ્ટ''ના સિદ્ધાંતની વિરૂધ્ધ છે. જેનો અર્થ એ છે કે સમાજકાર્ય એવું નથી માનતું કે સમાજમાં માત્ર મજબૂત જ ટકી રહેશે અને નબળાનો નાશ થશે. જેઓ નબળા કે વિકલાંગ છે અથવા વધારે કાળજીની જરૂરીયાતવાળા છે, તેઓ સમાજકાર્યકરો માટે સમાન મહત્ત્વપૂર્ણ છે. વિવિધ મનોવૈજ્ઞાનિક, સમાજ અને આર્થિક પાસાઓ હોવા છતાં વ્યક્તિને સમાન મૂલ્ય અને ગૌરવ સાથે સંપૂર્ણ રીતે સમજવામાં આવે છે. સમાજકાર્યકર વ્યક્તિની ક્ષમતામાં વિશ્વાસ રાખે છે. અને વ્યક્તિગત તફાવતોને પણ ઓળખે છે. વ્કિતના સ્વ-નિર્ણયને મહત્ત્વ આપવામાં આવે છે. સમાજકાર્યકર એ આદર્શવાદ અને વાસ્તવિક્તાનું સંયોજન છે. સમાજકાર્યકર માટે વ્યક્તિ મહત્ત્વપૂર્ણ છે. પરંતુ સમાજ પણ તેટલો જ મહત્ત્વપૂર્ણ છે. વ્યક્તિ સમાજ સંજોગો પ્રમાણે ઘડાય છે. વ્યક્તિએ પોતાનાં વર્તન અને વર્તણૂકની જવાબદારી ઉઠાવવી પડે છે. જે સમસ્યાને કારણે સેવાર્થી પરેશાન છે. તે સમસ્યાનું નિરાકરણ પણ કાર્યકર્તાએ કરવું પડે છે. તેથી સમાજકાર્યના સ્વરૂપમાં સમસ્યાનું નિરાકરણ મહત્ત્વ ધરાવે છે.

## 1.7 વ્યવસાયિક સમાજકાર્યનાં ક્ષેત્રો :

(1) બાળ કલ્યાણ

(2) યુવા કલ્યાણ

(3) વૃધ્ધ કલ્યાણ

(4) શ્રમ કલ્યાણ

(5) અનુસૂચિત અને અનુસૂચિત જન જાતિ કલ્યાણ

(6) અપરાધી સુધાર

(7) માનસિક આરોગ્ય

(8) ગ્રામ વિકાસ

(9) ચિકિત્સકીય સમાજકાર્ય

(10) નગરીય કલ્યાણ

(11) પારિવારીક સમાજકાર્ય

(12) મહિલા કલ્યાણ

(13) વિદ્યાલય સમાજકાર્ય

(14) વૃધ્ધ કલ્યાણ

## 1.8 સમાજકાર્યનું મહત્ત્વ :

સમાજકાર્ય તેની કાર્ય પધ્ધતિથી લોકોની સમય્યાઓ ઉકેલવા માટે તેમજ વ્યક્તિગત માનવવર્તન સમજાવવાનું કામ કરે છે.

સમાજકાર્ય તેની કાર્યપધ્ધતિ / પ્રેક્ટિસ દ્વારા વ્યક્તિગત માનવવર્તનને સમજવાનો પ્રયાસ કરે છે. સમસ્યાઓ ઉકેલવા માટે લોકોને સાંકળીને સહભાગી બનાવીને તેમની ક્ષમતાને વિકસાવવાનો પ્રયત્ન કરે છે. ઘણા લોકો આ ક્ષેત્રને મનોવિજ્ઞાન સમાજશાસ્ત્ર અને પરામર્શનનાં મિશ્રણ તરીકે દર્શાવે છે. પરંતુ સમાજકાર્ય એક પ્રેક્ટિસ આધારિત વ્યવસાય છે. જે વ્યક્તિઓ અને સમુદાયોના સશક્તિકરણને તેમજ સમાજ પરિવર્તનને પ્રોત્સાહન આપે છે. સમાજકાર્યકર્તાઓ લોકોને તેમના રોજિંદા જીવનની સમસ્યાઓ હલ કરવામાં મદદ કરે છે. તેમજ તેમના જીવનના અવરોધો દૂર કરવામાં અને તેમનાં જીવનની ગુણવત્તા સુધારવામાં મદદ કરે છે. સમાજકાર્યની કારકિર્દી કયારેક પડકારરૂપ પણ બની શકે છે. પરંતુ લોકોના જીવનને વધુ સારૂ બનાવવામાં સમાજકાર્યનો સીધો પ્રભાવ છે.

આ ક્ષેત્રના કાર્યકરો માનવ સમાજના અને માનવ જીવનના તમામ ક્ષેત્રનાં લોકો સાથે સીધા જ જોડાઈને કાર્ય કરે છે. કોઈ ઘર વિહોણા હોય કોઈ મુશ્કેલીમાં હોય, રોગ ગ્રસ્ત હોય કે વિદ્યાર્થી હોય તેમનો સીધો સંપર્ક કરે છે. તેઓ આ વ્યક્તિઓને જરૂરી સંસાધનો સાથે જોડે છે. સમાજના લોકો તેમની સમસ્યાઓમાંથી બહાર આવે તે માટે અનેક પ્રકારના પ્રયત્નો કરે છે. સમસ્યામાંથી બહાર આવવાની પ્રક્રિયા દરમ્યાન લોકોની ક્ષમતાઓને વિકસાવી તેમને સમક્ષ બતાવવાનું કાર્ય કરે છે. જેથી લોકો પોતે પોતાની જાતે પોતાનો વિકાસ કરી શકે.

## 1.9 સારાંશ :

સમાજકાર્ય તે એક વ્યવસાય છે. જેનો મુખ્ય ઉદ્દેશ વ્યક્તિ, પરિવાર, જૂથો અને સમુદાયોને સમાજ સુખાકારી આપી વિકાસ તરફ આગળ વધારવાનો છે. તેથી જ માનવજીવનમાં તેનું ચોક્કસ મહત્ત્વ છે. તે માનવજીવનનાં દરેક ક્ષેત્ર સાથે સીધું જ જોડાયેલું છે.

## 1.10 ચાવીરૂપ શબ્દો :

❖ **વ્યવસાયિક સબંધ :**

સમાજકાર્યકર અને સેવાર્થી સબંધનો મુખ્ય આધાર કાર્યકર વડે સેવાર્થીની સ્વીકૃતિ અને સેવાર્થીનો કાર્યકર પર શ્રદ્ધા અને આદર છે.

❖ **પુનઃસ્થાપના :**

સેવાર્થી તેની વિક્ષેપિત અવસ્થામાંથી ઉભરીને તેના સમાજ અને કુટુંબમાં સ્થિતિમાં અનુકૂલન સાદી સામાન્ય જીવનમાં ફરી સ્થાપિત થવાની પ્રક્રિયાને પુનઃસ્થાપન કહેવાય છે.

❖ **વ્યવસાયિક નીતિશાસ્ત્ર :**

સમાજકાર્યકર કે જે સિદ્ધાંતનું જ્ઞાન, તાલીમ, વિશેષજ્ઞતા અને વ્યાવસાયિક રીતે સંગઠિત હોય ત્યારે તે વ્યાવસાયિક નીતિશાસ્ત્ર દ્વારા નિયંત્રિત થાય છે. આ નૈતિકતા આ ચારના વ્યાવસાયિક નિયમો છે. દા.ત. તબીબી, વકીલાત જેમ

❖ **સમાજ ન્યાય :**

સમાજકાર્યમાં સમાજ ન્યાય એ વિચારમાં મૂળ છે કે તમામ લોકોને સમાન અધિકારો, તકો, સંસાધનોની પ્રાપ્યતા / ઉપલબ્ધતા હોવા જોઈએ અને લાભન્વીત હોવા જોઈએ. તે એવો ન્યાય છે. જેનો ઉદ્દેશ્ય છેવાડાના માનવીને સમાવી વિકાસમાં ભાગીદાર બનાવીને અસમાનતા અને અન્યાયને દૂર કરવાનો છે. સમાજકાર્યના ક્ષેત્રમાં સમાજ ન્યાય અને મુખ્ય મૂલ્ય છે.

## 1.11 તમારી પ્રગતિને ચકાસો :

1. સમાજકાર્યના ક્ષેત્રો નીચેનામાંથી કયા કયા છે ?

   (A) બાળકો (B) યુવા (C) વૃધ્ધ (D) ઉપરના તમામ

2. ફ્રિડલેન્ડરે સમાજકાર્યના કેટલા ઉદ્દેશયો આપ્યા છે ?

   (A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

3. સમાજકાર્યનું જ્ઞાન કયા પ્રકારનું છે.

   (A) વૈજ્ઞાનિક (B) કાલ્પનીક (C) અનુભવ (D) લાગણી

## 1.12 સંદર્ભ સૂચિ :


1. વ્યવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો.

   લેખક - ડૉ.આનંદીબહેન પટેલ, વ્યાવસાયિક અભિવૃત્તિ અમદાવાદ પ્રકાશન. જુલાઈ-2009

2. વ્યવસાયિક સમાજકાર્ય, ડૉ.ગીતા ચાવડા. પ્રકાશક-લોક પ્રકાશન, લોકનિકેતન, રતનપુર, મે-2008.

3. સમાજકાર્ય સિદ્ધાંત ઓર વ્યવહાર, લેખક-કુંવરસિંહ થીલાશ, પ્રકાશન કેન્દ્ર, લખનઉ

4. સમાજકાર્ય કે ક્ષેત્ર, ડૉ.ગિરીશકુમાર ઉત્તરપ્રદેશ હિન્દી સરમાન, લખનઉ

❖ **સ્વાધ્યાયના પ્રશ્નો :**

- સમાજકાર્યનો અર્થ શું છે ?
- વ્યાવસાયિક સમાજકાર્ય કોના કોના માટે કાર્ય કરે છે ?
- સમાજકાર્યના મુખ્ય ઉદ્દેશ શું છે ?
- સમાજકાર્ય કયા કયા ક્ષેત્રોમાં કાર્ય કરે છે.
- સમાજકાર્યમાં મહત્ત્વ શા માટે છે ?
- સમાજકાર્યના મૂલ્યો કયા છે ?

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

1. (D) ઉપરના તમામ
2. (C) ત્રણ
3. (A) વૈજ્ઞાનિક

*****************

# એકમ-2
# સમાજકાર્યની વિભાવના : સમાજસેવા, સમાજ સુધારણા; સમાજકલ્યાણ, સમાજ નીતિ

રૂપરેખા :-


**2.0 ઉદ્દેશ્યો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 સમાજકાર્યનો અર્થ**

**2.3 સમાજસેવા**

**2.4 સમાજ સુધારણા**

**2.5 સમાજ કલ્યાણ**

**2.6 સમાજ નીતિ**

**2.7 સારાંશ**

**2.8 તમારી પ્રગતિ ચકાસો**

**2.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**2.10 ચાવીરૂપ શબ્દો**

**2.11 સ્વાધ્યાય**

**2.12 સંદર્ભ સૂચિ :**


## 2.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો આ એકમના અભ્યાસ બાદ તમે....

- સમાજકાર્ય વિશેની જાણકારી મેળવશો.
- સમાજસેવા વિશેની સમજ પ્રાપ્ત કરશો.
- સમાજકાર્ય તથા સમાજ સેવા વચ્ચેનો ભેદ સમજી શકશો.
- સમાજ સુરક્ષા અને સમાજકલ્યાણ વિશેની સમજ મેળવશો.
- સમાજ નીતિ વિશે જાણકારી પ્રાપ્ત કરી શકશો.

## 2.1 પ્રસ્તાવના :

માનવ જીવનનો મૂળ ઉદ્દેશ્ય એ વિકાસ કરવાનો છે, પણ વિકાસના માર્ગમાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જે કારણે તેનો વિકાસ કયાંક અટકી જાય છે. આપણે જાણીએ છીએ તેમ આ સમસ્યાઓ અપેક્ષિત પરિવર્તન સાથે જોડાયેલી હોય છે. આ સમસ્યાઓના સમાધાન માટે નડતરરૂપ એવી બે પરિસ્થિતિઓ છે. જેમાં 1) વ્યક્તિની પોતાની અસમર્થતા અને 2) વ્યક્તિની અજ્ઞાનતા સમાજકાર્ય દ્વારા આ બંન્ને અસમર્થતાઓને દૂર કરી વ્યક્તિ સક્ષમ બને તે માટેની એક પરિસ્થિતિ પૂરી પાડે છે. જેનાં દ્વારા વ્યક્તિ પોતે સમસ્યાનું સમાધાન કરી વિકાસની દિસા તરફ આગળ વધી શકે. આ એકમમાં દર્શાવેલ તમામ મુદ્દાઓ દ્વારા સમાજકાર્ય અને તેને સબંધિત ખ્યાલોની સમજ મેળવી શકીએ છીએ. જે આગળ દર્શાવેલ છે.

## 2.2 સમાજકાર્યનો અર્થ :

આપણા સમાજમાં 'સમાજસેવા' શબ્દથી તો બધાં જ પ્રચલિત છે જ; પરંતુ ભારતના સંદર્ભમાં સમાજકાર્યનો ખ્યાલ હજુ સુધી ખૂબ વિસ્તૃત થયો નથી. પ્રાચીન સમયમાં વૃધ્ધો, બાળકો, અપંગો, અશક્તો, નિઃસહાયો તથા ગરીબોની જવાબદારી કુટુંબ, જ્ઞાતિ અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા ઉઠાવવામાં આવતી હતી. પરંતુ ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને વિકાસ પ્રક્રિયાએ અનેક નવી ને જટિલ સમસ્યાઓ ઊભી કરી. જેમનો ઉકેલ પ્રાચીન સમાજ સંસ્થાઓ દ્વારા અશક્ય બન્યો. પરિણામે આ સમસ્યાઓના ઉકેલ માટે સમાજવિજ્ઞાનના જ્ઞાન અને વૈજ્ઞાનિક પદ્ધતિઓની જરૂરિયાત ઊભી થઈ. સમસ્યાનાં સમાધાનને એક સમાજ જવાબદારીનાં ભાગ તરીકે સ્વીકારવાનું શરૂ થયું અને ધીરે-ધીરે આ સાહજિકવૃત્તિએ વ્યવસાયનું રૂપ લીધું. ઔદ્યોગિક ક્રાંતિથી સર્જાયેલી સમસ્યાઓના ઉકેલ માટે ઈંગ્લેન્ડમાં સમાજકાર્યની શોધ થઈ; ત્યારબાદ અમેરિકામાં તેનો વધુ વિકાસ થયો અને દુનિયામાં અનેક દેશોમાં વ્યાવસાયિક સમાજકાર્યનો સ્વીકાર થયો.

"સમાજકાર્ય એ એક એવી વિજ્ઞાનશાખા છે જે માનવ તબક્કાઓના સંકલન, સંચાલન અને સમાધાન દ્વારા વ્યક્તિગત અને સામુદાયિક સુખાકારી પ્રદાન કરે છે."

**મેરી રિચમન્ડ (Mary Richmond)**

"સમાજકાર્ય એ એક વ્યાવસાયિક પ્રવૃત્તિ છે જે માનવ અને સમાજ જીવનની ગુણવત્તાને સુધારવા માટે સમાજ ન્યાય, માનવ અધિકારો, સમાજ જવાબદારી અને સામુદાયિક વિકાસના સિદ્ધાંતોનો ઉપયોગ કરે છે."

**અર્નેસ્ટ ગ્રીનવુડ (Ernest Greenwood)**

"સમાજકાર્ય એ એક વ્યવસાય છે જેનો મુખ્ય હેતુ વ્યક્તિ, જૂથ અને સમુદાયના સુખાકારીને સુનિશ્ચિત કરવા માટે તેમના સમાજ, આર્થિક અને માનસિક સ્વાસ્થ્યમાં સુધારો લાવવાનો છે."

**અમેરિકન સોસાયટી ઓફ સોસિયલ વર્કર્સ (American Society of Social Workers)**

"સમાજકાર્ય એ એક એવી પ્રક્રિયા છે જે સમાજના દરેક અંગનું સર્વાંગી વિકાસ અને સંવર્ધન કરે છે અને તેમાં વ્યક્તિગત, સામૂહિક અને સામુદાયિક સ્તરે સબંદોનું સુમેળ સ્થાપે છે."

**બાઈટરફેલ્ડ (Boehtterfeld)**

"સમાજકાર્ય એ વ્યવસાયિક મદદ છે જે સમાજના તમામ સ્તરે રહેલાં વ્યક્તિઓ અને જૂથોને તેમની સમસ્યાઓનો ઉકેલ લાવવા અને જીવનની ગુણવત્તામાં સુધારો કરવા માટે મદદરૂપ થાય છે."

**ફ્રિટઝ મલિકી (Fritz Malicky)**

આ વ્યાખ્યાઓએ સમાજકાર્યના વિવિધ પાસાઓ અને હેતુઓને અલગ અલગ રીતે સમજાવ્યા છે, પરંતુ સર્વે વ્યાખ્યાઓએ એ જ હેતુ પર ભાર મૂલ્યો છે કે સમાજકાર્યથી વ્યક્તિગત અને સામુદાયિક સુખાકારીમાં સુધારો લાવવો.

## 2.3 સમાજસેવા :

❖ **સમાજસેવાની વ્યાખ્યાઓ :**

"સત્ય અને અહિંસાના પાયાના આધારે પરોપકાર અને સેવા કરવી એ સાચી સમાજસેવા છે."

**- ગાંધીજી**

"સમાજસેવા એ એવુ કાર્ય છે જેમાં વ્યક્તિ પોતાનું જીવન સમાજના હિત માટે સમર્પિત કરે છે અને સમાજ સુખાકારી માટે પ્રયત્ન કરે છે."

**- સર્વપલ્લી રાધાકૃષ્ણન**

"સમાજસેવા એ લોકોની દુખ-કષ્ટો દૂર કરવા અને સમાનતાના સિદ્ધાંતોને પ્રમોટ કરવા માટેની ક્રિયા છે."

**- વિનોબા ભાવે**

"સમાજસેવા એ સમાજના દરેક વિભાગને સુખાકારી અને સમાનતા તરફ આગ્રહિત કરવા માટેની પ્રયત્નશીલ પ્રવૃત્તિઓની ગોઠવણ છે."

**- પ્રો. નારાયણશાસ્ત્રી**

સમાજસેવા એ એવાં કર્મોનું સંગ્રહ છે જેનાથી પરોપકાર, સમાજસેવા અને માનવતાના હિતમાં કાર્ય કરવાનુ આવરી લેવાય છે. આ પ્રવૃત્તિઓમાં ગરીબોને મદદ કરવી, આરોગ્ય સેવાઓ પૂરી પાડવી, શૈક્ષણિક સહાય અને આફતો સમયે રાહત કામગીરીનો સમાવેશ થાય છે.

સમાજ સેવા એટલે શું ? માનવ સંસ્કૃતિનો અભ્યાસ કરીએ તો જણાશે કે વિકટ પરિસ્થિતિઓમાં માનવીમાં એકબીજાને સતત મદદ કરવાની ભાવનાના દર્શન થાય છે. પ્રાચીન સમયમાં રોગીઓ, અપંગોને તિરસ્કૃત કરી દેવામાં આવતાહતાં. તેઓ અધર્મી છે, પાપી છે તથા તેમના કરેલા ખરાબ કર્મોનું ફળ ભોગવે છે એવી માન્યતાના આધારે તેમનો નિકાલ કરી દેવામાં આવતો હતો. પરંતુ સમય જતાં વિવિધ ધર્મસંસ્થાઓ અસ્તિત્વમાં આવી. આ ધર્મસંસ્થાઓએ દયા, દાન, પરોપકારના માધ્યમથી લોકોમાં નિસહાય તથા લાચાર વ્યક્તિઓને મદદ કરવાની ભાવના પ્રસ્થાપિત કરી. શરૂઆતમાં આ પ્રકારની મદદ માત્ર કુટુંબભાવના, પાડોશીધર્મ કે ધર્મ સુધી જ મર્યાદિત હતાં. લોકો દ્વારા શરૂઆતમાં વ્યક્તિગત સહાય જ કરવામાં આવતી હતી. જેમ કે રસ્તે જનાર અપંગ વ્યક્તિને સહાય કરવી, પાણીની પરબો બંધાવવી, ગરીબ લોકો માટે ભોજન તથા કપડાનું વિતરણ કરવું વગેરે. આમ દાન આપનાર અને દાન લેનાર બન્નેનું કલ્યાણ થતું. દાન લેનાર એ દાન આપનારને(દાતા) આશીર્વાદ આપતાં જેથી પુણ્ય મળ્યાનો ભાવ દાન આપનારમાં પ્રદર્શિત થતો અને દાન લેનાર વ્યક્તિની જરૂરિયાતો પૂર્ણ થતી હતી અને તેથી જ દરેક ધર્મમાં દાનને મહત્ત્વનું કાર્ય ગણવામાં આવ્યું છે. ત્યારબાદ વ્યક્તિગત દાન અને સંગઠિત દાનનો ઉપયોગ થયો. જેમાં લોકો દ્વારા દાન ચર્ચો, મંદિરો કે ધાર્મિક ટ્રસ્ટોમાં આપવામાં આવતું અને આ સંસ્થાઓ દ્વારા મળેલ દાનના માધ્યમથી નિસહાય, લાચાર વ્યક્તિઓ તથા વિવિધ જરૂરિયાત મંદોને શિક્ષણ તથા આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવતી હતી. પરંતુ સમાજકાર્યની આવી સેવાઓ મોટાભાગે

ટૂંકા સમયની સેવાઓ હતી. જેમાં જે વ્યક્તિ મુશ્કેલીમાં હોય એ વ્યક્તિને મુશ્કેલીમાંથી ઉગારવા માટે આ સેવાઓ માનવતાવાદી અભિગમથી થતી હોવાથી સમાજસેવાના કાર્યોમાં આજે પણ પ્રવર્તમાન છે. પરંતુ ઔદ્યોગિક ક્રાંતિના કારણે સમાજમાં સર્જાયેલી સમય્યાઓનો ઉકેલ લાવવા સમાજસેવાના કાર્યો ફળીભૂત ન બન્યાં; ત્યારે સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે જે વિવિધ વૈજ્ઞાનિક પદ્ધતિની શોધ કરવામાં આવી એ સમયાન્તરે સમાજકાર્ય પદ્ધતી બની.

❖ **સમાજસેવા અને સમાજકાર્ય વચ્ચે તફાવત :**

સમાજકાર્યને નજીકથી સમજવા માટે સમાજસેવા અને સમાજકાર્ય વચ્ચેનો તફાવત સમજવો ખૂબ જ જરૂરી છે. જે નીચે આપેલી કેટલીક બાબતોને આધારે સમજીએ.

⇨ લાચાર વ્યક્તિને મદદ કરવી એ સમાજ સેવા છે; જ્યારે લાચાર વ્યક્તિને સહાયતા મળી રહે તે માટે મદદ કરવી તે સમાજકાર્ય છે.

⇨ સમાજ સેવામાં સમાજ સહાય, સમાજ વીમો, જન સ્વાસ્થ્ય, શિક્ષણ, મનોરંજન, આવાસ વગેરે સેવાઓનો સમાવેશ થાય છે.

⇨ સમાજકાર્ય વ્યાવસાયિક છે, જ્યારે સમાજસેવા સ્વયંસેવી છે.

⇨ સમાજકાર્ય માટે વિશિષ્ટ શિક્ષણ અને તાલીમની જરૂર છે, જ્યારે સમાજસેવામાં આ જરૂરી નથી.

⇨ સમાજકાર્ય એ પ્રાથમિક રીતે સમાજ સમસ્યાઓનું વ્યાવસાયિક ઉકેલ છે, જ્યારે સમાજસેવા નિસ્વાર્થ રીતે માનવતાની સેવા છે.

⇨ સમાજકાર્યકરો પાસે વિશિષ્ટ કૌશલ્ય અને પદ્ધતિઓ છે, જ્યારે સમાજસેવકો સામાન્ય રીતે પોતાના અનુભવો અને સંવેદનશીલતા પરથી કાર્ય કરે છે.

⇨ સમાજકાર્યનો વ્યાપક ક્ષેત્ર છે. જેમાં વિવિધ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે, જ્યારે સમાજસેવા પ્રમાણમાં નિશ્ચિત અને સ્પષ્ટ પ્રવૃત્તિઓ છે.

⇨ આ રીતે, બંને પ્રવૃત્તિઓના હેતુ અને પદ્ધતિઓમાં તફાવત છે, પણ બંનેનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજને સુખી અને સમૃદ્ધ બનાવવાનો છે.

'સેવા' શબ્દનો ઉપયોગ 'સમાજ સાથે થાય છે. તેનો ઉદ્દેશ વ્યક્તિ, જૂથ કે સમુદાયની સુખાકારીમાં વધારો કરવાનો હોય છે. તે વ્યક્તિગત કે સમાજ પ્રયત્ન હોઈ સમાજ સેવાના કાર્યો વ્યક્તિ, જૂથ કે સમુદાય દ્વારા સ્વપ્રેરણાથી જ કરવામાં આવે છે. જે કયારેક હેતુપૂર્વકના સંગઠિત માળખામાં પણ પરિવર્તન પામતી હોય છે. આમ સમાજસેવા માનવકલ્યાણને પ્રોત્સાહન પુરું પાડનાર પરોપકારી પ્રવૃત્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે, જેનો હેતુ વ્યક્તિગત કારણોસર કે અન્ય પરિસ્થિતિઓને કારણે અશક્ત હોય એવા નિઃસહાય તથા લાચાર લોકોને મદદ કરવાનો છે. શરૂઆતમાં આ પ્રકારની સેવા વ્યક્તિગત ધોરણે પૂરી પાડવામાં આવતી હતી. જે હવે સમાજ સંસ્થાઓ કે સહકારી

તંત્રોના માધ્યમથી પૂરી પાડવામાં આવે છે.'

## 2.4 સમાજ સુધારણા :

### ❖ સમાજ સુધારણાની વ્યાખ્યાઓ :

"સમાજ સુધારણાએ સમાજના નૈતિક અને આધ્મિક સ્તરે સુધારો લાવવાનો પ્રયત્ન છે, જેમાં સત્ય, અહિંસા અને સર્વે માટે સમાન અધિકારોની સ્થાપના કરવામાં આવે છે."

**- મહાત્મા ગાંધી**

"સમાજ સુધારણા એ એવી પ્રક્રિયા છે જે દ્વારા સમાજમાં રહેલા અધાર્મિક, અન્યાયી અને અસમાજ કાયમને દૂર કરવામાં ાવે છે અને સમાજને નવો માર્ગ બતાવવામાં આવે છે."

**- રાજા રામમોહન રાય**

"સમાજ સુધારણા એ એવાં પ્રયત્નોનો એક સમૂહ છે જેનો હેતુ લોકોની જીવનશૈલી, માનસિકતા અને સમાજ વ્યવસ્થામાં સુધારો લાવવા માટે થાય છે."

**- સ્વામી વિવેકાનંદ**

"સમાજ સુધારણા એ એવો પ્રયાસ છે જે દ્વારા સમાજના દરેક વર્ગના લોકો માટે સમાન અધિકારો અને તકની પૂર્તિ કરવામાં આવે છે અને માનવમૂલ્યોનું પ્રોત્સાહન કરવામાં આવે છે."

**- ડૉ.બાબાસાહેબ આંબેડકર**

"સમાજ સુધારણા એ એવાં પ્રયત્નો છે જેનાથી સમાજમાં સમાનતા, ન્યાય અને ભાઈચારાનું વાતાવરણ ઊભું કરવામાં આવે છે."

**- વિનોબા ભાવે**

### ❖ સમાજ સુધારણાના મુખ્ય તત્ત્વો :

⇨ અસમાનતાઓનો ઉકેલ : સમાજમાં રહેલી અસમાનતાઓને દૂર કરવાનો પ્રયાસ.

⇨ માનવમૂલ્યોનો વિકાસ : માનવમૂલ્યો, નૈતિકતા અને આધ્યાત્મિકતાનો વિકાસ.

⇨ શિક્ષણ અને જાગૃતિ : લોકોને શિક્ષિત અને જાગૃત બનાવી, તેમની વિચારધારામાં ફેરફાર લાવવાનો પ્રયાસ.

⇨ સમાનતા અને ન્યાય : દરેક માટે સમાન અધિકારો અને ન્યાયની સ્થાપના.

⇨ અધિકારો અને તકો : વંચિત વર્ગો માટે અધિકારો અને તકની પૂર્તિ.

### ❖ ઉદાહરણ :

⇨ સ્ત્રીશિક્ષણને પ્રોત્સાહન આપવા માટેના પ્રયાસો.

⇨ અસ્પૃશ્યતા અને જાતિવાદનો નાશ કરવા માટેના પ્રયાસો.

⇨ સતીપ્રથાને બંધ કરવા માટેના પ્રયત્નો.

⇨ દરેકને ન્યાય આપવા માટેના સંસ્થાનો અને નીતિઓની સ્થાપના.

⇨ ગરીબોને મદદ અને તક પૂરી પાડીને આર્થિક સુકાકારી લાવવી.

આથી, સમાજ સુધારણાએ સમાજના વિવિધ સ્તરોમાં સકારાત્મક પરિવર્તન લાવવાના પ્રયત્નોનો સમૂહ છે, જેમાં માનવતાના મોલ, ન્યાય, સમાનતા અને સુખાકારીને પ્રોત્સાહન આપવામાં આવે છે.

સમાજ સુધારણાનો મુખ્ય ઉદ્દેશ એ સમાજમાં પ્રવર્તમાન બદીઓને દૂર કરી સમાજ પરિવર્તન લાવવાનો છે. આ પરિવર્તનથી સમુદાયના મૂલ્યો તેમજ વિવિધ સમાજ સંસ્થાઓને પ્રભાવિત કરવાનો છે. સમાજ વ્યવસ્થા એ અવિરત પ્રક્રિયા છે. જેમાં સમાજના સારા અને ખરાબ એમ બન્ને પ્રકારના તત્ત્વો વિકસતા હોય છે. સમાજમાં સારા તત્ત્વોના વિકાસથી સમાજ આર્થિક, સમાજ, રાજકીય ક્ષેત્રે પ્રગતિ કરે છે. જ્યારે ખરાબ તત્ત્વો સમાજને અધોગતિ તરફ દોરી જાય છે. ઉદાહરણ તરીકે આપણે જોઈએ તો આપણે આર્થિક ક્ષેત્રે તેમજ સમાજ ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ કરી છે; પરંતુ તેની સાથે સાથે તેની કેટલીક મર્યાદાઓ પણ છે. જેમકે આપણે આર્થિક વિકાસ કર્યો પણ તેની સામે પર્યાવરણને મોટું નુકશાન થયું છે. જેનાં કારણે હાલ વિશ્વ ગ્લોબલવોર્મિંગનો ભોગ બન્યું છે. એવી જ રીતે આપણે સમાજ પ્રગતિ કરી, પરંતુ આ આધુનિક સમાજ પ્રગતિના કારણે આપણે સંયુક્ત કુટુંબ પ્રથામાંથી વિભક્ત કુટુંબ પ્રથામાં વધુ માનતા થયાં જેનાં કારણે વિભક્ત કુટુંબોનું પ્રમાણ વધ્યું છે. આંતર પૈકીય ભેદ વધવાને કારણે વૃદ્ધોની સમસ્યામાં પણ વધારો થયો છે. આમ, કુપ્રથાઓ, કુરિવાજો, અંધશ્રદ્ધાઓ, સમાજ ભેદભાવો જેવાં દૂષણોને દૂર કરી સમાજ પરિવર્તન લાવવાના કાર્યને સમાજ સુધારણાનું કાર્ય કહેવામાં આવે છે. ભારતમાં સમાજ સુધારણા એટલે, “પ્રવર્તમાન સમાજમાં નવી જીવનશૈલીનું અને નવા વિચારનું સંસ્થીકરણ કરવું” એવો અર્થ છે. સમાજ સુધારણામાં સમાજને ટકાવી રાખવા માટે લોકોમાં નવી જીવનશૈલી તથા નવા વિચારોનું સિંચન કરવાનો ધ્યેય રહેલો છે.

ભારતમાં અંગ્રેજ શાસન દરમ્યાન સમાજ સુધારણા માટે ઘણા સમાજ સુધારકોએ આંદોલનો કર્યા હતાં. જેમાં મહાત્મા ગાંધી, રાજા રામમોહન રાય, સ્વામી દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ, એની બેસન્ટ, સ્વામી વિવેકાનંદ, ડૉ.બાબાસાહેબ આંબેડકર વગેરે સમાજ સુધારકોએ સમાજના કુરિવાજો, પ્રથાઓ, માન્યતાઓ વગેરે સામે આંદોલન કર્યા હતાં. જેમાં તેઓ દેશનું પરિભ્રમણ કરીને જાહેર કાર્યક્રમો, દૈનિકપત્રો, પત્રિકાઓના માધ્યમથી લોકજાગૃતિનું કાર્ય કરતા હતાં તથા સમાજ સુધારણાના કાર્યમાં વધુને વધુ લોકો જોડાય તે માટે વિવિધ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી હતી. મુખ્યત્વે બ્રહ્મોસમાજ, આર્યસમાજ, થિયોસોફીકલ સોસાયટી, રામકૃષ્ણ મિશન જેવી સંસ્થાઓના માધ્યમથી લોકસુધારણાના કાર્યક્રમોમાં વધુને વધુ લોકો જોડાય એવા પ્રયત્નો કર્યા હતાં. આ સમાજસુધારકોએ આ કાર્ય કરવા માટે કોઈ ચોક્કસ પ્રકારની તાલીમ મેળવી નહોતી પરંતુ સમાજમાં રહેલી બદીઓ, કુપ્રથાઓ, કુરિવાજો જેવાં કે બાળકીને દૂધ પીતી કરવી, સતી પ્રથા, બાળલગ્ન પ્રથા, અસ્પૃશ્યતા, દહેજ પ્રથા વગેરેથી પ્રેરિત થઈને સમાજમાં નવા વિચારોનું સિંચન થાય અને સમાજ ટકી રહે એ માટે તેઓ આવા કાર્યો હાથ ધરતા

હતાં. વ્યાવસાયિક સમાજકાર્ય પણ આવા જ સમાજ સુધારણાના કાર્યો કરે છે.

## 2.5 સમાજ કલ્યાણ :

### ❖ સમાજ કલ્યાણનો અર્થ :

અલગ-અલગ દેશોમાં અલગ-અલગ યુગ અનુસાર સમાજકલ્યાણ શબ્દનો અર્થ બદલાતો રહ્યો છે. શરૂઆતમાં સમાજકલ્યાણ માત્ર લોકોની સુખાકારી માટેના કાર્યક્રમો કરવા તથા લોકહિતાર્થે વિવિધ પ્રવૃત્તિઓ કરવા પૂરતો મર્યાદિત હતાં. પરંતુ સમાજકલ્યાણને વ્યાપક અર્થમાં જોઈએ તો સમાજના લોકોની શારીરિક, માનસિક, આર્થિક, આધ્યાત્મિક એમ સાર્વત્રિક વિકાસ કરવો એમ થાય છે. કેટલાક પૂર્વ અને પાશ્ચાત્ય સમાજશાસ્ત્રીઓએ સમાજકલ્યાણની વ્યાખાઓ આપી છે. જે નીચે મુજબ છે.

''સમાજ કલ્યાણ એ એવા પ્રયત્નો છે જેનાથી સમાજના તમામ વર્ગોના લોકોનું સારું થાય અને તેમને જીવનની મૂળભૂત જરૂરિયાતો પૂરી પડે.''

**- મહાત્મા ગાંધી**

''સમાજ કલ્યાણ એ એવા કાર્યક્રમો અને નીતિઓનો સમૂહ છે જેનાથી દેશના દરેક નાગરિકને આર્થિક, સમાજ અને સાંસ્કૃતિક સુખાકારી પ્રાપ્ત થાય.''

**- પંડિત જવાહરલાલ નહેરૂ**

''સમાજ કલ્યાણ એ સમાજમાં રહેલા દરેક વ્યક્તિની શારીરિક, માનસિક અને આર્થિક સુખાકારી માટે સરકારી અને ગેર-સરકારી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી સેવાઓ અને કાર્યક્રમો છે.''

**- એજન્સી ઓફ સોશિયલ વેલફેર**

''સમાજ કલ્યાણ એ એવાં ઉપાય છે જેનાથી સમાજના વંચિત અને પીડિત વર્ગોને સમાનતાની તક અને જીવનની ગુણવત્તામાં સુધારો મળી શકે.''

**- ડૉ. બી.આર. આંબેડકર**

''સમાજ કલ્યાણ એ એવું કાર્યક્ષેત્ર છે જેનો હેતુ લોકોની જીવનશૈલીમાં સુધારો લાવવો, તેમની આર્થિક અને સમાજ સરક્ષા વધારવી અને તેમના માનવ અધિકારોની રક્ષા કરવી છે.''

**- યૂનાઈટેડ નેશન્સ (United Nations)**

''સમાજ કલ્યાણ સમાજ સેવાઓ અને સંસ્થાઓની એક સંગઠિત વ્યવસ્થા છે. જે વ્યક્તિઓ અને જૂથોને એક સંતોષકારક જીવનધોરણ અને સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવામાં સહાયતા પૂરી પાડવા માટે ઊભી કરવામાં આવે છે. તેનો સબંધ વૈયક્તિક અને સમાજ સબંધો સાથે છે, જે વ્યક્તિઓની ક્ષમતાઓને પૂર્ણ રીતે વિકસિત કરવામાં અને સમુદાયની જરૂરિયાતોની પૂર્તિ કરવામાં અને તેમના કલ્યાણને વધારવામાં સહાયભૂત થાય છે.''

**- ફિડલેન્ડર**

''સમાજ કલ્યાણનો ઉદ્દેશ સમાજની પ્રત્યેક વ્યક્તિને અન્ય વ્યક્તિઓના જેટલાં જ સમાન અધિકારો કોઈપણ હસ્તક્ષેપ વગર પ્રાપ્ત કરવા, આર્થિક આવશ્યક્તાઓ, ઉત્તમ સ્વાસ્થ્ય, જીવનનિર્વાહની યોગ્ય સ્થિતિ, અન્ય નાગરિકોની જેમ સમાન તક, ઉચ્ચ કક્ષાનું આત્મ સન્માન અને કાર્ય તથા વિચારોની સ્વતંત્રતાને હાંસલ કરાવવાનો.''

**- રોબર્ટ કેલ્સો**

સમાજ કલ્યાણ એટલે બધી વ્યક્તિઓનું બધી વ્યક્તિઓ માટે એક સંગઠિત ચિંતન છે.

**- વિલ્સન**

''સમાજ કલ્યાણ સમાજના એવાં નબળા વર્ગોને સેવા પૂરી પાડવાનો ઉદ્દેશ ધરાવે છે જેઓ અનેક પ્રકારની અડચણો તથા શારીરિક, માનસિક, આર્થિક અને સમાજ કારણોસર સમાજ દ્વારા નિર્મિત સમાજ સેવાઓ ઉપલબ્ધ કરવા માટેની ક્ષમતા ધરાવતા નથી અથવા જેમને પરંપરાગત ખ્યાલોને કારણે આ સેવાઓથી વંચિત રાખવામાં આવ્યાં''

**- ચૌધરી પોલ. ડી**

ઉપરોક્ત સમાજશાસ્ત્રીઓએ આપેલ સમાજકલ્યાણની વિવિધ વ્યાખ્યાઓના આધારે આપ જાણી શકશો કે દરેક નાગરિકને તેની જરૂરિયાતો પૂરી કરવાનો કે મેળવવાનો અધિકાર છે અને આ જરૂરિયાતોને પૂરી કરવાની જવાબદારી સરકારની હોય છે. નાગરિકોને તેમની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સરકાર સેવાઓ પૂરી પાડે છે; ત્યારે કેટલીક વિપરીત પરિસ્થિતિઓ નિર્માણ પામે છે. જેવી કે અમુક વર્ગ કે જૂથો પ્રત્યે ભેદભાવ થવાના કારણે તેઓ આવી સેવાઓથી વંચિત રહે છે. સમાજકાર્યકર સમાજમાં આવી વંચિત રહી ગયેલા વર્ગોની જરૂરિયાતો પૂરી કરવાનો પ્રયત્ન કરે છે. માનવીની સામાન્ય જરૂરિયાતો જેવી કે સમાજ, શારીરિક, મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક હોય છે. જે સમાજમાં તમામ વર્ગના નાગરિકોને લાગુ પડે છે. પરંતુ કેટલાંક લોકો વિશિષ્ટ પ્રકારની જરૂરિયાતો ધરાવતાં હોય છે. જેમાં અશક્ત લોકો, બાળકો, ત્યક્તાઓ, વૃદ્ધો વગેરેનો સમાવેશ થાય છે. આમ આ સિવાય પણ કેટલાંક વ્યક્તિઓ કે જૂથો એવા છે જે વિશેષ જરૂરિયાતો ધરાવે છે.

આમ, સમાજકલ્યાણમાં જે વ્યક્તિઓ કે જૂથો વિશેષ પ્રકારની જરૂરિયાતો કે સામાન્ય જરૂરિયાતો ધરાવતા હોય તેમનાં કલ્યાણનો સંપૂર્ણ વિચાર કરવામાં આવે છે. ભારતમાં સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી કલ્યાણકારી સેવાઓ કે યોજનાઓ સમાજના નબળા અને પરંપરાગત રીતે પોતાના અધિકારોથી વંચિત વર્ગો માટેની સેવાઓ તરીકે જોવામાં આવે છે. અહીં સમાજકલ્યાણ શબ્દને મર્યાદિત ઉપયોગમાં લેવાયો છે. અહીં સમાજકલ્યાણની સેવાઓની જોગવાઈ પ્રમાણે પરંપરાગત રીતે સમાજ અધિકારોથી વંચિત લોકો, અનુસુચિત જાતિના લોકો, અનુસુચિત જનજાતિના લોકો, વિચરતિ જાતિના લોકો, વિધવાઓ, નિરાધારો, બાળકો, માનસિક અને શારીરિક રીતે અપંગ લોકો, મનોરોગીઓ તથા આર્થિક રીતે પછાત વર્ગના સમુદાયોને સમાજકલ્યાણના કાર્યક્રમો દ્વારા સીધી સહાય આપવામાં આવે છે. દા.ત ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ઘણાં વર્ષોથી રાજ્યમાં અલગ-અલગ સ્થળો ઉપર ગરીબ કલ્યાણ મેળાના આયોજનના માધ્યમથી જરૂરિયાતમંદ લોકોને સીધી સહાયતા પૂરી પાડી લોકકલ્યાણના કાર્યો કરવામાં આવે છે.

## 2.6 સમાજ નીતિ :

### ❖ સમાજ નીતિની વ્યાખાઓ :

''સમાજ નીતિ એ સમાજ સેવાનો ઉદ્દેશ્યપૂર્ણ અને વિધિવત આયોજન છે. જેનાથી સમાજના નાગરિકોને સુખાકારી અને સુરક્ષા પૂરી પાડવામાં આવે છે.''

**- ટિટમસ (Richard Titmuss)**

''સમાજ નીતિ એ એવો ઉપાય છે જેનો હેતુ ગરીબી, બેરોજગારી, રોગ, અજ્ઞાન અને

ધૃણાના મૂલ સમર્થન તરીકે કામગીરી કરીને સમાજના નાગરિકોને જીવનની ગુણવત્તામાં સુધારો લાવવો છે.''

**- વિલિયમ બેવરિજ (William Beveridge)**

''સમાજ નીતિ એ સરકારે લાગુ કરેલી નીતિઓ અને કાર્યક્રમો છે જેનો હેતુ નાગરિકોની આર્થિક અને સમાજ સુખાકારીમાં વધારો લાવવાનો છે.''

**- પાઉલ સ્પીકમેન (Paul Spicker)**

''સમાજ નીતિ એ એવી નીતિઓ છે જે સરકારી, બિન-સરકારી અને આદર્શ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા લોકોની જીવનની ગુણવત્તામાં સુધારો લાવવા માટે બનાવવામાં આવે છે.''

**- એન્ડ્રૂ હેલબ**

❖ **ઉદાહરણ :-**

⇨ મેડિકલ નીતિ : સરકારી આરોગ્ય સેવાઓ, મેડિકલ વીમા અને ફાર્માસ્યુટિકલની ઉપલબ્ધતા.

⇨ શિક્ષણ નીતિ : મફત પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિષ્યવૃત્તિઓ

⇨ રોજગાર નીતિ : રોજગારી અને તાલીમ યોજનાઓ, રોજગારીની સુવિધા

⇨ સમાજ સુરક્ષા નીતિ : નિવૃત્તિ પેન્શન, અનાથ અને વડીલો માટે સહાય.

⇨ હાઉસિંગ નીતિ : સસ્તા ઘરો, બિનમુક્ત ઘરોની યોજના.

સમાજ નીતિ એ એવી નીતિઓ અને યોજનાઓનો સમૂહ છે જેનાથી સમાજના નાગરિકોની શારીરિક, માનસિક અને આર્થિક સુખાકારીમાં સુધારો થાય. આ નીતિઓ સરકારી અને બિન-સરકારી સંસ્થાઓ દ્વારા અમલમાં લાવવામાં આવે છે અને સમાજ ન્યાય, સમાનતા અને માનવ અધિકારોને પ્રોત્સાહન આપવાનુ લક્ષ્ય રાખે છે.

ભારત દેશની આઝાદી પછી એ સમયની દેશની સમાજ પરિસ્થિતિઓને ધ્યાનમાં લઈ સમાજ વિકાસને લગતાં યોજનાબદ્ધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યાં. જેનાં ભાગરૂપે આઝાદી પછી દેશમાં વિવિધ પંચવર્ષીય યોજનાઓ ઘડવામાં આવી. તેમાં પ્રથમ પંચવર્ષીય યોજનાના અંતે એક તારણ એવું નીકળ્યું કે દેશમાં માત્ર આર્થિક વિકાસને જ પ્રાધાન્ય નહીં, પરંતુ સમાજ વિકાસનાં પગલે પણ કાર્યો કરવા માટે સમાજ નીતિ ઘડવી અતિ આવશ્યક છે. પ્રો.ગોરેના જણાવ્યા મુજબ સમાજ નીતિ એટલે ''સમાજ નીતિ એક એવી નીતિ છે જે સમુદાયના જીવનમાં સામાજિકિ પાસાં સાથે નિસ્બત ધરાવે છે.''

સમાજ નીતિ અંગે વધુ સ્પષ્ટતા કરતાં પ્રો.ગોરે જણાવે છે કે ''સમાજ નીતિને આરોગ્ય, શિક્ષણ, રહેઠાણ, પુનઃસ્થાપના, સમાજ રીતે પછાત અને નબળા વર્ગોમાં કલ્યાણના કાર્યક્રમો અને સેવાઓ સાથે નિસ્બત છે. કોઈપણ દેશની સમાજ નીતિને સમજવી હોય તો તે દેશની આવક વહેંચણીના માપદંડો, સમાજ વીમો, સહાયતા, ઔદ્યોગિક નીતિ, ઔદ્યોગિક કાયદાઓ, લગ્ન અને છૂટાછેડા જેવાં સમાજ કાયદાઓ, બાળકો, મહિલાઓ, પરંપરાગત રીતે અધિકારોથી વંચિત એવા પછાત વર્ગના લોકો માટેના કાર્યક્રમો જોવાથી ખ્યાલ આવે છે.'' માપદંડો, સમાજ વીમો, સહાયતા, ઔદ્યોગિક નીતિ, ઔદ્યોગિક

કાયદાઓ, લગ્ન અને છૂટાછેડા જેવાં સમાજ કાયદાઓ, બાળકો, મહિલાઓ, પરંપરાગત રીતે અધિકારોથી વંચિત એવા પછાત વર્ગના લોકો માટેના કાર્યક્રમો જોવાથી ખ્યાલ આવે છે.'' દરેક દેશની પોતાની પ્રગતિઓમાં સમાજ મુદ્રાઓને ધ્યાનમાં રાખતો હોય છે. ભાગ્યે જ કોઈ દેશની કોઈ એવી પ્રવૃત્તિ હશે કે જેમાં સમાજ મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવ્યાં ન હોય, સરકાર દ્વારા વિકાસલક્ષી ઘણી બધી પ્રવૃત્તિઓ જેમાં અણુ મથકો બનાવવા, ધોરીમાર્ગો કે પુલ બનાવવાના હોય, નવા ઉદ્યોગો સ્થાપવાના હોય વગેરે જેવાં વિકાસલક્ષી કાર્યોમાં કેટલાંક સમાજ પ્રશ્નો ઊભા થાય છે. જો સરકાર આવા સમાજ પ્રશ્નો કે મુદ્દાને ધ્યાને ન લે તો આવા આર્થિક વિકાસથી ઘણું સમાજ વ્યવસ્થાને નુકસાન કરવાની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે સમાજકાર્યકરો આવા સમાજ પ્રશ્નોને લઈને આંદલનો કરવામાં આવે છે. સમાજકાર્યકરો દ્વારા સરકારના એવા કાર્યો સામે આંદોલનો અને રજૂઆતો કરવામાં આવે છે. જેમાં સમુદાયના જીવન પર વિપરીત અસર થવાની હોય અને લોકોના જીવનની ગુણવત્તાને લગતા પ્રશ્નો કે પડકારો ઊભા થવાના હોય. લોકહિતને ધ્યાનમાં રાખીને સમાજકાર્યકરો દ્વારા સરકાર ઉપર દબાણ કરવામાં આવે છે.

પ્રો.ગોરેના મત મુજબ સમાજ નીતિને ત્રણ બાબતો સાથે સબંધ છે.

1. માનવીની સ્વતંત્રતા અને નાગરિક અધિકારો,
2. સમાન તક અને સમાનતા,
3. માનવ કલ્યાણ અને વિકાસ

ઉપર દર્શાવેલ ત્રણે બાબતોને ધ્યાનમાં રાખીને જોઈએ તો માનવીને કેટલીક સ્વતંત્રતાઓ આપવામાં આવેલી છે. જેમાં મુખ્યત્વે :-

(1) વિચાર, વાણી અને લેખન સ્વતંત્રતા

(2) શાંતિપૂર્વક શસ્ત્રો વિના એકઠા થવાની સ્વતંત્રતા

(3) સંઘો કે મંડળોની રચના કરવાની સ્વતંત્રતા

(4) ધાર્મિક સ્વતંત્રતા

(5) મુક્ત રીતે હરવા ફરવાની સ્વતંત્રતા

(6) મુક્તવસવાટની સ્વતંત્રતા

(7) શોષણ વિરોધી સ્વતંત્રતા તથા

(8) વ્યક્તિસ્વતંત્રતા વગેરેનો સમાવેશ થાય છે.

ભારતનો નાગરિક ઉપરોક્ત સ્વતંત્રતાઓનો ઉપયોગ રાષ્ટ્રનું હિત ન જોખમાય એ રીતે ગમે ત્યારે કરી શકે છે. ત્યાર બાદ નાગરિક અધિકારોના સંદર્ભમાં જોઈએ તો દરેક નાગરિકને મૂળભૂત અધિકારો પણ આપવામાં આવ્યા છે જેમાં;

(1) બંધારણીય ઈલાજોનો અધિકાર

(2) મિલકતનો અધિકાર

(3) સાંસ્કૃતિક અને શિક્ષણ વિષયક અધિકાર

(4) માહિતી મેળવવાનો અધિકાર વગેરે અધિકારો આપવામાં આવ્યા છે.

તદઉપરાંત સરકાર દ્વારા વિકાસના કાર્યોને પગલે જો નાગરિકોનો વિસ્થાપનનો પ્રશ્ન ઊભો થાય તો આવી પરિસ્થિતિમાં નાગરિકોના પુનઃસ્થાપન માટેના કાર્યો કે નીતિ સરકાર દ્વારા ઘડવામાં આવે છે. પછાત વર્ગો, પરંપરાગત રીતે અધિકારોથી વંચિતો, મહિલાઓ, શારીરિક રીતે અપંગતા ધરાવતા લોકો માટે અનામતને લગતી નીતિઓ ઘડવામાં આવે છે. ઉપરાંત દેશમાં કુદરતી હોનારત કે માનવસર્જિત ઘટનાઓના પગલે ભોગ બનેલા નાગરિકોને સહાય માટે સરકાર દ્વારા નીતિ નિર્ધારિત કરવામાં આવે છે.

આમ, આપણા દેશના સંદર્ભમાં વસ્તી નીતિ, આરોગ્યનીતિ, શિક્ષણનીતિ, મજૂરી અંગેની નીતિ, પુનઃસ્થાપિત નીતિ, મહિલાનીતિ, સમાજ સલામતીનીતિ, સ્ત્રી-પુરૂષ સમાનતા નીતિ. અસંગઠિત કામદારોની નીતિ, વૃદ્ધો માટેની નીતિ વગેરે સમાજ નીતિ અંતર્ગત કાર્યક્રમો ચલાવવામાં આવે છે. આવી કોઈપણ નીતિના મૂળમાં ચોક્કસ લક્ષ્ય, લક્ષનો આધાર અને સ્ત્રોત આમ ત્રણ બાબતો જોવા મળે છે.

(1) સમાજની એવી વાસ્તવિક પરિસ્થિતિઓ જે વર્તમાન સ્થિતિમાં માનવ અધિકારના સંદર્ભમાં અપ્રસ્તુત લાગે છે. ઉ.દા.- હજુ પણ ઘણાં ગામડાઓમાં આરોગ્ય સબંધિત સુવિધાઓનો અભાવ હોવાને કારણે સગર્ભા મહિલાઓ પ્રસૂતિ ઘરે જ કરાવે છે. જેનાં કારણે કયારેક માતા અને બાળકના જીવનું જોખમ પણ સર્જાય છે.

(2) વૈશ્વિક સ્તરે માનવ અધિકારો અને સમાજ મુદ્દાઓ અંગે થતાં આંતરરાષ્ટ્રીય સંમેલનો જેવાં કે મહિલા સંમેલનો, બાળ અધિકારો માટેની પરિષદો, સમાજ અસમાનતા મુદ્દે થતાં સંમેલનો તથા વંશીય અસમાનતા મુદ્દે થતાં સંમેલનો વગેરે. સમાજમાં થતાં પરિવર્તનોમાંથી સર્જાતી સ્થિતિ. ઉ.દા. - શહેરમાં મોલ બનવાને કારણે નાના વેપારીઓ પર થતી અસરો અને તેને માટે સરકાર નાના વેપારીઓને રક્ષણ આપવા માટે કોઈ નીતિ ઘડે તો તે સમાજ નીતિ બને છે. સમાજ નીતિના સંદર્ભમાં કાર્યક્રમો, યોજનાઓ ઘડવામાં આવે છે અને તેનો અમલ કરાવવાથી સમાજના નાગરિકો માનવઅધિકાર, સ્વતંત્રતા અને સમાનતાનો અહેસાસ કરે છે.

## 2.7 સારાંશ :

સમાજકાર્ય એ વ્યક્તિને વિકસિત કરવા માટે માર્ગદર્શન પૂરું પાડે છે. અને વ્યક્તિને સુસમાયોજિત જીવન જીવવા માટે સક્ષમ બનાવે છે. આ સક્ષમતા માટે વિવિધ શાખાઓ, સંસ્થાઓ યોજનાઓ, નીતિઓ તેમજ કાયદાઓ દ્વારા પૂરતાં પ્રયાસો હાથ ધરવામાં આવે છે. જેમાં સમાજસેવાથી શરૂઆત થાય છે અને વિકસીત કરવામાં સમાજકાર્ય સમાજ સુધારણા સમાજ

કલ્યાણથી કલ્યાણકારી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. તથા સમાજ નીતિઓ દ્વારા વ્યક્તિ તથા જૂથનો ક્રમબદ્ધ વિકાસ માટેના પગલાંઓ હાથ ધરવામાં આવે છે. તેમજ સમાજમાં રહેલા દૂષણો, અડચણોને દૂર કરવા જાતે સમાજ ક્રિયાનો આધાર લેવામાં આવે છે અને સમાજને સમાજ રીતે જોડી રાખવા માટે કે નિયંત્રિત રાખવા માટે સમાજ કાયદાઓ છે. વ્યક્તિ જૂથ કે સમુદાયના રક્ષણ માટે સમાજ પ્રતિબદ્ધતાનો સહારો લેવામાં આવે છે અને સમાજ જાગૃતથા માટે સમાજ શિક્ષણનો અભ્યાસ કરવામાં આવે છે. આમ, સમાજ-કાર્ય એ સેવાર્થી ને તેની સમસ્યામાંથી બહાર લાવવા માટે તથા સક્ષમ બનાવવા માટેના પૂરતા પ્રયાસો કરવામાં આવે છે.

## 2.8 તમારી પ્રગતિ ચકાસો (MCQs) :

1. સમાજકાર્ય એ વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવીય સબંધોની કુશળતા પર આધાર રાખતી એક વ્યાવસાયિક સેવા છે. તે વ્યક્તિને વ્યક્તિગત કે જૂથમાં વ્યક્તિગત અને સમાજ સંતોષ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે, સમાજકાર્ય મોટાભાગે સમાજ સંસ્થા કે તેને સબંધિત મંડળ દ્વારા થાય છે. - આ વ્યાખ્યા કોણે આપી છે ?

   (A) એન્ડરસન (B) ફ્રીડલેન્ડર (C) વિટમનર હેલન (D) ઉપરોક્ત તમામ

2. લાચાર વ્યક્તિને પોતાની સહાયતા પોતે કરવામાં મદદ કરવી તે..... છે.

   (A) સમાજસેવા (B) સમાજકાર્ય (C) સમાજકલ્યાણ (D) સમાજ સુધારણા

3. સમાજકાર્યનું તાત્પર્ય સમસ્યાગ્રસ્ત વ્યક્તિને મદદ કરવાનું છે. આ મદદ યા તો સંગઠિત સમૂહની સેવાઓ દ્વારા આપવામાં આવે છે, અથવા તો એને કોઈ સમૂહના સભ્ય બનાવી, સમૂહની પ્રવૃત્તિઓમાં એને ભાગ લેતો કરીને સમસ્યાઓનું નિવારણ કરવામાં આવે છે. - આ વ્યાખ્યા કોણે આપી છે ?

   (A) વિટમર હેલન (B) એન્ડરસન (C) ફ્રીડલેન્ડર (D) ઉપરોક્ત તમામ

4. નેશનલ એસોસિયેશન ઑફ સોશ્યલ વર્ક (NASW) એ સમાજકાર્યની વ્યાખ્યા કયારે આપી.

   (A) 1973 (B) 1972 (C) 1970 (D) 1990

5. કોનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં પ્રવર્તમાન બદીઓને દૂર કરી સમાજ પરિવર્તન લાવવાનો છે ?

   (A) સમાજકાર્યનો (B) સમાજ સુધારણાનો

   (C) સમાજ કલ્યાણનો (D) ઉપરોક્ત તમામ

6. સમાજ કલ્યાણ સમાજના એવા નબળા વર્ગોને સેવા પૂરી પાડવાનો ઉદ્દેશ ધરાવે છે, જેઓ અનેક પ્રકારની અડચણો તથા શારીરિક, માનસિક, આર્થિક અને સમાજ કારણોસર

સમાજ દ્વારા નિર્મિત સમાજ સેવાઓનો ઉપભોગ કરવા માટેની ક્ષમતા ધરાવતા નથી અથવા જેમને પરંપરાગત ખ્યાલોને કારણે આ સેવાઓથી વંચિત રાખવામાં આવ્યાં છે. - આ વ્યાખ્યા કોણે આપી છે ?

(A) પોલ ચૌધરી (B) ફ્રીડલેન્ડર (C) એન્ડરસન (D) ઉપરોક્ત તમામ

## 2.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ :

1. (B) ફ્રીડલેન્ડર
2. (B) સમાજકાર્ય
3. (A) વિટમર હેલન
4. (A) 1973
5. (B) સમાજ સુધારણાનો
6. (A) પોલ ચૌધરી

## 2.10 ચાવીરૂપ શબ્દો :

❖ **સમાજસેવા :**

લાચાર વ્યક્તિને મદદ કરવી એ સમાજસેવા છે. સમાજસેવા માનવકલ્યાણને પ્રોત્સાહન પૂરું પાડનાર પરોપકારી પ્રવૃત્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

❖ **સમાજકાર્ય :**

સમાજકાર્ય એ વ્યક્તિઓ, જૂથો અથવા સમુદાયની સમાજ ક્રિયાશીલતા સબંધી ક્ષમતામાં વૃદ્ધિ તથા સમાજ પરિસ્થિતિઓને અનુકૂળ બનાવવાના ધ્યેયમાં મદદ કરવાની વ્યાવસાયિક પ્રક્રિયા છે.

❖ **સમાજકલ્યાણ :**

સમાજના એવા નબળા વર્ગોને સેવા પૂરી પાડવાનો ઉદ્દેશ ધરાવે છે જેઓ અનેક પ્રકારની અડચણો તથા શારીરિક, માનસિક, આર્થિક અને સમાજ કારણોસર સમાજ દ્વારા નિર્મિત સમાજ સેવાઓ ઉપલબ્ધ કરવા માટેની ક્ષમતા ધરાવતા નથી અથવા જેમને પરંપરાગત ખ્યાલોને કારણે આ સેવાઓથી વંચિત રાખવામાં આવ્યા છે.

## 2.11 સ્વાધ્યાય કાર્ય :

1. સમાજકાર્યની વ્યાખ્યાઓ આપી તેનો અર્થ સમજાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

2. સમાજ કલ્યાણ એટલે શું ?

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

3. સમાજ નીતિ એટલે શું ?

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

## 2.12 સંદર્ભ સૂચિ :


1. Leonard Peter, 1965, Sociology in Social work, Routledge & Kegan paul, London.
2. Wadia. A.R., 1961, History and Philosophy of Social Work in India, Allied Publisher Private LTD.
3. Desai Murli, 2002, Ideologies And Social Work, Historical and contemporary analysis, Rawat publications, Jaipur.
4. Friedlander W.A., 1955, Introduction of social welfare, Prentice Hall inc.,

New Yourk.

5. Gangrade K D., 1969 Sociology of Social Work, Marvah publications, New Delhi.

6. Gore M S., 1997, social work And Social Work Education Asia publishing House, Bombay.

7. Jha jainendera kumar, 2001, Encyclopaedia of social work, Anmol publications New Delhi Vol.1,2,3.

8. मदन जी आर, 1964, भारत में समाजकार्य एवं सामाजिक पुनर्निमाण, सरस्वती सदन, मसूरी।

9. मिर्जा आर ए, 1969, समाजकार्य दर्शन एवं प्रणालियां, ब्रिटिश बुक डिपो, लखनव।

10. शास्त्री राजाराम, 1970, समाजकार्य, हिंदी समिति, लखनऊ।

11. सूदन कृपालसिंह, 1983, समाजकार्य : दर्शन इतिहास एवं प्रणालियां, नव ज्योति प्रकाशन लखनऊ।

12. पाण्डेय ओर पाण्डेय, 2001, समाजकार्य, भारत प्रकाशन, लखनऊ।

13. मिश्रा अहमद आर, 1961, समाजकार्य दर्शन एवं प्रणालियां, ब्रिटिश बुक डिपो, लखनऊ।

14. कृपालसिंह सूदन 2008, समाजकार्य सिद्धांत एवं अभ्यास, रामपुर बुक डिपो, लखनऊ।

15. ગીતા ચાવડા, 2008, વ્યવસાયિક સમાજકાર્ય, લોક પ્રકાશનું લોકનિકેતન રતનપુર, પાલનપુર, બનાસકાંઠા.

16. આનંદી પટેલ 2009, વ્યવસાયિક સમાજકાર્યના આધારે સ્થંભો, વ્યવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ.

17. ત્રિવેદી નેહલ, 2018, સમાજકાર્ય, બાલ વિનોદ પ્રકાશન, અમદાવાદ.

18. જગાણી હિતેશ, 2014, વ્યવસાયિક સમાજકાર્ય શબ્દકોષ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

*****************

# એકમ-3
# સમાજકાર્યની વિભાવના : સમાજ ક્રિયા, સમાજ પ્રતિરક્ષા, સમાજ શિક્ષણ, સમાજ કાયદા

રૂપરેખા :-


**3.0** ઉદ્દેશ્યો

**3.1** પ્રસ્તાવના

**3.2** સમાજકાર્યનો અર્થ

**3.3** સમાજ ક્રિયા

**3.4** સમાજ પ્રતિરક્ષા

**3.5** સમાજ શિક્ષણ

**3.6** સમાજ કાયદાઓ

**3.7** સારાંશ

**3.8** તમારી પ્રગતિ ચકાસો

**3.9** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**3.10** ચાવીરૂપ શબ્દો

**3.11** સ્વાધ્યાય

**3.12** સંદર્ભ સૂચિ :


## 3.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો આ એકમના અભ્યાસ બાદ તમે....

- સમાજકાર્ય વિશેની સમજ મેળવશો.
- સમાજ ક્રિયા વિશે જાણકારી પ્રાપ્ત કરી શકશો.
- સમાજ પ્રતિરક્ષા એટલે શું ? તે સમજી શકશો.
- સમાજ શિક્ષણ અને સમાજ કાયદા વિશેની સમજ મેળવશો.

## 3.1 પ્રસ્તાવના :

માનવજીવનનો મૂળ ઉદ્દેશ્ય એ વિકાસ કરવાનો છે, પણ વિકાસના માર્ગમાં ઘણી સમસ્યાઓનો સામનો પણ કરવો પડે છે. જેનાં કારણે તેનો વિકાસ કયાંક અટકી જાય છે. આપણે જાણીએ છીએ તેમ આ સમસ્યાઓ અપેક્ષિત પરિવર્તન સાથે જોડાયેલી હોય છે. આ સમસ્યાઓના સમાધાન માટે નડતરરૂપ એવી બે પરિસ્થિતિઓ છે. જેમાં

(1) વ્યક્તિની પોતાની અસમર્થતા અને

(2) વ્યક્તિની અજ્ઞાનતા

સમાજકાર્ય દ્વારા આ બન્ને અસમર્થતાઓને દૂર કરી વ્યક્તિ સક્ષમ બને તે માટેની એક પરિસ્થિતિ પૂરી પાડે છે. જેના દ્વારા વ્યક્તિ પોતે સમસ્યાનું સમાધાન કરી વિકાસની દિશા તરફ વધી શકે. આ એકમમાં દર્શાવેલ તમામ મુદ્દાઓ દ્વારા સમાજકાર્ય અને તેને સબંધિત ખ્યાલોનો વિગતે આપણે સમજ મેળવી શકીએ છીએ. જે આ પ્રમાણે આગળ દર્શાવેલ છે.

## 3.2 સમાજકાર્યનો અર્થ :

આપણા સમાજમાં 'સમાજસેવા' શબ્દથી તો બધાં જ પ્રચલિત છે જ; પરંતુ ભારતનાં સંદર્ભમાં સમાજકાર્યનો ખ્યાલ હજી સુધી ખૂબ વિસ્તૃત થયો નથી. પ્રાચીન સમયમાં વૃદ્ધો, બાળકો, અપંગો, અશક્તો, નિઃસહાયો તથા ગરીબોની જવાબદારી કુટુંબ, જ્ઞાતિ અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા ઉઠાવવામાં આવતી હતી, પરંતુ ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને વિકાસ પ્રક્રિયાએ અનેક જટિલ સમસ્યાઓ ઊભી કરી. જેમનો ઉકેલ પ્રાચીન સમાજ સંસ્થાઓ દ્વારા અશક્ય બન્યો. પરિણામે આ સમસ્યાઓના ઉકેલ માટે સમાજવિજ્ઞાનનાં જ્ઞાન અને વૈજ્ઞાનિક પદ્ધતિઓની જરૂરિયાત ઊભી થઈ. સમસ્યાનાં સમાધાનને એક સમાજ જવાબદારીનાં ભાગ તરીકે સ્વીકારવાનું શરૂ થયું અને ધીરે-ધીરે આ સાહજિકવૃત્તિએ વ્યવસાયનું રૂપ લીધું. ઔદ્યોગિક ક્રાંતિથી સર્જાયેલી સમસ્યાઓના ઉકેલ માટે ઈંગ્લેન્ડમાં સમાજકાર્યની શોધ થઈ; ત્યારબાદ અમેરિકામાં તેનો વધુ વિકાસ થયો અને દુનિયામાં અનેક દેશોમાં વ્યાવસાયિક સમાજકાર્યનો સ્વીકાર થયો.

❖ **સમાજકાર્યની વ્યાખ્યાઓ :**

''સમાજકાર્યનું તાત્પર્ય સમસ્યાગ્રસ્ત વ્યક્તિને મદદ કરવાનું છે. આ મદદ યા તો સંગઠિત સમૂહની સેવાઓ દ્વારા આપવામાં આવે છે અથવા તો એને કોઈ સમૂહનાં સભ્ય બનાવી સમૂહની પ્રવૃત્તિઓમાં એને ભાગ લેતો કરીને સમસ્યાનું નિવારણ કરવામાં આવે છે.''

**- Witmer Helen 1942**

''સમાજકાર્ય એ વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવીય સબંધોની કુશળતા પર આધાર રાખતી એક વ્યાવસાયિક સેવા છે. તે વ્યક્તિ ને વ્યક્તિગત કે જૂથમાં વ્યક્તિગત અને સમાજ સંતોષ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. સમાજકાર્ય મોટે ભાગે સમાજ સંસ્તા કે તેને સબંધિત મંડળ દ્વારા થાય છે.''

**- Friedlander W. A.1955**

''સમાજકાર્ય એ વ્યક્તિઓ, જૂથો અથવા સમુદાયની સમાજ ક્રિયાશીલતા સબંધી ક્ષમતામાં વૃદ્ધિ તથા સમાજ પરિસ્થિતિઓને અનુકૂળ બનાવવાના ધ્યેયમાં મદદ કરવાની વ્યાવસાયિક પ્રક્રિયા છે. સમાજકાર્ય પ્રેક્ટિસ નીચેનામાંતી એક કે વધુ ઉદ્દેશ્યોની પ્રાપ્તિ માટે સમાજકાર્યનાં મૂલ્યો સિદ્ધાંતો તથા રીતોનાં ઉપયોગ પર આધારિત હોય છે.''

**- National Association of Social Work 1973**

''વસ્તુગત સેવાઓની પ્રાપ્તિ માટે જનસમુદાયને મદદ કરવી વ્યક્તિો કુટુંબો અને જૂતોને કાઉન્સેલિંગ તથા મનોસારવાર આપવી, સમુદાયો તથા સમૂહોને સમાજ અને સ્વાસ્થ્ય સેવાઓ પ્રદાન કરવી અથવા તેની વૃદ્ધિમાં સહાયતા કરવી તથા સુસંગત કાનૂની પ્રક્રિયાઓમાં સહભાગી બનવું, સમાજકાર્ય પ્રેક્ટિસ માટે માનવવિકાસ અને વર્તન માટે મહત્ત્વની સમાજ, આર્થિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ વચ્ચેની આંતરક્રિયાનું જ્ઞાન હોવું જરૂરી છે.''

સમાજકાર્ય વ્યવસાય સમાજ પરિવર્તને માનવસબંધોમાં થતી સમસ્યાઓમાં ઉકેલને અને

લોકાના સશક્તિકરણ, મુક્તિ તથા સુખાકારીને ઉત્તેજન આપે છે. લોકો તેમનાં પર્યાવરણ સાથે આંતરક્રિયા કરે છે ત્યાં સમાજકાર્ય માનવવર્તણૂક અને સમાજ તંત્રના સિદ્ધાંતના ઉપયોગ દ્વારા દરમ્યાનગીરી કરે છે. ''માનવ અધિકાર અને સમાજ ન્યાયના સિદ્ધાંતો સમાજકાર્ય માટે મૂળભુત છે''

**- ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ સ્કૂલ્સ ઓફ સોશ્યલ વર્ક અને ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ સોશ્યલ વર્કસ દ્વારા સ્વીકૃત - 2001**

## 3.3 સમાજ ક્રિયા (Social Action) :

### ❖ સમાજ ક્રિયાનો અર્થ :

⇨ **સમાજ ક્રિયા :** એ સમાજકાર્યની પદ્ધતિઓમાંની ગૌણ પદ્ધતિની એક પદ્ધતિ છે. ઐતિહાસિક વિકાસની દૃષ્ટિએ સમાજકાર્યના વર્તમાન વૈજ્ઞાનિક સ્વરૂપનું અવલોકન કરવાથી એ માહિતી મળે છે કે 1922માં મેરી રીચમંડ આ પદ્ધતિનો ઉલ્લેખ સમાજકાર્યની મુખ્ય ચાર પદ્ધતિઓમાંથી એક પદ્ધતિનાં રૂપમાં કર્યો હતો. 1940માં જોહન ફિચ' એ એક કોન્ફરન્સમાં સમાજ ક્રિયાની પ્રવૃત્તિ ઉપર એક મહત્ત્વપૂર્ણ નિબંધ પ્રસ્તુત કર્યો છે. આ બાદ સમાજ ક્રિયાની ચર્ચા વ્યાપક રીતે થવાની શરૂઆત થઈ ગઈ અને 1949માં કેનિથ એલીયમએ 'સોશ્યલ વર્ક એન્ડ સોશ્યલ એક્શન' નામનો એક લેખ લખ્યો. જેના આધારે એમ માનવા લાગ્યા કે સમાજ ક્રિયાએ સમાજ સંગઠનનું એક અંગ નથી; પરંતુ એ સમાજકાર્યની એક અલગ પદ્ધતિ છે અને સમયાંતરે તેની સ્પષ્ટતાની સાથે સમાજ ક્રિયાને એક પદ્ધતિના સ્વરૂપમાં સ્વીકારવામાં આવી કે સામુદાયિક સંગઠન અંતર્ગત એ એક કાર્ય એ એક સમિતિના ક્ષેત્ર આધારિત કરવામાં આવે છે. પરંતુ સમાજ ક્રિયામાં મોટાપાયે આયોજન કરવામાં આવે છે. તેમાં નીતિ નિર્ધારિત કરવામાં આવે છે અને તેના આધારે કાર્યક્રમો કરવામાં આવે છે.

### ❖ વ્યાખ્યાઓ :

''સમાજ ક્રિયા એ એવી વ્યક્તિગત અથવા સામૂહિક પ્રવૃત્તિ છે જેનાથી સમાજના નિયમો, મૂલ્યો અને પ્રમાણોને અનુસરીને સમાજ સુમેળ અને સ્વસ્થતા જળવાય છે.''

**- ઈમેલ દુખીમ (Emil Durkheim)**

''સમાજ ક્રિયા એ એવું વર્તન છે જે અન્ય લોકોના વર્તનને ધ્યાનમાં રાખીને અને તેનાથી પ્રભાવિત થઈને થાય છે. આ પ્રવૃત્તિઓના અર્થને સમજવું મહત્ત્વનું છે.''

**- મૅક્સ વેબર (Max Weber)**

''સમાજ ક્રિયા એ એવા વ્યવહારોનો સમૂહ છે જે વ્યક્તિઓ પોતાના સમાજ પરિપ્રેક્ષમાં અને સમાજ મૂલ્યોને ધ્યામાં રાખીને કરે છે.''

**- પાર્સન્સ (Talcott Parsons)**

''સમાજ ક્રિયા એ સંકેતાત્મક ક્રિયા છે જે લોકોના વિધેય અને અર્થમૂલ્યોને આધારે થાય છે અને આ ક્રિયાઓ સમાજ માળખાની રચના કરે છે.''

**- હેબર્ટ બ્લુમર (Herbert Blumer)**

''સમાજ ક્રિયા એ એવી ક્રિયા છે જે વ્યક્તિગત સ્વાર્થને તે સમુદાયના હિત માટે બદલવા માટે કરવામાં આવે છે.''

**- રાલ્ફ લિન્ટન (Ralph Linton)**

"સમાજ ક્રિયા એ સમાજ પર્યાવરણમાં પરિવર્તન માટે કરવામાં આવેલાં પ્રયત્નોને સમાજ ક્રિયા કહેવામાં આવે છે. જેના દ્વારા વધુમાં વધુ સંતોષપ્રદ જીવન મેળવવાના પ્રયત્ન કરવામાં આવે છે. તેનો મુક્ય ઉદ્દેશ્ય વ્યક્તિને અસર ન કરતી સમાજ સંસ્થાઓ, કાનૂન, પ્રથાઓ તથા સમુદાયમાં અસર ઉપજાવે છે."

**- કવાયલ (1937)**

"સમાજ ક્રિયાનું વર્ણન બહોળી સમાજ અને આર્થિક સ્થિતિ અને અભ્યાસોને પ્રભાવિત કરતાં સમાજ દ્રષ્ટિથી લક્ષ્યોને પ્રાપ્તિ માટે એક સંગઠિત સામુહિક પ્રયાસ એટલે સમાજ ક્રિયા."

**- હીલ (1951)**

"સમાજ ક્રિયા સમાજકાર્ય અંતર્ગત એક વ્યક્તિક જૂથ અથવા સામુદાયિક પ્રયત્ન છે. જેનો ઉદ્દેશ્ય સમાજ પ્રગતિને પ્રાપ્ત કરવાની, સમાજ નીતિમાં પરિવર્તન કરવું તથા સમાજ સ્વાસ્થ્ય અને કલ્યાણ સેવામાં સુધારો લાવવાનો છે."

**- ફ્રિડલેન્ડર (1963)**

દર્શાવેલ વ્યાખ્યાઓના સંદર્ભમાં આપણે સમજીએ તો સમાજ ક્રિયાનો સામાન્ય અર્થ "સમાજ ન્યાયની પ્રાપ્તિ અને સમાજકલ્યાણ સેવાઓમાં વધારો કરવાનો છે." સમાજ ક્રિયા દ્વારા સમાજમાં ઈચ્છિત પરિવર્તન લાવવાનાં પ્રયત્નો કરવામાં આવે છે. તો બીજી બાજુ કયાંક પરિવર્તન નકારાત્મક હોય તો તેને રોકવા માટે પણ સમાજ ક્રિયાનો આધાર લેવામાં આવે છે. સમાજ ક્રિયાએ એવી પ્રવૃત્તિ છે કે જેમાં વ્યક્તિ કે જૂથ અન્ય લોકોના વર્તન અને પ્રતિક્રિયાને ધ્યાનમાં રાખીને કાર્ય કરે છે. આ પ્રવૃત્તિઓનો હેતુ સમાજમાં સુમેળ, સંકલન અને સામૂહિક સુખાકારી લાવવાનો હોય છે.

❖ **વિશેષ તત્ત્વો :**

⇨ **અન્ય લોકોની પ્રતિક્રિયા :** સમાજ ક્રિયા માટે જરૂરી છે કે તે પ્રવૃત્તિઓ અન્ય લોકોના વર્તન અને પ્રતિક્રિયાને ધ્યાનમાં રાખીને કરવામાં આવે.

⇨ **અર્થપૂર્ણ કાર્ય :** આ ક્રિયાઓનો કોઈ નક્કી થયેલો અર્થ હોય છે અને તે વ્યક્તિના ઈરાદા અને લક્ષ્યને પ્રતિબિંબિત કરે છે.

⇨ **સામૂહિક પ્રભાવ :** સમાજ ક્રિયાઓનો પ્રભાવ વ્યક્તિગત અને સામૂહિક સ્તરે પડે છે, જેનાથી સમાજમાં પરિવર્તન લાવવામાં આવે છે.

⇨ **સાંસ્કૃતિક અને સમાજ માળખા :** આ ક્રિયાઓને સમાજના કાયદા, નિયમો, સંસ્કૃતિ અને પરંપરાઓ અનુસાર કરવામાં આવે છે.

⇨ **વ્યક્તિ અને સમાજ વચ્ચેનું અંતરમુખ :** સમાજ ક્રિયા એ વ્યક્તિ અને સમાજ વચ્ચેનો સંવાદ છે, જ્યાં વ્યક્તિના કાર્યનો સમાજ પર પ્રભાવ પડે છે અને સમાજની પ્રતિક્રિયાઓ વ્યક્તિના વર્તનને પ્રભાવિત કરે છે.

❖ **ઉદાહરણ :**

⇨ **ધાર્મિક પ્રસંગો :** ધાર્મિક ઉપાસના, પ્રાર્થના અને તહેવારોમાં સામૂહિક રૂપે ભાગ લેવું.

⇨ **સમાજસેવા :** ગરીબોને મદદરૂપ થવું, રક્તદાન, અને સમાજ સેવા કાર્યક્રમો.

⇨ **શિક્ષણ :** શાળાઓમાં શિક્ષણ પ્રક્રિયા, સહયોગ અને સામૂહિક પ્રવૃત્તિઓ.

⇨ **સમાજ ચળવળ :** સમાજ ન્યાય અને માનવ અધિકારો માટેના આંદોલનો.

⇨ **પરિવાર અને મૈત્રી :** પરિવાર અને મૈત્રીસભા દ્વારા સમાજ બંધનો મજબૂત બનાવવા.

## 3.4 સમાજ પ્રતિરક્ષા :

'સમાજ પ્રતિરક્ષા' શબ્દ અપરાધી વૃત્તિ સાથે જોડાયેલ છે. આ પ્રકારના વ્યક્તિઓના સમાજમાં પુનઃ સ્થાપન દ્વારા સમાજમાં સામાન્ય વ્યક્તિ જેમ જીવન જીવી શકે તે માટે રક્ષા પ્રદાન કરવા માટે પ્રતિરક્ષા શબ્દ વાપરવામાં આવે છે. વર્તમાન સમયમાં આ શબ્દનો પ્રયોગ અને એવા વ્યક્તિ જેમ કે વિચલિત વર્તન કરનાર વ્યક્તિ માટે પણ વપરાય છે. આ ઉપરાંત સમસ્યારૂપ વ્યવહારોની રોકથામ માટે, ઉપચાર માટે અને પુનર્વસન માટે સમાજ પ્રતિક્ષાનું ક્ષેત્ર વિસ્તૃત કર્યું છે. સમાજ પ્રતિરક્ષા એ માનવ જીવન માટે સ્વસ્થ પરિસ્થિતિના નિર્માણ કરવા માટે કાર્ય કરે છે. સમાજ પ્રતિરક્ષામાં નિમ્ન લિખિત વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

અપરાધીઓ, બાળ અપરાધીઓ, ત્યજી દેવામાં આવેલ તરૂણો, વૃદ્ધો, અનૈતિક વ્યાપારમાં જોડાયેલ મહિલાઓ અને છોકરીઓ, નિરાશ્રિતો, ભિક્ષાવૃત્તિ સાથે જોડાયેલ વ્યક્તિઓ, મદ્યપાન કરવાવાળા વ્યક્તિ, માદક દ્રવ્યોના સેવા કરનાર વ્યક્તિ.

ઉપરોક્ત દર્શાવેલ તમામ વ્યક્તિઓનો સમાજ પ્રતિરક્ષામાં સમાવેશ થાય છે. આ દરેક વ્યક્તિઓનાં ઉપચાર એટલે કે સારવાર અને પુનઃર્વસન માટેનાં પ્રયાસો સમાજ પ્રતિરક્ષામાં કરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા પણ ાવા વ્યક્તિઓના સંદર્ભમાં અનેક યોજનાઓ બનાવવામાં આવી છે. જે આ પ્રમાણે છે.

વિકટ પરિસ્થિતિમાં મળેલા બાળકોનાં દેખરેખ માટેની યોજનાઓ, રક્ષણની જરૂરિયાતવાળા બાળકો માટે કલ્યાણકારી યોજનાઓ., બાળ ન્યાય પ્રશાસનની વ્યવસ્થા, તરૂણોની અસમાજ વૃત્તિઓ ઉપર નિયંત્રણ માટેની યોજનાઓ, આરામની ગડબડીઓમાં થયેલ નિરાશ્રિત બાળકો માટે અનુદાન, બંદી થયેલ લોકો માટે કલ્યાણકારી વ્યવસ્થા, નિરાશ્રિત થયેલ બાળકો માટે વ્યાવસાયિક તાલીમ., બાળ કલ્યાણ યોજનામાં લાગેલા વ્યક્તિઓ માટે તાલીમ, કિસાન ન્યાય અધિનિયમમાં કાર્યકારી વ્યક્તિઓ અને અધિકારીઓ માટે તાલીમ, દેશમાં અને વિદેશમાં ગોદ લીધેલ બાળકોનાં સબંધ દેખરેખ માટેની વ્યવસ્થા.

ઉપરોક્ત દર્શાવેલ દરેક વ્યવસ્થાઓ અને યોજનાઓ સરકાર દ્વારા પૂર્ણ રૂપથી કરવામાં આવે છે. જેથી કરીને સમાજમાં દરેક વ્યક્તિ સારી પરિસ્થિતિમાં જીવન જીવી શકે તે માટેના પ્રયાસો સમાજ પ્રતિરક્ષામાં કરવામાં આવે છે.

❖ **સમાજ પ્રતિરક્ષાના મુખ્ય લક્ષણો :**

⇨ **સમાજ પ્રતિરક્ષાના લક્ષણો :** એવા મુખ્ય પરિબળો છે જે વ્યક્તિઓ અને સમુદાયોને સમાજમાં ન્યાય, સુરક્ષા અને સમાનતાનું બોધ કરાવે છે. આ લક્ષણો દ્વારા સમાજના તમામ સભ્યોને યોગ્ય અને સલામત જીવન જીવવા માટે સહાય થાય છે.

**(1) આર્થિક સુરક્ષા :**

⇨ **ગરીબી નિવારણ :** ગરીબીમાં લોકોને આર્થિક મદદ.

⇨ **બેરોજગારી સહાય :** બેરોજગારી દરમિયાન આર્થિક સહાય અને રોજગાર મોકાઓ.

⇨ **સમાજ સુરક્ષા યોજના :** વૃદ્ધો, વિધવાઓ, અને વિકલાંગોને પેન્શન અને આર્થિક સહાય.

**(2) શૈક્ષણિક સુરક્ષા :**

⇨ **મફત અને ફરજીયાત શિક્ષણ :** દરેક નાગરિકને આરોગ્ય સેવાઓની સુલભતા.

⇨ **શિક્ષણમાં સમાનતા :** જાતિ, આર્થિક પરિસ્થિતિ, અને પ્રાદેશિક ભેદભાવ વિના સમાન શિક્ષણની તક.

**(3) આરોગ્ય સુરક્ષા :**

⇨ **મફત અથવા સસ્તી આરોગ્ય સેવા :** દરેક નાગરિકને આરોગ્ય સેવાઓની સુલભતા.

⇨ **રોગ નિવારણ અને આરોગ્ય જાગૃતિ :** રોગો સામે રક્ષણ માટે આરોગ્ય અભિયાન અને જાગૃતિ કાર્યક્રમો.

**(4) કાયદાકીય અને ન્યાયિક સુરક્ષા :**

⇨ **માનવઅધિકાર અને નાગરિક અધિકારો :** દરેક નાગરિકના મૂળભૂત અધિકારોની રક્ષા.

⇨ **કાયદાકીય સહાય :** ગરીબ અને દબાયેલા લોકો માટે મફત કાયદાકીય મદદ.

**(5) સમાજ સમાનતા :**

⇨ **લિંગ સમાનતા :** લિંગ આધારિત ભેદભાવ વિના સમાનતા.

⇨ **જાતિ અને ધર્મની સમાનતા :** જાતિ, ધર્મ અથવા પ્રાદેશિક ભેદભાવ વિના સમાનતા.

**(6) મહિલા અને બાળ સુરક્ષા :**

⇨ **સ્ત્રી અધિકાર :** સ્ત્રીઓની સુરક્ષા અને અધિકારોની રક્ષા માટેની નીતિઓ.

⇨ **બાળકોની સુરક્ષા :** બાળકોનું શોષણ, તસ્કરી, અને દુર્વ્યવહારથી રક્ષણ.

**(7) સમાજ સુવિધાઓ :**

⇨ **આવાસ અને પાણીની સુવિધાઓ :** દરેક નાગરિકને સુલભ અને આરોગ્યપ્રદ આવાસ અને પાણીની સુવિધાઓ.

⇨ **વિકલાંગોની સુવિધાઓ :** શારીરિક અને માનસિક વિકલાંગ લોકો માટે ખાસ સિવિધાઓ.

**(8) સમાજ જાગૃતિ અને પ્રવર્તન :**

⇨ **જાગૃતિ અભિયાન :** સમાજમાં ન્યાય, સમાનતા, અને માનવઅધિકારો અંગે જાગૃત કરવા માટે અભિયાન.

⇨ **સમાજ સંગઠનો :** સમાજ સમસ્યાઓ માટે કામ કરનાર સંસ્થાઓ અને સંગઠનોનું સશક્તિકરણ.

❖ **સમાજ પ્રતિરક્ષાનું મહત્ત્વ :**

સમાજ પ્રતિરક્ષાએ એક એવી વ્યવસ્થા છે જેનાથી સમાજના તમામ સભ્યોના જીવનમાં સુખાકારી, સુરક્ષા અને સમાનતા લાવવા માટે પ્રયત્ન કરવામાં આવે છે. સમાજ પ્રતિરક્ષા દ્વારા ન્યાય, આર્થિક સહાય, શિક્ષણ, આરોગ્ય, અને બેરોજગારી જેવી સમસ્યાઓના નિરાકરણ માટે સહાય કરવામાં આવે છે.

**(1) સમાજ સમાનતા :**

⇨ **લિંગ સમાનતા :** સ્ત્રી અને પુરુષ વચ્ચે સમાનતાનું પ્રોત્સાહન.

⇨ **જાતિ અને ધર્મની સમાનતા :** જાતિ, ધર્મ અથવા આર્થિક સ્થિતિના આધારે ભેદભાવ વિના સમાન તકની સુનિશ્ચિતથા.

**(2) આર્થિક સુરક્ષા :**

⇨ **બેરોજગારી અને ગરીબી :** બેરોજગારી અને ગરીબી નિવારવા માટે સહાયતા અને રોજગાર પ્રસંગો.

⇨ **સમાજ સુરક્ષા યોજના :** વૃદ્ધો, વિધવાઓ, અને વિકલાંગો માટે પેન્સન અને આર્થિક સહાય.

**(3) શૈક્ષણિક સુરક્ષા :**

⇨ **મફત અને ફરજીયાત શિક્ષણ :** બાળકોને મફત અને ગુણવત્તાવાળી શિક્ષણનો અધિકાર.

⇨ **શિક્ષણમાં સમાનતા :** બધા બાળકો માટે સમાન શિક્ષણની તક.

**(4) આરોગ્ય સુરક્ષા :**

⇨ **સ્વાસ્થ્ય સેવા :** આરોગ્ય સેવાઓની સુલભતા, મફત અથવા કિફાયતી સારવાર.

⇨ **રોગ નિવારણ :** રોગોની અટકણ અને આરોગ્ય જાગૃતિ અભિયાન.

**(5) ન્યાયિક સુરક્ષા :**

⇨ **માનવઅધિકાર અને નાગરિક અધિકારો :** દરેક નાગરિકના અધિકારોની રક્ષા.

⇨ **કાયદાકીય સહાય :** ગરીબ અને દબાયેલા લોકો માટે મફત કાયદાકીય સહાય.

**(6) મહિલા અને બાળ સુરક્ષા :**

⇨ **સ્ત્રી અધિકાર :** સ્ત્રીઓની સુરક્ષા અને અધિકારોની રક્ષા માટેની નીતિઓ.

⇨ **બાળકોની સુરક્ષા :** બાળકોને શોષણ, તસ્કરી, અને દુર્વ્યવહારથી રક્ષણ.

**(7) સમાજ સુવિધાઓ :**

⇨ **આવાસ અને પાણી સુલભતા :** દરેક નાગરિકને સુલભ અને આરોગ્યપ્રદ આવાસ અને પાણીની સુવિધા.

⇨ **વિકલાંગોની સુવિધા :** વિકલાંગ લોકો માટે ખાસ સુવિધાઓ.

**(8) સમાજ જાગૃતિ :**

⇨ **જાગૃતિ અભિયાન :** ન્યાય, સમાનતા, અને માનવઅધિકારો અંગે જાગૃતિ લાવવી.

⇨ **સમાજ સંગઠનો :** સમાજ સમસ્યાઓના ઉકેલ માટે કામ કરવા સંગઠનોનું સશક્તિકરણ.

સમાજ પ્રતિરક્ષાએ સમાજના દરેક સભ્ય માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે ન્યાય, સુરક્ષા, અને સમાનતા જાળવવા માટેનો પ્રયોગ છે. તેનાથી નાગરિકોને ન્યાય, આર્થિક સહાય, શિક્ષણ, આરોગ્ય, અને અન્ય મૌલિક અધિકારોની સુનિશ્ચિતથા મળે છે અને સમગ્ર સમાજનું કલ્યાણ અને વિકાસ શક્ય બને છે.

## 3.5 સમાજ શિક્ષણ :

સમાજ શિક્ષણ માનવ વિકાસનું કેન્દ્રબિંદુ છે. આર્થિક અને સમાજ વિકાસનાં ધ્યેયોને સિદ્ધ કરવામાં તેનું મહત્ત્વનું યોગદાન છે. સંપૂર્ણ સાક્ષરતા અને અન્ય સમાજ સમસ્યાનાં નિવારણ જેવાં કે ઊંચા જન્મદર, આરોગ્યની સંભાળ, અજ્ઞાનતા તેમજ ગરીબી દૂર કરવામાં મદદરૂપ છે. ભારતમાં પૂર્ણ સાક્ષરતા મેળવવા માટે જરૂરી પગલાં ઉઠાવવામાં આવ્યાં છે. પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થા દ્વારા શાળામાં જઈ શકે તેવી ઉંમરના બધા બાળકોને શિક્ષણ આપવું-આ કાર્યક્રમમાં સમાજમાં કહેવાતી નીચી જ્ઞાતિ વર્ગમાં લોકો તથા મહિલાઓનાં શિક્ષણ માટે વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

પહેલા શિક્ષણ વ્યક્તિગત દાન, ધાર્મિક મૂલ્ય અને વૈશ્વિક સંસ્થાઓની જવાબદારી ગણવામાં આવતી. પ્રાચીન સમયમાં આશ્રમ શાળાઓમાં શિક્ષણ આપવામાં આવતું, કુટુંબમાં માતા-પિતા, જ્ઞાતિ, ધર્મ, વગેરે પણ અનૌપચારિક શિક્ષણ આપનાર એક માધ્યમ તરીકે ગણવામાં આવતાં હતાં.

ભારત સરકારે 1989માં શિક્ષણની રાષ્ટ્રિય નીતિ નિર્માણ કરી 14 વર્ષની ઉંમરના બધાં બાળકોને સાર્વભૌમિક પ્રાથમિક શિક્ષણના ધ્યેનાં રાજનૈતિક માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાવવામાં આવ્યા જેનાં નિમ્નલિખિત ઉદ્દેશ્યો નીચે મુજબ છે.

⇨ શિક્ષણ પદ્ધતિમાં બદલાવ

⇨ શિક્ષણનું સ્તર ઊંચુ લઈ જવું.

⇨ શિક્ષણમાં સમાજ બદલાવ.

⇨ નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોના વિકાસને મહત્ત્વ આપવું.

⇨ અનુસૂચિત જાતિઓના શિક્ષણસ્તરને સુધારવું.

⇨ અનુસૂચિત જનજાતિઓના શિક્ષણસ્તરને સુધારવું.

⇨ પછાત વર્ગો, સમાજના નબળા વર્ગો, મહિલાઓને શિક્ષણ મળી રહે તે માટે વિભિન્ન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા મહત્ત્વ આપવામાં આવ્યું.

ઉપરોક્ત તમામ ઉદ્દેશ્યોને પહોંચી વળવા માટે સરકાર દ્વારા શિષ્યવૃત્તિ, મફત શિક્ષણ, સાધન સહાય અને મુસાફરી માટે પાસ સિસ્ટમને ઉપલબ્ધ કરાવી જેના કારણે સમાજના છેવાડાના લોકો અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરી શકે તે માટે પ્રયત્નો કર્યા.

સમાજ શિક્ષણ વિસ્તૃત રીતે સમજાવવો એનો અર્થ છે. સમાજ અને તેની વિવિધ પરિભાષાઓ વિશે જાણકારી આપવી, જેથી વ્યક્તિઓ સમાજમાં સક્ષમ, જાગૃત અને જવાબદાર નાગરિક બની શકે.

**(1) સમાજની પરિભાષા :**

⇨ **સમાજ :** લોકોના જૂથ કે જે સંસ્કૃતિ, માન્યતાઓ, અને પરંપાઓ દ્વારા જોડાયેલા હોય છે.

⇨ **સામાજીક માળખું :** પરિવાર, શાળા, નોકરી, અને સમાજના વિવિધ સંસ્થાનોનો સમાવેશ થાય છે.

**(2) નૈતિક મૂલ્યો અને નાગરિક કર્તવ્ય :**

⇨ **નૈતિક મૂલ્યો :** પ્રામાણિકતા, સમાનતા, સહનશીલતા, અને માનવ અધિકારોનું જ્ઞાન.

⇨ **નાગરિક કર્તવ્ય :** મતદાન, કરચુકવણી, સમાજ સેવા, અને સમાજ જવાબદારીઓનું પાલન.

**(3) સાંસ્કૃતિક જાગૃતિ :**

⇨ **સાંસ્કૃતિક વારસો :** લોકકથા, લોકગીતો, લોકનૃત્ય અને અન્ય સાંસ્કૃતિક ઘટક.

⇨ **પરંપરા અને રિવાજો :** તહેવારો, ઉત્સવ, લગ્ન, અને અન્ય સમાજ પ્રવૃત્તિઓ.

**(4) સામાજીક વિષમતા :**

⇨ **વિષમતા અને સમાજ ન્યાય :** જાતિ, ધર્મ, જાતીયતા અને આર્થિક સ્થિતિ આધારિત અસમાનતાને સમજી સમાનતા લાવવાનો પ્રયાસ.

⇨ **સમાજ સુધારણા :** સમાન અધિકારો, શિક્ષણની ઉપલબ્ધતા, અને આરોગ્ય સેવા.

**(5) આંતરપ્રાકૃતિક કૌશલ્ય :**

⇨ **કમ્યુનિકેશન સ્કિલ્સ :** સંવાદ અને વિચારવિમર્શના કૌશલ્ય.

⇨ **સહયોગ અને ટીમવર્ક :** સહકર્મ અને સહકારના માધ્યમથી સમૂહમાં કાર્ય કરવાની ક્ષમતા.

**(6) સમાજ સમસ્યાઓ અને ઉકેલો :**

⇨ **વિશેષ ચિંતાઓ :** ગરીબી, બેરોજગારી, વ્યસન, અને પર્યાવરણીય પ્રશ્નો.

⇨ **ઉકેલ માટેના પ્રયાસો :** સમાજ નીતિ, NGO, અને સરકારના પ્રયાસો.

**(7) વિશ્વ નાગરિકતા :**

⇨ માનવ અધિકાર, શાંતિ અને સુરક્ષા, પર્યાવરણની જાળવણી.

⇨ **વૈશ્વિક સંસ્થા :** UNO, UNESCO, WHO, જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને તેમની ભૂમિકાઓ.

સમાજ શિક્ષણએ માત્ર શાળાની ભણતર સુધી મર્યાદિત નથી પણ જીવનભર શીખવવાની પ્રક્રિયા છે. જે વ્યક્તિને એક સંપૂર્ણ નાગરિક અને માનવી બનાવવામાં મદદ કરે છે.

## 3.6 સમાજ કાયદાઓ :

સમાજ કાયદા એ નિયમો, નિયમનો અને આદર્શો છે. જે સમાજમાં વ્યવહાર અને માન્યતાઓને નિયંત્રિત કરે છે. આ કાયદાઓ વ્યક્તિગત અને સામૂહિક બંને સ્તરે લાગુ પડે છે અને સમાજમાં સંવાદિતા, વ્યવસ્થિતથા અને ન્યાયને જાળવવા માટે રચવામાં આવ્યા છે.

❖ **સમાજ કાયદાના મુખ્ય લક્ષણો :**

⇨ **સંસ્કૃતિ અને પરંપરા :** સમાજ કાયદા સામાન્ય રીતે સંસ્કૃતિ અને પરંપરાઓ પર આધારિત હોય છે, જે સમાજના ઘણા વર્ષો સુધી ચાલતા આવ્યા છે.

⇨ **નૈતિક્તા અને આદર્શો :** આ કાયદાઓ સામાન્ય રીતે નૈતિક્તા અને સમાજના આદર્શો પર આધારિત હોય છે, જે યોગ્ય વર્તન માટે માર્ગદર્શન આપે છે.

⇨ **સબંધો અને વ્યવહાર :** આ કાયદાઓ સમાજના સભ્યો વચ્ચેના સબંધો અને વ્યવહારને નિયમિત કરે છે, જેનાથી સુમેળ જળવાય છે.

⇨ **સમાજની સુખાકારી :** આ કાયદાઓનો હેતુ સમાજમાં શાંતિ, સુરક્ષા અને સુખાકારી જાળવવાનો છે.

⇨ **કાયદાકીય અને બિન-કાયદાકીય :** કેટલાક સમાજ કાયદા સત્તાવાર કાયદાકીય ધોરણે માન્ય છે, જ્યારે કેટલાક બિન-કાયદાકીય, પરંતુ સમાજ રીતે માન્ય હોય છે.

❖ ઉદાહરણ :

**(1)** **પરિવારના કાયદા :** પરિવારમાં મોટા સભ્યોને સન્માન આપવું, નાના બાળકોની સંભાળ રાખવી વગેરે.

⇨ **સમાજ વિધિઓ :** લગ્ન, જન્મદિન, અને અન્ય સમાજ ઉત્સવોની વિધિઓનું પાલન.

⇨ **નૈતિક કાયદા :** ચોરી ન કરવી, અસત્ય ન બોલવું, દૂષણ ન કરવું.

સમાજ કાયદાઓ આપણા જીવનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કારણ કે તેઓ નૈતિક અને ન્યાયપૂર્ણ સમાજની સ્થાપના અને જાળવણી માટે જરૂરી છે. પ્રાચીન સમયમાં સમાજમાં રૂઢિ રિવાજ માન્યતા અને પારંપરિક મૂલ્યો એ કાયદાનું કાર્ય કરતા હતા. પરંતુ કયાંક આ રૂઢિ, રિવાજ અને મૂલ્યો કોઈ એક સમુદાય કે વ્યક્તિ કેન્દ્રી બની જતા હતા. અને જેના લીધે બીજા સમુદાય, વર્ગો કે વ્યક્તિઓને અન્યાયનો ભોગ બનવું પડતું. અસમાનતા અને અન્યાયને કારણે વ્યક્તિ પોતાનો વિકાસ સાધી શકતો નહિ. ઉપરોક્ત સમસ્યાના સમાધાન હેતુ સમાજનાં દરેક વ્યક્તિમાં ન્યાય, સ્વતંત્રતા અને સમાનતા એ ભારતીય સંવિધાન મુજબ રાજ્યએ પોતાની જવાબદારી સ્વીકારી છે કે દરેક વ્યક્તિ ને કાયદાકીય વ્યવસ્થા મળી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવશે અને સમાનતાનાં ધોરણે નાગરિકોને આર્થિક અને બીજી અન્ય અસમર્થતાઓના કારણે કોઈ વસ્તુથી વંચિત ન રહી જાય તે માટે કાયદાકીય નિઃશુલ્ક સેવા આપવામાં આવશે.

આ કાયદાના આધિન રહીને એવા નિર્ધનો જે પોતાની સહાયતા કરવા માટે સક્ષમ નથી તેવાં લોકોને વિવિધ માધ્યમો દ્વારા સહાયતા કરવામાં આવે છે. આ ઉપરાંત ઉચ્ચ ન્યાયાલય અને ઉચ્ચતમ ન્યાયાલયનું પણ નિર્ધનો, શોષિતો અને પીડિતો માટે વૈધાનિક સહાયતાનાં ક્ષેત્રમાં

મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. સમાજકાર્ય જન અભિરૂચિ, વિવાદો તથા નિર્ધનો માટે વૈધાનિક સહાયતાની યોજનાનાં માધ્યમથી કાનૂની સહાયતા પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનું કાર્ય કરે છે. સમાજકાર્ય જન અભિરૂચિ, વિવાદો તથા નિર્ધનો માટે વૈધાનિક સહાયતાની યોજનાનાં માધ્યમથી કાનૂની સહાયતા પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનું કાર્ય કરે છે.

## 3.7 સારાંશ :

સમાજકાર્ય એ વ્યક્તિને વિકસિત કરવા માટે માર્ગદર્શન પૂરું પાડે છે અને વ્યક્તિને સુસમાયોજિત જીવન જીવવા માટે સક્ષમ બનાવે છે. આ સક્ષમતા માટે વિવિધ શાખાઓ, સંસ્થાઓ યોજનાઓ, નીતિઓ તેમજ કાયદાઓ દ્વારા પૂરતાં પ્રયાસો હાથ ધરવામાં આવે છે. જેમાં સમાજસેવાથી શરૂઆત થાય છે અને વિકસીત કરવામાં સમાજકાર્ય, સમાજ સુધારણા, સમાજ કલ્યાણથી કલ્યાણકારી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. તેમજ સમાજમાં રહેલા દૂ,ણો, અડચણોને દૂર કરવા જાતે સમાજ ક્રિયાનો આધાર લેવામાં આવે છે અને સમાજને સમાજ રીતે જોડી રાખવા માટે કે નિયંત્રિત રાખવા માટે સમાજ કાયદાઓ છે. વ્યક્તિ જૂથ કે સમુદાયના રક્ષણ માટે સમાજ પ્રતિબદ્ધતાનો સહારો લેવામાં આવે છે અને સમાજ જાગૃતથા માટે સમાજ શિક્ષણનો અભ્યાસ કરવામાં આવે છે. આમ, સમાજકાર્ય એ સેવાર્થીને તેની સમસ્યામાંથી બહાર લાવવા માટે તથા સક્ષમ બનાવવા માટેના પૂરતા પ્રયાસો કરવામાં આવે છે.

## 3.8 તમારી પ્રગતિ ચકાસો (MCQs) :

1. નેશનલ એસોસિએશન ઑફ સોશ્યલ વર્ક એ સમાજકાર્યની વ્યાખ્યા કયારે આપી.
   (A) 1973 (B) 1972 (C) 1970 (D) 1990

2. કોનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં પ્રવર્તમાન બદીઓને દૂર કરી સમાજ પરિવર્તન લાવવાનો છે ?
   (A) સમાજકાર્યનો (B) સમાજ સુધારણાનો
   (C) સમાજ કલ્યાણનો (D) ઉપરોક્ત તમામ

3. સમાજ પ્રતિરક્ષામાં કયા વ્યક્તિઓને લેવામાં આવ્યાં છે ?
   (A) અપરાધીઓ (B) મદ્યપાન કરવાવાળા વ્યક્તિ
   (C) બાળ અપરાધીઓ (D) ઉપરોક્ત તમામ

## 3.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ :

1. (A) 1973
2. (A) સમાજકાર્યનો
3. (D) ઉપરોક્ત તમામ

## 3.10 ચાવીરૂપ શબ્દો :

❖ **સમાજકાર્ય :**

સમાજકાર્ય એ વ્યક્તિઓ, જૂથો અથવા સમુદાયની સમાજ ક્રિયાશીલતા સબંધી ક્ષમતામાં વૃદ્ધિ તથા સમાજ પરિસ્થિતિઓને અનુકૂળ બનાવવાના ધ્યેયમાં મદદ કરવાની વ્યાવસાયિક પ્રક્રિયા છે.

❖ **સમાજ ક્રિયા :**

સમાજ પર્યાવરણમાં ઈચ્છિત પરિવર્તન લાવવા માટે કરવામાં આવેલા પ્રયત્નોને સમાજ ક્રિયા કહેવામાં આવે છે.

❖ **સમાજ પ્રતિરક્ષા :**

'સમાજ પ્રતિરક્ષા' શબ્દ અપરાધીવૃત્તિ સાથે જોડાયેલ વ્યક્તિઓના સમાજમાં પુનઃ સ્થાપન દ્વારા સમાજમાં સામાન્ય વ્યક્તિની જેમ જીવન જીવી શકે તે માટે રક્ષા પ્રદાન કરવા માટે પ્રતિરક્ષા શબ્દ વાપરવામાં આવે છે. વર્તમાન સમયમાં આ શબ્દનો પ્રયોગ અનેક એવા વ્યક્તિ જેમ કે વિચલિત વર્તન કરનાર વ્યક્તિ માટે પણ વપરાય છે. આ ઉપરાંત સમસ્યારૂપ વ્યવહારોની રોકથામ માટે, ઉપચાર માટે અને પુનર્વસન માટે સમાજ પ્રતિક્ષાનું ક્ષેત્ર વિસ્તૃત કર્યું છે. સમાજ પ્રતિરક્ષા એ માનવ જીવન માટે સ્વસ્થ પરિસ્થિતિના નિર્માણ કરવા માટે કાર્ય કરે છે.

❖ **સમાજ કાયદા :**

સમાજ કાયદાએ દ્વારા બનાવવામાં આવેલા નિયમો જે સમાજના સભ્યો દ્વારા સ્વીકારમાં આવ્યા છે અને જે વ્યક્તિઓ અને સમૂહો વચ્ચેના સબંધોને સુમેળ અને વ્યવસ્થિત બનાવવા માટે રચવામાં આવ્યા છે. આ કાયદાઓનો હેતુ નૈતિક, આર્થિક, ધાર્મિક, અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં શિસ્ત અને ન્યાય જાળવવાનો છે.

## 3.11 સ્વાધ્યાયકાર્ય :

1. સમાજકાર્યની વ્યાખ્યાઓ આપી તેનો અર્થ સમજાવો.
2. સમાજ કાયદાઓ એટલે શું ?
3. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1989ના મુખ્ય ઉદ્દેશો શું હતા?
4. સમાજ પ્રતિરક્ષાના મુખ્ય લક્ષણો અને મહત્ત્વ સમજાવો.

## 3.12 સંદર્ભ સૂચિ :

1. Leonard Peter, 1965, Sociology in Social work, Routledge & Kegan paul, London.
2. Wadia. A.R., 1961, History and Philosophy of Social Work in India, Allied Publisher Private LTD.
3. Desai Murli, 2002, Ideologies And Social Work, Historical and contemporary analysis, Rawat publications, Jaipur.
4. Friedlander W.A., 1955, Introduction of social welfare, Prentice Hall inc., New Yourk.
5. Gangrade K D., 1969 Sociology of Social Work, Marvah publications, New Delhi.

6. Gore M S., 1997, social work And Social Work Education Asia publishing House, Bombay.

7. Jha jainendera kumar, 2001, Encyclopaedia of social work, Anmol publications New Delhi Vol.1,2,3.

8. मदन जी आर, 1964, भारत में समाजकार्य एवं सामाजिक पुनर्निमाण, सरस्वती सदन, मसूरी ।

9. मिर्जा आर ए, 1969, समाजकार्य दर्शन एवं प्रणालियां, ब्रिटिश बुक डिपो, लखनव ।

10. शास्त्री राजाराम, 1970, समाजकार्य, हिंदी समिति, लखनऊ।

11. सूदन कृपालसिंह, 1983, समाजकार्य : दर्शन इतिहास एवं प्रणालियां, नव ज्योति प्रकाशन लखनऊ।

12. पाण्डेय ओर पाण्डेय, 2001, समाजकार्य, भारत प्रकाशन, लखनऊ।

13. मिश्रा अहमद आर, 1961, समाजकार्य दर्शन एवं प्रणालियां, ब्रिटिश बुक डिपो, लखनऊ।

14. कृपालसिंह सूदन 2008, समाजकार्य सिद्धांत एवं अभ्यास, रामपुर बुक डिपो, लखनऊ।

15. ગીતા ચાવડા, 2008, વ્યવસાયિક સમાજકાર્ય, લોક પ્રકાશનું લોકનિકેતન રતનપુર, પાલનપુર, બનાસકાંઠા.

16. આનંદી પટેલ 2009, વ્યવસાયિક સમાજકાર્યના આધારે સ્થંભો, વ્યવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ.

17. ત્રિવેદી નેહલ, 2018, સમાજકાર્ય, બાલ વિનોદ પ્રકાશન, અમદાવાદ.

18. જગાણી હિતેશ, 2014, વ્યવસાયિક સમાજકાર્ય શબ્દકોષ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

*****************

# એકમ-4
# ઈંગ્લેન્ડ, અમેરિકા અને ભારતમાં સમાજકાર્યના ઉદ્‌ભવ અને વિકાસ

રૂપરેખા :-


**4.0** ઉદ્દેશ્યો

**4.1** પ્રસ્તાવના

**4.2** સમાજકાર્યના વિવિધ કાયદાઓ અને ઉદ્‌ભવ

**4.3** ઈંગ્લેન્ડમાં સમાજકાર્યનો ઈતિહાસ

**4.4** અમેરિકાનો સમાજકાર્યનો ઈતિહાસ

**4.5** ભારતમા સમાજકાર્યનો ઈતિહાસ

**4.6** સારાંશ

**4.7** તમારી પ્રગતિ ચકાસો

**4.8** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**4.9** સ્વાધ્યાય

**4.10** સંદર્ભ સૂચિ


## 4.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો આ એકમના અભ્યાસ બાદ તમે....

- સમાજકાર્યની શરૂઆત કે તેના મૂળની સમજ પ્રાપ્ત કરશો.
- ઈંગ્લેન્ડ અને અમેરિકામાં સમાજકાર્ય કેવું હતું તે જાણી શકશો.
- ભારતમાં સમાજકાર્યના ઈતિહાસને જાણી શકશો.
- વિવિધ કાયદાઓ જે સમાજકાર્ય સુસંગત છે તેની જાણકારી પ્રાપ્ત કરશો.

## 4.1 પ્રસ્તાવના :

શોષણ, દમન, અન્યાય, અસમાનતા એ માનવ પ્રકૃતિ અને સમાજ પ્રકૃતિનો સ્વભાવ છે. ઈતિહાસના દરેક સમયમાં જે તે સમયની સમાજ ધાર્મિક, આર્થિક વ્યવસ્થા અને મૂલ્ય વ્યવસ્થામાં આ તત્ત્વો પહેલાં જોવા મળ્યાં. આવા શોષણ સામે પ્રતિકાર કરવા એક નવી વિચારસરણી પણ ઉદ્‌ભવી; જેમાં દયા, પ્રેમ, સહાનુભૂતિ, સહાયતા, દાન, સહકાર વગેરે વિચારોનો પણ ઉદ્‌ભવ થયો. ઈંગ્લેન્ડ, અમેરિકા કે ભારત દરેકના ઈતિહાસમાં નજર નાખતા જોવા મળશે કે સમાજકાર્યના મૂળ ઘણાં લાંબા સમય પહેલાં જ નખાઈ ગયેલા છે. તો આપણે આ એકમમાં સમાજકાર્યને વિવિધ કાયદાઓ અને ઈતિહાસના સ્વરૂપમાં સમજવાો પ્રયત્ન કરીએ.

## 4.2 સમાજકાર્યના વિવિધ કાયદાઓ અને ઉદ્ભવ :

### 1. એલિઝાબેથ પુઅર લૉ-1601 :

ક્વિન્ઝ એલિઝાબેથે 1558માં રાજ્યભાર સંભાળ્યો. 1563, 1572, 1576માં નિર્ધન લોકો માટે કાયદો બનાવ્યો. આ કાયદો જે કર અને જબરદસ્તી હપ્તા ઉઘરાવવાવાળા લોકો રસ્તે રઝળતા લોકોને ફરજીયાત કામ પર લગાડવા, કામ કરવા ઈચ્છુક વ્યક્તિઓને કામ આપવું અને ભિક્ષાગૃહ અને સુધારગૃહના નિર્માણ સબંધિત હતા. આ કાયદો એલિઝાબેથ પુઅર લો અથવા 'ધ પુઅર લૉ ઓફ-1601'ના નામથી પ્રસિદ્ધ છે. આ નવા કાયદામાં પિતા અને દાદાના ભરણ પોષણની જવાબદારી તેના સંતાનો ઉપર સોંપવામાં આવી. આ કાયદામાં ગરીબ નિર્ધન લોકોની દેખરેખની જવાબદારી તેના સ્થાનિક સમુદાય અથવા તેના વિસ્તાર(ગામ) ને આપવામાં આવી. ગામ અને સમુદાય એ ફક્ત એજ નિર્ધન લોકોની સહાયતા કરશે કે જેને ગામની અંદર જ જન્મ લીધો હોય અથવા ઓછામાં ઓછા ત્રણ વર્ષતી તે ગામ અથવા વિસ્તારમાં રહેતા હોય. તેમજ એવા કોઈ વ્યક્તિની આ કાયદા અંતર્ગત રજીસ્ટ્રેશન કે નોંધણી નહિ થાય કે જે પતિ અથવા પત્ની, પિતા અથવા પુત્ર સહાયતા કરવાની સ્થિતિમાં હોય, પારિવારિક જવાબદારી કે સબંધિત જવાબદારી સિદ્ધાંતનો એ અર્થ છે કે "પરિવારના સદસ્યો અને સબંધિઓએ પોતાના નિર્ધન સદસ્યોના, ભરણપોષણ કરવાની પ્રાથમિક જવાબદારી નિભાવવી પડસે અને સરકાર એવા જ નિર્ધન લોકોની સહાયતા કરશે કે જેમના પરિવાર તેની સહાયતા કરવા માટેની સ્થિતિમાં ન હોય." નિર્ધન કાનૂન અંતર્ગત ત્રણ શ્રેણીઓમાં નિર્ધનોની સહાયતા કરવા માટેની વ્યવસ્થા કરાય છે.

#### 1. સ્વસ્થ્ય શરીર નિર્ધન :

આ શ્રેણીમાં એવા નિર્ધન લોકો અથવા ભિક્ષુકોનો સમાવેશ થાય છે કે જેઓ સ્વસ્થ શરીરવાળા છે. તેઓને સુધારગૃહ અને કાર્યગૃહોમાં કાર્ય કરવા માટે લગાવાયા. સ્વસ્થ શરીરવાળા ભિખારી ભિક્ષુકો અને આવારાગર્દી કરવાવાળા સુધારગૃહમાં કામ કરવાની મનાઈ કરે તો તેઓને જેલમાં કેદ કરી દેવા અને તેમના ગળા અને પગને બેડીઓથી બાંધી દેવા.

#### 2. લાચાર નિર્ધન :

આ શ્રેણીમાં એવા વ્યક્તિઓને રાખવામાં આવશે જેઓ કામ કરવાની સ્થિતિમાં ન હોય તેવા વ્યક્તિઓને ભિક્ષાગૃહમાં રાખવામાં આવશે. જો કોઈ લાચાર વ્યક્તિને પોતાનું રહેવાનું સ્થળ હશે તો તેને ત્યાં જ રહેવા દઈને સહાયતા કરવામાં આવશે જેનાથી સહાયતાનો ખર્ચ પણ ઓછો થશે અને નિર્ધનોના અધિકાર આપવામાં આવ્યો છે કે આવા વ્યક્તિઓને તેમના ઘરમાં જ સહાયતા આપવી.

#### 3. પરાવલંબી બાળકો :

આ શ્રેણીમાં એવા લોકોનો સમાવેશ થાય છે કે જે બાળકોને તેમના માતા પિતાએ ત્યજી દીધાં હોય અથવા તેમના માતા-પિતા સહાયતા અથવા ભરણપોષણ માટે

સક્ષમ ન હોય. આવા બધાં જ બાળકોના ભરણપોષણ માટે સરકાર નાગરિકો પાસે રાખવાની વ્યવસ્થા કરવામાં આવી. જેઓ આ બાળકોના ભરણપોષણ માટે સરકાર પાસેથી ઓછામાં ઓછા પૈસાની માંગણી કરે. 8 વર્ષ કે એનાથી વધારે ઉંમરના બાળકો જે કાંઈ ઘરેલું કામ અથવા અન્ય કામ કરી શકે એવા બાળકોને કોઈ નાગરિક સાથે વચનબદ્ધ કરેલાં બાળકોએ માલિકના ઘરેલું કામકાજ અને તેનો વ્યવસાય શીખવો પડશે અને તેના ઘરમાં તે 25 વર્ષની ઉંમર સુધી રહેવું પડશે. છોકરીઓને ઘરેલું કામ માટે રાખવામાં આવતી હતી. આ પ્રકારે તેમણે 21 વર્ષની ઉંમર સુધી અથવા લગ્ન થાય ત્યાં સુધી રાખવામાં આવતી હતી.

જે બાળકના માતા-પિતા અથવા સબંધીઓ સાથે રહેતા હોય અને તેઓ પોતે પણ નિર્ધન હોય તો તેઓને ગૃહઉદ્યોગ માટે સાધન સામગ્રી આપવામાં આવતી. જો આ પણ સંભવ ન હોય તો આવા બાળકોને નિર્ધનગૃહમાં રાખવામાં આવતાં. નિર્ધનોના ઓવરસિયર કાયદાને લાગુ પાડવા અને પ્રશંસનીય કામગીરી કરતાં તેઓની નિયુક્તિ શાંતિના ન્યાયાધીશ અથવા મેજીસ્ટ્રેટ દ્વારા કરવામાં આવતી. આ અધિકારીઓની કામગીરી નિર્ધનો પાસેથી સહાયતા માટેના પ્રાર્થના પત્ર લેવા, તેમની સમાજ પરિસ્થિતિ વિશે જાણકારી મેળવવી અને કેવા પ્રકારની સહાયતા આપવામાં આવશે તે સબંધિત બધાં નિર્ણયો લેશે.

નિર્ધન સહાયતા માટે નિર્ધનકર દ્વારા ખાતું સ્થાપિત થયું. વ્યક્તિગત દાન, કાયદાકીય ઉલ્લંઘન નિયુક્તિ શાંતિના ન્યાયાધીશ અથવા મેજીસ્ટ્રેટ દ્વારા કરવામાં આવતી, આ અધિકારીઓની કામગીરી નિર્ધનો પાસેથી સહાયતા માટેના પ્રાર્થના પત્ર લેવા, તેમની સમાજ પરિસ્થિતિ વિશે જાણકારી મેળવવી અને કેવા પ્રકારની સહાયતા આપવામાં આવશે. તે સબંધિત બધાં નિર્ણયો લેશે. નિર્ધન સહાયતા માટે નિર્ધનકર દ્વારા ખાતું સ્થાપિત થયું. વ્યક્તિગત દાન, કાયદાકીય ઉલ્લંઘન પર થનાર જમાનત આવા બધાં જ પ્રકારના પૈસા આ ખાતામાં જમા કરાવવામાં આવતાં. આ પ્રકારે 1601 નિર્ધન કાનૂની ઈંગ્લેન્ડમાં 300 વર્ષ સુધી સરકારી જવાબદારીમાં એક જનસહાયતા માપદંડને નિર્ધારિત કર્યા. આ સિદ્ધાંત દ્વારા જણાવવામાં આવ્યું કે પોતાના ક્ષેત્રોમાં નિર્ધનોની સહાયતાની જવાબદારી સ્થાનિક સમુદાય પર હોવી જોઈએ. કોઈ એક સ્થાન ઉપર અન્ય સ્થાનોથી આવવાવાળા નિર્ધનો જમા ન થઈ જાય એ માટે 1662 માં ‘‘ધ લૉ ઓફ સેટલમેન્ટ’’ રજૂ કરવામાં આવ્યો.

**2. ચેરિટી ઓર્ગેનાઈઝેશન સોસાયટી-1869 :**

1834માં ‘પુઅર લૉ રીફોર્મલ’ એ નિર્ધન સહાયતા ઉપર થનાર વ્યયને ઓછો કર્યો અને એનાથી વધુ ઉપયોગી સહાયતા લોકોને મળે તે માટેની વ્યવસ્થા કરી, પણ મિલમાલિક અને ઔદ્યોગિક શ્રમિકો વચ્ચે જે આર્થિક અસમાનતા વધી ગઈ તે આ અધિનિયમ તેનો નાશ કરી શકયો નહિ, દેશના પરોપકારી વ્યક્તિઓ ભિક્ષાગૃહોમાં થતી ક્રૂરતા અને હિનતામાંથી પોતાના ઓળખીતા વ્યક્તિઓ, બાળકો, અપંગોને બચાવવા માટેના પ્રયાસ કરવા લાગ્યા. આના કારણે ઘણી બધી દાન સમિતિઓ બની ગઈ; પરંતુ તેની સખત

આલોચના થવા લાગી. કેમ કે તેના ઉપર એવો આક્ષેપ લગાવવામાં આવ્યો કે "દાન સમિતિઓ દાનને નષ્ટ કરે છે અને પોતાના દાન અને ઉપહારોતી ભિક્ષાવૃત્તિને પ્રોત્સાહન આપે છે અને વ્યક્તિને પરાવલંબી બનાવે છે."

થોમસ ચામર્સના વિચારમાં વ્યક્તિના પુનઃર્વસન માટે તેનામાં આત્મનિર્ભરતા લાવવી ખૂબ જરૂરી છે. આ સહાયતા સમિતિઓના મતાનુસાર નિર્ધનની નિર્ધનતાનું કારણ તેના વ્યક્તિગત દોષો જ છે. સરકારી નિર્ધન સહાયતા અધિકારીઓનો પણ આ જ વિચાર હતાં. આ પરિસ્થિતિમાં સુધાર લાવવાની દ્રષ્ટિથી 1869માં લંડનમાં "Society Organizing Charitable Relief & Repressin Mandicity"ની સ્થાપના થઈ. જેનું નામ થોડા સમય પછી Charitable Organization Society (COS) કરી દેવામાં આવ્યું. આ સિદ્ધાંતો પણ થોમસ ચાર્મસના સિદ્ધાંતથી જ નિર્દેશિત થયાં છે. આ સોસાયટીએ ચાર્મસના આ વિચારોને માની લીધા કે વ્યક્તિ પોતાની નિર્ધનતા માટે જવાબદાર છે અને સહાયતા પ્રાપ્ત કરવી એ તેનાં આત્મ સન્માનને નષ્ટ કરે છે અને તેને ભિક્ષા પર રહેવા વિવશ કરી દે છે. આ સોસાયટીએ ચામર્સના વિચારોને અનુસંધાને એ પણ માન્યું કે નિર્ધન લોકોએ પોતાનું ભરણપોષણની પોતાની સંપૂર્ણ યોગ્યતાનો પ્રયોગ કરીને કરવુ જોઈએ. આ સોસાયટી દ્વારા એક પૂછતાછ વિભાગ ખોલાયો. જેમાં પુઅર લૉ અધિકારીઓ, ચેરિટી સોસાયટી અને વ્યક્તિગત પરોપકારી પુરુષો પાસેથી સહાયતા માગવાવાળા લોકોની સૂચનાઓ મેળવતા હતા. આ પ્રકારે એવા ઘણાં વ્યક્તિઓ મળ્યા જેઓએ ભિક્ષાવૃત્તિને એક વ્યવસાયના રૂપમાં ધારણ કરી લીધો હતો અને ઘણી સહાયતા સંસ્થાઓ પાસેથી સહાયતા પણ પ્રાપ્ત કરતા હતા. આ સોસાયટીએ નગરોને ખૂબ જ નાના જનજૂથોમાં વિભાજી કર્યા. પ્રત્યેક જનજૂથમાં સહાયતા કાર્ય માટે નાગરિકોનો સમૂહ બનાવવામાં આવ્યો. જે સ્વયંસેવકોના રૂપમાં કાર્ય કરવા લાગ્યા. આ સ્વયંસેવકો પરિવારોમાં જઈને ધન, વસ્ત્ર, ખાદ્ય સામગ્રી વગેરે જેવી સહાયતા આપવા લાગ્યા અને સમયાંતરે પરિવારની જીવનધારાને બદલવાના પ્રયાસો કરવા લાગ્યાં. મોટા જનજૂતોમાં આ કાર્ય માટે હક્ક દ્વારા વેતનીક કર્મચારી નિયુક્ત કરવામાં આવ્યાં. આ સોસાયટી સરકારી નિર્ધન સહાયતાના વિરૂદ્ધમાં હતી અને પોતાના સદસ્યોને નિર્ધનો ઉપર થતો સરકારી વ્યય ઓછો કરવા માટેની સૂચના આપતી અને બિન સરકારી પ્રયાસોને પ્રોત્સાહન આપતી, 1869માં સ્થાપિત 'London Charity Organization Society' ની જેમ ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડના અન્ય શહેરોમાં પણ તેની સમિતિઓ બનાવવામાં આવી. 9 વર્ષ બાદ આ આંદોલન અમેરિકામાં પણ ફેલાઈ ગયું.

આ પ્રયાસોને ચાલતા 'ધ સેટલમેન્ટ હાઉસ આંદોલન' જેમાં મોટા મોટા વિશ્વવિદ્યાલયોના વિદ્યાર્થી ઝૂપડપટ્ટીમાં જઈને ત્યાં રહેવા લાગ્યા અને મહત્ત્વપૂર્ણ કાર્ય એ હતું કે નિર્ધન સહાયતા કાર્યને પ્રભાવિત 1869માં પણ તેની સમિતિઓ બનાવવામાં આવી. 9 વર્ષ બાદ આ આંદોલન અમેરિકામાં પણ ફેલાઈ ગયું. આ પ્રયાસોને ચાલતા 'ધ સેટલમેન્ટ હાઉસ આંદોલન' જેમાં મોટા મોટા વિશ્વવિદ્યાલયોના વિદ્યાર્થી ઝૂપડપટ્ટીમાં જઈને ત્યાં રહેવા લાગ્યા અને મહત્ત્વપૂર્ણ કાર્ય એ હતું કે નિર્ધન સહાયતા કાર્યને પ્રભાવિત આ પ્રકારે સમાજના અનુસંધાનો સર્વેક્ષણ કરીને નિર્ધનતાના સ્વરૂપ અને કારણો જાણી નિર્ધન સહાયતા કાર્યને પ્રભાવિત કરવા માટેના પ્રયાસ કરવામાં આવ્યા.

**3. ધ પુઅર લૉ કમિશન-1905 :**

વીસમી સદીના આરંભમાં ઈંગ્લેન્ડમાં બેરોજગારી ખૂબ વધી ગઈ હતી. મુખ્ય રૂપથી કોલસાની ખાણોમાં કામ કરવાવાળા શ્રમિકો અને તેના પરિવારોએ નિર્ધન સહાયતા માંગવાનો આરંભ કરી દીધો. આ પ્રકારની સમસ્યાનું સમાધાન વર્તમાન નિર્દન કાનૂન દ્વારા કરવું અઘરું થઈ પડ્યું. આ સમસ્યાના સામાધાન માટે 'રોયલ કમિશન ઓફ ધ પુઅર લૉ એન્ડ રીલીફ ઓફ ડીસ્ટ્રીઝ' આયોગની રચના કરવામાં આવી. આ આયોગ દ્વારા ચાર ભલામણો કરવામાં આવી, જે આ પ્રમાણે છે. પુખર લો યુનિયન અને સંરક્ષણોના મંડળના સ્થાન પર કાઉન્ટી કાઉન્સિલ સ્થાપિત કરવામાં આવી. જેનાથી સ્તાનિક સહાયતા પ્રશાસને ત્રીજા ભાગ જેટલું તેમનું કામ ઓછું કરી દીધું. નિર્ધન સહાયતા દંડાત્મક પક્ષને સમાપ્ત કરી તેના સ્થાન ઉપર માનવીય જનસહાયતા કાર્યક્રમનો દ્રષ્ટિકોણ રાખવામાં આવ્યો. મિશ્રિત ભિક્ષાગૃહોને સમાપ્ત કરી દેવામાં આવ્યા. માનસિક રોગીઓને ચિકિત્સાલયોમાં ઉપચાર માટે મોકલવામાં આવ્યા અને બાળકોને પાલનગૃહ અથવા આવાસી વિદ્યાલયોમાં રાખવામાં આવ્યા. વૃદ્ધો માટે રાષ્ટ્રીય પેન્શન, નિર્ધનો માટે ચિકિત્સાલયોમાં નિઃશુલ્ક ઉપચાર, સાર્વજનિક સેવાઓ, બેરોજગારી અને અશક્તથાની સુવિધાઓની સાથે સમાજ વિમાના કાર્યક્રમને આરંભ કરવામાં આવ્યો. આ આયોગના સદસ્યોમાં આપસી મતભેદ રહ્યાં; પરંતુ આયોગના કાર્યોના ફળ સ્વરૂપ નવો કાયદો બનાવવા માટેના રસ્તા ખુલ્લયા.

**4. ધ બેવરીઝ રિપોર્ટ-1941 :**

બીજા વિશ્વયુદ્ધ બાદ અનેક સમાજ સમસ્યાઓ ઉત્પન્ન થઈ. જૂન 1941 માં ઈંગ્લેન્ડમાં પોતાના સંપૂર્ણ સમાજ કલ્યાણ કાર્યક્રમમાં ક્રાંતિકારી સુધાર લાવવાનો આરંભ કરી દીધો. લોર્ડવિલિયમ બેવરીઝની અધ્યક્ષતામાં ખાનગી રીતે અંદરખાને અનેક આયોગની રચના કરવામાં આવી. આયોગનું કામ સમાજ સેવાઓની રચના અને કાર્યકુશળતાની દેખરેખ રાખવાનું હતું અને ભલામણો કે સૂચનો રજૂ કરવાનું હતું. આ આયોગ દ્વારા રજૂ કરવામાં આવ્યું કે જરૂરિયાતની સાથે સાથે ચાર બીજા દાનવ (1) બીમારી (2) અજ્ઞાનતા (3) મલિનતા (4) નિરક્ષરતા પણ માનવ કલ્યાણ માટે બાધારૂપ છે. 'ધ ભૈવરીઝ રિપોર્ટ' એ સમાજ સુરક્ષાની એક નવી પદ્ધતિનું નિર્માણ કર્યું; જેનો ઉદ્દેશ્ય પ્રત્યેક નાગરિકોને સહયોગ દ્વારા એક જ સ્તર ઉપર લાવવાના પ્રયત્નો કર્યા.

આ માટે પાંચ કાર્યક્રમો આધારિત સમાજ સુરક્ષાની વ્યાપક પદ્ધતિનું સ્થાપન કર્યું. આ પાંચ કાર્યક્રમો નીચે મુજબ છે.

- ⇨ સમાજ વીમો, જન સહાયતા, બાળકો માટે ફંડ - જેને પાછળથી પારિવારિક ફંડ નામ આપવામાં આવ્યું, વ્યાપક નિઃશુલ્ક અને પુનઃર્વસનની સેવા, પૂર્ણ રોજગારી માટે અનુરક્ષણ.
- ⇨ સમાજ સુરક્ષાના આ વ્યાપક કાર્યક્રમ માટે છ સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યાં છે; જે નીચે દર્શાવેલ છે.
- ⇨ એકીકૃત પ્રસાસન, બાળકો માટે ફંડ - જેને પાછળતી પારિવારિક ફંડ નામ

આપવામાં આવ્યું., વ્યાપક નિઃશુલ્ક અને પુનઃવસનની સેવા., પૂર્ણ રોજગારી માટે અનુરક્ષણ.

⇨ સમાજ સુરક્ષાના આ વ્યાપક કાર્યક્રમ માટે છ સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યાં છે; જે નીચે દર્શાવેલ છે.

⇨ એકીકૃત પ્રસાસન વ્યાપક સંરક્ષણ બધાનો સામાન્ય ફાળોદર સામાન્યદરની સુવિધાઓ સહાયતા પ્રાપ્ત કરનાર વ્યક્તિની મૌલિક જરૂરિયાતની પ્રાપ્તિ માટે પર્યાપ્ત માત્રામાં સુવિધા જનસંખ્યાનું વર્ગીકરણ.

આ રિપોર્ટમાં ઉપરોક્ત છ સિદ્ધાંતો કે વર્ગોનો સુજાવ આપવામાં આવ્યો; પરંતુ રાષ્ટ્રીય વીમા અધિનિયમ 1946માં ફક્ત ત્રણ વર્ગો જ બનાવવામાં આવ્યા. બેવરીઝ રિપોર્ટ બ્રિટનમાં આધુનિક સમાજકલ્યાણનો આધાર બની ગયો અને અન્ય દેશોએ પણ આ રિપોર્ટને આદર્શ તરીકે સ્વીકાર કર્યો. બ્રિટીશ સમાજ સુરક્ષાના મુખ્ય કાર્ય આ પ્રમાણે દર્શાવી શકાય.

1. National Insurance (Industrial & Injuries) 1946 ઉપર આધારિત છે.

2. Family Allounce act 1945 દ્વારા પારિવારિક ભથ્થા પદ્ધતિની રચના કરવામાં આવી.

3. National Assitant act.1948 પર આધારિત જન સહાયતા માટેના પૂરક કાર્યક્રમો બનાવવામાં આવ્યા.

4. National Health Service act-1946 દ્વારા નિર્મિત સ્વાસ્થ્ય સેવાઓનું પ્રદાન ઉપરોક્ત કાર્યો દ્વારા જાણી શકાય કે સંપૂર્ણ સુરક્ષા યોજનાની આધારશીલા સમાજ વીમા પદ્ધતિ કે જેમાં સ્વાસ્થ્ય વીમો, બેરોજગારી વીમો, વૃદ્ધાવસ્થા અને અસક્તથા વીમો, કાર્યગારી ક્ષતિ પૂર્તિ અને વિવાહ, બાળ જન્મ ઉપરાંત વિવિધ સંસ્કારમાં થતાં વ્યય માટે વિશેષ અનુદાન. આ પ્રકારે સમાજ સુરક્ષાનો કાર્યક્રમ વ્યક્તિઓની બીમારી, બેરોજગારી, વૃદ્ધાવસ્થા, અશક્તથા અને મૃત્યુના ખતરામાં સુરક્ષા પ્રદાન કરે છે. રાષ્ટ્રીય વીમા અધિનિયમ હેઠળ જન સંખ્યાનું વર્ગીકરણ ત્રણ વર્ગોમાં કરવામાં આવે છે. 1. સેવા યોજીત વ્યક્તિ, 2. સ્વ યોજીત વ્યક્તિ : સેવા યોજક, વ્યવસાયના સદસ્ય 3. સ્વતંત્ર કલાકાર અને કારીગર.

બેરોજગાર વ્યક્તિ - વિવાહિત મહિલાઓ ઘરમાં જ રહેતી હોય તેનો સમાવેશ થાય છે. સમાજ સુરક્ષાના આ અધિનિયમમાં સમાંતરે સંશોધન કરીને સમાજ સુરક્ષાના કાર્યક્રમોમાં ઘણી વખત યોગ્ય પરિવર્તન કરવામાં આવે છે. "The Social Security Benifit Act-1975"માં ઈંગ્લેન્ડ જનતા માટે વ્યાપક સમાજ સુરક્ષા કાર્યક્રમ નિર્મિત કર્યા છે. સામુદાયિક સેવાઓના ક્ષેત્રમાં સ્વાસ્થ્ય સેવા આવાસ, શિક્ષા, મનોરંજન તેમજ કાર્યકારી સહકાર સેવા સમિતિ બનાવવામાં આવી. શ્રમકલ્યાણના ક્ષેત્રમાં પણ ઘણા અધિનિયમ રજૂ કર્યા અને સુધારના ક્ષેત્રમાં પણ અધિનિયમ બનાવવામાં આવ્યા. અનેક વખત યોગ્ય પરિવર્તન કરવામાં આવે છે. The Social Security Benifit Act-1975માં ઈંગ્લેન્ડ જનતા માટે વ્યાપક સમાજ સુરક્ષા કાર્યક્રમ નિર્મિત કર્યા છે. સામુદાયિક સેવાઓના ક્ષેત્રમાં સ્વાસ્થ્ય સેવા આવાસ, શિક્ષા, મનોરંજન તેમજ કાર્યકારી સહકાર સેવા સમિતિ બનાવવામાં આવી. શ્રમકલ્યાણના ક્ષેત્રમાં પણ ઘણા અધિનિયમ રજૂ કર્યા અને સુધારના ક્ષેત્રમાં પણ અધિનિયમ બનાવવામાં આવ્યા.

**5 સેટલમેન્ટ હાઉસ મૂવમેન્ટ :**

ઈ.સ. 1887માં ન્યુયોર્કમાં પ્રથમવાર પ્રથમ સેટલમેન્ટ હાઉસની સ્થાપના થઈ, જેનો ઉદ્દેશ વિવિધ સમસ્યાનો ભોગ બનેલા વ્યક્તિ, જૂથ અને સમાજના સંગઠનો જે વિવિધ સમસ્યાનો સામનો કરતાં હોઈ તેમના માટે સક્ષમ બનાવવાના પ્રયાસો તથા વિકાસ માટેના પ્રયાસો કરવાનો હતો. 1891માં એનું નામ 'યુનિવર્સિટી સેટલમેન્ટ હાઉસ' રાખવામાં આવ્યુ હતું. સેટલમેન્ટ હાઉસ આંદોલનના અનેક ઉદ્દેશ્યો હતાં. જેમાંનો એક ઉદ્દેશ્ય ઔદ્યોગિકરણને પરિણામે ઊભી થયેલી સમસ્યાઓ જેવી કે આવાસ, આરોગ્ય, લઘુત્તમ જરૂરિયાતો, સંગઠન, વેતન વગેરે બાબતમાં ન્યાયપૂર્ણ વલણ દાખવવામાં આવે અને શોષણયુક્ત પ્રવૃત્તિઓને નાથવાનું કે નાબૂદ કરવાનું હતું. સેટલમેન્ટ હાઉસમાં આવી સમસ્યાનો ભોગ બનેલા લોકોને આવાસ, સ્વચ્છતા તથા લઘુત્તમ મજૂરીના સબંધમાં સમાજસુધારણાના આંદોલન પણ ચલાવવામાં આવતા હતાં. જે શહેરોમાં સમાજ વઘટન વિશેષ પ્રમાણમાં જોવા મળતું હતું. તેની પરિસ્થિતિમાં સમાજ વિઘટિત ન બને તેના માટેના પ્રયત્નો કરવામાં આવતા તથા અમેપણાની ભાવનાનો વિકાસ કરવો એ પણ આ આંદોલનનો ઉદ્દેશ હતો અને તેના માટેના પ્રયત્નો; તેના કાર્યકરો દ્વારા કરવામાં આવતા. આમ સેટલમૅન્ટ હાઉસમાં વ્યક્તિ કરતાં સમૂહોની સેવાનો પ્રબંધ કરવામાં આવતો હતો અને આ રીતે ત્યાં સમાજ સામૂહિક સેવાકાર્યની ઉત્પત્તિ કે શરૂઆત થઈ.

આમ સેટલમેન્ટ હાઉસ એ જૂથકાર્ય પદ્ધતિના મૂળમાં છે. જૂથ કાર્ય પદ્ધતિની શરૂઆત એ મૂળ ન્યુયોર્કમાં પ્રથમવાર સેટલમેન્ટ હાઉસના સ્વરૂપમાં થઈ. જેમાં જૂથની વ્યક્તિમાં તેમજ તેની આસપાસના લોકો, સમાજ, સંજોગો, સ્થિતિનો કે પડકારોનો સામનો કેવી રીતે કરવો તેની સમજણનો અભાવ હોય છે. તેવા વ્યક્તિઓને સેટલમેન્ટ હાઉસના કાર્યકરો તેમના માટે શૈક્ષણિક અને જૂથ પ્રવૃત્તિઓને વિક્સાવીને તેમજ સમૃદ્ધ બનાવીને સમાજમાં તથા સમાજ પર્યાવરણમાં અને રાજકીય તંત્રોમાં જરૂરી પરિવર્તન લાવવાનું કાર્ય કરતા હતાં, જેથી વ્યક્તિ તથા જૂથો વચ્ચેની આંતરક્રિયા સ્વસ્થ બનાવી શકાય.

## 4.3 ઈંગ્લેન્ડમાં સમાજકાર્યનો ઈતિહાસ :

ઈંગ્લેન્ડમાં સમાજકાર્યના ઈતિહાસને ચાર ભાગમાં વહેંચવામાં આવે છે; જે નીચે પ્રમાણે છે.

1. અવિવેકપૂર્ણ દાનનો યુગ
2. યોગ્ય ગરીબો માટે સહાયતા તથા શારીરિક સ્વસ્થ વ્યક્તિઓને સહાયતાનો યુગ
3. સમન્વય તથા નિયંત્રણનો યુગ
4. આવક અનુરક્ષણ યુગ

ઉપરોક્ત ચાર ભાગોની વિસ્તૃત માહિતી આ પ્રમાણે દર્શાવી શકાય.

**1. અવિવેકપૂર્ણ દાનનો યુગ :**

14મી સદી સુધી ગરીબો, અપંગો તથા અનાથોને ભિક્ષા આપવી એ એક પુણ્યનું કામ માનવામાં આવતું. ચર્ચનું મુખ્ય કામ ગરીબોને કામ આપવાનું તથા સહાયતા કરવાનું હતું. આ સહાયતા સબંધી કાર્યની જવાબદારી મુખ્યત્વે પાદરીઓ સ્થાનિક પાદરીઓ

તથા પાદરીઓની નીચેના સ્તરના ડેકન્સના નામે ઓળખાતા અધિકારીઓની હતી. ખ્રિસ્તી ધર્મને રાજધર્મનો દરજ્જો મળ્યો હોવાથી ચર્ચમાં ગરીબો માટે સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી. જે અનાથો, વૃદ્ધો, રોગીઓ અને અપંગોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરતી હતી. સાથે સાથે બેઘર લોકોને આશ્રય પણ આપતી. જેનાંથી ભિક્ષાવૃત્તિમાં વધારો થયો. રાજ્યને આ બાબત સારી ન લાગી. એક ઐતિહાસિક ઉલ્લેખ અનુસાર ઈ.સ. 1839માં ગરીબોની સહાયતા માટે ઈંગ્લેન્ડમાં તથા વેલ્સની 1.53 લાખ 57 હજારની વસ્તીમાં ગરીબો પાછળ આટલો બધો ખર્ચ કરવા છતાં તેનાથી કોઈ ફાયદો થયો નહિ.

**2. યોગ્ય ગરીબો માટે સહાયતા તથા શારીરિક સ્વસ્થ વ્યક્તિઓને સહાયતાનો યુગ :**

ઈ.સ.1349માં કિંગ એડવર્ડ દ્વારા આદેશ આપવામાં આવ્યો કે "શારીરિક રીતે રૂષ્ટપુષ્ટ દરેક વ્યક્તિ કોઈને કોઈ કામ ફરજિયાત રીતે અવશ્ય કરે. પોતાના ઘર સિવાય અન્યના ઘરે કામ કરે." આ એક એવો પ્રથમ પ્રયાસ હતો જેમાં ગરીબો માટે ગરીબ વ્યક્તિને જવાબદાર માનવામાં આવી. શારીરિક રીતે સક્ષમ વ્યક્તિઓને ભિક્ષા પર આધારિત રહેવાને બદલે કામ કરવા માટે ફરજિયાત ગણવામાં આવ્યાં. ઈ.સ.1531માં હેનરી કાયદા દ્વારા ભિખારીઓ માટે નોંધણી જરૂરી માનવામાં આવી અને તેઓને ચોક્કસ ક્ષેત્રવાર ભિક્ષા માગવા માટેનું લાયસન્સ આપવામાં આવ્યું. આ કાયદા અનુસાર નગર પ્રમુખ તથા શાંતિ ન્યાયાધીશોને આદેશ આપવામાં આવ્યો કે "તેઓ કામ કરવા માટે અસમર્થ તથા વૃદ્ધો ગરીબોના પ્રાર્તના પત્રોની ઓલખ કરે, તેની નોંધણી કરે, તેમને નિર્ધારિત ક્ષેત્રમાં ભિક્ષા માગવા માટેનું લાયસન્સ આપવામાં આવે." હેનરી દ્વારા ચર્ચની સંપત્તિ જપ્ત કરવામાં આવતા ભિખારીઓની સહાયતા માટે બીજી પદ્ધતિ અપનાવવાની આવશ્યક્તા પેદા થઈ; જેમાં ઈ.સ.1532માં કારીગરોના કાનૂન દ્વારા મજૂરો તથા કામ કરનારાઓનો સમય નિશ્ચિત કરવામાં આવ્યો. ઈ.સ.1532માં કારીગરોના કાનૂન દ્વારા મજૂરો તથા કામ કરનારારાઓનો સમય નિશ્ચિત કરવામાં આવ્યો. ઈ.સ.1536માં પ્રથમવાર ઈંગ્લેન્ડમાં સરકાર દ્વારા ગરીબોની સહાયતા માટે એક યોજના બનાવવામાં આવી. એવા ગરીબો કે જેઓ 3 વર્ષથી કાઉન્ટમાં રહે છે તેમના નિવાસસ્થાનોની નોંધણી કરવામાં આવી. ચર્ચ દ્વારા નિવાસીઓ દ્વારા ધન એકત્રિત કરી નિવાસમાં વસવાટ કરતાં અન્ય અસમર્થ ગરીબોના પાલન પોષણ માટે ધનની વ્યવસ્થા કરવામાં આવી. 5 થી 14 વર્ષના રખડતા આળસુ બાળકોને તેમના માતા-પિતા પાસેથી લઈ પ્રશિક્ષણ માટે શિક્ષકોને સોંપવામાં આવ્યાં. આ ઉપરાંત દાનના ઉપયોગ અંગેનો કાયદો બનાવવામાં આવ્યો. જેમાં જેલના કેદીઓને મુક્તિ, ગરીબોને સહાયતા, શિક્ષણની વ્યવસ્થા, અનાથોની દેખભાળ તથા પ્રશિક્ષણ જેવી બાબતોને પ્રાધાન્ય આપવામાં આવ્યું. ઈ.સ.1576માં સુધારગૃહ સ્થાપિત કરવામાં આવ્યાં. જેમાં ખાસ કરીને તંદુરસ્ત ગરીબો તથા યુવકો પાસે ફરજીયાત કામ કરાવવામાં આવતું. ગરીબો માટે 1607માં એલિઝાબેથ પુઅર લોનો કાયદો ઘડવામાં આવ્યો. જેને 43 એલિઝાબેથ તરીકે ઓળખવામાં આવે છે. આ કાયદાની મુખ્ય જોગવાઈ આ પ્રમાણે છે.

પુઅર લો દ્વારા ત્રણ પ્રકારના ગરીબોને સહાયતા કરવાની વ્યવસ્થા કરવામાં આવી. જે નીચે મુજબ છે.

**1. સ્વસ્થ શરીરવાળા ગરીબો :**

સ્વસ્થ શરીરવાળા ગરીબો તથા ભિખારીઓને સુધારગૃહ તથા કાર્યગૃહમાં કામ કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું.

2. **શક્તિહિન ગરીબો :**

કાર્ય કરવા માટે અસમર્થ, રોગી, વૃદ્ધ, અંધ, બહેરા, મૂંગા, બાળકો, નાની ઉંમરે માતા બનતી સ્ત્રીઓ વગેરેને જીવન જરૂરી પ્રાથમિક સુવિધા અન્ન, વસ્ત્ર, રહેઠાણ આપવામાં આવ્યું અને તેમના માટે સુધારગૃહની વ્યવસ્થા કરવામાં આવી.

3. **આશ્રિત બાળકો :**

અનાથ, માતા-પિતા દ્વારા ત્યજાયેલ અને ગરીબ માતા-પિતાના બાળકોનો સમાવેશ આ શ્રેણીમાં થાય છે. તેમને એવા નાગરિકો સાથે રહેવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી કે જેઓ સરકાર પાસેથી તેમના પાલન પોષણ માટે ઓછામાં ઓછા પૈસાની માગણી કરે.

ઈ.સ. 1662માં એક વસ્તી કાનૂન બનાવવામાં આવ્યો. (સેટલમેન્ટ એક્ટ) આ કાયદા દ્વારા શાંતિના ન્યાયાધિશોને અધિકાર આપવામાં આવ્યો કે ''તેઓ સ્થળાંતર કરીને નવી જગ્યા પર આવેલ વ્યક્તિને તેના મૂળ સ્થાને મોકલી શકતાં; પરંતુ આવા ગરીબો નિરીક્ષકો માટે ભવિષ્યમાં બોજરૂપ બનતાં.'' 1676માં કાર્યઘર કાનૂન (વર્કહાઉસ એક્ટ) બનાવવાથી બ્રિસ્ટલ તથા અન્ય શહેરોમાં કાર્યઘરોની સ્થાપના કરવામાં આવી. 1712માં નિરીક્ષકોને ઉત્પાદન કર્તાઓ સાથે કામ કરવા માટે ઈચ્છુક ગરીબો વચ્ચે સંકલન કરવાનો અધિકાર આપવામાં આવ્યો. 1782માં નિર્ધન કાનૂન સંશોધન અધિનિયમ બનાવવામાં આવ્યો. જેને ગિલબૂર્ટ કાનૂન તરીકે 1782માં નિર્ધન કાનૂન સંશોધન અધિનિયમ બનાવવામાં આવ્યો. જેને ગિલબૂર્ટ કાનૂન તરીકે પણ ઓળખવામાં આવે છે. એ અંતર્ગત કાર્યગૃહોની ઠેકેદારી વ્યવસ્થા નાબૂદ કરવામાં આવી, ગરીબોના નિરીક્ષકોના સ્થાને વેતન મેળવતા નિરીક્ષકોની નિમણૂંક કરવામાં આવી.

3. **સમન્વય તથા નિયંત્રણનો યુગ :**

ઈ.સ.1832માં પુઅર લૉ વહીવટ તથા વ્યાવહારિક કાર્ય વૃદ્ધિની દેખભાળ માટે શાહી આયોગની નિયુક્તિ કરવામાં આવી. આ આયોગના સચિવ એડવીન હતાં. આ આયોગે એવું જણાવ્યું કે ગરીબોને સહાયતા દ્વારા બાળકો તથા સ્વસ્થ શરીરવાળા વ્યક્તિઓને પ્રેરણા મળવાથી ભિક્ષાવૃત્તિને પ્રોત્સાહન મળે છે. જેથી આ આયોગ દ્વારા નીચે પ્રમાણેના સૂચનો કરવામાં આવ્યાં. આંશિક સહાયતા નાબુદ કરવામાં આવે. સહાયતા પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવનાર તથા સક્ષમ લોકોને કાર્યઘરમાં મુકવામાં આવે. માત્ર રોગી, વૃદ્ધ, અશક્ત, નવજાત શિશુઓની માતાઓને ઘરે સહાયતા આપવામાં આવે. વિવિધ નિવાસોમાં સહાયતા સબંધી કાર્યો એકત્રિત કરી નિર્ધન કાનુન સંઘ અંતર્ગત સંગઠન બનાવવામાં આવે. સહાયતા પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવનાર તમામ સક્ષમ લોકોને કાર્યઘરમાં મુકવામાં આવે. માત્ર રોગી, વૃદ્ધ, અશક્ત, નવજાત શિશિઓની માતાઓને ઘરે સહાયતા આપવામાં આવે. વિવિધ નિવાસોમાં સહાયતા સબંધી કાર્યો એકત્રિત કરી નિર્ધન કાનુન સંઘ અંતર્ગત સંગઠન બનાવવામાં આવે. સહાયતા મેળવનાર વ્યક્તિઓની પાત્રતા કામ કરનાર લોકોની સરખામણીએ નીચી આપવામાં આવે. નિયંત્રણ સ્થાપિત કરવા માટે એક કેન્દ્રિય પરિષદની સ્થાપના કરવામાં આવે. દર્શાવેલ સૂચનોના આધાર પર ઈ.સ.1834માં નવો પુઅર લો બનાવવામાં આવ્યોઃ જેમાં શારીરિક રીતે સ્વસ્થ શરીરવાળા લોકોને રાખવા સહરક્ષક પરિષદ દ્વારા પ્રસારિત ગરીબ કાનૂન સંઘોનું નિર્માણ કરવું.

ઉપરાંત ગરીબોની સહાયતાના ક્ષેત્રમાં એકરૂપતા પૂર્ણ નીતિના નિર્ધારણ માટે સ્થાયી શાહી નિર્ધન કાનૂન આયોગ બનાવવાની જોગવાઈઓ હતી. ઈ.સ.1869માં દાન સહાયતા સંગઠન અને ભિક્ષાવૃત્તિ દમન સમિતિની રચના લંડનમાં થઈ. જેનું નામ કેટલાંક વર્ષો બાદ બદલાવીને 'દાન સંગઠન સમિતિ' એવું રાખવામાં આવ્યું.

**4. આવક અનુરક્ષણ યુગ :**

આ યુગનું વિવરણ બે ભાગમાં કરવામાં આવે છે; જે આ પ્રમાણે છે.

**1. બેવરીજ રિપોર્ટ પહેલા :**

ઈ.સ. 1905માં લોર્ડ હેમિલ્ટનની અધ્યક્ષતામાં નિર્ધન કાનૂન તથા દુઃખ નિવારણ શાહી આયોગની રચના કરવામાં આવી. આ આયોગના સૂચનો અનુસરણમાં 1905માં બેકાર કારીગર અધિનિયમ પસાર કરવામાં આવ્યો. જેના આધારે સ્થાનિક દુઃખ નિવારણ સમિતિ દ્વારા બેકારોને સહાયતા કરવાની જોગવાઈ હતી. 1911માં રાષ્ટ્રીય વીમા કાયદો બનાવવામાં આવ્યો. જેમાં નીચી Iવક ધરાવતા સમૂહના શ્રમિકોને અનિવાર્ય પણે સ્વશ્સ્થ્ય વીમા અંતર્ગત સમાવવામાં આવ્યાં. 1925માં વિધવા, અનાથ, વૃદ્ધાવસ્થા પેન્શન અધિનિયમ પસાર કરવામાં આવ્યો. જે અંતર્ગત 65 વર્ષથી વધુ ઉંમરની સ્ત્રીઓ, વિધવાઓ તથા 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો સમાવેશ વીમા યોજનામાં કરવામાં આવ્યો. જૂની નાણાકીય વ્યવસ્થા માલિકો તથા શ્રમિકો દ્વારા ભાગીદારીથી કરવામાં આવી. આ રકમનો સંગ્રહ અને વહીવટ માન્યતા પ્રાપ્ત સમિતિ દ્વારા કરવામાં આવ્યો. વીમા યોજનાનો લાભ દરેકને સમાન રીતે પોસ્ટના માધ્યમથી આપવામાં આવતો. 1925માં સ્થાનીય શાસન અધિનિયમ પસાર કરવામાં આવ્યો, જેમાં નિર્ધન કાનૂન સંઘો તથા સંરક્ષક પરિષદોને નાબૂદ કરી ગરીબોની સહાયતા માટે વહીવટી જવાબદારી કાઉન્ટી કાઉન્સિલ અને બ્યુરો કાઉન્સિલને સોંપવામાં આવી. 1931માં રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા અધિનિયમ બનાવવામાં આવ્યો જે અંતર્ગત રાજ્યની એવી બેકાર વ્યક્તિઓને સહાય પૂરી પાડવામાં આવી કે જેઓએ બેકારી વીમા અંતર્ગત તમામ લાભો મેળવ્યા છે અથવા મેળવવા પાત્ર ન હોય ત્યારબાદ 1934માં બેકારી અધિનિયમ સમાન રીતે પોસ્ટના માધ્યમથી આપવામાં આવતો. 1925માં સ્થાનીય સાસન અધિનિયમ પસાર કરવામાં આવ્યો, જેમાં નિર્ધન કાનૂન સંઘો તથા સંરક્ષક પરિષદોને નાબૂદ કરી ગરીબોની સહાયતા માટે વહીવટી જવાબદારી કાઉન્ટી કાઉન્સિલ અને બ્યુરો કાઉન્સિલને સોંપવામાં આવી. 1931માં રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા અધિનિયમ બનાવવામાં આવ્યો. જે અંતર્ગત રાજ્યની એવી બેકાર વ્યક્તિઓને સહાય પૂરી પાડવામાં આવી કે જેઓએ બેકારી વીમા અંતર્ગત તમામ લાભો મેળવ્યા છે અથવા મેળવવા પાત્ર ન હોય. ત્યારબાદ 1934માં બેકારી અધિનિયમ પસાર કરવામાં આવ્યો જે અંતર્ગત બેકારી સહાયતાની વહીવટી જવાબદારી 'બેકારી સહાયતા બોર્ડ'ને સોંપવામાં આવી. 1939માં બોર્ડ દ્વારા યુદ્ધમાં શિકાર બનેલ વ્યક્તિઓના ભથ્થાની જવાબદારી સ્વીકારી અને 1940માં વૃદ્ધાવસ્થા પેન્શન અધિનિયમ બનાવવામાં આવ્યો.

**2. બેવરીજ રિપોર્ટ અને તેના પછી :**

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જૂન 1941માં ઈંગ્લેન્ડે તમામ કલ્યાણકારી કાર્યક્રમોમાં

સુધારા કરવાનો પ્રારંભ કર્યો. લોર્ડ વિલિયમ બેવરીજની અધ્યક્ષતામાં એક સમાજ વિમો તથા સબંધિત સેવાઓ પર આંતર વિભાજન આયોગની રચના કરવામાં આવી. આ આયોગના રિપોર્ટમાં પાંચ કાર્યક્રમો પર આધારિત સમાજ સુરક્ષા માટેની એક યોજના રજૂ કરવામાં આવી. આ યોજના આ પ્રમાણે છે. આંશિક સહાયતા નાબૂદ કરવામાં આવે. જન સહાયતા, બાળકો માટે ભથ્થું, વ્યાપક સ્તરે નિઃશુલ્ક સ્વાસ્થ્ય તથા પુનઃવસન સેવાઓ, પૂર્ણ રોજગારીની ખાતરી.

1975માં સમાજ સુરક્ષા લાભ અધિનિયમ બનાવવામાં આવ્યો. જેણે ઈંગ્લેન્ડના નિવાસીઓને વ્યાપક સમાજ સુરક્ષા પૂરી પાડી, વર્તમાન સમયમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા, વૈયક્તિક સમાજસેવા તથા સમાજ સુરક્ષા ઈંગ્લેન્ડમાં પૂરી પાડવામાં આવતી. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા અંતર્ગત વ્યાપક રૂપે ચિકિત્સાકીય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. સ્થાનિક વ્યવસ્થા વૈયક્તિક સમાજસેવા તથા સ્વૈચ્છિક સંગઠનો, વૃદ્ધો, અસમર્થો તથા દેખભાળની આવશ્યક્તા ધરાવતા બાળકોને સહાયતા તથા પરામર્શ પૂરો પાડે છે. સમાજ સુરક્ષા વ્યવસ્થા નાણાંની જરૂરિયાત માટે આશ્વાસન પૂરું પાડે છે. તેના માટે આ વ્યવસ્થા અંતર્ગત રોજીરોટી કમાવવાની અસમર્થતાના સમયમાં આવક પૂરી પાડવામાં આવે છે અને પરિવારોને સહાયતા પૂરી પાડવામાં આવે છે.

## 4.4 અમેરિકાનો સમાજકાર્યનો ઈતિહાસ :

અમેરિકામાં વિભિન્ન યુગોમાં નિર્બળ અને શોષિત વર્ગને આપવામાં આવતી સહાયતાની પ્રમુખ વિશેષતાના આધાર પર અમેરિકામાં સમાજકાર્યના ઈતિહાસને નીચે દર્શાવેલ કાળ પરથી જાણી શકાય છે.

1. દાનકાળ
2. સ્થાનિક સહાયતા કાળ
3. રાજ્ય સહાયતા કાળ
4. વ્યવસ્થાપન, સમન્વય અને પ્રશિક્ષણ કાળ
5. યુવાનો સાથેનો કાર્યકાળ
6. જરૂરિયાતવાળા વ્યક્તિઓ સાથેનો કાર્યકાળ.
7. સમાજ સુરક્ષાકાળ.
8. ગરીબી નિવારણકાળ

ઉપરોક્ત દર્શાવેલ વિવિધ કાળની વિસ્તૃત સમજૂતી આ પ્રમાણે આપી શકાય.

**1. દાનકાળ :**

17મી સદીના પ્રારંભથી જ ઈંગ્લેન્ડથી આવેલા અમેરિકામાં આવીને વસવાટ કરનારા લોકો ત્યાંની પ્રથાઓ, પરંપરાઓ અને કાનૂનને પણ પોતાની સાથે સાથે લાવ્યા. તે પોતાના અનુભવોના આધાર પર બેકારી, ગરીબી તથા કામચોરીથી એટલા ડરતા હતાં કે બેકારી અને કામચોરીને એક પાપ અને અપરાધ માનતા. પરંતુ દરેક સમાજની જેમ અમેરિકામાં પણ એવો વર્ગ હતો જે અનાથ, વિધવા, બીમાર, નિરાશ્રિત, વૃદ્ધો, અશક્ત વ્યક્તિ

વગેરે જેમને સહાયતાની આવશ્યક્તા હતી. તે લોકોને સહાય પરંપરાગત રીતે કરવામાં આવતી. તે માટે ચિકિત્સાલય ખોલવામાં આવ્યાં. આ ચિકિત્સાલયોમાં શારીરિક અને માનસિક રોગોના ઉપચાર કરવામાં આવતો.

**2. સ્થાનિક સહાયતા કાળ :**

ગણરાજ્યો દ્વારા સૈદ્ધાંતિક રીતે એલિઝાબેથ નિર્ધન કાનૂન સ્વીકારી લેવામાં આવ્યો અને તે રીતે ભરણપોષણની જવાબદારી ગામડાંઓને સોંપી દીધી, ન્યુયોર્કના સેલસાર્થકમાં ભિક્ષાગૃહ 1657માં સ્થપાયું અને 'પ્લાઉ માઉથ કોલોની' દ્વારા સ્વસ્થ શરીરવાળા ગરીબો માટે પ્રથમ કાર્યશાળા નિર્માણનો આદેશ 1658માં આપવામાં આવ્યો. સમયાંતરે આવા ભિક્ષાગૃહો અને કાર્યશાળાઓ નાના વિસ્તારો અને મોટા શહેરોમાં અશક્તોની જવાબદારી સામાન્ય રીતે સ્થાનિક ગામડાના લોકોએ સ્વયં સ્વીકારી. 'મૈસાચુ સ્ટેસ'ના વિધાન મંડળમાં 1699માં એક કાયદો બનાવવામાં આવ્યો. જેનાંથી રખેડુ ભિખારીઓ અને અવ્યવસ્થિત લોકોને સુધારગૃહોમાં રાખી કામ કરવા માટેની જોગવાઈ થઈ.

1823માં ન્યુયોર્કમાં જે.વી.એન. પેટસન નિર્ધન કાનૂનોની પ્રક્રિયાની તપાસ કરવાની જવાબદારી સોંપાઈ. તેઓના પ્રસ્તાવમાં બે વર્ગોનો ઉલ્લેખ કર્યો જેમાં, 1) એવા ગરીબો જેમને સ્થાયી સહાયતાની આવશ્યક્તા છે. 2) અસ્થાયી ગરીબો. પેટસનના ગરીબના રિપોર્ટની વિગતો નીચે મુજબ આપવામાં આવી. પ્રત્યેક કાઉન્ટીમાં (રાહેર/ગામડું) એક યોજનાગૃહની સ્થાપના કરવામાં આવે. જેનાં દ્વારા બાળકોને શિક્ષા અને કૃષિકાર્યો માટે જમીન આપવામાં આવે. અશક્ત ગરીબો અને અનાથો માટે કાર્યગૃહ બનાવવામાં આવે; જેમાં ફરજીયાત પણે કામ સોંપવામાં આવે. ગરીબ કલ્યાણ માટે દાન ભંડોળ એકઠું કરવાના ઉદ્દેશ્યથી દારૂ બનાવવાવાળા કારીગરો ઉપર ઉત્પાદન કર નાખવામાં આવે. ન્યુયોર્કની એક કાઉન્ટમાં 1 વર્ષ નિવાસના આધાર પર કાયદાકીય વ્યવસ્થા કરવા માટેના નિયમ બનાવવામાં આવે. નિશ્ચિત કરેલાં આદેશો તથા નિર્ધન કાનૂનોના સબંધિત મુકદ્દમાઓમાં આપવામાં આવેલ નિર્ણયો વિરૂદ્ધ અપીલ સ્વીકારવાનું બંધ કરવામાં આવે. 18 થી 50 વર્ષની વચ્ચેની ઉંમરવાળા તથા સ્વસ્થ શરીરવાળા કોઈપણ વ્યક્તિને અશક્તની શ્રેણીમાં રાખવામાં ન આવે. ગરીબ કલ્યાણ માટે દાન ભંડોળ એકઠું કરવાના ઉદ્દેશ્યથી દારૂ બનાવવાવાળા કારીગરો ઉપર ઉત્પાદન કર નાખવામાં આવે.

**3. રાજ્ય સહાયતા કાળ :**

સૌ પ્રથમ 1675માં 'મેસાયુ સ્ટેસ' રાજ્યએ ભિખારીઓની આવશ્યક ખર્ચ વળતરની જરૂરિયાતની જવાબદારી સ્વીકારી. આ જવાબદારીને આધીન એવી વ્યક્તિઓને સહાયતા પ્રદાન કરવામાં આવતી જે થોડા સમય પૂર્વે આ રાજ્યમાં આવેલા હોય અથવા જેને બહાર જવા માટેની સૂચના મળી હોય. ત્યારબાદ અન્ય રાજ્યોએ પણ આવી જવાબદારી લેવાનું સ્વીકાર્યું, બહેરાંઓ માટે પહેલી સરકારી આવાસીય સ્કૂલ 1823માં ખોલવામાં આવી. 1854માં પેનીસીવેનિયા રાજ્ય દ્વારા મૂર્ખાઓ માટે એક ખાનગી શાળાની સહાયતા પ્રદાન કરવામાં આવી. 1876માં ન્યાયાલયથી દોષિત થયેલા ગુનેગાર નવયુવકોને ન્યૂયોર્કમાં સુધારગૃહ સ્થાપિત કરી રાખવામાં આવ્યાં તથા મહિલાઓની પ્રથમ જેલની સ્થાપના 'મેસાયુ સ્ટેસ'ના 'શેરબોન' કરવામાં આવી.

**4. વ્યવસ્થાપન, સમન્વય અને પ્રશિક્ષણ કાળ :**

'મેસાયુ સ્ટેસ રાજ્યમાં 1863માં બધી દાન સંસ્થાઓ માટે 'સ્ટેટ બોર્ડ ચેરિટી'ની સ્થાપના

કરવામાં આવી. જેની સફળતા જોઈ બીજા રાજ્યોએ પણ તેનું અનુકરણ કર્યું. વધારેમાં વધારે નિયંત્રણ સબંધી જવાબદારી 1925માં 'લોકકલ્યાણ વિભાગ'ને સોંપવામાં આવી. જેનું નામ બાદમાં 1927માં 'રાજ્યકલ્યાણ વિભાગ' રાખવામાં આવ્યું. 1870-73માં મંદીના પરિણામે ઘણી ખાણી સર્જાઈ. જેમાં રેવરેન્ડ ગુર્ટીન નામના પાદરીએ 'બફેલો ચેરિટી ઓર્ગેનાઈઝેશન'ની સ્થાપના કરી. તેઓના મતે સહાય આપવાથી ગરીબોને વધારે હાની થાય છે, તેવું તેમનું માનવું હતું. 1913 બાદ દાન મેળવવાના કારણે સામૂહિક તિજોરીની વિચારધારા અમલમાં આવી. જેનાં દ્વારા લોકોને દાન આપવામાં આવતું.

**5. યુવાનો સાથેનો કાર્યકાળ :**

1844માં જ્યોર્જ વિલિયમ દ્વારા 'યંગમેન ક્રિચિયન એસોસિયેશન'ની સફળતાના આધારે બોસ્ટર્નમાં પણ આવું એસોસિયેશન બન્યું, જેનું કાર્ય યુવાનોને અલગ અલગ આવશ્યક્તાઓ પૂર્ણ કરવાનું પણ હતું. 1910માં 'બોયઝ સ્કાઉટ' ને સંગઠિત બનાવાયું અને 'ગર્લ્સ ગાઈડ'ની સ્થાપના 1912માં કરવામાં આવી.

**6. જરૂરિયાતવાળા વ્યક્તિઓ સાતેનો કાર્યકાળ :**

પ્રારંભ કાળમાં અમેરિકા જવાવાળા પ્રવાસીઓની સ્થિતિ ખરાબ અને દુઃખદ હતી. આ લોકો અલગ-અલગ વંશ, દેશના તથા ભાષાના વ્યક્તિઓ હતાં. તેમના આંતરિક વ્યવહારો વધે તે માટે સેમ્યુઅલ બોનેટ દ્વારા ટોયમનીલ સેલની ભાઈચારાની ભાવના આધારિત 1887માં (Naighbour boat guile ot) ન્યુયોર્કમાં સિટીની સ્થાપના કરી. તેની સફળતા વધતાં બોસ્ટર્ન શિકાગો સાનફ્રાનસિસ્કોમાં 20 જેટલી આવી સંસ્થાઓની સમયાંતરે શરૂઆત કરવામાં આવી; જે બાદમાં અલગ અલગ નામે ઓળખાઈ.

**7. સમાજ સુરક્ષાકાળ :**

અમેરિકાના સંવિધાનમાં સમાજ કલ્યાણનું કોઈ સ્થાન ન હતું. મંદીની સ્થિતિમાં ખૂબ મોટી સ્થિતિમાં બેકાર વ્યક્તિઓએ ખાનગી કલ્યાણ સંસ્થાઓ પાસે સહાયની અપેક્ષા કરવા લાગ્યાં. આથી સ્થાનિક સંસ્થાઓએ સહાયતાઓ આપી; પરંતુ તે પૂરતી ન હતી અને નાણાંનો પણ ખૂબ વ્યય થયો. આ પરિસ્થિતિમાં અમેરિકન કોંગ્રેસે 1932માં આપાતકાલીન સહાયતા અને નિર્માણ અધિનિયમ પસાર કર્યો. જેનાંથી પુનઃનિર્માણ નાણાં નિગમ દ્વારા રાજ્યો, વિભાગો અને શહેરોને નાણાં આપવાનો અધિકાર બન્યો. 1933માં સંધિ આપાતકાલીન સહાયતા અધિનિયમ પસાર કર્યો. જેના અંતર્ગત થોડા સમય માટે નાણા ચૂકવવાના બંધ કરીને તેના સ્થાને સંઘ દ્વારા સમાજકલ્યાણ કરવા ''કાર્ય પ્રગતિ પ્રશાસન''ની સ્થાપના કરી. તેના માટે યોગ્ય નાણાંની વ્યવસ્થા કરવામાં આવી. જેનું નામ બદલીને 'પરિયોજના પ્રશાસન' રાખવામાં આવ્યું.

**8. ગરીબી નિવારણકાળ :**

1961 બાદ પ્રારંભ થતા કાળની મુખ્ય વિશેષતા નિર્ધનતા નિવારણ કાર્યક્રમ છે. સમાજવૈજ્ઞાનિકો દ્વારા એ વાતને મહત્ત્વ અપાયું છે કે અમેરિકામાં ગરીબી છે. આતી સંધિય સરકાર ગરીબી નિવારણ કાર્યક્રમ શરૂ કરવા આગળ આવી. સમયાંતરે તેમાં નવા કાયદાઓ વધતાં ગયા. 1961માં ક્ષેત્ર વિકાસ અધિનિયમ, 1962માં જનશક્તિ વિકાસ અને પ્રશિક્ષણ અધિનિયમ તથા 1964માં આર્થિક અવસર અધિનિયમ પસાર

કરવામાં આવ્યો. જે ગરીબી નિવારણ માટે ખૂબ જરૂરી હતાં. જેનાથી યુવા કાર્યકરો નગર ગ્રામીણ સામુદાયિક ક્રિયા જેવાં કાર્યક્રમો ચલાવવામાં આવ્યાં.

ગરીબી નિવારણના વિવિધ કાર્યક્રમોની સાથે સાથે કાળા લોકોને પણ સંરક્ષણ અપાયું. તે લોકો માટે આર્થિક અને થોડા વિશેષ નિયમો આધારિત સહાયતા આપવામાં આવી.

## 4.5 ભારતમા સમાજકાર્યનો ઈતિહાસ :

સમાજકાર્ય ભારતમાં એટલું જ પ્રાચીન છે જેટલું જગતમાં અન્ય ભાગોની અંદર છે. ઈંગ્લેન્ડ અને અમેરિકામાં સમાજકાર્ય સમાજકાર્યનો વિકાસ સંસ્થાગત સેવા સમાજ સુરક્ષા કે સાધનોના રૂપમાં થયો. પરંતુ ભારતમાં અંગ્રેજોના સમયમાં એટલે કે 19મી સદીથી સ્વતંત્રતા પ્રાપ્તિ સુધી સમાજકાર્યનો વિકાસ રાજનૈતિક આધિનતા અને અન્ય સમાજ આર્થિક કારણોથી થઈ શકયો નથી. સ્વતંત્રતા બાદ ભારતમાં સમાજકાર્યના ક્ષેત્રમાં નવીન યુગનો આરંભ થયો; પરંતુ એક વ્યાવસાયિક રૂપે તેને પૂર્ણપણે મહત્ત્વ આજે પણ મળ્યું નથી. ભારતની અંદર સમાજકાર્યનો ઉલ્લેખ અને વિવેચન ચાર વિભાગમાં થાય છે,

1. સામુદાયિક જીવનકાળ
2. દાનકાળ
3. ધાર્મિક સુધારકાળ અને ધર્મ નિરપેક્ષકાળ
4. વ્યાવસાયિક પ્રશિક્ષણ અને સંગઠન કાળ

ઉપરોક્ત દર્શાવેલ કાલને વિગતે સમજૂતી આ રીતે આપી શકાય.

### 1. સામુદાયિક જીવનકાળ :

સિંધુ ઘાટીની સભ્યતાના મોંહેજો દડો તથા હડપ્પામાંથી પ્રાપ્ત અવશેષોથી એક ખ્યાલ એવે છે કે આ સમયમાં નગર વ્યવસ્થા ખૂબ સારી હતી. જેમાં દાસ પ્રથા પણ અસ્તિત્વમાં હતી; પરંતુ દાસોની જરૂરિયાત તેમજ તેમના કલ્યાણની પણ વ્યવસ્થા કરવામાં ાવતી. વૈદિક કાળમાં સમાજકાર્ય શાસન, સુરક્ષા તથા વ્યાપાર સબંધિત હતું. આ યુગમાં યજ્ઞ, હવન તથા દાનનું પ્રચલન હતું. સમાજના બધાં જ સભ્યો એક સાથે કાર્ય કરતા હતાં અને તેમના સામુહિક શ્રમના ફળને બદાં જ સદસ્યોમાં વહેંચવામાં આવતું. યજ્ઞ જીવન અને તથા ઉત્પત્તિને બનાવી રાખવા સામુદાયિક ક્રિયાઓમાં સંકલન હતું. સામૂહિક પ્રયાસોના પરિણામ સ્વરૂપ દિન-પ્રતિદિન થવાવાળા લાભોનો આશ્રિત સભ્યોમાં વહેંચવામાં આવતું, દાન અને પ્રસન્નતાના અવસરો પર સમુદાયના લોકો યુદ્ધમાંથી મળેલી વસ્તુઓને અંદરો અંદર વિતરણ કરતાં. આ વ્યવસ્થા સમુદાયના દરેક વ્યક્તિની જરૂરિયાતોને પૂર્ણ કરવાની જવાબદારી અન્ય દરેક વ્યક્તિઓ પર હતી. વૈદિક કાળમાં સહાયતા અને આવશ્યક્તા પૂર્તિની જવાબદારી શાસકો અને ધનિક વ્યક્તિઓ વચ્ચે વહેંચી લેવામાં આવી હતી. આ કાર્યમાં મંદિર તથા આશ્રમોની સ્થાપના તેને માટે સંપત્તિની વ્યવસ્થા તથા તેના સંતો અને મહાત્માઓના મંત્રોનું નિર્માણ તથા તેમાં રહેવાવાળા લોકો માટે ભોજન તથા બીજી જરૂરિયાતની ચીજવસ્તુઓની વ્યવસ્થા કરવામાં આવતી.બૌદ્ધકાળમાં પણ લોકોના કલ્યાણ માટે ભગવાન બુદ્ધે રસ્તાઓ બનાવ્યા બંધો બંધાવ્યા, પૂલો બનાવ્યા, તળાવો બનાવ્યા તથા સમાજમાં જોવા મળતી પરંપરાગત અને કુરીતિઓનો વિરોધ કર્યો.

**2. દાનકાળ :**

આ કાળમાં ધાર્મિક પ્રેરણાથી સમાજ સેવાઓ શરૂ થઈ અને અનેક પ્રકારના સમાજ કલ્યાણકારી કાર્યો જેવાં કે મંદિરો, તળાવો, કૂવા બનાવવા, વૃક્ષો વાવવા, મંદિરો બનાવવા, ધર્મશાળા, આશ્રમશાળા કે દવાખાનાઓ બનાવવા વગેરે કાર્યો સમાજ મોભો સન્માન તેમજ મોક્ષ મેળવવા માટે કરવામાં આવતા. મુસ્લિમો ભારતમાં આવ્યાં પછી તેઓના દ્વારા ભારતીયસમાજ વ્યવસ્થાને ઈસ્લામના સિદ્ધાંતો અનુસાર ચલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. ઈસ્લામની ત્જકાત અને ખેરાતને સમાજ સ્વીકૃતિ મળી. ભારતીય મુસલમાન પોતાની આવકના 2.5% ભાગ ચોક્કસ રૂપથી નિર્ધન તથા જરૂરિયાતમંદ વ્યક્તિઓને આપે છે. અનેક મુસલમાન રાજાઓ અને શાસકોએ આવશ્યક્તાગ્રસ્ત વ્યક્તિઓ માટે સમયે સમયે અનેક પ્રકારની સમાજ સેવાઓ જેવી કે રોગીઓ માટે દવાખાના, બાળકોના શિક્ષણ માટે શાળાઓ, યાત્રીઓ માટે મુસાફર ખાનાઓ વગેરે બનાવ્યા. મદ્રેસાના શિક્ષણથી મુસલમાન સમુદાયમાં ખૂબ જ પ્રગતિ થઈ અને પ્રચલિત બન્યું. અકબરના શાસનકાળ દરમ્યાન અનેક પ્રકારના સમાજ સુધારના કાર્યો થયાં. તેમણે 'દિન એ ઈલાહી ધર્મની સ્થાપના કરી. પોતાના રાજ્યને ધર્મ નિરપેક્ષ રાજ્ય જાહેર કર્યું. દાસ પ્રથા સમાપ્ત કરી. તેમણે દ્વિપત્ની વિવાહ પર રોક લગાવી તથા વિવાહની ઉંમર સીમા વધારી તથા એવો આદેશ આપ્યો કે ''જો કોઈ વિધવા સતી થવા ન ઈચ્છે તો તેમ કરવા માટે તેના પર દબાણ કરવામાં ન આવે.''

**3. ધાર્મિક સુધારકાળ અને ધર્મનિરપેક્ષકાળ :**

ધાર્મિક પ્રચારકોએ ભારતમાં લોકોમાં એવો પ્રચાર કરવાનો શરૂ કર્યો કે ''હિંદુ સમાજ વ્યવસ્થામાં અલગ અલગ ક્ષેત્રોમાં બાળ-વિવાહ, બહુપત્નીત્વ, બાલિકા હત્યા, સતીપ્રથા, વિધવા વિવાહ વગેરે રૂઢિઓમાં સુધાર કરવાની ખૂબ જ આવશ્યક્તા છે.'' ખ્રિસ્તી મીશનરીઓએ પાશ્ચાત્ય શિક્ષણ પર ભાર મૂલ્યો. તેઓની સેવાઓ તથા ખ્રિસ્તી ધર્મના વધતા પ્રભાવોને કારણે ભારતીયોની મનોવૃત્તિમાં પણ પરિવર્તન આવવા લાગ્યું. રાજા રામમોહનરાય જાતિય ભેદભાવ પ્રથા તથા જ્ઞાતિ પ્રથા નાબૂદ કરવા માટે આંદોલન કર્યા. જેનાં પ્રયાસોના કારણે 1829માં લોર્ડ વિલિયમ બેન્ટિકે સતીપ્રથા નાબૂદીનો કાયદો પસાર કર્યો. રાજારામ મોહનરાયે 'બ્રહ્મસમાજની સ્થાપના કરી. 1828માં જેનાં દ્વારા દુષ્કાળગ્રસ્ત લોકોના કલ્યાણ, બાલિકાના શિક્ષણ, વિધવાઓની સ્થિતિમાં સુધાર, જાતિભેદ દૂર કરવાના કાર્યો કરવામાં આવ્યાં. 1972માં લગ્ન અધિનિયમ પસાર કરવામાં આવ્યો. જેમાં વિધવા પુનઃવિવાહ તથા આંતર શાતિય વિવાહોને મંજૂરી આપવામાં આવી તથા વિવાહ માટેની ઉંમર થયાં બાદ જ વિવાહ પણ પરિવર્તન આવવા લાગ્યું. રાજા રામમોહનરાય જાતિય ભેદભાવ પ્રથા તથા જ્ઞાતિ પ્રથા નાબૂદ કરવા માટે આંદોલન કર્યા. જેનાં પ્રયાસોના કારણે 1829માં લોર્ડ વિલિયમ બેન્ટિકે જ્ઞાતિપ્રથા નાબૂદીનો કાયદો પસાર કર્યો. રાજારામ મોહનરાયે 'બ્રહ્મસમાજની સ્થાપના કરી. 1828માં જેનાં દ્વારા દુષ્કાળગ્રસ્ત લોકોના કલ્યાણ, બાલિકાના શિક્ષણ, વિધવાઓની સ્થિતિમાં સુધાર, જાતિભેદ દૂર કરવાના કાર્યો કરવામાં આવ્યાં. 1972માં લગ્ન અધિનિયમ પસાર કરવામાં આવ્યો, જેમાં વિધવા પુનઃવિવાહ તથા આંતર જ્ઞાતિય વિવાહોને મંજૂરી આપવામાં આવી તથા વિવાહ માટેની ઉંમર થયાં બાદ જ વિવાહ કરવા માટે ભાર મૂલ્યોવામાં

આવ્યો.'

આ ઉપરાંત વિવિધ સમાજ સુધારકોએ પણ આ કાળ દરમ્યાન સુધારાવાદી પ્રવૃત્તિ કરી જેની ટૂંકમાં સમજૂતી આ પ્રમાણે છે.

⇨ 1875માં સ્વામી દયાનંદ સરસ્વતીએ 'આર્ય સમાજની સ્થાપના કરી.'

⇨ 1882માં ઈસાઈ મિશનરીથી પ્રભાવિત રમાબાઈએ મહિલાઓની સ્થિતિમાં સુધાર લાવવા 'આર્ય મહિલા સમાજ'ની સ્થાપના કરી.

⇨ 1888માં સર સૈયદ એહમદખાંએ 'અલીગઢ મુસ્લિમ વિદ્યાલય'ની સ્થાપના કરી તથા 'મુસ્લિમ શિક્ષા સંમેલન'ની શરૂઆત કરી,

⇨ 1893માં શ્રીમતી એની બેસન્ટ બનારસમાં એક 'સેન્ટ્રલ હિન્દુ કોલેજ'ની સ્થાપના કરી.

⇨ 1897માં સ્વામી રામકૃષ્ણ પરમહંસના શિષ્ય સ્વામી વિવેકાનંદે 'રામકૃષ્ણ મિશન'ની સ્થાપના કરી.

⇨ 1904માં સમાજ સુધારકો દ્વારા મહિલાઓ માટે 'ઈન્ડિયા વુમન કોન્ફરન્સ'ની સ્થાપના કરી.

⇨ 1905માં સમાજસેવામાં ગંભીર અભિરુચિ ધરાવતા ગોપાલકૃષ્ણ ગોખલે એ 'સર્વન્ટ ઓફ ઈન્ડિયા સોસાયટી'ની સ્થાપના કરી. જેનો ઉદ્દેશ્ય સમાજ વિકાસ સાથે દલિત વર્ગોના ઉત્થાન પર ધ્યાન આપવાનો હતો.

⇨ 1920માં ગાંધીજીએ 'સર્વોદય'નો વિચાર રજૂ કર્યો. જે બધી જગ્યાએ પ્રેમ તથા વિકાસની પૂરતી તકો પૂરી પાડતા.

**4. વ્યાવસાયિક પ્રશિક્ષણ અને સંગઠન કાળ :**

ઈ.સ. 1953માં શ્રીમતી દુર્ગાબાઈ દેશમુખની અધ્યક્ષતામાં 'કેન્દ્રિય સમાજકલ્યાણ બોર્ડ'ની સ્થાપના કરવામાં આવી. ત્યારબાદ 1924માં મુંબઈ તથા મદ્રાસમાં ભિખારી અધિવેશન નિયમ પસાર કર્યો.

આ ઉપરાંત આ કાળ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ થઈ. જે આ પ્રમાણે છે.

⇨ 1936માં દોહરાબથી ટાટા મુંબઈ સમાજસેવા સંસ્થાની સ્થાપના થઈ.

⇨ 1946માં 'ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશ્યલ સાયન્સ'ની મુંબઈમાં સ્થાપના થઈ.

⇨ 1947માં કાશી વિદ્યાપીઠ વારાણસીમાં સમાજસેવા કેન્દ્રની સ્થાપના કરવામાં આવી.

⇨ 1968માં એમ.એ.એમ.ના રૂપમાં સમાજ વિજ્ઞાન સંસ્થામાં આ ડિગ્રીને એમ.એ. સમાજકાર્ય તરીકે ગણવામાં આવી. જેનું નામ બાદમાં 'સમાજસેવા વિદ્યાલય' આપ્યું.

⇨ 1950માં વડોદરામાં 'સ્કૂલ ઓફ સોશ્યલ વર્ક'ની સ્થાપના થઈ.

⇨ 1952માં 'જે.કે. સ્કૂલ ઓફ સોશ્યલવર્ક' લખનઉની સ્થાપના કરવામાં આવી.

⇨ 1954માં રાજ્ય સરકારે સમાજકલ્યાણ વિભાગની સ્થાપના કરી.

આમ, ઉપરોક્ત દર્શાવેલ તમામ કાળમાં ભારતમાં સમાજકાર્યનો દિન-પ્રતિદિન

પ્રસાર થતો રહ્યો.

## 4.6 સારાંશ :

આમ, આ એકમમાં જણાવ્યા અનુસાર અભ્યાસ કરનાર વિદ્યાર્થી સમાજકાર્યનો ઈતિહાસ જેમ કે અમેરિકા, ઈંગ્લેન્ડ અને ભારતના સંદર્ભમાં સમજી શકે છે. આ ઉપરાંત સમાજકાર્ય સંલગ્ન વિવિધ કાયદાઓ જેમ કે, 'એલિઝાબેથ પુઅરલો-1969, 'સેટલમેન્ટ હાઉસ મુવમેન્ટ' વિશેની વિગતે સમજૂતી આ એકમના અભ્યાસ દ્વારા મેળવી શકાય છે.

## 4.7 તમારી પ્રગતિ ચકાસો :

1. અવિવેકપૂર્ણ દાનનો યુગમાં દાનના અવિવેકપૂર્ણ પ્રવાહથી શેમાં વધારો થતો હતો.
   (A) ભિક્ષાવૃત્તિમાં (B) લોકોને સક્ષમ બનાવવામાં
   (C) ખર્ચમાં (D) એક પણ નહીં.
2. ઈ.સ. 1601માં એલિઝાબેથ પુઅર લો અંતર્ગત ગરીબોને કેટલાં પ્રકારમાં વહેંચી સહાય આપવામાં આવી.
   (A) 5 (B) 4
   (C) 3 (D) 8
3. અમેરિકાના સમાજકાર્યના ઈતિહાસને કેટલાં ભાગોમાં વહેંચી શકાય ?
   (A) સાત (B) દસ (C) આઠ (D) પાંચ
4. અમેરિકાના સમાજકાર્યના ઈતિહાસમાં યુવાનો સાથેનો કાર્યકાળમાં કોની સ્થાપના કરવામાં આવી હતી ?
   (A) ગર્લ્સ ગાઈડની (B) બોયઝ સ્કાઉટની
   (C) A અને B બન્ને (D) એક પણ નહીં.
5. કઈ સદીમાં ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્યના શિક્ષણની શરૂઆત થઈ હતી ?
   (A) 1936 (B) 1935 (C) 1938 (D) 1937
6. ભારતીય સંદર્ભમાં સમાજકાર્યને સમજવા માટે તેને કેટલાં વિભાગોમાં વિશ્લેષિત કરાય છે ?
   (A) 3 (B) 5 (C) 4 (D) 6

## 4.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

1. (A) ભિક્ષાવૃત્તિમાં
2. (B) 3
3. (C) આઠ
4. (C) A અને B બન્ને
5. (A) 1936
6. (C) 4

## 4.9 સ્વાધ્યાય :

1. અમેરિકાના સમાજકાર્યનો ઈતિહાસ સમજાવો.
2. અમેરિકાના સમાજકાર્યનો ઈતિહાસ સમજાવો.
3. ભારતમાં સમાજકાર્ય વિસ્તૃતથાથી સમજાવો.

4. સમન્વય તથા નિયંત્રણનો યુગ સમજાવો.

## 4.10 સંદર્ભ સૂચિ :


1. Leonard Peter, 1965, Sociology in Social work, Routledge & Kegan paul, London.
2. Wadia. A.R., 1961, History and Philosophy of Social Work in India, Allied Publisher Private LTD.
3. Desai Murli, 2002, Ideologies And Social Work, Historical and contemporary analysis, Rawat publications, Jaipur.
4. Friedlander W.A., 1955, Introduction of social welfare, Prentice Hall inc., New Yourk.
5. Gangrade K D., 1969 Sociology of Social Work, Marvah publications, New Delhi.
6. Gore M S., 1997, social work And Social Work Education Asia publishing House, Bombay.
7. Jha jainendera kumar, 2001, Encyclopaedia of social work, Anmol publications New Delhi Vol.1,2,3.
8. मदन जी आर, 1964, भारत में समाजकार्य एवं सामाजिक पुनर्निमाण, सरस्वती सदन, मसूरी ।
9. मिर्जा आर ए, 1969, समाजकार्य दर्शन एवं प्रणालियां, ब्रिटिश बुक डिपो, लखनव ।
10. शास्त्री राजाराम, 1970, समाजकार्य, हिंदी समिति, लखनऊ।
11. सूदन कृपालसिंह, 1983, समाजकार्य : दर्शन इतिहास एवं प्रणालियां, नव ज्योति प्रकाशन लखनऊ।
12. पाण्डेय ओर पाण्डेय, 2001, समाजकार्य, भारत प्रकाशन, लखनऊ।
13. मिश्रा अहमद आर, 1961, समाजकार्य दर्शन एवं प्रणालियां, ब्रिटिश बुक डिपो, लखनऊ।
14. कृपालसिंह सूदन 2008, समाजकार्य सिद्धांत एवं अभ्यास, रामपुर बुक डिपो, लखनऊ।
15. ગીતા ચાવડા, 2008, વ્યવસાયિક સમાજકાર્ય, લોક પ્રકાશનું લોકનિકેતન રતનપુર, પાલનપુર, બનાસકાંઠા.
16. આનંદી પટેલ 2009, વ્યવસાયિક સમાજકાર્યના આધારે સ્થંભો, વ્યવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ.
17. ત્રિવેદી નેહલ, 2018, સમાજકાર્ય, બાલ વિનોદ પ્રકાશન, અમદાવાદ.
18. જગાણી હિતેશ, 2014, વ્યવસાયિક સમાજકાર્ય શબ્દકોષ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.


*****************

# એકમ-5
# ભારતમાં સમાજ સુધારકોનો સમાજ કલ્યાણમાં ફાળો

રૂપરેખા :-

**5.0 ઉદ્દેશ્યો**
**5.1 પ્રસ્તાવના**
**5.2 સમાજ કલ્યાણ એટલે શું ?**
**5.3 સમાજ સુધારકો એટલે શું ?**
**5.4 સમાજ સુધારકોનો ફાળો**
**5.4.1 રાજા રામમોહનરાય**
**5.4.2 મહાત્મા ગાંધીજી**
**5.4.3 મહાદેવ ગોવિંદ રાનડે**
**5.4.4 દાદાભાઈ નવરોજી**
**5.4.5 ગોપાલ કૃષ્ણ ગોખલે**
**5.4.6 નાનાજી દેશમુખ**
**5.5 સારાંશ**
**5.6 તમારી પ્રગતિ ચકાસો**
**5.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**
**5.8 ચાવીરૂપ શબ્દોની સમજ**
**5.9 સ્વાધ્યાય લેખન**
**5.10 વૈયક્તિક અધ્યયન કરો**
**5.11 પ્રવૃત્તિ કરો**
**5.12 સંદર્ભ સૂચિ**

## 5.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો આ એકમના અભ્યાસ બાદ તમે.....

ભારથીય સમાજકાર્યને સમજવા માટે સમાજ સુધારકોની કામગીરીને સમાજવી જરૂરી છે. આ એકમના અભ્યાસનો મહત્ત્વના ઉદ્દેશ્યો નીચે મુજબ છે.

1. સમાજ સુધારકોનો પરિચય મેળવી શકશો.
2. સમાજ સુધારણા માટે સમાજ સુધારકોના ફાળા વિશે જાણશો.
3. સમાજ સુધારણા અંગેના ખ્યાલોને ઐતિહાસિક સંદર્ભ સૂચિમાં સમજી શકશો.
4. સમાજકાર્યના સંદર્ભ સૂચિમાં સમાજ સુધારકોના પ્રદાનને સમજશો.
5. સમાજકાર્યના પરંપરાગત ખ્યાલોને સમજી શકશો.
6. સમાજ સુધારણા અંગે સમાજ સુધારકોના પ્રદાન અંગેનો ખ્યાલ મેળવવો.

## 5.1 પ્રસ્તાવના :

માનવ એ સમાજ પ્રાણી છે. માણસ જ્યારે સમાજમાં રહે છે ત્યારે સમાજના વિવિધ લોકોના સંપર્કમાં આવવાથી પ્રશ્નો ઉભા થાય છે. એટલે કહી શકાય કે જેટલો માણસ જૂનો છે એટલા તેના પ્રશ્નો પણ જૂના છે. આ ઈતિહાસ વર્ષો જૂનો છે. માનવ સંસ્કૃતિના ઈતિહાસનો અભ્યાસ કરતાં આપણને જણાય છે કે માણસમાં એકબીજાને મદદ કરવાની ભાવના જોવા મળે છે. પ્રાચીન સમયમાં પણ રોગીઓ, અપંગો અને અશક્તોને પોતાની સ્થિતિ ઉપર છોડી મૂલ્યોવામાં આવતા હતા કે તેમની હત્યા પણ કરવામાં આવતી હતી. આ વ્યક્તિઓ પાપી છે અને તેઓ પોતાના કર્મનું ફળ ભોગવી રહી છે તેવું માનવામાં આવતું હતું. પરંતુ વિવિધ ધર્મો અસ્તિત્ત્વમાં આવતાં આ તમામ ધર્મોએ દયા-દાન અને પરોપકારની પ્રવૃત્તિ ઉપર વિશેષ ભાર મૂલ્યો હતો. માટે સમાજની વર્ષો જૂની માન્યતાઓમાં પરિવર્તન આવ્યું અને સમાજના વંચિતો, અશક્તો અને ગરીબોનું કલ્યાણ થાય તે અંગેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા.

શરૂઆતના સમયગાળા દરમ્યાન આ સહાય કુટુંબ ભાવના, પડોશી ભાવના અને ધર્મ ભાવનાથી પ્રેરિત હતી. લોકો શરૂઆતમાં જરૂરિયાતમંદોને વ્યક્તિગત મદદ કરતા હતા. જેમકે રસ્તે જનારને પાણી પીવા માટે પરબો બનાવવી, મુસાફરો માટે ધર્મશાળા બનાવવી, ગરીબો માટે ભોજન શાળાઓ, કપડાઓ આપવામાં આવતા હતા. આ મદદ કરવાની ભાવનાને પુણ્યના ખ્યાલો સાથે જોડવામાં આવતી હતી. જેના પરિણામે સમાજનો આર્થિક રીતે સધ્ધર લોકો જરૂરિયાતમંદોને મદદ કરતા હતા. ગરીબો પણ પોતાની યથા શક્તિ પ્રમાણે મદદ કરતા હતા. આપણાં પૌરાણિક ધર્મગ્રંથોમાં પણ આ બધીજ બાબતોનો ઉલ્લેખ થયેલો આપણને જોવા મળે છે.

વ્યક્તિગત દાનની પરંપરામાં સમયાંતરે બદલાવ આવ્યા છે. સમાજમાં લોકોની જરૂરિયાતોમાં વધારો થતાં વ્યક્તિગત દાન માંથી સંગઠિત દાન અને મદદનો ખ્યાલ પ્રસ્થાપિત થયો હતો. જેમાં દરેક ધર્મો દ્વારા મંદિર, મસ્જિદ, ચર્ચ દ્વારા ટ્રસ્ટોની રચના કરી સમાજના જરૂરિયાતમંદોને મદદ કરવામાં આવતી હતી. જેમાં શિક્ષણ, આરોગ્ય, પાણી, આશયગૃહો વગેરે જેવી પ્રવૃત્તિઓ મુખ્ય હતી. આ મદદને આપણે ટૂંકાગાળાની મદદ તરીકે ઓળખી શકીએ. કારણકે આ કાર્યો અને પ્રવૃત્તિ કોઈપણ વ્યક્તિ મુશ્કેલીમાં હોય ત્યારે જ કરી શકાય. ભારતમાં આ પ્રવૃત્તિ વર્ષોથી કરવામાં આવે છે. કોઈ વ્યક્તિ ભૂખ્યું ન રહે. ''કીડીને કણ અને હાથીને મણ'' એ કહેવત આપણે ત્યાં પ્રચલિત છે. આનો અર્થ એ હતો કે દરેક વ્યક્તિને પોતાની જરૂરિયાત મુજબની વસ્તું મળી જ રહે છે. આ પ્રકારની એક સમજ પણ આપણે ત્યાં વધારે પ્રચલિત હતી.

ભારતમાં સમાજ સેવાનો ઈતિહાસ વર્ષો જૂનો છે. ભારતમાં આ પ્રવૃત્તિથી વર્ષોથી કરવામાં આવે છે. વ્યક્તિગત મદદ ઉપરાંત, સમાજની સમાજ વ્યવસ્થામાં પણ ઘણાં પ્રશ્નો જોવા મળતા હતા. સમાજમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતુ માટે અંધશ્રદ્ધા અને સમાજ ભેદભાવો વધુ જોવા મળતા હતા. સમાજમાં અસ્પૃશ્યતા, ઉચ-નીચના ભેદભાવ, આભડછેટ, દિકરા-દિકરી વચ્ચે ભેદ રાખવામાં આવતા હતા, મહિલાઓ ઉપર અત્યાચાર કરવામાં આવતા હતા. મહિલાઓ શિક્ષણ લઈ શકે તેવી સ્થિતિ ન હતી. સ્ત્રી-પુરુષ વચ્ચે ભેદભાવ દાખવવામાં આવતા હતા. સમાજમાં ઘણા કુરિવાજો અસ્તિત્વમાં હતા. આ કુરિવાજો ખૂબ ક્રૂરતાપૂર્વક પાળવામાં આવતા હતા. દિકરા અને દિકરી વચ્ચે ભેદભાવ રાખવામાં આવતા હતા. જો સંતાનમાં દિકરો હોય તો મા-બાપની સારી રીતે સેવા કરે તેવી સમજ જોવા મળતી હતી. દિકરાના જન્મના વધામણાં કરવામાં આવતા હતા અને દિકરીના જન્મને નકારવામાં આવતો હતો. જેના પરિણામે સમાજમાં પુત્ર પ્રાપ્તિની વિશેષ ઝંખના રહેતી હતી. માટે દિકરીને જન્મ પછી મારી નાખવામાં આવતી હતી. આ માટે સમાજમાં દિકરીને દૂધ પીતી કરવાનો રિવાજ હતો. કોઈપણ મહિલાના પતિનું અવસાન થાય તો પત્નિએ સતી થવું પડતું હતું. આ સતીપ્રથાના કુરિવાજને કારણે મહિલાઓ ઉપર ક્રૂરતા આચરવામાં આવતી હતી. આ અન્યાય અને અત્યાચારની પરંપરા વર્ષોથી ચાલતી હતી.

આ સમાજ કુરિવાજો સમાજના વિકાસ માટે અવરોધક છે. માટે આ સ્થિતિમાં પરિવર્તન આવે તે માટે ભારતમાં ઘણા સમાજ સુધાકરોએ ખૂબ પાયાની કામગીરી કરી છે. આ અન્યાય, અત્યાચાર અને શોષણની પરિસ્થિતિમાં કામ કરવું ઘણું મુશ્કેલ હતું. કારણકે સમાજનો બહુમત વર્ગ આ વિચારધારામાં માનતો હતો. પરંતુ આ સ્થિતિની વચ્ચે પણ સમાજની વચ્ચે જઈ સમાજને શિક્ષિત કરી, સંગઠિત કરી સમાજ કુરિવાજોની સામે ઘણાં સમાજકાર્યકરોએ અવાજ ઉઠાવ્યો હતો. જેમાં રાજારામ મોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, રવિશંકર મહારાજ, બબલભાઈ મહેતા, દાદાભાઈ નવરોજી, ગોપાલકૃષ્ણ ગોખલે, વિનોબા ભાવે, ઠક્કર બાપા સહિત પૂજ્ય મહાત્મા ગાંધીએ ઘણાં પ્રયત્નો કરેલ છે. સમાજ સુધારણા માટે સુધારકોની યાદી ઘણી લાંબી છે પરંતુ આ એકમમાં કેટલાક સમાજ સુધારકોનો ટૂંકમાં પરિચય કરાવવાનો પ્રયત્ન કરેલ છે.

## 5.2 સમાજ કલ્યાણ એટલે શું ? :

સમાજ કલ્યાણ એ ખૂબ મહત્ત્વનો શબ્દ છે. આ શબ્દ સ્થળ અને કાળ પ્રમાણે બદલાતો રહ્યો છે. સમાજના બધા લોકોની સુખાકારી એવો સમાજકલ્યાણનો અર્થ કરવામાં આવતો હતો. સમાજ કલ્યાણને વ્યાપક અર્થમાં જોઈએ તો સમાજના વધારેમાં વધારે લોકોનું હિત એવો અર્થ કરવામાં આવે છે.

ફ્રિડલેન્ડરના મતે સમાજ કલ્યાણ સમાજ સેવાઓ અને સંસ્થાઓની એક સંગઠિત વ્યવસ્થા છે જે વ્યક્તિઓ અને જૂતોને એક સંતોષકારક જીવનધોરણ અને સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવામાં સહાયતા પૂરી પાડવા માટે ઉભી કરવામાં આવે છે. તેનો સબંધ વૈયક્તિક અને સમાજ સબંધો સાથે છે. જે વ્યક્તિઓની ક્ષમતાઓને પૂર્ણ રીતે વિકસીત કરવામાં અને સમુદાયની જરૂરિયાતોની પૂર્તિ કરવામાં અને તેમના કલ્યાણને વધારવામાં સહાયભૂત થાય છે.

રોબર્ટ કેલ્સોના કહેવા પ્રમાણે સમાજ કલ્યાણનો ઉદ્દેશ સમાજની પ્રત્યેક વ્યક્તિને અન્ય વ્યક્તિઓ જેટલા જ સમાન અધિકારો કોઈપણ હસ્તક્ષેપ વગર પ્રાપ્ત કરવા, આર્થિક આવશ્યક્તાઓ, ઉત્તમ સ્વાસ્થ્ય, જીવન નિર્વાહની યોગ્ય સ્થિતિ, અન્ય નાગરિકોની જેમ સમાન તક, ઉચ્ચકક્ષાનું આત્મ સન્માન અને કાર્ય તથા વિચારોની સ્વતંત્રતાને હાંસલ કરવાનો છે.

આમ, ઉપરોક્ત વ્યાખ્યા પરથી સ્પષ્ટ થાય છે કે સમાજના દરેક નાગરિકને તેની જરૂરિયાતો પ્રાપ્ત કરવાનો અધિકાર છે. અને એ જરૂરિયાતો પૂરી કરવાની જવાબદારી સમાજના તમામ નાગરિકોની તથા સરકારની છે. જરૂરિયાતોના સંદર્ભમાં જોઈએ તો માનવીની શારિરીક, મનોવૈજ્ઞાનિક, સમાજ અને આધ્યાત્મિક જરૂરિયાતો હોય છે. જે સમાજના તમામ લોકોને લાગું પડે છે. સમાજના કેટલાક લોકો વિશેષ જરૂરિયાતો ધરાવનારા હોય છે. જેમાં અશક્ત વ્યક્તિઓ તેમાં બાળકો, વૃદ્ધો, અપંગો તથા બિમાર લોકોનો સમાવેશ થાય છે. આ સિવાય, વિવિધ પ્રકારની આપત્તિઓનો ભોગ બનેલા લોકોનો પણ સમાવેશ થાય છે. આ પ્રકારના લોકોને ટૂંક સમય માટે તેમની વિશેષ જરૂરિયાતો પૂરી કરવી જરૂરી બને છે.

## 5.3 સમાજ સુધારકો એટલે શું :

સમાજ સુધારકોનો મુખ્ય હેતુ એવું પરિવર્તન લાવવાનો છે કે જેનાથી સમુદાયના મૌલિક મૂલ્ય તથા સમાજ સંસ્થાઓ પ્રભાવિત થાય. જ્યારે, સમાજકાર્ય એ બધી ક્રિયાથી સબંધિત છે. જે સમકાલીન મૂલ્યો પ્રમાણે સંપાદિત કરવામાં આવે છે. સમાજ સુધારનો ઉદ્દેશ્ય જે-તે સમયે પ્રચલિત સમાજિક પ્રવાહમાં વ્યક્તિઓ અને સમૂહોની વિવિધ જરૂરિયાતોની પૂર્તિમાં મદદ કરવાનો છે. સમાજ સુધારણા સમાજ સંસ્થાઓમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરે છે. સમાજકાર્ય અને સમાજ સુધાર બંને માટે જુદા પ્રકારના નેતૃત્ત્વ અને કાર્યકર્તાની જરૂર પડે છે. સમાજ સુધારણા સ્વૈચ્છિક નેતા દ્વારા થાય છે. જ્યારે સમાજકાર્ય વ્યાવસાયિક કાર્યકર દ્વારા કરવામાં આવે છે.

સમાજ સુધારનું કાર્ય સમાજની એવી સંસ્થાઓમાં બદલાવ લાવવાનું છે જે અયોગ્ય થઈ ગઈ છે તથા નુકશાનવાળી થઈ ગઈ છે. કયાંક સંસ્થાકીય માળખામાં પણ પરિવર્તન લાવવાની જરૂરિયાત જણાય છે. તો ફેરફારો પણ જરૂરી બની રહે છે. આ માટે સમાજ મૂલ્યો તથા સમાજ સંસ્થાઓમાં બદલાવ લાવવો જરૂરી છે. સમાજ સુધારક સમાજ સંસ્થાઓમાં બદલાવ લાવવાની પરિસ્થિતિ ઊભી કરે છે. જેથી સમાજમાં ભેદભાવ અને સમાજ ઉપેક્ષા થી પીડાતા લોકોની સમાજ પ્રગતિ થાય.

સમાજ સુધારણા એક ચળવળ છે. જે વર્ષો જૂની પરંપરા, રૂઢિગત મૂલ્યોને સમાજ જીવનમાંથી મૂળ સાથે ઉખેડવાના હેતુથી પ્રોત્સાહિત થઈ છે. સમાજમાં વર્ષોથી ચાલી આવતી પરંપરાને લોકહિતના સંદર્ભમાં સુધારણા કરવી જરૂરી છે. આ કામગીરી વર્ષોથી આપણા સમાજમાં ચાલે છે. પરંતુ આજે આ બધા મુદ્દાઓને વર્તમાન પરિપ્રેક્ષ્યમાં સમજવાની જરૂર છે. આ સમાજ સુધારણાની કામગીરી માટે કોઈ વિશેષ કૌશલ્યની જરૂર નથી. તે સમાજની પ્રવર્તમાન સ્થિતિમાં પરિવર્તન લાવવા પ્રયત્ન કરે છે.

## 5.4 સમાજ સુધારકોનો ફાળો :

સમાજ સમસ્યાઓ વર્ષો જૂની છે. આપણાં સમાજમાં પ્રાચીન સમયથી સમાજમાં જુદી-જુદી સમસ્યાઓ જોવા મળે છે. આ સમસ્યાઓમાં પણ જ્ઞાતિ અને પ્રાંત પ્રમાણે તેમાં પણ વૈવિધ્યતા જોવા મળે છે, આ સમસ્યાના મૂળ વર્ગો જૂના છે. ભારત જુદા-જુદા પ્રાંતોમાં વહેંચાયેલો છે. ભારતના ઈતિહાસને તપાસતા આપણને ખ્યાલ આવે છે કે જુદા-જુદા રજવાડાઓમાં જુદા-જુદા રાજાઓનું શાસન હતું. ભારત દેશમાં અંગ્રેજો એ પણ વર્ષો સુધી શાસન કર્યું છે. પણ આ સમયગાળા દરમ્યાન સમાજમાં વિવિધ પ્રકારની સમસ્યાઓ જોવા મળે છે. બાળલગ્નો, સતીપ્રથા, વિધવા વિવાહ, કન્યા કેળવણીનો અભાવ, વ્યસન, સ્ત્રી-પુરુષ અસમાનતા, દિકરીને દૂધ પીતી કરવી. વગેરે જેવાં અનેક પ્રશ્નો જોવા મળતા હતા.

આ પ્રશ્નોને દૂર કરવા માટે જુદાં-જુદાં સમય દરમ્યાન અનેક સમાજ સુધારકોએ કામ કર્યું છે. જેના પરિણામે વર્ષો થી ચાલી આવતી અંધશ્રદ્ધાઓ અને પારંપારિક બાબતોનો અંત આવ્યો છે. જેમ કે, પહેલાં દિકરીના જન્મ પછી દિકરીને દૂધમાં ડુબાડી મારી નાખવામાં આવતી હતી. આ કુરિવાજોનો વિરોધ કરી આ પ્રથા બંધ કરવામાં આવી હતી. આ માટે રાજા રામમોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહાદેવ ગોવિંદ રાનડે જેવાં અનેક સમાજ સુધારકોએ ઘણાં પ્રયત્નો કરેલ છે. જેના પરિણામે આ વર્ષો જૂની પરંપરાઓને આપણે દૂર કરી શકયા છે.

આ ઉપરાંત, આઝાદી મેળવવાના આંદોલન દરમ્યાન પૂજ્ય મહાત્મા ગાંધીજીએ લોકોને અંગ્રેજોની ગુલામીમાંથી બહાર આવી કન્યા કેળવણી, સ્ત્રી-પુરુષ સમાનતા, જ્ઞાતિગત ભેદભાવની અટકાયત માટે ખૂબ પાયાની કામગીરી કરી હતી. ગાંધીજીના આ કામોથી પ્રભાવિત થઈ પૂજ્ય રવિ શંકર મહારાજ, શ્રી બબલભાઈ મહેતા, ઠક્કરબાપા, સરોજિની નાયડું, વિનોબા ભાવે સહિત ઘણાં સમાજ સેવકો એ અલગ-અલગ મુદ્દાઓ ઉપર ખૂબ સુંદર કામગીરી કરી છે. આમ, સમાજવિકાસ અને ગ્રામવિકાસના સંદર્ભમાં આ સમાજ સુધારકોનો ખૂબ મહત્ત્વનો ફાળો છે.

### 5.4.1 રાજા રામમોહનરાય :

રાજારામ મોહનરાયનો જન્મ બંગાળ પ્રાંતના હુગલી જિલ્લાના રાધાનગર ગામમાં 22 મેં 1772માં થયો હતો. તેમના પિતા રમાકાંત વૈષ્ણવ કુટુંબના હતા, જ્યારે માતા તારિણી દેવી શૈવ કુટુંબના હતા. પટણા ખાતે ફારસી અને અરબી સાહિત્યનો અભ્યાસ કર્યો હતો. જ્યાં તેમણે કુરાન, સૂફી રહસ્યવાદી કવિતાઓની કૃતિઓ અને પ્લેટો અને એરિસ્ટોટેલની કૃતિઓનો અરબી અનુવાદ વાંચ્યો હતો. આ ઉપરાંત બનારસમાં તેમણે

સંસ્કૃતનો ઉંડો અભ્યાસ કર્યો હતો. વેદ અને ઉપનિષદોનું ઉંડુ અધ્યયન કર્યું હતું.

1803 થી 1814ના સમયગાળા દરમ્યાન તેમણે ઈસ્ટઈન્ડિયા કંપની માટે પહેલા વુડફોર્ડ અને પછી ડિગ્બીના વ્યક્તિગત દિવાન તરીકે કામ કર્યું હતું. 1814માં તેમણે નોકરીમાંથી રાજીનામું આપીને તેઓ તેમના જીવનને ધાર્મિક, સમાજ અને રાજકીય સુધારા માટે સમર્પિત કરવા માટે તેઓ કલકત્તા ગયા હતા. તેમણે હિંદુ સમાજમાં એકેશ્વરવાદ અને સુધારાનો પ્રચાર કરવા માટે 1815માં કલકત્તામાં ''આત્મીય સભા''ની સ્થાપના કરી હતી. રાજા રામમોહનરાય આધુનિક ભારતના આદ્ય સુધારક તેમણે ધર્મોમાં રહેલા દૂષણો ને દૂર કરવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. રાજા રામમોહનરાયે ''આત્મીય સભા''ની સ્થાપના કરી હતી. આ સંસ્થા પાછળથી ''બ્રહ્મોસમાજ'' તરીકે વધારે પ્રચલિત બની હતી. આ સંસ્થાએ બંગાળમાં સમાજ અને ધર્મ સુધારણાના ક્ષેત્રમાં ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો હતો. બ્રહ્મોસમાજ તરફથી ''સંવાદ કૌમુદી'' નામનું સાપ્તાહિક બહાર પાડવમાં આવ્યું હતું. રાજા રામમોહનરાયે વિશેષ કરીને ''બાળ લગ્નો અને બહુપત્ની પ્રથાને દૂર કરવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. આ ઉપરાંત, ''સતીપ્રથા''ની વિરુદ્ધમાં ખૂબ મોટી ઝુંબેશ ચલાવી હતી. તેમણે સમાજને ખૂબ ભારપૂર્વક કહ્યું હતું કે, ધર્મશાસ્ત્રમાં કયાંય સતીપ્રથાનો ઉલ્લેખ જોવા મળતો નથી.



બંગાળ સતી નિયમન કે જેણે બ્રિટિશ ભારતની તમામ અદાલતોમાં સતીપ્રથા પર પ્રતિબંધ મૂલ્યો હતો. તે વખતના ગર્વનર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટિક દ્વારા 4- ડિસેમ્બર-1829ના રોજ પસાર કરવામાં આવ્યો હતો. સમાજ સુધારણાના અનેક કામો રાજા રામમોહનરાય દ્વારા કરવામાં આવ્યા હતા. સમાજ સુધારણાના ક્ષેત્રમાં રાજારામમોહનરાયની સૌથી મોટી સિદ્ધિ 1829માં સતીપ્રથા નાબુદી માટેની હતી. સતીપ્રથા એક હિંદુઓની વર્ષો જૂની પ્રથા હતી. જેમાં વિધવાએ પોતાના મૃત પતિના અંતિમ સંસ્કાર પર બેસીને પોતાનું બલિદાન આપવું પડતું હતું. 1830માં તેઓ મુઘલ સામ્રાજ્યના રાજદૂત તરીકે ઈંગ્લેન્ડમાં ગયા હતા.

❖ **રાજા રામમોહનરાય એક ભારતીય સુધારક :**

રાજા રામમોહનરાય એક ભારતીય સમાજ સુધારક તરીકે ખૂબ જાણીતા બન્યા છે. જેઓ બ્રહ્મોસભાના સ્થાપકોમાંના એક હતા. તેમણે ભારતમાં સમાજ ધાર્મિક સુધારણા માટે ઘણી ચળવળો ચલાવી હતી. તેમને મુઘલ સમ્રાટ અકબર દ્વારા રાજાનું બિરુદ આપવામાં આવ્યું હતું.

⇨ રાજા રામમોહનરાય રાજકારણ, જાહેર વહીવટ, શિક્ષણ અને ધર્મના ક્ષેત્રોમાં તેમનો પ્રભાવ ખૂબ સ્પષ્ટ હતો.

⇨ રાજા રામમોહનરાય સતીપ્રથા અને બાળવિવાહને દૂર કરવાના તેમના પ્રયાસો માટે જાણીતા હતા માટે તેમને ઘણા ઈતિહાસકારો દ્વારા ''બંગાળના

પુનરુજ્જીવનના પિતા'' તરીકે ગણવામાં આવે છે.

રાજા રામમોહનરાય આધુનિક ભારતના આદ્યસુધારક ગણાય છે. નવા યુગના અગ્રદૂત અને જ્યોતિર્ધર પણ કહેવાય છે. આજે પણ બ્રહ્મોસમાજ સમાજ સુધારણા માટે કાર્યરત છે. સમાજ સુધારણા માટે સમાજમાં કામ કરવું ખૂબ મુશ્કેલ હતું; તેવા સમયે રાજા રામમોહનરાયે તે પરિસ્થિતિને વચ્ચે સહેજ પણ હિંમત હાર્યા વગર ખૂબ પાયાની કામગીરી હતી. આજે સમાજમાં બાળગ્ન, સતીપ્રથા અને બહુપત્નિપ્રથા લુપ્તપ્રાપ્ય બન્યાં છે.

સમાજ સુધારણા માટેના અનોખા કાર્યકર રાજા રામમોહનરાયનું 27 સપ્ટેમ્બર 1833ના રોજ અવસાન થયું હતું.

### 5.4.2 મહાત્મા ગાંધી :

મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ 02 ઓક્ટોબર, 1869ના રોજ પોરબંદરમાં થયો હતો. મહાત્મા ગાંધીના નામે મશહૂર મોહનદાસ કરમચંદ ગાંધી ભારતીય સ્વતંત્રતા આંદોલનના એક પ્રમુખ રાજાનેતા હતા. સત્યાગ્રહ અને અહિંસાના સિદ્ધાંતો પર ચાલીને તેમણે ભારતને આઝાદી આપવામાં ખૂબ મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. તેમના આ સિદ્ધાંતોએ સમગ્ર દુનિયામાં લોકોને નાગરિક અધિકારો અને સ્વતંત્રતા આંદોલન માટે પ્રોત્સાહિત કર્યા હતા. ગાંધીજી ભારતના રાષ્ટ્રપિતા પણ કહેવાય છે. સુભાષચંદ્ર બોઝે 1944માં રંગૂન રેડિયોથી ગાંધીના નામે ચાલી રહેલા પ્રસારણમાં તેમને ''રાષ્ટ્રપિતા'' કહીને સંબોધ્યા હતા.

❖ **પ્રારંભિક જીવન :**

મહાત્મા ગાંધી સમગ્ર માનવ જાતિ માટે એક મશાલ છે. તેમણે સત્ય અને અહિંસાના પાલન દ્વારા સમાજમાં એક ક્રાંતિ લાવી હતી. લોકોને પણ આ સિદ્ધાંતોનું પાલન કરવા જણાવ્યું હતું. તેઓ સદૈવ પરંપરાગત ભારતીય પોશાક ધોતી અને સાલ પહેરતા હતા. હંમેશા શાકાહારી ભોજન ખાનાર આ મહાપુરુષે આત્મશુદ્ધિ માટે કેટલીયવાર લાંબા ઉપવાસ પણ કર્યા છે. જીવનમાં ડગલે ને પગલે ભૂલો કરનાર આ માણસ પોતાની પ્રત્યેક ભૂલોમાંથી કંઈને કંઈ શીખ્યા છે. ભૂલોનો સ્વીકાર કર્યો છે. ભૂલોનું પુનરાવર્તન કર્યું નથી. માટે તેઓ એક સામાન્ય મોહનમાંથી મહાત્મા બન્યા હતા. ''સત્યના પ્રયોગો''એ ગાંધીજીની આત્મકથા છે આ



આત્મકથામાં પૂજ્ય મહાત્મા ગાંધીજીએ ખૂબ નિખાલસતાપૂર્વક તમામ ભૂલોને સ્વીકારી છે. ભારત અને વિશ્વની જુદી-જુદી ભાષામાં ગાંધીજીની આત્મકથાના અનુવાદ થયેલા છે. આજે ગાંધીજી વૈશ્વિક ફલક ઉપર ખૂબ જાણીતા છે.

ગાંધીજીનું શરૂઆતનું જીવન ખૂબ સામાન્ય. મહાત્મા ગાંધીનું પ્રાથમિક શિક્ષણ પોરબંદરમાં થયું અને હાઈસ્કૂલમાં અભ્યાસ રાજકોટમાં થયો. શૈક્ષણિક સ્તરે મોહનદાસ ગાંધી એવરેજ વિદ્યાર્થી હતા. સન.1883માં 13 વર્ષની ઉંમરમાં તેમના વિવાહ કસ્તૂરબા સાથે કરવામાં આવ્યા હતા. વર્ષ-1888માં મોહનદાસ બેરિસ્ટર બનવા માટે ઈંગ્લેન્ડ ગયા હતા. વિદેશમાં

જતા પહેલા માતા પૂતળીબાઈને આપેલા વચન પ્રમાણે જ તે ગાંધીજીએ અનુસરણ કરી માતાનો વિશ્વાસ જીત્યો હતો. જૂન-1851માં મહોનદાસ ગાંધી ભારત પરત ફર્યા હતા.

❖ **દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી :**

24 વર્ષની ઉંમરે ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા હતા. તેઓ પ્રિટોરિયા સ્થિત કેટલાક ભારતીય વેપારીઓના ન્યાયિક સલાહકાર તરીકે ત્યાં ગયા હતા. તેમણે દક્ષિણ આફ્રિકામાં જીવનના 21 વર્ષ વિતાવ્યા હતા. જ્યાં તેમના રાજનૈતિક વિચાર અને નેતૃત્વ કૌશલ્યનો વિકાસ થયો. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીને રંગભેદનો સામનો કરવો પડ્યો હતો. એકવાર ટ્રેનમાં પ્રથમ શ્રેણીની ટિકિટ હોવા છતાં તેમને થર્ડ ક્લાસમાં બેસવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા. ટ્રેનમાંથી તેમને ધક્કો મારી સામાન સાથે ઉતારી મૂલ્યોવામાં આવ્યા હતા. દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિનો વિરોધ કર્યો અને તેમાં તેમને મહદઅંશે સફળતા મળી હતી.

❖ **ભારતીય સ્વતંત્રતા સંગ્રામનું સંઘર્ષ :**

વર્ષ-1914માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પરત ફર્યા હતા. આ સમયગાળા દરમ્યાન ગાંધી એક રાષ્ટ્રીય નેતા તરીકે પ્રતિષ્ઠિત થઈ ચૂકયા હતા. શરૂઆતી સમયમાં ગાંધીના વિચાર ઘણા હદે ગોખલેના વિચારોથી પ્રભાવિત હતા. પ્રારંભમાં ગાંધીજીએ દેશના વિવિધ ભાગોનો પ્રવાસ કરી લોકોની આર્થિક, સમાજ અને રાજનૈતિક સ્થિતિને સમજવાનો પ્રયત્ન કર્યો હતો. આ પછી વિવિધ અન્યાય અને શોષણ સબંધી બાબતોનો વિરોધ કરવા માટે વિવિધ સત્યાગ્રહો કરવામાં આવ્યા હતા.

ચંપારણ સત્યાગ્રહ, ખેડા સત્યાગ્રહ, ખિલાફત આંદોલન, અસહકારનું આંદોલન અને 12-માર્ચ 1930ના રોજ નમક સત્યાગ્રહ અને 1942ના વર્ષમાં હિંદ છોડો આંદોલન કરવામાં આવ્યું હતું. આઝાદીના આંદોલન દરમ્યાન સમાજને જાગૃત કરી સ્વતંત્ર અને સ્વાવલંબી બનાવવા માટે ગાંધીજીએ વિવિધ રચનાત્મક કાર્યક્રમો આપ્યા હતા.

❖ **ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો :**

(1) કોમી એકતા
(2) અસ્પૃશ્યતા નિવારણ
(3) દારૂ બંધી
(4) ખાદી
(5) બીજા ગ્રામ ઉદ્યોગો
(6) ગ્રામ સફાઈ
(7) નવી તાલીમ
(8) પ્રૌઢ શિક્ષણ
(9) સ્ત્રીઓ
(10) તંદુરસ્તીના નિયમોની કેળવણી
(11) પ્રાંતિક ભાષાઓ
(12) રાષ્ટ્ર ભાષાઓ
(13) આર્થિક સમાનતા
(14) કિસાનો
(15) મજૂરો
(16) આદિવાસીઓ
(17) રક્તપિત્તના રોગીઓ
(18) વિદ્યાર્થીઓ

આમ, ગાંધીજીએ સમાજોત્થાન માટે ખૂબ પાયાની કામગીરી કરી હતી. 30, જાન્યુઆરી, 1948 ના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની દિલ્હીના બિરલા હાઉસ ખાતે હત્યા કરવામાં આવી હતી.

### 5.4.3 મહાદેવ ગોવિંદ રાનડે :

ન્યાયાધીશ મહાદેવ ગોવિંદ રાનડેનો જન્મ ઈ.સ.18 - જાન્યુઆરી 1842ના રોજ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના નિફાડ ગામે થયો હતો. ''હિંદી રાષ્ટ્રીય મહાસભા'' (ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ)ની સ્થાપનામાં મહાદેવ ગોવિંદ રાનડેની ખૂબ મહત્ત્વની ભૂમિકા રહી હતી. તે સમયના ભારતીય સમાજમાં વિધવા વિવાહ, અસ્પૃશ્યતા અને બાળ લગ્નો



જેવાં સમાજ કુરિવાજ અને અનિષ્ટોને દૂર કરવા અને પ્રજામાં લોકજાગૃતિ લાવવા માટે મહાદેવ ગોવિંદ રાનડે એ ખૂબ મહત્ત્વની કામગીરી કરી હતી. તેમણે સરકારી લૉ કૉલેજ ખાતે અભ્યાસ કર્યો હતો. ત્યાર બાદ તેઓ કૉલેજમાં અંગ્રેજી ભાષાના પ્રાધ્યાપક તરીકે નીમાયા અને ત્યારબાદ તેઓની મુંબઈ હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે નિમણૂંક થઈ હતી.

❖ **વિવિધ ક્ષેત્રોમાં પ્રદાન**

મહાદેવ ગોવિંદ રાનડે ''હિંદી રાષ્ટ્રીય મહાસભા''ની સ્થાપનામાં અગ્રણી હતા. ''મરાઠી સત્તાનો ઉદય'' ગ્રંથ ખૂબ પ્રમાણભૂત ગણાય છે. મહાદેવ ગોવિંદ રાનડેનું મહત્ત્વનું કાર્યક્ષેત્ર પુના રહ્યું હતું. વ્યાખ્યાનમાળા અને પ્રાર્થના સમાજ જેવી અનેક સંસ્થાઓની સ્થાપના તેમણે કરી હતી. હિન્દી, અર્થશાસ્ત્ર અને સમાજ સુધારણા પરનાં તેમના લખાણોએ રાષ્ટ્રીય વિચારધારાને ખૂબ બળ પુરું પાડ્યું હતું. મહારાષ્ટ્રમાં પડેલા દુષ્કાળ સમયે ખેડૂતોની આર્થિક સ્થિતિનું નિરીક્ષણ કર્યું. બ્રિટિશ સરકારે તેમને ફાયનાન્સ કમિટિમાં પણ સમાવ્યા હતા.

આપણા ભારતીય સમાજમાં પૈસી ગયેલા અનેક કુરિવાજોને દૂર કરવામાં મહાદેવ ગોવિંદ રાનડેનું ખૂબ મોટું પ્રદાન છે. 16-જાન્યુઆરી 1901ના રોજ તેમનું અવશાન થયું હતું.

**5.4.4 દાદાભાઈ નવરોજી :**

''હિંદના દાદા'' તરીકે વિશ્વભરમા ખ્યાતિ મેળવનારા દાદાભાઈ નવરોજીનો જન્મ 04 સપ્ટેમ્બર - 1825માં નવસારીમાં થયો હતો. તેઓ એક પારસી પુરોહિતના પુત્ર હતા. બી.એસ.સી.નો અભ્યાસ પૂર્ણ કરી 27 વર્ષની ઉંમરે તેઓ મુંબઈની એલફિસ્ટન ઈન્સ્ટીટ્યૂટમાં હેડ માસ્તર બન્યા હતા. 31 ઓક્ટોબર 1861માં ધ લંડન અંજુમન નામનું સંગઠન સ્થપાયું હતું. અને ડૉ.દાદાભાઈ નવરોજી તેના સ્થાપક અને પ્રથમ પ્રમુખ હતા.

અંગ્રેજી કેળવણી પામેલા પારસી યુવાનોએ ધર્મ અને સુધારણા માટે 1851માં ''રહનુમા-ઈ-મઝદયરન સભા''ની સ્થાપના કરી હતી. દાદાભાઈ નવરોજી આ સંસ્થાના અગ્રણી નેતા હતા. આ સંસ્થાએ ''રાશી ગોફતાર''નામનું મુખપત્ર શરૂ કરી પારસી સુધારણા આંદોલન વેગવંતુ બનાવ્યું હતું.

❖ **અન્યાય સામે આંદોલન**



1859માં તેમને ઈન્ડિયન સિવિલ સર્વિસમાં ભરતી પ્રક્રિયામાં થતા અન્યાય સામે તેમણે આંદોલન શરૂ કર્યું હતું. ભારતીય સમાજમાં બુદ્ધિજીવીઓની ઉન્નતિ માટે પધ્ધતિસર રીતે કામ કરનાર તેઓ પ્રથમ વ્યક્તિ હતા.

⇨ 1859માં દાદાભાઈ નવરોજીએ ઈંગ્લિશ

પ્રજાને ભારતીય બાબતોની વાકેફ કરવા માટે "ઈસ્ટ ઈન્ડિયન એસોસીએશન" નામના એક મહત્ત્વના સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી.

⇨ દાદાભાઈ નવરોજીની ગણના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સ્થાપક તરીકે થાય છે. તેઓ ત્રણ વખત કોંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટ્યા હતા. 1904માં તેમણે સ્વરાજ્યની માંગણી કરી હતી. ગોપાલ કૃષ્ણ ગોખલે અને મોહનદાસ કરમચંદ ગાંદી સહિત યુવા રાષ્ટ્રીય નેતાઓની પેઢી તેમને એક સલાહકાર તરીકે આદર કરતા હતા.

તેઓનું સમગ્ર જીવન શુદ્ધતા અને પ્રભાવશાળી રહ્યું હતું. આવા પ્રભાવશાળી અને સાદગીથી ભરેલા જીવનનો અંત 30-જૂન-1917ના રોજ અંત આવ્યો હતો. 93 વર્ષની પરિપક્વ ઉંમરે દાદાભાઈ નવરોજીનું મૃત્યું થયું હતું. તેમણે એકવાર કહ્યું હતુ કે સંગઠિત થાઓ, સતત પ્રયત્ન કરો, અને સેલ્ફ ગર્વમેન્ટ હાંસલ કરો. જેથી લાખો લોકો હાલમાં ગરીબી, દુષ્કાળ અને પ્લેગથી મરી રહ્યાં છે તેઓને બચાવી શકાશે.

### 5.4.5 ગોપાલ કૃષ્ણ ગોખલે :

ગોપાલ કૃષ્ણ ગોખલેનો જન્મ 09 મેં 1866ના રોજ થયો હતો. તેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળના ઉદારવાદી રાજનેતા અને સમાજ સુધારક હતા. આ ઉપરાંત, તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને "સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટી"ના સ્થાપક હતા.

ગોપાલ કૃષ્ણ ગોખલે ભારતના રાષ્ટ્રીય આંદોલનના અગ્રણી નેતા હતા. ગાંધીજીએ તેમને રાજકીય ગુરૂ ગણેલા એવા આ નેતાએ વિવિધ સંસ્થાઓની સ્થાપના કરી હતી. તેમણે 1881માં કોલ્હાપુરમાંથી મેટ્રિકની પરીક્ષા પાસ કરી, યુનિવર્સિટી શિક્ષણ કોલ્હાપુરની રાજારામ કોલેજ, પૂણેની ડેક્કન કોલેજ તેમજ મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં લીધુ હતું. 1885માં ફર્ગ્યુસન કોલેજ સ્થપાતાં ત્યાં અંગ્રેજી સાહિત્ય અને ગણિતના અધ્યાપક બન્યા અને તેમણે શૈક્ષણિક ક્ષેત્રે ખૂબ મહત્ત્વની કામગીરી હતી. રાજકીય વિચારોમાં ગોખલે ન્યાયમૂર્તિ રાનડેને પોતાના ગુરુ માનતા હતા. તેમના પર દાદાભાઈ નવરોજી તથા ફિરોજશાહ મહેતાની અસર પણ વિશેષ જોવા મળતી હતી.



1885માં ગોખલે રાષ્ટ્રીય મહાસભાના સભ્ય બન્યા હતા. રાષ્ટ્રીય, આંદોલન ઉપરાંત, ગોખલે એ સમાજ સુધારાની ખૂબ મહત્ત્વની પ્રવૃત્તિઓ હાથ ધરી હતી.

❖ **ગોખલેની સમાજ સુધારાની પ્રવૃત્તિ :**

ગોપાલ કૃષ્ણ ગોખલેનું સમજોત્થાનમાં ખૂબ મહત્ત્વનું પ્રદાન હતું. તેમણે જ્ઞાતિ પ્રથાનો વિરોધ કર્યો હતો. તેઓ કન્યા કેળવણી તથા મહિલા મુક્તિના હિમાયતી હતા. પત્રકાર તરીકે તેમણે 1886થી લોકમાન્ય ટિલક પ્રણેતા "મરાઠા"માં લેખો લખવાની શરૂઆત કરી હતી. લગભગ ત્રણ દાયકા સુધી ગોખલે હિંદના જાહેર જીવનના મહત્ત્વના અગ્રણી તેઓ રહ્યા હતા. માત્ર પચાસ વર્ષના ટૂંકા જીવનકાળમાં ખૂબ વૈવિધ્યપૂર્ણ જીવન જીવી અનેક સમાજ વિકાસના કામો ગોપાલકૃષ્ણ ગોખલેએ કર્યા હતા. તેમનું જીવન પ્રજાના કલ્યાણ માટે સમર્પિત હતું એવો શ્રદ્ધાંજલિ મહાત્મા ગાંધીએ તેમને આપી હતી.

### 5.4.6 નાનાજી દેશમુખ એક પાયાના સમાજ સુધારક :

❖ **જન્મ, મરણ અને શિક્ષણ :**

નાનાજી દેશમુખ (11 ઓક્ટોબર 1916 થી 27 ફેબ્રુઆરી 2010) તરીકે જાણીતા ચંડિકાદાસ અમૃતરાવ દેશમુખ ભારતના સમાજ સુધારકોની યાદીમાં મોખરાનું નામ ધરાવે છે. નાનાજીનો જન્મ 11 ઓક્ટોબર 1916ના રોજ મહારાષ્ટ્રના હીંગોલી જિલ્લાના કંડોલી ગામમાં એક મરાઠી ભાઠી કુટુંબમાં થયો હતો. તેમણે શાળાકીય શિક્ષણ શિકર અને કોલેજનું શિક્ષણ બિરલા કોલેજમાં લીધું હતું. કોલેજનું શિક્ષણ પૂર્ણ કરી તેઓ રાજકીય અને સમાજ ક્ષેત્રે સક્રિય બન્યા હતા. શિક્ષણ, આરોગ્ય અને ગ્રામિણ સ્વાવલંબનનાં ક્ષેત્રમાં તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે.

❖ **ગ્રામવિકાસ અને સમાજ વિકાસના ક્ષેત્રે પ્રદાન**



નાનાજી 1980ની સાલમાં સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લઈને પૂર્ણ સમય માટે સમાજસેવાના કાર્યમાં જોડાયા હતા. નાનાજીએ કૃષિ, કુટિર ઉદ્યોગ, આરોગ્ય અને ગ્રામિણ શિક્ષણ જેવા ક્ષેત્રોમાં પોતાનું નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

⇨ લોકજાગૃતિ અને શિક્ષણ અર્થે તેઓ ''મંથન''નામના સામયિકનું પ્રકાશન કરતા હતા.

⇨ નાનાજી દ્વારા ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશના 500 (પાંચસો) જેટલા ગામોમાં સમાજ ઘડતરનું કાર્ય કર્યું હતું.

⇨ નાનાજીએ ચિત્રકૂટમાં ''ચિત્રકૂટ ગ્રામોદય'' વિદ્યાલયની સ્થાપના કરી હતી.

⇨ બુંદેલખંડ વિસ્તારમાં 150 થી વધારે ગામડાંઓમાં ''એકાત્મક માનવવાદ''નો પ્રચાર કર્યો હતો.

⇨ તેઓ ''ભારતીય જનસંઘના''નેતા હતા અને રાજ્યસભાના સભ્ય તરીકે પણ નોંધપાત્ર કામગીરી કરી હતી.

⇨ ''રાષ્ટ્રઋષિ'' તરીકે જાણીતા - નાનાજી દેશમુખની 2017 માં ભારતીય ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

❖ **એવોર્ડ દ્વારા સન્માન :**

સમાજ સુધારણાને લગતી નોંધપાત્ર કામગીરી બદલ ભારત સરકાર દ્વારા 1999માં પદ્મ વિભૂષણ અને 2019માં દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ''ભારત રત્ન''નો એવોર્ડ (મરણોત્તર)આપવામાં આવ્યો હતો.

❖ **શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના (ગુજરાત સરકાર) :**

સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા બાંધકામ શ્રમિકપરિવારની સલામતી અને સમાજ સુરક્ષા વધે તે માટે સેનિટેશન સાથેના પાક્કા

મકાનની સુવિધા પુરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા શ્રીનાનાજી દેશમુખ આવાસ યોજના બહાર પાડવામાં આવેલ છે.

આમ, નાનાજી દેશમુખે ગ્રામિણ ભારતના વિકાસ માટે તેમણે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કર્યું છે. ભારત રત્ન "નાનાજી દેશમુખ" હંમેશા ભારતીય સમાજની મૂળ સમસ્યાઓના સમાધાન અને ગામડાઓના માટે આજીવન કાર્યરત રહ્યા છે. તેમણે પોતાના જીવનનાં ઉચ્ચ આદર્શોથી ભારતીય રાજનીતિને સુશોભિત કરી છે. તેમનું સંગઠન કૌશલ્ય, ત્યાગ અને સ્વરાજ્યનો સંકલ્પ સૌ માટે પ્રેરણાનો સ્ત્રોત બની રહેશે.

❖ **યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ આપો** (MCQ) **:**

(1) નાનાજી દેશમુખે કોલેજ શિક્ષણ ક્યાં લીધું હતું ?
(A) સેન્ટ ઝેવિયર્સ (B) બિરલા કોલેજ
(C) ટાટા ઈન્સ્ટીટ્યૂટ (D) મુસ્લિમ યુનિ, અલીગઢ

(2) નાનાજી દેશમુખે સક્રિય રાજકારણમાંથી કયા વર્ષમાં નિવૃત્તિ લીધી હતી ?
(A) 1960 (B) 1970 (C) 1980 (D) 1990

(3) નાનાજી દેશમુખે લોકજાગૃતિ માટે ક્યું સામાયિક શરૂ કર્યું હતું ?
(A) મંથન (B) ચેતના (C) પરિવર્તન (D) વિચાર

(4) નાનાજી દેશમુખે ચિત્રકૂટમાં કઈ સંસ્થાની સ્થાપના કરી હતી ?
(A) ચિત્રકૂટ નવોદય (B) ચિત્રકૂટ ગ્રામોદય
(C) પરિવર્તન (D) સર્વોદય

(5) નાનાજી દેશમુખે "એકાત્મક માનવવાદ"નો પ્રચાર કેટલા ગામોમાં કર્યો હતો ?
(A) 150 થી વધું (B) 200 થી વધુ (C) 252 થી વધુ (D) 400 થી વધુ

❖ **સાચાં જવાબો :**

1. (B) બિરલા કોલેજ
2. (C) 1980
3. (A) મંથન
4. (B) ચિત્રકૂટ ગ્રામોદય
5. (A) 150 થી વધુ
6. (C) 4

## 5.5 સારાંશ :

ભારતમાં સમાજ સુધારણાંનો ઈતિહાસ વર્ષો જૂનો છે. આપણે આપણા ઈતિહાસને તપાસીએ છીએ ત્યારે સમાજના વિવિધ પ્રશ્નો અને તેની સુધારણા માટે થયેલ વિવિધ પ્રયત્ન વિશેનો ખ્યાલ આવી શકે છે. દયા, પરોપકારના ભાવ સાથે ગરીબો, વંચિતો, અને અશક્તોને જરૂરી મદદ પુરી પાડવામાં આવતી હતી. જુદા-જુદા ધર્મો દ્વારા પણ વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ કરવામાં આવતી હતી.

વિવિધ ધાર્મિક સંસ્થાઓની પણ ખૂબ નોંધપાત્ર કામગીરી જોવા મળેલ છે. જુદા-જુદા વિસ્તારોમાં અન્યાયી અને સમાજ અનિષ્ટોને દૂર કરવા માટે સમાજ સુધારકોનો ફાળો ખૂબ મહત્ત્વનો છે. આ સમયગાળા દરમ્યાન વ્યાવસાયિક સમાજકાર્ય શબ્દનું ઉચ્ચારણ થતું ન હતું.

પણ, આ સમાજજીવનના વિવિધ પ્રશ્નોના સંદર્ભે તે સમયગાળા દરમ્યાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં સમાજ સુધારકોનું ખૂબ મહત્ત્વનું યોગદાન રહ્યું છે તે અંગેની સમજ સમાજકાર્યના વિવિધ મુદ્દાઓને સમજવામાં ખૂબ ઉપયોગી બની શકે તેમ છે.

## 5.6 તમારી પ્રગતિ ચકાસો :

1. રાજા રામમોહનરાયનો જન્મ બંગાળ પ્રાંતના કયા જિલ્લામાં થયો હતો.
   (A) હુગલી (B) મુગલી (C) વારાણસી (D) પટણા
2. કયા વર્ષમાં "આત્મીય સભા"ની સ્થાપના કરવામાં આવી હતી ?
   (A) 1800 (B) 1805 (C) 1810 (D) 1815
3. _______ વર્ષની ઉંમરે ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા હતા.
   (A) 24 (B) 20 (C) 22 (D) 28
4. કયા વર્ષમાં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પરત ફર્યા હતા.
   (A) 1910 (B) 1914 (C) 1918 (D) 1922
5. ગાંધીજીએ કેટલા રચનાત્મક કાર્યક્રમો આપ્યા હતા ?
   (A) 10 (B) 11 (C) 18 (D) 21
6. મહાદેવ ગોવિંદ રાનડેનું અવસાન કયા વર્ષમાં થયું હતું.
   (A) 1901 (B) 1905 (C) 1910 (D) 1915
7. કયા વર્ષમાં ગોપાલકૃષ્ણ ગોખલે રાષ્ટ્રીય મહાસભાના સભ્ય બન્યા હતા.
   (A) 1886 (B) 1888 (C) 1889 (D) 1890
8. દાદાભાઈ નવરોજીનું આયુષ્ય કેટલા વર્ષનું હતું.
   (A) 90 (B) 91 (C) 92 (D) 95
9. ગોપાલકૃષ્ણ ગોખલેનો જન્મ કયા વર્ષમાં થયો હતો ?
   (A) 1840 (B) 1850 (C) 1866 (D) 1870
10. નીચેનામાંથી હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપનાના અગ્રણી કોણ હતા ?
    (A) દાદાભાઈ નવરોજી (B) રાજા રામમોહનરાય
    (C) ડૉ.આંબેડકર (D) મહાદેવ ગોવિંદ રાનડે

## 5.7 તમારી પ્રગતિ ચકાસોના સાચા જવાબો :

| | | | |
|---|---|---|---|
| 1. | (A) હુગલી | 6. | (A) 1901 |
| 2. | (D) 1815 | 7. | (C) 1889 |
| 3. | (A) 24 | 8. | (B) 91 |
| 4. | (B) 1914 | 9. | (C) 1866 |
| 5. | (C) 18 | 10. | (A) દાદાભાઈ નવરોજી |

## 5.8 ચાવીરૂપ શબ્દો :

**1. સમાજસેવા :**

લાચાર વ્યક્તિને મદદ કરવી એ સમાજ સેવા છે વર્ષોથી આપણા સમાજમાં સમાજસેવાની પ્રવૃત્તિ ચાલી રહી છે આ એક પરંપરાગત ખ્યાલ છે.

**2. સમાજ કલ્યાણ :**

પ્રાચીન સમયથી સમાજ કલ્યાણનો ખ્યાલ આપણી સમાજ વ્યવસ્થામાં જોવા મળે છે. સમાજનું કલ્યાણ એ સમાજ માટે પાયાની વાત છે. સમાજ વિકાસ માટે સમાજકલ્યાણ થવું જરૂરી છે.

**3. સમાજ સુધારણા :**

સમાજના અનિષ્ટો અને દૂષણોમાં સુધારો લાવવો જરૂરી છે તોજ સમાજનો વિકાસ થઈ શકે. આ કામગીરીને સમાજ સુધારણાની કામગીરી તરીકે ઓળખવામાં આવે છે.

**4. સમાજ સુધારકો :**

સમાજના અનિષ્ટો અને દૂષણો દૂર કરવા માટે જે લોકો કામ કરે છે તેને સમાજ સુધારકો તરીકે ઓળખવામાં ાવે છે. પ્રાચીન સમયમાં ઘણા સમાજ સુધારકોએ સમાજ સુધારણાનું કામ કર્યું હતું.

## 5.9 સ્વાધ્યાય લેખન :

1. નાનાજી દેશમુખનું સમાજ વિકાસના ક્ષેત્રે શું પ્રદાન છે ? તે અંગે વિગતે સમજાવો.
2. ભારતમાં સમાજ સુધારકોનો સમાજ કલ્યાણમાં શું ફાળો છે તે અંગે ચર્ચા કરો.
3. સમાજ સુધારણામાં રાજા રામમોહનરાયના પ્રદાન અંગે વિગતવાર ચર્ચા કરો.
4. આઝાદી મેળવવાના આંદોલન દરમ્યાન મહાત્મા ગાંધીની કામગીરી શું હતી ? તે જણાવો.
5. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોની ઉપયોગિતા જણાવો.
6. સમાજ સુધારણામાં દાદાભાઈ નવરોજીના પ્રદાન અંગે ચર્ચા કરો.
7. સમાજ સુધારણામાં મહાદેવ ગોવિંદ રાનડેની કામગીરી વિશે ચર્ચા કરો.
8. ગોપાલકૃષ્ણ ગોખલેની સમાજ સુધારણાની વિવિધ પ્રવૃત્તિઓ અંગે સમજાવો.

## 5.10 વૈયક્તિક અધ્યયન કરો :

1. વર્તમાન સમયમાં ગાંધી વિચારની ઉપયોગિતા અંગે ગાંધીયન કાર્યકરોની મુલાકાત લઈ વૈયક્તિક અધ્યયન કરો.
2. સ્ત્રી ભ્રુણ હત્યા અંગે તમારા ગામના એક કુટુંબની મુલાકાત લઈ કેસ સ્ટડી તૈયાર કરો.
3. વિધવા પુનઃલગ્ન અંગે તમારા ગામની કોઈ એક મહિલાની મુલાકાત લઈ કેસ સ્ટડી તૈયાર કરો.

## 5.11 પ્રવૃત્તિ કરો :

1. મહાત્મા ગાંધી સ્થાપિત કોચરલ આશ્રમ અને સાબરમતી આશ્રમની મુલાકાત લેવી.
2. રચનાત્મક કાર્યક્રમોની અસરકરતા વર્તમાન સમયમાં શું છે ?
3. વર્તમાન સમયના સમાજ પ્રશ્નોની યાદી તૈયાર કરો.

## 5.12 સંદર્ભ સૂચિ :

1. વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો

ડૉ. આનંદી પટેલ, વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ.

2. પારિભાષિક કોશ : સમાજશાસ્ત્ર, ડૉ.વિદ્યુત જોષી, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
3. ગાંધી-વિચાર-દોહન, કિ.ધ.મશરૂવાળા, નવજીવન, અમદાવાદ.
4. ગાંધીજી, જુગતરામ દવે, નવજીવન, અમદાવાદ.
5. રચનાત્મક કાર્યક્રમ તેનું રહસ્ય અને સ્થાન, મો.ક.ગાંધી. નવજીવન, અમદાવાદ.

*****************

# એકમ-6
# ભારતમાં સમાજ સુધારકોનો સમાજ કલ્યાણમાં ફાળો

રૂપરેખા :-


**6.0 ઉદ્દેશ્યો**

**6.1 પ્રસ્તાવના**

**6.2 સમાજ સુધારકોનો સમાજ કલ્યાણમાં ફાળો**

**6.3 સમાજ સુધારકોનો પરિચય**

**6.3.1 સ્વામી વિવેકાનંદ**

**6.3.2 ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર**

**6.3.3 જ્યોતિબા ફૂલે**

**6.3.4 સ્વામી દયાનંદ સરસ્વતી**

**6.3.5 રવિશંકર મહારાજ**

**6.3.6 સર સૈયદ અહમદ ખાન**

**6.4 સારાંશ**

**6.5 તમારી પ્રગતિ ચકાસો**

**6.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**6.7 ચાવીરૂપ શબ્દો**

**6.8 સ્વાધ્યાય લેખન**

**6.9 પ્રવૃત્તિ કરો**

**6.10 કેસ સ્ટડી તૈયાર કરો**

**6.11 સંદર્ભ સૂચિ**


## 6.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો આ એકમના અભ્યાસ બાદ તમે.....

ભારતીય સમાજમાં સમાજ દૂષણોને દૂર કરવામાં સમાજ સુધારકોનો અમુલ્ય ફાળો રહ્યો છે. આ એકમનો અભ્યાસ કરવા પાછળના મુખ્ય ઉદ્દેશ્યો નીચે મુજબ છે.

1. વિવિધ સમાજ સુધારકોનો પરિચય મેળવશો.
2. સમાજ સુધારણા માટે સમાજ સુધારકોના પ્રદાન વિશેની માહિતી પ્રાપ્ત કરશો.
3. પ્રાચીન સમાજ વ્યવસ્થામાં કયા-કયા સમાજ પ્રશ્નો હતા તે અંગેની જાણકારી મેળવશો.
4. સમાજ સુધારકોના વિવિધ ક્ષેત્રો ઉપરના પ્રદાન વિશે જાણકારી પ્રાપ્ત કરશો.
5. સમાજ સુધારકો દ્વારા સમાજના વિવિધ પ્રશ્નોની ઓળખ કરી તેમના દ્વારા કઈ રીતે સમાજ સુધારણાની કામગીરી થઈ હતી તે અંગેની વિસ્તૃત જાણકારી પ્રાપ્ત કરશો.
6. સમાજકાર્યને ભારતીય પરિપ્રેક્ષ્યમાં સમજવા માટે આ એકમ ખૂબ ઉપયોગી બની રહેશે.

## 6.1 પ્રસ્તાવના :

મિત્રો, એકમ-05 માં આપણે ભારતીય સમાજમાં સમાજ સુધારકોના પ્રદાન અંગે વિવિધ માહિતી અને જાણકારી પ્રાપ્ત કરી હતી. આ એકમના અભ્યાસ થકી જુદા-જુદા સમાજ સુધારકોએ વિશે આપણને વિસ્તૃત માહિતી પ્રાપ્ત થઈ હતી. જેમાં આપણે 06 જેટલા સમાજ સુધારકોનો પરિચય કેળવ્યો હતો.

આ એકમમાં પણ આપણે સમાજ સુધારકોના પ્રદાન વિશે જ વિગતે ચર્ચા કરવાના છીએ. ભારતીય સમાજનો ઈતિહાસ વર્ષો જૂનો છે. પ્રાચીન સમયથી આપણાં ભારતીય સમાજમાં અનેક દૂષણો અને અનિષ્ટો હતા. જેના પરિણામે સમાજનો સમાજ વિકાસ થઈ શકતો ન હતો. સમાજમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતુ. જેના પરિણામે અંધશ્રદ્ધા, બાળલગ્નો, જ્ઞાતિ અને જાતિગત ભેદભાવ, સતીપ્રથા, દિકરીને દૂધ પીતી કરવી, અને પતિના અવસાન પછી વિધવા બહેનો પુનઃલગ્ન કરી શકતી ન હતી. આ દૂષણો સમાજમાં વર્ષોથી ચાલ્લ્યા આવતા હતા. માટે એક પરંપરા બની ગઈ હતી. પહેલાંથી આમ ચાલ્યું આવે છે માટે બધું બરાબર છે. તેવી એક સમજ બની ગઈ હતી. આ દૂષણો અને અનિષ્ટોની સામે કોઈ અવાજ ઉઠાવી શકતું ન હતું. જે અવાજ ઉઠાવે તે લોકોને સમાજ વિરોધી ગણવામાં આવતા હતા. આ બધા દૂષણોની સામે કામ કરવું તે પ્રવાહની વિરુધ્ધ દિશામાં તણાવવા જેવું હતુ. આમ, છતાં પણ કેટલાક સમાજના અગ્રણીઓએ આ દિશામાં નોંધપાત્ર કામગીરી કરી હતી. તેવા લોકોને આપણે ‘‘સમાજ સુધારકો’’ તરીકે ઓળખીએ છીએ.

સમાજમાં સમાજ સુધારણાને પ્રવૃત્તિના લીધે જ સમાજ વિકાસ શક્ય બન્યો છે. સમાજ સુધારા વગર સેમાજિક વિકાસ શક્ય નથી, આજે આપણાં સમાજમાંથી અનેક સમાજ દૂષણો અને અનિષ્ટો દૂર થયાં છે તેના પાછળ સમાજ સુધારણાની કામગીરી જવાબદાર છે. સમાજ સુધારણાની પ્રવૃત્તિ એ જ સમાજ વિકાસને એક નવી રાહ અને દિશા આપી છે તેમ ગણાવી શકાય. જે સમાજમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોય ત્યાં બધાજ પ્રકારનાં અનિષ્ટો અને દૂષણો જોવા મળે છે.

આ અનિષ્ટોને દૂર કરવા માટે અનેક સમાજ સુધારકોએ પોતાનું જીવન સમર્પિત કર્યું છે. એકમ -05માં આપણે રાજા રામમોહનરાય, પૂજ્ય મહાત્મા ગાંધી, દાદાભાઈ નવરોજી, ગોપાલકૃષ્ણ ગોખલે, મહાદેવ ગોવિંદ રાનડે વગેરે જેવા સમાજ સુધારકોનો પરિચય મેળવ્યો હતો. આજે એકમ-06માં સ્વામી વિવેકાનંદ, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, જ્યોતિબા ફુલે, સ્વામી દયાનંદ સરસ્વતી, અને રવિશંકર મહારાજ જેવાં લોક સેવકો અને સમાજ સુધારકોનો પરિચય કરવાના છે. આ બધા જ સમાજ સેવકોનું એક ક્ષેત્રમાં પ્રદાન નથી, બલ્કે, વિવિધ ક્ષેત્રોમાં પ્રદાન છે. પોતાના કાર્યકાળ દરમ્યાન આ સમાજ સુધારકોએ સમાજના વિકાસ માટે જે અવરોધક બાબતો હતી તેના સંદર્ભમાં કામગીરી કરી છે. જેમાં કન્યા કેળવણી, સ્ત્રી શિક્ષણ, બાળ લગ્નોની અટકાયત, સતીપ્રથા નાબૂદી, વિધવા પુનઃલગ્ન, દિકરીને દૂધ પીતી કરવા જેવાં અનેક દૂષણો સામે કામ કર્યું છે. લોકોને આ બધા મુદ્દાઓ અંગે જાગૃત કરી સમાજ શિક્ષણનું ખૂબ ઉત્તમ કામ આ સમાજ સુધારકો દ્વારા કરવામાં આવેલ છે. આ સમાજ સુધારકો થકી થયેલ સમાજ કલ્યાણની વિવિધ કામગીરીઓને સમજવાનો અહીં પ્રયત્ન કરવામાં આવેલ છે.

## 6.2 સમાજ સુધારકોનો સમાજ કલ્યાણમાં ફાળો :

સમાજના દુઃખી અને જરૂરિયાત મંદ લોકોને મદદ કરવાની કામગીરી આપણે ત્યાં પ્રાચીન સમયથી ચાલે છે. વ્યક્તિમાં દયા, પ્રેમ, કરૂણા અને ભાઈચારાના પરિણામે વ્યક્તિમાં મદદનો ગુણ કેળવાય છે. સમાજ કલ્યાણ સમાજના નબળા અને જરૂરિયાતમંદ વ્યક્તિઓને જરૂરી મદદ કરવાનો ઉદ્દેશ રાખે છે. આજે આપણાં સમાજમાં અનેક લોકો સમાજની પ્રવર્તમાન વ્યવસ્થાઓમાં રહેલી ભેદભાવની સ્થિતિના કારણે ઘણી સમાજ સેવાઓનો ઉપયોગ કરી શકતા નથી. પરંપરાગત ધારણાઓ દ્વારા લોકોને આ સેવાઓથી વંચિત રાખવામાં આવે છે. આવા જરૂરિયાતમંદ વ્યક્તિઓને વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવી તે સમાજ કલ્યાણને પ્રમુખ ઉદ્દેશ્ય છે.

ફિડલેન્ડરના જણાવ્યા પ્રમાણે સમાજ કલ્યાણ સમાજ સેવાઓ તથા સંસ્થાઓની એક સંગઠિત વ્યવસ્થા છે. જે વ્યક્તિઓ તથા સમૂહોને એક સંતોષજનક જીવન સ્તર અને આરોગ્ય મેળવવામાં સહાયતા મેળવવા માટે નિર્મિત કરવામાં આવી છે. આનો સબંધ વ્યક્તિગત તથા સમાજ સબંધોથી છે. જે વ્યક્તિઓને પોતાની પૂર્ણ યોગ્યતાઓ વિકસીત કરવામાં અને સમુદાયની આવશ્યક્તાના સંદર્ભમાં પોતાના કલ્યાણમાં વધારો કરવામાં સહાયક હોય છે.

શ્રીમતી દુર્ગાબાઈ દેશમુખે સમાજ કલ્યાણ નિર્બળ વર્ગના લોકોના લાભ માટેનું એક વિશિષ્ટ કાર્ય છે. સ્ત્રીઓ, બાળકો, વિકલાંગો, માનસિક રૂપથી અવિકસીત તથા અન્ય પ્રકારની અક્ષમતાઓ ધરાવતા લોકોના લાભાર્થે અપાતી સમાજ સેવાઓનો સમાજ કલ્યાણમાં સમાવેશ થાય છે. વધુમાં તેઓ જણાવે છે કે સમાજકાર્ય એક પ્રક્રિયા છે જેનો ઉપયોગ સમાજ કલ્યાણના ફળની પ્રાપ્તિ માટે કરવામાં આવે છે. સમાજકાર્યકરો એવી વ્યક્તિઓ છે જે સમાજકાર્યના માધ્યમથી સમાજકલ્યાણની પ્રાપ્તિ માટે કાર્યરત રહે છે.

આમ, સમાજ કલ્યાણ એક આયોજિત વ્યવસ્થા છે. સમાજ સંસ્થાઓ લોકોની સેવા અને મદદ માટે ઘડાઈ છે. તેના દ્વારા લોકો જીવન અને આરોગ્યના સ્તરમાં સુધારો લાવે છે. સમાજકલ્યાણ એક રચનાત્મક અભિગમ છે જે લોકોને પોતાના દુઃખ અને મુશ્કેલીઓને સમજવામાં તથા તેમની જરૂરિયાતો પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

## 6.3 સમાજ સુધારકોનો પરિચય :

સમાજ સુધારણા માટે ભારતમાં ઘણાં સમાજ સુધારકોએ વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર કામગીરી કરી છે. જે પૈકીના કેટલાક સમાજ સુધારકોની મહત્ત્વની કામગીરી વિશે અહીં ચર્ચા કરવાનો પ્રયત્ન કરેલ છે. દરેક સમાજ સુધારકો વિશે ઘણું લખાયું છે પરંતુ તેમના વિશિષ્ટ પ્રદાન અંગેની કેટલીક નોંધપાત્ર બાબતો અંગે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. દરેક સમાજ સુધારક અંગેની ક્રમશઃ ચર્ચા કરવામાં આવેલ છે.

### 6.3.1 સ્વામી વિવેકાનંદ :



- ⇨ જન્મ 12 જાન્યુારી, 1863 કોલકત્તા, બંગાળ
- ⇨ બાળપણનું નામ - નરેન્દ્રનાથ
- ⇨ માતાનું નામ - ભુવનેશ્વરી દેવી
- ⇨ પિતાનું નામ - વિશ્વનાથ
- ⇨ નોંધપાત્ર કામગીરી - હિંદુધર્મના ઊંડા અભ્યાસી.
- ⇨ વિશ્વધર્મ પરિષદમાં સંબોધન.

⇨ જીવન સૂત્ર - "ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો."

⇨ અવસાન - 04 જુલાઈ 1902 કોલકત્તા.

❖ **જન્મ બાળપણ અને શિક્ષણ :**

ઓગણીસમી સદીના ક્રાંતિકારી આધ્યાત્મિક પુરુષ તરીકે સ્વામી વિવેકાનંદની ગણના થાય છે. ભારતના આધ્યાત્મિક વારસાનું નવ સંસ્કરણ કરનાર સ્વામી વિવેકાનંદ હતા. તેમનો જન્મ કોલકત્તાના સુપ્રસિદ્ધ વિદ્યાનુરાગી અને સંસ્કારી એવા દત્ત પરિવારમાં થયો હતો. તેમના બાળપણનું નામ નરેન્દ્રનાથ હતું. નામકરણ પહેલા દાદા દુર્ગાચરણના નામ ઉપરથી દુર્ગાદાસ નામ પાડવાનું વિચાર્યું હતુ. પરંતુ વીરેશ્વરની પૂજાથી પુત્રની પ્રાપ્તિ થઈ હોવાનું માતા માનતા હતા એટલે તેમનું નામ વીરેશ્વર પાડ્યું હતું. પરંતુ છેવટે નામમાં સુધારો કરી નરેન્દ્રનાથ નામ રાખવામાં આવ્યું હતું.

માતા ભુવનેશ્વરીદેવી પરમ ધર્માનુરાગી સન્નારી હતા. ભુવનેશ્વરી દેવીએ પુત્ર નરેન્દ્રને પ્રારંભનું શિક્ષણ આપ્યું હતું. રામાયણ અને મહાભારતની કથાઓ સાથે બંગાળી લિપિ શીખવાની પુત્ર નરેન્દ્રને વાકેફ કર્યા હતા. અને છ વર્ષની વયે 1869માં પાઠશાળામાં તેમને ભણવા મોકલ્યા હતા. પરંતુ ત્યાનું વાતાવરણ માફક ન આવ્યું. વળી, નરેન્દ્ર ખૂબ રમતિયાળ પ્રકૃતિના હતા. પિતાએ પાઠશાળાના બદલે ઘરે જ ભણાવવા માટે શિક્ષકને રોકયા હતા. નરેન્દ્રની તીવ્ર બુદ્ધિ અને ગ્રહણશક્તિના કારણે સાત વર્ષની વયે તો એણે "મુગ્ધ બોધ" નામનું સંસ્કૃત વ્યાકરણ શીખી લીધું હતું અને રામાયણનો કેટલોક ભાગ કંઠસ્થ કરી લીધો હતો. બાળપણમાં સ્વામી વિવેકાનંદને "રાજા"ની રમત ખૂબ ગમતી હતી. તે રમતમાં કાયમ રાજા જ બનતા હતા અને સત્તા ભોગવતા હતા. વિવેકાનંદ બાળપણથી જ ગરીબો પ્રત્યે અનુકંપા ધરાવતા હતા. સ્વામી વિવેકાનંદ રામકૃષ્ણ પરમહંસના શિષ્ય અને તેમના વિચારોના સંદેશાવાહક હતા. નરેન્દ્રને પધ્ધતિસરનું શિક્ષણ મળે તે માટે ઈ.સ.1871માં પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની મેટ્રોપોલિટન ઈન્સીટ્યૂટમાં દાખલ કરવામાં આવ્યા હતા. અહીં તેમને ખૂબ સારું શિક્ષણ પ્રાપ્ત થયું. તેમની અસાધારણ બુદ્ધિથી ત્યાંના શિક્ષકો ખૂબ પ્રભાવિત થયા હતા. કોઈ જ્યોતિષાએ નરેન્દ્રનાથ સંન્યાસી બનશે તેવું ભવિષ્ય ભાખ્યું હતું.

❖ **ઓગણીસમી સદીના ક્રાન્તિકારી આધ્યાત્મિક પુરુષ સ્વામી વિવેકાનંદ :**

વિલક્ષણ અને વિચક્ષણ વ્યક્તિત્ત્વ ધરાવતા સ્વામી વિવેકાનંદ ઓગણીસમી સદીના ક્રાન્તિકારી આધ્યાત્મિક પુરુષ હતા. તેઓ વ્હેમ અને અંધશ્રદ્ધામાં માનતા ન હતા. અને કોઈથી ડરતા નહિ. વ્યાયામ પ્રત્યે તેમને વધારે રુચિ હતી. 1877માં પિતાએ મધ્યપ્રદેશના રાયપુરમાં નિવાસ કર્યો ત્યારે પિતાથી વિશેષ પરિચીત થયા અને પિતા પણ પુત્ર નરેન્દ્રની બુદ્ધિથી વાકેફ થયા હતા. એ ઉમદા પિતાએ નરેન્દ્રનાથનું ઘડતર કર્યું હતું.

સ્વામી વિવેકાનંદ અનેકવિધ પ્રવૃત્તિઓ કરતા હતા. ભણવાની સાથે તેમને સંગીતમાં પણ રુચિ થઈ. એટલે અહમદખાન અને વેણીગુપ્ત પાસે પધ્ધતિસરની તાલીમ લીધી હતી. સ્વામી વિવેકાનંદે યુવાનીમાં પ્રવેશ કર્યો અને ઉચ્ચશિક્ષણ મેળવવા માટે તેઓ પ્રેસિડેન્સી કોલેજમાં દાખલ થયા હતા. 1881માં ફર્સ્ટ આર્ટસની પરીક્ષા બીજા વર્ગમાં પસાર કરી એજ વર્ષે નવેમ્બર માસમાં શ્રી રામકૃષ્ણ પરમહંસને મળવાનું થયું હતું.

કૉલેજકાળ દરમિયાન વિવેકાનંદે પશ્ચિમના ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. એ જ

રીતે તત્ત્વજ્ઞાન અને ઈતિહાસનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. એમની અભ્યાસ નિષ્ઠાથી કોલેજના અધ્યાપકો ખૂબ પ્રભાવિત થયા હતા. તેઓ અભ્યાસ સાથે એ યુગના પ્રાંતોમાં સક્રિય રસ ધરાવતા હતા. બ્રહ્મોસમાજમાં જોડાયા હતા. કેસવચંદ્ર સેન એમાં અગ્રણી હતા. એમનું વ્યક્તિત્ત્વ યુવાનોને ખૂબ આકર્ષિત હતુ.

સ્વામી વિવેકાનંદ દક્ષિણેશ્વર ગયા અને શ્રી રામકૃષ્ણની છાયામાં એમના આધ્યાત્મિક વ્યક્તિત્વને વેગ મળ્યો. એ આધ્યાત્મિક પ્રગતિના પગથિયાં ચઢી રહ્યા હતા ત્યારે શ્રી રામકૃષ્ણનું સ્વાસ્થ્ય બગડતું હતું. સ્વામી વિવેકાનંદ ત્યારે સતત સાથે રહેતા હતા. 1886ની 16મી ઓગસ્ટે શ્રી રામકૃષ્ણે જીવનલીલા સંકેલી લીધી હતી. તેમની ચિર વિદાય પછી વિવેકાનંદ અને અન્ય શિષ્ય થોડા દિવસ કાશીપુરમાં રહ્યા હતા. વરાહનગર મઠમાં જે યુવકોએ વિધિપૂર્વક વિરજાહોમ કર્યો તેમાં નરેન્દ્રનાથ પણ એક હતા. હવે એમણે પૂર્વજીવનના સબંધો અને સંસારી નામ ત્યાગીને સંન્યાસી નામો ધારણ કર્યા હતા. નરેન્દ્રનાથે ત્યારે ''વિવેકાનંદ''નામ ધારણ કર્યું હતું.

વિવેકાનંદ બન્યા પછી એમણે પરિવ્રાજક જીવનનો પ્રારંભ કર્યો અને ભારતમાં પરિભ્રમણ કર્યું હતું. પહેલાં ઉત્તર ભારતના તીર્થોમાં ફર્યા પછી હિમાલયમાં પરિભ્રમણ કર્યું હતું. ભારત વર્ષની યાત્રા દરમ્યાન એમણે અમેરિકા જવાનું વિચાર્યુ હતું. તેની પાછળનો મુખ્ય આશય દ્રવ્ય (પૈસા) કમાવાનો અને તે દ્વારા ભારતની નવરચના કરવાનો હતો. દુઃખી દેશ બાંધવોના દુઃખોના નિવારણ માટે એમણે દેશભક્તિમાં સંન્યાસ જોયો અને સંન્યાસમાં દેશભક્તિ જોઈ હતી. કન્યાકુમારીના સાગર કાંઠે શિલા-રૉક પર વિવેકાનંદને આ દર્શન થયું તે શિલા આજે ''વિવેકાનંદ રૉક'' તરીકે ઓળખાય છે. ઈ.સ.1888 થી શરૂ થયેલું વિવેકાનંદનું પરિભ્રમણ 1892 સુધી ચાલ્યું હતું. આ પરિભ્રમણનો પધ્ધતિસરનો ઈતિહાસ મળતો નથી. પણ, આ પરિભ્રમણ દરમ્યાન સ્વામી વિવેકાનંદને ભારતનું દર્શન ચોક્કસ થયું હતું એમ માનવામાં આવે છે.

❖ **વિશ્વ ધર્મ પરિષદમાં ભાગીદારી :**

31, મે, 1893માં પી.એન્ડ ઓ. કંપનીની સ્ટીમરમાં વિવેકાનંદ અમેરિકા ગયા હતા. ત્યાં જવાનો એમનો ચોક્કસ હેતુ એ હતો કે વેદાન્તજ્ઞાનનો પ્રચાર અને ભારત માટે આર્થિક સહાય મેળવવાનો હતો. વિવેકાનંદ કોલંબોથી હોંગકોંગ થઈને જાપાન થી શિકાગો પહોંચ્યા હતા. શિકાગોમાં એ મિસિસ હેલને ત્યાં રોકાયા હતા. સાંજની સભામાં વિવેકાનંદે ખૂબ ટૂંકુ વ્યાખ્યાન આપ્યું હતું. એમણે કરેલું સંબોધન ''બહેનો અને ભાઈઓ'' સહુને આકર્ષાઈ ગયું અને સભાએ તાળીઓના ગડગડાટથી એમના શબ્દો વધાવી લીધા હતા. એ વ્યાખ્યાનમાં એમણે કહેલું ''મને ગર્વ થાય છે કે હું એક એવા રાષ્ટ્રનો પ્રતિનિધિ છું કે જેણે જુલમનો ભોગે તથા નિરાશ્રિત થયેલા પૃથ્વીના તમામ ધર્મો અને દેશોના લોકોને આશ્રય આપ્યો છે.'' વિવેકાનંદના વ્યાખ્યાનમાં હૃદયને સ્પર્શતી સરચાઈ થી વિવેકાનંદ છવાઈ ગયા હતા. એ પરિષદમાં એમણે પછીથી ''હિન્દુ ધર્મ'' વિશે વ્યાખ્યાન આપેલું જેનાથી એમની ખ્યાતિ વિશ્વમાં થઈ હતી.

સ્વામી વિવેકાનંદના વિવિધ વ્યાખ્યાનોથી લોકો ખૂબ પ્રભાવિત હતા. વિવિધ અખબારોમાં પણ આ અંગેની નોંધ લેવામાં આવી હતી. ધી ન્યુયોર્ક હેલોન્ડમાં લખાયું હતું કે ''સ્વામી વિવેકાનંદ વિશ્વ ધર્મ પરિષદની સૌથી મહાન વિયક્તિ છે,'' એમાં શંકા નથી. એમણે અમેરિકામાં ઘણાં વ્યાખ્યાનો આપીને હિંદુધર્મની ભવ્યતા ઉજાગર કરી હતી. ભારતમાં તેમના કાર્યોને અંજલિ આપવા માટે કોલકત્તામાં સભાનું આયોજન થયું હતુ. સ્વામીજી

ભારતમાં લોકોના હૃદયમાં વસી ગયા હતા. 1896ના અંતમાં તેઓ યુરોપથી ભારત આવ્યા હતા.

ઈ.સ. 1897ના ફેબ્રુઆરી માસમાં સ્વામીજી ચેન્નાઈ સ્ટેશને પહોંચ્યા ત્યારે તેમનું અપૂર્વ ઉત્સાહ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વામીજી ચેન્નાઈ (મદ્રાસ)માં નવ દિવસ રોકાયા હતા. ત્યાં એમનું "માનપત્ર" આપીને સન્માન કરવામાં આવ્યું હતુ. અહીં પણ એમણે વિવિધ જગ્યાઓ ઉપર પોતાના ઉત્તમ વ્યાખ્યાનો આપ્યા હતા. ચેન્નાઈ થી 15 ફેબ્રુઆરી એ તેઓ સ્ટીમર મારફતે કોલકત્તા ગયા હતા. કોલકત્તામાં પણ તેમનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યુ હતુ. બંગાળમાં પણ સ્વામી વિવેકાનંદ પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરતાં ઘણાં વ્યાખ્યાનો આપ્યા હતા. સતત કામના લીધે એમનું સ્વાસ્થ્ય બગડતું ગયું હતું. 1901માં તેઓ પુનઃ બેલૂર મઠમાં આવ્યા અને પ્રવૃત્તિઓના ભાર તળે ફરીથી એમની તબિયત બગડી. છતાં પણ તેમની સક્રિયતામાં સહેજ પણ ઘટાડો થયો નહી. શિષ્યોની વચ્ચે જ રહીને શાસ્ત્રોનું અધ્યયન અને અધ્યાપન કર્યું હતું. જીવનભર વિવિધ કર્મમાં મગ્ન સ્વામી વિવેકાનંદનું 04 જુલાઈ 1902ના રોજ અવસાન થયુ હતું. અવસાન થયું ત્યારે એમની ઉંમર 39 વર્ષ, 05 માસ અને 24 દિવસ હતી. બૌદ્ધિક, ભૌતિક અને આધ્યાત્મિકતાનો સમન્વય સાધવો એ સ્વામી વિવેકાનંદનો આદર્શ હતો. મનુષ્ય જાતિનું કલ્યાણ એમનું ધ્યેય રહ્યું હતું, એ ઈશ્વરના દૂત હતા. સ્વામી વિવેકાનંદ યુવાનોના આદર્શ હતા. સ્વામી વિવેકાનંદે "ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો" તે સૂત્ર આપ્યું હતું. આ સૂત્ર આજે પમ દેશ અને દુનિયામાં ખૂબ જાણીતું બન્યું છે. જે સ્વામી વિવેકાનંદની લોકપ્રિયતા બતાવે છે.

### 6.3.2 ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર :



- ⇨ સમાજ સુધારક અને કેળવણીકાર ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર.
- ⇨ જન્મ 26 સપ્ટે - 1820 વીરસિંહ ગામ, જિ.મિદનાપોર પશ્ચિમ બંગાળ
- ⇨ ઠાકુરદાસ બંદ્યોપાધ્યાય નામના ગરીબ બ્રાહ્મણને ત્યાં જન્મ
- ⇨ માતાનું નામ - ભગવતી દેવી
- ⇨ સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કુલ 52 પુસ્તકો, તેમાંથી 17 સંસ્કૃત, 05 અંગ્રેજી તથા બાકીના બંગાળી છે. તેમને બંગાળી ગદ્યના આદ્યશિલ્પી ગણવામાં આવ્યા છે.

❖ **જન્મ, બાળપણ અને શિક્ષણ :**

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું એક અનોખું વ્યક્તિત્ત્વ કેળવણીકાર, સમાજ સુધારક, દાનવીર અને લેખક તરીકે તેમની નોંધપાત્ર કામગીરી. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ ઠાકુરદાસ બંદ્યોપાધ્યાય નામના ગરીબ બ્રાહ્મણને ત્યાં થયો હતો. તેમની માતાનું નામ ભગવતીદેવી હતું. શરૂઆતમાં તેઓ પાઠશાળામાં અભ્યાસ કર્યા પછી 1829માં કોલકત્તાની સંસ્કૃત કોલેજમાં દાખલ થયા હતા. અભ્યાસ દરમ્યાન સારો પરિણામો લાવવાથી 1831માં

તેમને માસિક પાંચ રૂપિયાની શિષ્યવૃત્તિ મળી હતી. અહીં તેમણે સાહિત્ય, વેદાંત, સ્મૃતિ, વ્યાકરણ, ન્યાય (તર્કશાસ્ત્ર), અલંકાર અને જ્યોતિષનો અભ્યાસ કર્યો હતો.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અભ્યાસમાં ખૂબ તેજસ્વી હતી. શિક્ષણ ક્ષેત્રે તેમણે મેળવેલ સિદ્ધિઓની કદર કરીને તેમને "વિદ્યાસાગર"ની માનાર્હ પદવી સંસ્કૃત કોલેજના સંચાલકો તરફથી મળી હતી. ધીરજ, પ્રામાણિક્તા, નિખાલસતા, દયા, ધર્મનિષ્ઠા, સત્ય અને ન્યાયમાં વિશ્વાસ જેવાં ગુણો તેમને માતા-પિતા પાસેથી મળ્યા હતા. સંસ્કૃત કોલેજમાં સંસ્કૃતના વ્યાકરણનો ઉંડાણથી તેમણે અભ્યાસ કર્યો હતો. આ ઉપરાંત, અંગ્રેજી અને હિંદીનો પણ તેમણે ખૂબ અભ્યાસ કર્યો હતો.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે 1841માં અભ્યાસ પૂરો કર્યો પછી તેઓ ફોર્ટ વિલિયમ કોલેજ (કોલકત્તા)માં પંડિત તરીકે સરકારી નોકરીમાં નિમાયા હતા. આ દરમિયાન પણ તેમણે ખાનગી ટ્યૂશન રાખીને અંગ્રેજીનો અભ્યાસ કર્યો હતો. સંસ્કૃત કોલેજના મદદનીશ સેક્રેટરી તરીકે તેમણે સુધારા માટે કેટલીક દરખાસ્તો કરી હતી. પરંતુ શિક્ષણ સમિતિ દ્વારા તેમનો સ્વીકાર ન થવાથી તેમણે સ્વમાન ખાતર તે હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું. 1849માં તેમને ફોર્ટ વિલિયમ કોલેજના હેડ ાસિસ્ટન્ટ, બીજે વર્ષે સંસ્કૃત કોલેજમાં પ્રોફેસર તથા તે પછીના વર્ષે તેમને પ્રિન્સીપાલ તરીકે નીમવામાં આવ્યા હતા ત્યાં તેમણે વિવિધ સુધારા કર્યા હતા.

ઈ.સ. 1855માં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને પ્રિન્સિપાલની ફરજો સાથે તેમને હુગલી, મિહનાપુર, બર્દવાન તથા નાદિયા જિલ્લાઓ માટે સ્પેશ્યલ ઈન્સ્પેક્ટર ફોર સ્કૂલ્સ તરીકે માસિક રૂા.500/-ના પગારથી નીમવામાં આવ્યા હતા. આ દરમ્યાન તેમણે જિલ્લાઓમાં આદર્શ માતૃભાષાની શાળાઓ તથા કન્યા કેળવણી માટે શાળાઓની શરૂઆત કરી હતી. તેમની આ વિશિષ્ટ અને નોંધપાત્ર કામગીરીથી તેમના ઉપર વડા નારાજ થયા હતા, તેતી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે 1858માં સરકારી નોકરી છોડી દીધી હતી.

❖ **શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી :**

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે શિક્ષણના ફેલાવા માટે જુદી-જુદી શાળાઓની શરૂઆત કરી હતી. સંસ્કૃત કૉલેજમાં ફેરફારો કર્યા હતા. અંગ્રેજી ભણવાની સુવિદ્યાઓમાં તેમણે વધારો કરી અને દલિત વિદ્યાર્થીઓ માટે રૂઢિવાદી સંસ્કૃત કોલેજના દરવાજા ખોલ્યા હતા. ઈ.સ. 1864માં તેમણે જાણીતો મેટ્રોપેલિટન કૉલેજ સ્થાપી હતી. આ ઉપરાંત, તેઓ ગર્વમેન્ટ વોર્ડ્ઝ ઈન્સ્ટિટ્યૂશન, હિંદુ ફેમિલી ઍન્યુઈટી ફંડ અને દેવેન્દ્રનાથ ઠાકુરની તત્વબોધિની સભાની કાર્યવાહીમાં સંકળાયેલા હતા. ધી ઈન્ડિયન એસોસીએશન ફોર ધ કલ્ટિવેશન એન્ડ સાયન્સની પ્રવૃત્તિમાં પણ તેઓ રસ ધરાવતા હતા. ઈ.સ.1853માં તેમણે એક નિઃશુલ્ક શાળા સ્થાપી અને 1890માં તેમની માતાની સ્મૃતિમાં પોતાના વતનમાં વીરસિંહ ભગવતી વિદ્યાલયની સ્થાપના કરી હતી.

ઈશ્વરચંદ્ર સંસ્કૃત અને વિવિધ શાસ્ત્રોમાં કુશળ હોવા સાથે તેઓ ખૂબ પ્રગતિશીલ વિચારો ધરાવતા હતા. 1849માં મહિલા શિક્ષણ માટે તેઓ એક શાળાની શરૂઆત કરવા માગતા હતા પણ, તે વખતે રૂઢિચુસ્ત લોકોએ તેનો વિરોધ કર્યો. વિદ્યાસાગર રૂઢિચુસ્ત લોકોની વિરુદ્ધમાં જઈ તેના સેક્રેટરી તરીકે કામ કર્યું હતું. ગામડાઓમાં મહિલા શિક્ષણનો ફેલાવો કરવા કાર્યમાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને બંગાળના તે સમયના ગર્વનરે ઘણું પ્રોત્સાહન આપ્યું હતું.

❖ **એક અણનમ સુધારક તરીકે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર :**

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર એક અણનમ સમાજ સુધારક હતા. વિવિધ વિષયોનું જ્ઞાન ધરાવનાર એક વિદ્વાન તરીકે જ નહી, પરંતુ તેઓ સમાજ સુધારક તરીકે ખૂબ જાણીતા હતા. તેઓને દલિત સમુદાય પ્રત્યે અપાર પ્રેમ અને સહાનૂભૂતિ હતી. આ ઉપરાંત, ઉત્કૃષ્ટ સમાજ અને શૈક્ષણિક સુધારા કરવા માટે દેશવાસીઓ વિદ્યાસાગર માટે આદર અને સદ્‌ભાવ ધરાવતા હતા. દેશના અંતરિયાળ ગામોમાં પણ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર તેમની ઉદારતા અને પરોપકાર માટે તેઓ ખૂબ જાણીતા હતા.

વિધવા વિવાદ શરૂ કરવા તથા બહુપત્ની પ્રથા દૂર કરવા માટે તેમણે ખૂબ લડત આપી હતી. લડતની સાથોસાથ તેમણે આ બધા અનિષ્ટો દૂર કરવા માટે સરકારશ્રીનું ધ્યાન દોરવા સરકારમાં અરજી કરી હતી. આ ઉપરાંત, સમાજમાં આ અંગે એક દાખલો બેસાડવા માટે તેમણે પોતાના પુત્રને એક વિધવા સાથે પરણાવ્યો હતો.

ઈસ્વરચંદ્ર વિદ્યાસાગરે કોઈ વિદેશી પ્રવાસ કર્યો નહતો. પરંતુ લેથ્થુન, હેલ્લીડે, સેટનકાર, લેડન, માર્શલ વગેરે જેવા વિદેશી લોકોના સંપર્કમાં હતા. તેઓ પાસેથી જરૂરી મદદ અને માર્ગદર્શન મેળવતા હતા. તેમના પ્રભાવથી જ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર પ્રગતિશીલ વિચારો અને ઉદાર દષ્ટિબિંદુ ધરાવતા થયા હતા. તેઓ ગરીબાઈમાં જ ઉછર્યા હતા. માટે તેમને ગરીબો અને દુઃખી લોકોની સેવા કરવા માટેની પ્રબળ ભાવના તેમનામાં જાગૃત થઈ હતી. તેઓ પોતાની કમાણીમાંથી બચત કરીને અનેક ગરીબ વિદ્યાર્થીઓ અને વિધવા બહેનોને મદદ કરતા હતા. 1867-08ના વર્ષમાં બંગાળમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. તે વખતે તેમણે સરકારની સહાય લઈને અને પોતાની બચતમાંથી જીવન ઉપયોગી વસ્તુઓની પુરી પાડી હતી. આ ઉપરાંત, પોતાના ઘરે ભોજનશાળા ચલાવે લોકોને મોતના મુખમાંથી બચાવ્યા હતા.

❖ **સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન :**

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન હતું. તેમણે કુલ-52 જેટલા પુસ્તકો લખ્યા હતા. જે પૈકી 17 સંસ્કૃત, 05 અંગ્રેજી તથા બાકીના પુસ્તકો બંગાળી ભાષામાં લખ્યા હતા. તેમને બંગાળી ગદ્યના આદ્યશિલ્પે ગણવામાં આવ્યા છે. વૈતાલ પંચવિશતિ (1847), શકુંતલા (1855) અને સીતાવનવાસ - (1862) - આ ત્રણ રચનાઓએ તેમને સાહિત્ય ક્ષેત્રે ખૂબ પ્રતિષ્ઠા અપાવી છે. જેમાં "શકુંતલા" - કાલિદાસના સંસ્કૃત નાટકને આધારે લખાયેલી બંગાળી નવલકથા છે અને "સીતાવનવાસ" સ્વતંત્ર ગ્રંથ છે. તેમના અન્ય ગ્રંથોમાં "બાંગ્લાર ઈતિહાસ", બૌધોદય, સંસ્કૃત વ્યાકરણ ઉપક્રમણિકા (04 ભાગ), વર્ણ પરિચય, કથામાલા, ચરિતાવલી વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, તેમણે "આનંદ મંગલ", વૈતાલ પચીસી, રઘુવંશમ્, કિરાતાર્જુનીયમ્ શિશુપાલવધ, કાદમ્બરી અને મેઘદૂતમ્ વગેરે જેવા ગ્રંથોનું સંપાદન કર્યું હતું.

### 6.3.3 જ્યોતિબા ફુલે :

⇨ જન્મ 11 એપ્રિલ - 1827 સાતારા

⇨ વ્યવસાય - ક્રાંતિકારી.

⇨ નોંધપાત્ર પ્રદાન એક વિચારક, સમાજ સુધારક, લેખક, તત્ત્વ ચિંતક, દાર્શનિક, વિદ્વાન અને સંપાદક, અસ્પૃશ્યતા નિવારણ ક્ષેત્રે મહત્ત્વની કામગીરી

⇨ મૃત્યુ - 28 નવેમ્બર, 1890 પુના.

❖ **જ્યોતિબા ફુલેનો પરિચય :**



મહાત્મા જ્યોતીબા ગોવિંદરાવ ફુલે. તેમનો જન્મ 11 એપ્રિલ 1827માં થયો હતો. તેઓ એક વિચારક, સમાજ સુધારક, લેખક, તત્વચિંતક, દાર્શનિક, વિદ્વાન અને ખૂબ સારા સંપાદક હતા. તેઓ અને તેમને પત્ની સાવિત્રીબાઈ ફુલેએ સ્ત્રી શિક્ષણની ચળવળનો પાયો નાખ્યો હતો. આ ઉપરાંત, શિક્ષણ, કૃષિ, જ્ઞાતિપ્રથા, સ્ત્રીઓ અને વિધવાઓનાં ઉત્થાન અને અસ્પૃશ્યતા નિવારણના ક્ષેત્રોમાં તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. તેમનું મહત્ત્વનું યોગદાન સ્ત્રીઓ અને નીચી જ્ઞાતિના મનાતા લોકોના શિક્ષણ ક્ષેત્રે હતું. તેમણે પોતાની પત્નીને ભણાવ્યા પછી 1848માં ભારતની બાલિકાઓ માટેની ભારતની પ્રથમ શાળા શરૂ કરી હતી. તેમણે 24 સપ્ટે - 1893ના રોજ પુના ખાતે સત્યશોધક સમાજની સ્થાપના કરી હતી.

❖ **પ્રારંભિક જીવન :**

જ્યોતિરાવ ફુલેનો જન્મ 1827માં પૂણેમાં થયો હતો. તેમની માતાનું નામ ચિમનાબાઈ અને પિતાનું નામ ગોવિંદરાય હતું. જ્યોતિબા જ્યારે, બે વર્ષના હતા ત્યારે જ તેમની માતાનું અવસાન થયું હતું. તેમનો પરિવાર પેઢીઓથી સતારાથી પુણે આવીને ફુલોના ગજરા વેચવાનું કામ કરતો હતો. તેઓ માળી કામ કરતા હોવાથી તેમનાં પરિવાર ફુલ તરીકે ઓળખાતો હતો. જ્યોતિબા એ પ્રાથમિક શાળામાં લેખન, વાંચન અને અંકગણિતની પાયાની બાબતો શીખી લીધા બાદ તેઓ અધવચ્ચે અભ્યાસ છોડીને પરિવારના વ્યવસાયમાં જોડાઈ ગયા હતા. દુકાન અને ખેતીના વિવિધ કામોમાં તેઓ મદદ કરતા હતા. માળી માંથી ઈસાઈ ધર્મ અંગિકાર કરેલ એક વ્યક્તિએ ફૂલેની બુદ્ધિમતા જોઈને ફુલેના વધુ અભ્યાસ માટે તેમના પિતાને સમજાવ્યા જેથી ફુલેને સ્થાનિક ''સ્કોટીશ મિશન હાઈસ્કૂલ''માં દાખલ કરવામાં આવ્યા હતા. તેમણે 1847માં અંગ્રેજીનો અભ્યાસ પૂરો કર્યો હતો. સમાજ રીત-રિવાજો અને સમાજની પરંપરા અનુસાર માત્ર 13 વર્ષની નાની ઉંમરે તેમના લગ્ન કરવામાં આવ્યા હતા.

1848ના વર્ષનો એક બનાવ જ્યોતિબા માટે તેમના જીવનમાં સીમાચિહ્નરૂપ રહ્યો છે. જ્યારે તેઓ તેમના એક બ્રાહ્મણ મિત્રના લગ્નમાં હાજરી આપવા ગયા હતા તે દરમ્યાન તેમણે લગ્ન સમારોહ દરમ્યાન વિવાહ સરઘસમાં ભાગ લીધો હતો. પાછળથી આ સંદર્ભે તેમના મિત્રના માતા-પિતા દ્વારા ઠપકો મળ્યો અને તેમનું અપમાન કરવામાં આવ્યું હતું. તેમને ભારપૂર્વક કહેવામાં આવ્યું હતું કે તેઓ નીચી જાતિના હોવાથી તેમણે આ સમારોહથી દૂર રહેવું જોઈતું હતું. આ ઘટનાથી ફુલે ખૂબ દુઃખી અને વ્યથિત થયા હતા. આ જાતિ વ્યવસ્થાના અન્યાયની તેમના ઉપર ખૂબ ઊંડી અસર પડી હતી.

❖ **સમાજ સક્રિયતા :**

1848માં 23 વર્ષની ઉંમરે તેમણે ''ઈસાઈ મિશનરી'' દ્વારા સંચાલિત એક કન્યાશાળાની મુલાકાત લીધી. આજ વર્ષે તેમણે ''થોમસ પેઈનેનું પુસ્તક'' મનુષ્યના અધિકાર વાંચ્યું. જેનાથી પ્રભાવિત થઈને તેમનામાં સમાજ ન્યાયની ભાવના વિકસિત થઈ હતી. તેમણે અનુભવ્યું કે ભારતીય સમાજમાં નીચલી જાતિઓ અને સ્ત્રીઓને ખૂબ નુકશાન થયું છે. અને આ વર્ગોની મુક્તિ માટે શિક્ષણ ખૂબ મહત્ત્વપૂર્ણ છે આ માટે સૌ પ્રથમ તેમણે તેમની પત્નીને વાંચતા લખતા શીખવ્યુ હતું. ત્યારબાદ આ દંપત્તિએ પૂણેમાં કન્યાશાળા શરૂ

કરી હતી. જ્યોતિબા ફુલે તેમના પુસ્તક ''ગુલામગીરી''માં જણાવે છે કે આ પ્રથમ શાળા બ્રાહ્મણ અને ઉચ્ચ જાતિઓ માટે હતી પરંતુ તેમના જીવનીકારના મત પ્રમાણે આ શાળા નીચલી જાતિની કન્યાઓ માટે હતી. તેમણે વિધવા વિવાહનું સમર્થન કર્યુ અને 1863માં સર્ગભા વિધવાઓ સુરક્ષિત જગ્યાએ બાળકોને જન્મ આપી શકે તે માટે તેમણે એક ઘરની શરૂઆત કરી હતી. આમ, જયોતિબા ફૂલેએ નીચલી જાતિઓની સમાજ અસ્પૃશ્યતાના કલંકને દૂર કરવા ઘણાં પ્રયત્નો કર્યા હતા.

❖ **સત્ય શોધક સમાજની સ્થાપના :**

24 - સપ્ટેમ્બર 1873ના રોજ જ્યોતિબા ફુલે એ સ્ત્રીઓ, દલિતો અને શુદ્રો જેવા સમાજના શોષિત સમૂહોના અધિકાર માટે ''સત્ય શોધક સમાજની'' સ્થાપના કરી હતી. સત્ય શોધક સમાજે તર્ક સંગત વિચારના પ્રસાર માટે અભિયાન ચલાવ્યું. તેમજ પૂજારીઓની જરૂરિયાતને નકારી દીધી હતી. તેમણે સત્યશોધક સમાજની સ્થાપના માનવતા, સુખ, એકતા, સમાનતા અને સહજ ધાર્મિક સિદ્ધાંતોના આદર્શ માટે કરી હતી.

❖ **કેટલીક નોંધપાત્ર બાબતો :**

11 મે -1888ના રોજ મુંબઈના અન્ય એક સમાજ સુધારક વિઠ્ઠલરાવ કૃષ્ણાજી વંદેકરે જ્યોતિબા ને ''મહાત્મા''ની પદવી થી સન્માનિત કર્યા હતા.

⇨ ભારતના પ્રથમ કાયદા મંત્રી અને બંધારણના ઘડવૈયા ડૉ.બાબા સાહેબ આંબેડકરે જ્યોતિબા ફુલેને તેમના ત્રણ ગુરુઓ પૈકી એક તરીકે સ્વીકાર્યા હતા.

⇨ ફુલેના સન્માનમાં ઘણાં સ્મારકો બનેલા છે. કેટલાક જાણીતા સ્મારકોની વાત કરીએ તો,

(1) મહારાષ્ટ્ર વિધાનસભા ભવનના પરિસરમાં પૂર્ણ કદની પ્રતિમા

(2) મુંબઈમાં મહાત્મા જ્યોતિબા ફુલે બજાર

(3) મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના શહરીમાં મહાત્મા ફુલે કૃષિ વિદ્યાપીઠ (કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે.)

### 6.3.4 સ્વામી દયાનંદ સરસ્વતી :



⇨ જન્મ 12 ફેબ્રુઆરી - 1824
⇨ મૂળનામ મૂળશંકર તિવારી
⇨ જન્મ સ્થળ : લજાઈ (ટંકારા) જિ.મોરબી
⇨ માતાનું નામ : કરશનદાસ તિવારી
⇨ ગુરુ - સ્વામી વિરજાનંદ
⇨ મુખ્ય રચના - સત્યાર્થ પ્રકાશ
⇨ સ્થાપક - આર્યસમાજ
⇨ મૃત્યુ - 30 ઓક્ટો - 1883.

❖ **જન્મ, બાળપણ અને જીવન :**

સ્વામી દયાનંદ સરસ્વતીનો જન્મ 12 ફેબ્રુઆરી 1824માં ગુજરાતમાં થયો હતો. મહર્ષિ દયાનંદ સરસ્વતી આર્ય સમાજના સ્થાપક અને પ્રખર સુધારાવાદી સંન્યાસી હતા, જેમણે સૌ પ્રથમ સંસ્કૃતજ્ઞ ''વિદ્વંતસંસારને'' વેદાર્થ અને શાસ્તાર્થ માટે લલકાર્યા એ સ્વામી દયાનંદ સરસ્વતી હતા.

સમાજમાં ઘણી સમાજ બદીઓ અને દૂષણો હતા. સમાજ દૂષણોને દૂર કરી તેમણે આર્ય સમાજની સ્થાપના કરી હતી. પિતા કરસનદાસ લાલજી ત્રવાડી જેઓ કલેક્ટર હતા. સ્વામી દયાનંદ સરસ્વતીનું બાળપણનું નામ મૂળશંકર હતું. તેઓ ખૂબ બુદ્ધિશાળી હતા. તેમને ''યજુર્વેદસંહિતા'' કંઠસ્થ હતી. તેઓ ખૂબ જિજ્ઞાસું હતા. તેમણે મહાશિવરાત્રીના દિવસે ઉપવાસ કર્યો હતો. ઉપવાસી મૂળશંકર મહાશિવરાત્રીના દિવસે શિવલીંગ પર ઉંદરડા ફરતા જોઈ તેમને અસલી શિવ શોધવાની તમન્ના જાગી હતી. પુખ્ત વયે પહોંચતાજ તેમના કાકા અને નાની બહેનનું અવસાન થયું હતું. લગ્ન વયે પહોંચતા જ તેમના હૃદયમાં દયાનંદ જાગૃત થઈ ગયો હતો અને તે સમયે તેમણે ઘર છોડ્યું હતું.

ચાણોદમાં દંડી સ્વામી પૂર્ણાનંદ પાસે સંન્યાસીની દિક્ષા લઈ તેમણે દયાનંદ નામ ધારણ કર્યું હતું. ગુરુ અને પ્રભુની પ્રાપ્તિ માટે તેઓ સમગ્ર ઉત્તર ભારતના તીર્થ સ્થાનો ફર્યા હતા. દંડી સ્વામી પણ મૂળશંકરના વિવેકથી પ્રસન્ન થઈ અને દીક્ષા આપી દયાનંદ સરસ્વતી નામ આપ્યું હતું. તેઓ 1856માં નર્મદાના જંગલોમાં ત્રણ વર્ષ અજ્ઞાતવાસ રહ્યાં હતાં. છેવટે ઈ.સ. 1860માં મથુરામાં પ્રજ્ઞાચક્ષુ ગુરુ વિરજાનંદજી પાસે ત્રણ વર્ષ રહી આર્ષગ્રંથોનું જ્ઞાન મેળવ્યું હતું. પછી તેમણે સાંપ્રદાયિક પાંખડીઓ સામે માથું ઉચક્યું હતું.

અવતારવાદ, મંદિરો, મૂર્તિપૂજા, અંધશ્રદ્ધા, પ્રતીક ઉપાસનાઓ, તીર્થયાત્રાઓ, વ્રત ઉપવાસો, મહંતો, સંપ્રદાયો, નાતજાતના વાડાઓ, અસ્પૃશ્યતા અને બાળલગ્નો ઉપર સ્વામી દયાનંદ સરસ્વતીએ ખૂબ આકરા પ્રહારો કર્યા હતા. 46 જેટલા મોટા શસ્ત્રોની રચના કરી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદમાં રહેલ જ્ઞાનનો પ્રચાર કરવા માટે તેમણે ગણાં પુસ્તકો લખ્યા હતા. તેમણે આપણા પ્રાચીન વેદોનું મહત્ત્વ સમજાવતા ''વેદો તરફ પાછા વળો''નું સૂત્ર આપ્યું હતું.

❖ **સ્વામી દયાનંદ સરસ્વતીની રચનાઓ :**

સ્વામી દયાનંદ સરસ્વતી આપણાં પ્રાચીન ગ્રંથોના ઊંડા અભ્યાસી હતા. અને આ ક્ષેત્રે તેમનું પણ વિશિષ્ટ પ્રદાન હતું. તેમની મુખ્ય રચનાઓ નીચે મુજબ છે.

(1) સત્યાર્થ પ્રકાશ (1874)
(2) પાખંડ ખંડન (1866)
(3) વેદ ભાષ્ય ભૂમિકા (1876)
(4) ઋગ્વેદ ભાષ્ય (1877)
(5) અદ્વેત મતક ખંડન (1873)
(6) પંચ મહાયજ્ઞ વિધિ (1875)
(7) વલ્લભાચાર્ય મતક ખંડન (1875)

❖ **આર્ય સમાજના મુખ્ય કાર્યો :**

સ્વામી દયાનંદ સરસ્વતીએ સમાજ દૂષણોને દૂર કરવા માટે ''આર્યસમાજ''ની સ્થાપના કરી હતી. આર્ય સમાજના મુખ્ય કાર્યો નીચે પ્રમાણે છે.

(1) બાળલગ્ન વિરોધ
(2) સતીપ્રથા વિરોધ
(3) વિધવા પુનઃલગ્ન

(4) એકતાનો સંદેશ

(5) વર્ણભેદનો વિરોધ

(6) મહિલા શિક્ષણ અને સમાનતા

આમ, ઉપર મુજબના મહત્ત્વના કામો આર્યસમાજ દ્વારા કરવામાં આવ્યા છે. આ બધા કામોની સમાજ ઉપર ખૂબ મોટી અસર થઈ હતી. દેશના સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય જાગરણમાં આર્ય સમાજનું ખૂબ પ્રદાન છે. હિન્દુ સમાજને આર્ય સમાન થકી એક નવી ચેતના અને દિશા મળી છે. આર્ય સમાજ થકી સમાજ સુધારણાના જે પાયાના કામો થયાં છે જેના દ્વારા સમાજને અનેક દૂષણો અને બદીઓમાંથી છૂટકારો મળ્યો છે.



પ્રખર સુધારાવાદી મહર્ષિ સ્વામી દયાનંદ સરસ્વતીનું 30 ઓક્ટોબર - 1883માં અજમેરમાં મૃત્યુ થયું હતુ.

**6.3.5 રવિશંકર મહારાજ :**

⇨ નામ રવિશંકર શિવરામ વ્યાસ

⇨ 25 ફેબ્રુઆરી-1884 રઢુ, તા. માતર જિ.ખેડા.

⇨ મૂળવતન - સરસવણી (મહેમદાવાદ)

⇨ માતાનું નામ - નાથીબા

⇨ નોંધપાત્ર પ્રદાન - ગુજરાતના ગાંધીવાદી મૂલ્યોસેવક.

⇨ જીવનમંત્ર - ‘‘ઘસાઈને ઉજળા થઈએ’’ એકબીજાના ખપમાં આવીએ.

❖ **રવિશંકર મહારાજ - બાળપણ અને જીવન :**

ગુજરાતના ગાંધીવાદી કર્મશીલ અને મૂલ્યોસેવક તરીકે જાણીતા રવિશેકર મહારાજ જન્મ 25 ફેબ્રુઆરી-1884 માં ખેડા જિલ્લાના માતર તાલુકાના રઢુ ગામમાં થયો હતો. રઢુ ગામ તેમનું મોસાળ હતું. તેમનું મૂળ વતન મહેમદાવાદ તાલુકાનું સરસવણી ગામ. પિતા શિવરામ અને માતાનું નામ નાથીબા હતું. પિતા તરફથી મહારાજને સત્યનિષ્ઠા અને કોઈનું પણ કામ કરી છૂટવાની તત્પરતા અને માતા તરફથી ધાર્મિકતા અને કરકસરનાં ગુણો વારસામાં મળ્યા હતા. મહારાજનો અભ્યાસ ધોરણ-06 ગુજરાતી સુધીનો હતો.

1911માં ક્રાંતિકારી રાષ્ટ્રભક્ત મોહનલાલ કામેશ્વર પંડ્યા (ડુંગળીચોર)નો સંપર્ક થયો હતો. એમણે મહારાજની રાષ્ટ્રીયતામાં પ્રાણ પૂર્યા હતા. 1915માં મોહનલાલ પંડ્યાએ અમદાવાદના કોચરલ આશ્રમમાં મહારાજને ગાંધીજીનો પરિચય કરાવ્યો હતો. પ્રથમ દર્શન અને મુલાકાતથી જ મહારાજ ગાંધીજીથી આકર્ષાયા હતા. એ જ દિવસના ગાંધીજીના શ્રીમદ્ રામચંદ્ર વિશેના પ્રવચને મહારાજ પર જાદુઈ અસર થઈ હતી. 1917માં નવેમ્બરમાં યોજાયેલી ગોધરાની રાજકીય પરિષદના ગાંધીજીએ દેશસેવા માટે ચોવીસ કલાક કામ કરાવવા કાર્ય કરોનું આહ્વાન કરતાં સરદાર વલ્લભભાઈ પટેલે એમાં પોતાનું નામ નોંધાવ્યું. મહારાજ પર તેની ઊંડી અસર થઈ 1920માં નાગપુર કોંગ્રેસ અધિવેશનમાં જાણે ગાંધીજીના પ્રવચને એમને દેશ સેવાની દીક્ષા આપી. પોતાના ચાર બાળકોની

જવાબદારી પત્ની સૂરજબાને સોંપી દેશ સેવા અને તેમણે કર્યો હતો.

1922માં અંગ્રેજ જજ બ્રૂમફીલ્ડે અમદાવાદના સર્કિટ હાઉસમાં ગાંધીજી પર રાજદ્રોહનો આરોપ મૂલ્યોી એમને છ વર્ષની જેટલની સજા ફરમાવી હતી. આ કેસનો ચૂકાદો સાંભળી મહારાજ રડી પડ્યા હતા. ગાંધીજીએ એમનો ખભો થાબડી બહારવટિયાઓની કોમની સેવાનું કામ ચીધ્યું હતું.

❖ **સમાજ સુધારણાની અનોખી પ્રવૃત્તિ :**

ગાંધીજીની ઈચ્છાને માન આપી રવિશંકર મહારાજ ચોર-ડાકુ ગણાતી ખેડા જિલ્લાની કાંઠા વિભાગની પાટણવાડિયા કોમની સેવામાં જોડાઈ ગયા હતા. આ કોમને પોલીસથાણે ફરજિયાત હાજરી પુરાવવાની અપમાનભરી પ્રથામાંથી મુક્તિ અપાવી તેઓની સુધારણા માટેની રચનાત્મક કામગારી તેમણે કરી હતી. ખૂંખાર ગણાતા ચોર-ડાકુ, બહારવટિયા, ખૂનીને દારૂડિયાઓના અંતરના ઉંડાણમાં પડેલી સદ્ભાવનાઓને જગાડી તેમનામાં માનવતાના દીવડા પ્રગટાવ્યા હતા. મહારાજના આ અનોખા કામ થકી તેઓને સદાચારી નાગરિક જીવનની દીક્ષા પ્રાપ્ત થઈ હતી. મહારાજના આ અલૌકિક કાર્યને કવિ ઝવેરચંદ મેઘાણીએ ‘‘માણસાઈના દીવા’’ દ્વારા અમર કર્યું છે.

❖ **ગાંધીજીના ટપાલી :**

પૂજ્ય રવિશંકર મહારાજ પોતાને ગાંધીજીના ટપાલી તરીકે ઓળખાવતા હતા. ગાંધીજીનો સ્વરાજનો સંદેશ ગુજરાતને ગામડે-ગામડે પહોંચાડવા તેઓ સતત પગપાળા ફરતા જ રહ્યા. ગાંધીજી જીવ્યા ત્યાં સુધી એમનાં ચીધ્યા કામ તેમણે કર્યા હતા અને આઝાદીની લડતમાં પણ તેમણે સક્રિય રીતે ભાગ લીધો હતો.

❖ **બોરિંગવાળા મહારાજ :**

1947 થી 1952 સુધી મહારાજે મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું હતું. આ વિસ્તારની ગરીબી અને પાણીની હાલાકી જોઈને એમનું હૃદય દ્રવી ઉઠ્યું હતું. રાત-દિવસ એમણે ખૂબ મહેનત કરીને રાધનપુર, સાંતલપુર, સમી અને હારીજ તાલુકામાં 48 કૂવા અને 51 બોરિંગ કરાવી આ પ્રદેશની પાણીની સમસ્યા કંઈક હળવી કરી હતી તેથી બનાસકાંઠાના લોકો મહારાજને સમસ્યા કંઈક હળવી કરી હતી તેથી બનાસકાંઠાના લોકો મહારાજને ‘‘બોરિંગ વાળા મહારાજ’’ તરીકે ઓળખતા હતા.

❖ **ભૂદાનમાં મહારાજની નોંધપાત્ર કામગીરી :**

1952માં મહારાજે ચીનનો પ્રવાસ કર્યો હતો. ચીનના ખેડૂતોની દેશદાઝ અને વિપુલ ઉત્પાદન દ્વારા દેશને બેઠો કરવાની લગન અને ધગશથી તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા. આવું કામ આપણા દેશમાં અહિંસક રીતે કઈ રીતે થઈ શકે ? તે પ્રશ્ન તેમને મુંઝવતો હતો. એ મુંઝવણના ઉકેલની કંઈક ઝાંખી, એ દિવસોમાં વિનોબાજીએ આરંભ ભૂદાન આંદોલનમાં એમને થઈ હતી. તા.14-12-52ના રોજ મહારાજ વિનોબાજીને ઉત્તર પ્રદેશના ચાંડિલ ગામે મળ્યા, ચર્ચા કરી. વિનોબાના અનુરોધથી ગુજરાતના ગામડે ગામડે તેમણે ભૂદાનનો સંદેશ પહોંચાડવાનો સંકલ્પ કર્યો હતો.

1955માં એપ્રિલ મહિનાની 13 તારીખે મહારાજે પદયાત્રા શરૂ કરી હતી. મહારાજે ભૂદાન કાર્યમાં એમનો આત્મા રેડી દીધો હતો. પાંચ વર્ષની પદયાત્રામાં મહારાજે ગુજરાતના તમામ જિલ્લા અને તાલુકાઓમાં વિનોબાજીના ભૂદાન આંદોલન વિશેનો સંદેશો પહોંચાડ્યો હતો.

❖ **"ઘસાઈને ઉજળા થઈએ, એકબીજાના ખપમાં આવીએ." :**

મહારાજ પર દુઃખે દ્રવી જનારા સંત હતા.ગુજરાતમાં કે દેશમાં કયાંય પૂર આવ્યું હોય, દુષ્કાળ પડ્યો હોય કે ધરતીકંપ થયો હોય, કોલેરા ફાટી નીકળ્યો હોય અને લોકો આફતમાં આવી પડ્યા હોય. આવી તમામ કુદરતી કે માનવસર્જિત બધી જ આપત્તિઓ સમયે હંમેશા મહારાજ લોકોની પડખે રહીને જ તેઓને જરૂરી મદદ કરતા હતા.

રવિશંકર મહારાજ લોકો તરફથી મળેલાં દાનનો સમાજ વિકાસ માટે ખૂબ સારો ઉપયોગ કરતા હતા. માટે કોઈ દાતાને દાન આપવું હોય ત્યારે મહારાજ એ તેમની પ્રથમ પસંદગી બનતા હતા. કારણ કે દાન આપનારને પાક્કી ખાત્રી જ હતી કે મહારાજને આપેલા દાનનો સદ્ઉપયોગ જ થશે. માટે મહારાજ દ્વારા દાનની અપીલ થતાંની સાથે જ લોકો એમની દાનની ઝોળી છલકાવી દેતા હતા.

❖ **સમાજ સેવાની નમૂનેદાર કામગીરી :**

રવિશંકર મહારાજનું જીવન ખૂબ સાદુ હતુ પણ તેમના જીવનના વિચારો ખૂબ ઊંચા હતા. વર્ષો સુધી તેમણે પૈસાને સ્પર્શ સુધ્ધાં કર્યો ન હતો. તેમણે પોતાની જરૂરિયાતો એકદમ ઘટાડી દીધી હતી. વર્ષમાં 80 - 90 મીટર ખાદી થાય એટલું સૂતર કાંતે, પણ પોતાને માટે તો બે જોડ કપડાં થાય તેટલું જ 13 મીટર કાપડ જ વાપરતા હતા. બાકીની ખાદી જરૂરિયાત વાળાને આપી દેતા. ખાવામાં ઘણો સંયમ રાખતા હતા. સવારે મળી શકે તો દૂધ ને બે ટંક ભોજન સિવાય તેઓ વચ્ચે કંઈ ન લે. મોઢામાં ભૂલથી પણ ઈલાયચીનો દાણો પડી જાય તો પણ મહારાજ ચોવીસ કલાક ઉપવાસ રાખતા હતા. પચીસ વર્ષ માત્ર એક ટંક ખાઈ એમણે લોકોની સેવા કરી હતી. ચાલીસ વર્ષ પગમાં જોડા (બૂટ) પહેર્યા ન હતા. સખત તાપમાં ને કાંટાકાંકરા વાળી જમીન પર ખુલ્લા પગે માઈલોના માઈલ ચાહ્લયા, પગનાં તળિયા એવાં તો મજબૂત બનાવી દીધા હતા કે કાંટો પણ ભાંગી જાય, પણ પગમાં પેસી ન શકે મહારાજ કહેતા દરેક ચીજ ઘસાવાથી ઉજળી થાય છે. લોખંડની કોશ કાળી હોય છે પણ તો ઘસાવાથી જ ઉજળી દૂધ જેવી થાય છે. "ઘસાઈને ઉજળા થઈએ, બીજાને ખપમાં આવીએ" એ મંત્ર તેમણે જીવી બતાવ્યો હતો, "યજમાન જમાડે તે જમવું, એ સૂવાડે ત્યાં સૂવું અને બેસાડે ત્યાં બેસવું" તે મહારાજનો નિયમ હતો, યજમાનને ઓછામાં ઓછી તકલીફ પડે તે અંગે તેઓ ખૂબ કાળજી રાખતા હતા. આખા દિવસના અથાગ પરિશ્રમને કારણે તેઓ પથારીમાં સૂતાની સાથેજ ઘસઘસાટ ઉંઘવા માંડે. મહારાજ એક સારાં તરવૈયા હતા. જાનને જોખમે ધસમસતા ઘોડાપૂરમાં ઝંપલાવી અનેક ડૂબતાં કે તણાતા લોકોને એમણે બચાવ્યા હતા. મહારાજ કોઈ સંસ્થા સ્થાપી ન હતી પણ ગુજરાતની તમામ સંસ્થાઓના સંચાલકો પોતાની સંસ્થામાં કયારેક આંટી પડી હોય, કોઈપણ સમસ્યા ઉભી થઈ હોય કે આર્થિક ભીડ પડી હોય ત્યારે મહારાજનું માર્ગદર્શન લેતા હતા.

❖ **રવિશંકર મહારાજની રચનાઓ :**

રવિશંકર મહારાજે એમના સમૃદ્ધ અને વિશાળ સ્વાનુભવોના પરિપાક રૂપે સહજ અને સરળ ભાષામાં કેટલાંક પુસ્તકોનું પણ આલેખન કર્યું છે. ''સત્યાગ્રહનો વિજય (1939), શિક્ષણ અને સંસ્કૃતિ (1948), પર્વ મહિમા (1950), લગ્ન વિધી (1953), મારો ચીનનો પ્રવાસ (1954), ગીતા બોધવાણી (1984), મહારાજની વાતો (1972) પુસ્તકના રૂપે પ્રકાશિત કરી હતી.''

મહારાજની જન્મ શતાબ્દિ પ્રસંગે ''મૂઠી ઉંચેરા માનવી'' ગ્રંથ દ્વારા ગુજરાત અને દેશના લોકોએ મહારાજનો ખૂબ મહિમા ગાયો હતો.

1984ના જુલાઈ માસની 1લી તારીખે રવિશંકર મહારાજનું અવસાન થયું હતું. વલ્લભ વિદ્યાલય, બોચાસણ ખાતે તેમની અંતિમ વિધી કરવામાં આવી હતી. ''રવિશંકર મહારાજની સમાધિ''ના સ્થળે આજે પણ ઘણાં લોકો મુલાકાત માટે આવે છે. સમાધિ જવાના સ્થળે રવિશંકર મહારાજના જીવનનો પરિચય કરાવતા પ્રદર્શન પણ રાખવામાં આવેલ છે.

**6.3.6 સર સૈયદ અહમદ ખાન :**

- ⇨ જન્મ 17 ઓક્ટોબર - 1817 માં દિલ્હીમાં જન્મ
- ⇨ પિતાનું નામ સૈયદ મહમ્મદ મુસ્તફી બહાદુર
- ⇨ સોહરાવર્દા ફિરણના એક સૂફી સંત
- ⇨ શિક્ષણ સુધારક તરીકે જાણીતા.
- ⇨ શિક્ષણ વિદ્વ હોવા ઉપરાંત, કવિ અને લેખક.
- ⇨ ભારતના મુસ્લિમો માટે શરૂ કરી હતી આધુનિક શિક્ષા.
- ⇨ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના સ્થાપક.



❖ **જન્મ અને બાળપણ :**

સર સૈયદ અહમદખાનનો જન્મ દિલ્હીમાં 1817માં થયો હતો. તેમને પરિવાર તરફથી મોટો સંસ્કાર વારસો મળ્યો હતો. પિતૃપક્ષે દાદા સૈયદહાદી અને માતૃપક્ષે દાદા ખ્વાજા ફરીદ મોગલ સમ્રાટના સમયમાં ઈસ્ટ ઈન્ડિયા કંપની પ્રત્યે જે વફાદારી પ્રદર્શિત કરી તેને લીધે કંપનીએ તેમને સિતારે હિંદનો ઈલ્કાબ આપ્યો હતો. લખનૌમાં તેમણે શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તેઓ ગણિત શાસ્ત્ર અને જ્યોતિષ ખગોળશાસ્ત્રમાં પારંગત હતા. બ્રિટિશ રાજદૂત તરીકે ઈરાન અને બર્મામાં સેવાઓ આપી હતી. સમ્રાટ અકબરશાહ બીજાની મુખ્યમંત્રી તરીકે બે વાર તેમની નિમણૂક થઈ હતી. આ રીતે તેઓ મધ્યયુગ અને આધુનિક યુગના પ્રવાહોથી વાકેફ બન્યા હતા. લગભગ 20 વર્ષની ઉંમરે તેમણે કારકિર્દીની શરૂઆત કરી હતી. 1857ના બળવા સમયે બીજનોરમાં સદર અમીનના હોદ્દા પર હતા. The Cause of Indian Revolt તથા Loyal Mohammadans of India નામના પુસ્તકો લખીને તેમણે અંગ્રેજો અને મુસ્લિમો વચ્ચે સદ્ભાવના ઉભી કરવામાં મોટો ફાળો આપ્યો હતો.

❖ **સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ :**

સર સૈયદ અહમદે એક સાથે બે મહત્ત્વના પગલાં ભર્યા હતા.

(1) બ્રીટીશ સરકાર અને મુસ્લિમો વચ્ચે ઊભી થયેલી કડવાસ અને દુશ્મનાવટને એકરાગીતા સ્થાપવાનો પ્રયાસ

(2) સૈયદ અહમદે કરેલી વિનંતિ અંગ્રેજોને એ રીતે મનાવી લેવાનો પ્રયત્ન કર્યો કે મુસ્લિમો દિલથી અંગ્રેજોના વિરોધી કે દુશ્મન નથી.

મુસ્લિમ કોમ પ્રત્યે દયાભાવથી જોવાની સર સૈયદ અહમદે કરેલી વિનંતિ અંગ્રેજ સરકાર માટે યોગ્ય સમયની હતી. સામ્રાજયવાદી સત્તાઓની જેમ અંગ્રેજોએ પણ હિંદ પર બ્રિટીશ શાસન સ્થાપવા માટે ‘‘ભાગલા પાડો અને રાજ કરો’’ની નીતિ અપનાવી હતી. હવે હિંદુઓ અંગ્રેજોના તેમના પ્રત્યેના પક્ષપાતને કારણે વધારે મજબૂત અને જાગૃત બની ગયા હતા. તેઓ રાજકીય સુધારા અને હક્કોની વાત કરવા લાગ્યા હતા.

❖ **સમાજ અને ધાર્મિક સુધારણાની પ્રવૃત્તિ :**

તેમનું માનવું હતું કે પશ્ચિમી શિક્ષણ, પશ્ચિમી રાજનીતિ તથા વૈજ્ઞાનિક વિચારોનો સ્વીકાર કરવામાં આવે તો જ મુસ્લિમ સમાજનું ભલું થઈ શકશે. સમાજકાર્યકર તરીકે તેઓ મુસ્લિમ સમાજ માટે ઉદારનીતિના સમર્થક હતા. તેમણે ઓઝલ પ્રથા, બહુલગ્ન પ્રથા, અને ગુલામ પ્રથાનો વિરોધ કર્યો તથા સ્ત્રી શિક્ષણ અને વિદેશ પ્રવાસોને ટેકો આપ્યો હતો. મુસલમાનોમાં સમાજ સુધારણાની ભાવના જાગૃત થાય તે માટે તેમણે મોહમેડન એજ્યુકેશન કોંગ્રેસની સ્થાપના કરી હતી.

❖ **સૈયદ અહમદખાનની શૈક્ષણિક પ્રવૃત્તિઓ :**

સર સૈયદ અહમદખાને અંગ્રેજી શિક્ષણ દ્વારા પ્રાપ્ત પાશ્ચાત્ય જ્ઞાનને મુસ્લિમોના બધાજ પ્રકારના વિકાસના પાયા તરીકે ગણાવ્યું હતું. સૈયદ અહમદે ગાઝીપુરમાં અંગ્રેજી શાખા શરૂ કરી હતી. 1864માં ટ્રાન્સલેશન (સાયન્ટીફીક) સોસાયટીની સ્થાપના કરી જેનો મુખ્ય હેતુ મહત્ત્વના અંગ્રેજી પુસ્તકોનું ઉર્દુમાં ભાષાંતર કરવાનો હતો. ઉદારમત વાદી વિચારોના પ્રચાર માટે મુસ્લિમો પ્રગતિશીલ બને તે માટે દ્વિભાષી સામયિક પ્રગટ કર્યું હતું. 1869માં અહમદખાને ઈંગ્લેન્ડની મુલાકાત લઈને તેની અંગ્રેજી શૈક્ષણિક સંસ્થાઓની કામગીરીનો જાતે અનુભવ કર્યો હતો. અલીગઢ ખાતે એક મુસ્લિમ એંગ્લો ઓરિએન્ટલ સ્કૂલની સ્થાપના તેમણે કરી હતી. જ્યાં વિજ્ઞાન અને મુસ્લિમ ધર્મ એમ બંનેનું શિક્ષણ આપવામાં આવ્યું.

❖ **અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની સ્થાપના :**

સર સૈયદ અહમદ ખાને સ્થાપિત કરેલી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી આજે એક ઉચ્ચ કક્ષાની શૈક્ષણિક યુનિવર્સિટી ગણાય છે. સર સૈયદ અહમદખાને ભારતના મુસ્લિમો માટે શરૂ કરી હતી. આધુનિક શિક્ષણની કામગીરી.

❖ **સર સૈયદ અહમદ અને અલીગઢ આંદોલન :**

આ આંદોલનનો મુખ્ય ઉદ્દેશ્ય મુસ્લિમોના ઉત્થાન અને જાગૃતિ માટે શરૂ કરવામાં આવ્યું હતું. મુસ્લિમો માટે આ આંદોલન પુનઃજાગૃતિ માટેનું આંદોલન હતું. 1857ના બળવા પછી નિરાશાના ઉંડા કાદવમાં ખંપી ગયેલી મુસ્લિમ કોમને બહાર કાઢીને મધ્યયુગમાંથી આધુનિક યુગમાં લઈ જવા માટે આ એક મહત્ત્વનો પ્રયત્ન હતો. સર સૈયદ અહમદખાન પોતાની મુસ્લિમ કોમને ખૂબ સારી રીતે સમજ્યા હતા. હિંદુ સમાજ માટે જે કામ રાજા

રામમોહનરાયે કર્યું હતું તે કામ મુસ્લિમ સમાજ માટે સર સૈયદ અહમદખાને કર્યું હતું. મુસ્લિમ પ્રજા અંગ્રેજી શિક્ષણ લે તે માટે તેમણે ખૂબ પ્રયત્નો કર્યા હતા. મુસ્લિમ ધર્મ અને સમાજમાં સુધારણા લાવવા માટે તેમણે ઘણાં મુસ્લિમ નેતાઓ અને મૌલવીઓનો સામનો કરવો પડ્યો હતો. તેમણે કહ્યું હતું કે જ્યાં સુધી મુસ્લિમ પ્રજા ભૂતકાળના આળસનું માનસ ત્યજી નહીં દે ત્યાં સુધી તેમનો સાચો વિકાસ સંભવ નથી. મુસ્લિમ પ્રજાને તેમણે પાશ્ચાત્ય શિક્ષણ માટે યુદ્ધનાં ધોરણે પ્રવૃત્તિ શરૂ કરી હતી.

આમ, સર સૈયદ અહમદખાને શરૂ કરેલું અલીગઢ આંદોલન એ મુસ્લિમોનું રાજકીય વિકાસ માટેનું મહત્ત્વનું અને મુખ્ય કેન્દ્ર બન્યું હતું. મુસ્લિમ સમાજ માટે સમાજ સુધારણાના અનેકવિધ કામો કરનાર સર સૈયદ અહમદખાનનું અવસાન ઈ.સ. 1898માં થયું હતું.

## 6.4 સારાંશ :

પ્રાચીન ભારતમાં આપણી સમાજ વ્યવસ્થામાં ઘણાં પ્રશ્નો હતા. સમાજમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાને કારણે બાળલગ્નો, વ્યસન, સ્ત્રી-પુરુષ અસમાનતા, દિકરીને દૂધ પીતી કરવી, સતીપ્રથા, વગેરે જેવાં ઘણાં પ્રશ્નો હતા. આવા સમયે સમાજ સુધારણા અંગેનું કામ કરવું તે ઘણું પડકારજનક કામ હતું પણ ાવી કપરી પરિસ્થિતિની વચ્ચે પણ કેટલાક સમાજ સુધારકોએ ખૂબ ઉત્તમ કામો કર્યા છે.

આ એકમમાં આપણે જુદા જુદા સમાજ સુધારકોના પ્રદાન વિશે ટૂંકમાં ઘણી વિગતો પ્રસિદ્ધ કરેલ છે. જેના થકી ભારતની તત્કાલિન સ્થિતિ અને તેમના પ્રદાન વિશે આપણને ઘણો ખ્યાલ આવી શકે છે. આમ છતાં પણ અત્રે પ્રસિદ્ધ કરેલ વિગતો પૂરતી નથી. આ દરેક સમાજ સુધારકો વિશે ઘણું લખાયું છે પણ અહીં શૈક્ષણિક કામગીરીના ભાગરૂપે ખૂબ ટૂંકમાં દરેક સમાજ સુધારકો વિશેની વિગતો રજૂ કરી છે.

## 6.5 તમારી પ્રગતિ ચકાસો :

❖ **યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો :**

1. સ્વામી વિવેકાનંદનો જન્મ કયા વર્ષમાં થયો હતો ?
   (A) 1863 (B) 1865 (C) 1868 (D)1870
2. સ્વામી વિવેકાનંદનું બાળપણનું નામ શું હતું ?
   (A) વિરેન્દ્રનાથ (B) નરેન્દ્રનાથ
   (C) અમરનાથ (D) મોહનનાથ
3. સ્વામી વિવેકાનંદ ઉચ્ચશિક્ષણ મેળવવા કઈ કૉલેજમાં દાખલ થયા હતા.
   (A) મેટ્રોપોલિટન (B) લેસીડન્સી
   (C) મિશનરી (D) પ્રેસિડેન્સી
4. સ્વામી વિવેકાનંદે કયા વર્ષમાં ફર્સ્ટ આર્ટ્સની પરીક્ષા બીજા વર્ગમાં પસાર કરી હતી ?
   (A) 1868 (B) 1872 (C) 1881 (D) 1885
5. શિકાગોમાં સ્વામી વિવેકાનંદ કોને ત્યાં રોકાયા હતા ?
   (A) મિસિસ હેલને (B) જ્યોર્જ હેલી
   (C) જ્યોર્જ મિલી (D) ઉપરમાંથી એકપણ નહિ.
6. વિશ્વ ધર્મ પરિષદનું વિધિપૂર્વકનું ઉદ્‌ઘાટન ક્યારે થયું હતું ?
   (A) 1880 (B) 1885 (C) 1893 (D) 1895

7. સ્વામી વિવેકાનંદનું અવસાન કયારે થયું હતું ?
(A) 1901 (B) 1902 (C) 1903 (D) 1904

8. સ્વામી વિવેકાનંદનું આયુષ્ય કેટલા વર્ષનું હતું ?
(A) 37 (B) 38 (C) 39 (D) 40

9. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ કયા વર્ષમાં થયો હતો.
(A) 1820 (B) 1822 (C) 1825 (D) 1830

10. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને અભ્યાસ દરમ્યાન માસિક કેટલા રૂપિયાની શિષ્યવૃત્તિ મળી હતી ?
(A) 04 (B) 05 (C) 06 (D) 10

11. મેટ્રોપોલિટન કૉલેજની સ્થાપના કોણે કરી હતી ?
(A) સ્વામી વિવેકાનંદ (B) દયાનંદ સરસ્વતી
(C) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (D) દાદાભાઈ નવરોજી

12. બંગાળમાં દુષ્કાળ કયા વર્ષમાં પડ્યો હતો ?
(A) 1867-68 (B) 1872-73 (C) 1884-85 (D) 1891-92

13. બંગાળી ગદ્યના આદ્યશિલ્પી તરીકે કોને ગણવામાં આવ્યા છે ?
(A) ગોપાલકૃષ્ણ ગોખલે (B) વિનોબા ભાવે
(C) ઠક્કર બાપા (D) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

14. સત્યશોધક સમાજની સ્થાપના કોણે કરી હતી ?
(A) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (B) ગોપાલકૃષ્ણ ગોખલે
(C) જ્યોતિબા ફુલે (D) ઠક્કરબાપા

15. સત્યશોધક સમાજની રચના કયા વર્ષમાં થઈ હતી ?
(A) 1870 (B) 1873 (C) 1875 (D) 1880

16. ''ગુલામગીરી'' પુસ્તકના લેખકનું નામ જણાવો.
(A) જ્યોતિબા ફૂલે (B) બબલભાઈ મહેતા
(C) ગોપાલકૃષ્ણ ગોખલે (D) દયાનંદ સરસ્વતી

17. ડૉ.બાબા સાહેબ આંબેડકરના કેટલા લોકોને પોતાના ગુરુ માનતા હતા ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

18. ''વેદો તરફ પાછા વળો''નું સૂત્ર કોણે આપ્યું હતું
(A) મહર્ષિ દયાનંદ સરસ્વતી (B) રવિશંકર મહારાજ
(C) ઠક્કરબાપા (D) ગોપાલ કૃષ્ણ ગોખલે

19. આર્ય સમાજની સ્થાપના કોણે કરી હતી ?
(A) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (B) દયાનંદ સરસ્વતી
(C) જ્યોતિબા ફૂલે (D) ગોપાલ કૃષ્ણ ગોખલે

20. ''મૂલ્યોસેવક''નું બિરૂદ કોને મળ્યું હતું ?
(A) રવિશંકર મહારાજ (B) ઠક્કરબાપા
(C) ગાંધીજી (D) વિનોબા ભાવે

21. રવિશંકરહ મહારાજ સૌપ્રથમ ગાંધીજીને કયા આશ્રમમાં મળ્યા હતા ?
(A) સાબરમતી (B) કોચરબ
(C) વિનોબા આશ્રમ (D) વર્ધા

22. રવિશંકર મહારાજની સમાધિ ક્યાં આવેલી છે ?
(A) બોરસદ (B) બોચારણ
(C) દથેલી (D) ભલાળા

23. ‘‘માણસાઈના દીવા’’ પુસ્તકના લેખક કોણ છે ?
(A) રવિશંકર મહારાજ (B) ઝવેરચંદ મેઘાણી
(C) ગાંધીજી (D) ઠક્કરબાપા

24. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની સ્થાપના કોણે કરી હતી ?
(A) સર સૈયદ જલાલ (B) દયાનંદ સરસ્વતી
(C) સર સૈયદ અહમદ ખાન (D) ગોપાલ કૃષ્ણ ગોખલે

## 6.7 તમારી પ્રગતિ ચકાસોના સાચા જવાબો :

| | | | |
|---|---|---|---|
| 1. | (A) 1863 | 13. | (D) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર |
| 2. | (B) નરેન્દ્રનાથ | 14. | (C) જ્યોતિબા ફૂલે |
| 3. | (D) પ્રેસીડેન્સી કૉલેજ | 15. | (B) 1873 |
| 4. | (C) 1881 | 16. | (A) જ્યોતિબા ફૂલે |
| 5. | (A) મિસિસ હેલને | 17. | (B) ત્રણ |
| 6. | (A) 1893 | 18. | (A) મહર્ષિ દયાનંદ સરસ્વતી |
| 7. | (C) 1902 | 19. | (B) દયાનંદ સરસ્વતી |
| 8. | (C) 39 | 20. | (A) રવિશંકર મહારાજ |
| 9. | (A) 1820 | 21. | (B) કોચરબ આશ્રમ |
| 10. | (B) 05 રૂપિયા | 22. | (B) બોચાસણ |
| 11. | (D) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર | 23. | (B) ઝવેરચંદ મેઘાણી |
| 12. | (A) 1867-68 | 24. | (A) સર સૈયદ અહમદ ખાન |

## 6.8 ચાવીરૂપ શબ્દો :

**1. મૂલ્યો સેવક :**
મૂંગા મોઢે સેવા કરનાર વ્યક્તિને મૂલ્યોસેવક કહેવામાં આવે છે. સમાજ સુધારક રવિશંકર મહારાજને ‘‘મૂલ્યોસેવક મહારાજ’’નું બિરૂદ મળ્યું હતું.

**2. કોચરબઃ**
મહાત્મા ગાંધી દ્વારા 1915માં આ આશ્રમની સ્થાપના કરવામાં આવી હતી. આ આશ્રમ અમદાવાદ ખાતે પાલડીથી નજીક કોચરબ ગામ ખાતે આવેલ છે. મહાત્માગાંધી સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠ દ્વારા આ આશ્રમનું સંચાલન કરવામાં આવે છે.

**3. સતી પ્રથા :**
ભારતના કેટલાક વિસ્તારોમાં પતિના અવસાન પછી પત્નીને સતી થવું પડતું હતું. આ કુરિવાજને દૂર કરવા માટે અનેક સમાજ સુધારકોએ ખૂબ પ્રયત્નો કર્યા હતા. અંતે, કાયદા થકી આ પ્રથા પર પ્રતિબંધ મૂલ્યોવામાં આવ્યો હતો.

**4. બાળલગ્ન :**
કાયદા દ્વારા નિર્ધારીત કરેલ ઉંમર કરતા નાની ઉંમરે થતા લગ્નને બાળલગ્ન કહેવામાં આવે છે. જેમાં છોકરીની ઉંમર 18 વર્ષ કરતા નાની હોય અને ચોકરાની ઉંમર 21 વર્ષ કરતાં નાની હોય તે લગ્ન બાળલગ્ન કહેવાય.

**5. સમાજ સુધારણા :**

જન સમુદાયના માનસમાં સ્થિર થયેલાં મનોવલણો, જીવન દર્શન અને તેમના વ્યવહારો જે પ્રગતિશીલ સમાજ સાથે સમાયોજન સાધી શકતા નથી તેમાં પરિવર્તન માટેના પ્રયાસો, સમાજ સુધારણાને જન્મ સમાજ સમસ્યાઓમાંથી થાય છે. સમાજ સુધારણા એક પ્રક્રિયા છે.

## 6.9 સ્વાધ્યાય લેખન :

1. ભારતમાં સમાજ સુધારણા માટે કામ કરેલ જુદા-જુદા સમાજ સુધારકોનો ટૂંકમાં પરિચય કરાવો.
2. સમાજ સુધારક તરીકે સ્વામી વિવેકાનંદનું શું પ્રદાન હતું ? તે જણાવો.
3. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું સમાજ સુધારક તરીકે પ્રદાન વર્ણવો.
4. જ્યોતિબા ફૂલેની સમાજકલ્યાણની કામગીરી સમજાવો.
5. સ્વામી દયાનંદ સરસ્વતીનું સમાજ સુધારણામાં શું પ્રદાન છે ? જણાવો.
6. રવિશંકર મહારાજની સમાજ સુધારણાની પ્રવૃત્તિઓની વિગતે ચર્ચા કરો.
7. સર સૈયદ અહમદ ખાનની સમાજ સુધારણાની કામગીરીની વિગતે ચર્ચા કરો.

## 6.10 પ્રવૃત્તિ કરો :

1. વલ્લભ વિદ્યાલય, બોચાસણ તા.બોરસદ જિ.આણંદ ખાતે “રવિશંકર મહારાજની સમા”ની મુલાકાત લઈ તેમની કામગીરી વિશેની જાણકારી મેળવો.
2. મહારાજની સમાધિ ખાતે મૂલ્યોવામાં આવેલ પ્રદર્શન માંથી રવિશંકર મહારાજની સમાજ સુધારણા અંગેની કામગીરી વિશે માહિતી મેળવો.
3. સર સૈયદ અહમદખાન દ્વારા સ્થાપિત અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની શૈક્ષણિક વિશેષતાઓ વિશે માહિતી મેળવો.
4. સર સૈયદ અહમદ ખાન દ્વારા સ્થાપિત અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની શૈક્ષણિક વિશેષતાઓ વિશે માહિતી મેળવો.
5. મહાત્મા ગાંધી સ્થાપિત પાલડી, અમદાવાદ ખાતે આવેલ કોચરબ આશ્રમની મુલાકાત લઈ તેની વિવિધ પ્રવૃત્તિઓ વિશેની જાણકારી મેળવો.
6. રવિશંકર મહારાજ વિશે લખાયેલ “માણસાઈના દીવા” પુસ્તકનું અધ્યયન કરો.

## 6.11 કેસ સ્ટડી તૈયાર કરો :

1. રવિશંકર મહારાજની કાર્યક્ષેત્ર વિસ્તારમાં બોચાસણ અને તેની આજુબાજુનાં ગામોમાં મહારાજના પરિચયમાં આવેલ એક કુટુંબનો કેસ સ્ટડી તૈયાર કરવો.
2. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની વર્તમાનમાં અસરકારકતાના સંદર્ભમાં કેસ સ્ટડી તૈયાર કરો.
3. સર સૈયદ અહમદખાનના સમાજ સુધારણાના પ્રદાન અંગે કોઈ એક મુસ્લિમ યુવકનો કેસ સ્ટડી તૈયાર કરો.

## 6.12 સંદર્ભ સૂચિ :


1. સમાજ સમસ્યા, પ્રો. જે.કે. દવે, એ.જી.શાહ, અનડા પ્રકાશન, અમદાવાદ.
2. સંતોની છાયામાં મ.જો. પટેલ, વ્યાવસાયિક વૃત્તિ પ્રકાશન, અમદાવાદ.
3. સમાજકાર્યના આધાર સ્તંભો, ડૉ.આનંદી પટેલ, વ્યવસાયિક પ્રકાશન, અમદાવાદ.
4. રિસર્ચ ગુરુ જર્નલ.
5. શિક્ષણ અને સંસ્કૃતિ, રવિશંકર મહારાજ
6. વિવિધ વેબસાઈટ અને આર્ટીકલ્સ.


****************

# એકમ-7
# સમાજકાર્ય અભિગમ-I રૂપરેખા

## રૂપરેખા :-

7.0 ઉદ્દેશ્યો
7.1 પ્રસ્તાવના
7.2 સમાજકાર્યમાં મદદકર્તા - લાભાર્થી વિચારધારા
7.3 સમાજકાર્યમાં ધાર્મિક દાન અભિગમ
7.4 સમાજકાર્યમાં રાજ્ય પુરસ્કૃત દાન અને કલ્યાણ અભિગમ
7.5 સમાજકાર્યમાં સંગઠિત અથવા વૈજ્ઞાનિક દાન અભિગમ
7.6 સમાજકાર્યમાં વ્યાવસાયિક સામાજકાર્ય અભિગમ
7.7 સારાંશ
7.8 તમારી પ્રગતિ ચકાસો
7.9 ચાવીરૂપ શબ્દો
7.10 સંદર્ભ સૂચિ
7.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 7.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થીમિત્રો આ એકમને અભ્યાસ બાદ તમે,

- સમાજકાર્યમાં મદદકર્તા-લાભાર્થી વિચારધારા વિશે માહિતી મેળવી શકશો.
- સમાજકાર્યમાં ધાર્મિક દાન અભિગમની સમજૂતી મેળવશો.
- સમાજકાર્યમાં રાજ્ય પુરસ્કૃત દાન અને કલ્યાણ અભિગમ જાણી શકશો.
- સમાજકાર્યમાં સંગઠિત અથવા વૈજ્ઞાનિક દાન અભિગમ વિશે માહિતી મેળવી શકશો.
- સમાજકાર્યમાં વ્યાવસાયિક સમાજકાર્ય અભિગમથી માહિતગાર થશો.

## 7.1 પ્રસ્તાવના :

સમાજકાર્ય એ વ્યક્તિઓ, પરિવારો અને સમુદાયોને તેમની સુખાકારી વધારવામાં મદદ કરવા માટે સમર્પિત વ્યવસાય છે. આ અભિગમ સમાજ ન્યાય, માનવ અધિકારો અને વિવિધતાના આદરના સિદ્ધાંતો પર આધારિત છે. સમાજકાર્યકરો લોકોને પડકારોને પહોંચી વળવા અને તેમની સંપૂર્ણ ક્ષમતા હાંસલ કરવામાં મદદ કરવા માટે વિવિધ પદ્ધતિઓ અને હસ્તક્ષેપોનો ઉપયોગ કરે છે. આ પદ્ધતિઓ પુરાવા-આધારિત પ્રથાઓ પર આધારિત છે અને નૈતિક ધોરણો દ્વારા માર્ગદર્શન આપે છે. જે દરેક વ્યક્તિના ગૌરવ અને મૂલ્યને પ્રાથમિકતા આપે છે. સમાજકાર્યમાં કેન્દ્રિય સશક્તિકરણનો ખ્યાલ છે. સમાજકાર્યકરો સ્થિતિ સ્થાપકતાને પ્રોત્સાહન આપીને, સ્વ-અસરકારતા વધારીને અને સંસાધનોની ઍક્સેસને પ્રોત્સાહન આપીને તેમના ગ્રાહકોને સશક્ત

બનાવવાનો પ્રયત્ન કરે છે. આ પ્રક્રિયામાં ગ્રાહકો સાથે તેમની શક્તિઓને ઓળખવા, લક્ષ્યો નક્કી કરવા અને પરિવર્તન માટેની વ્યૂહરચના વિકસાવવા સાથે સહયોગ કરવાનો સમાવેશ થાય છે. વધુમાં, વ્યક્તિ-પર્યાવરણ પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખીને સમાજકાર્યનો અભિગમ સર્વગ્રાહી છે. આનો અર્થ એ છે કે વ્યક્તિઓને તેમના પરિવારો, સમુદાયો અને વ્યાપક સમાજ સહિત તેમના વાતાવરણના સંદર્ભમાં સમજવું.

પુસ્તક એકમમાં મુખ્ય પાંચ અભિગમો - મદદકર્તા - લાભાર્થિ વિચારધારા, ધાર્મિક દાન અભિગમ, રાજ્ય પુરસ્કૃત દાન અને કલ્યાણ અભિગમ, સંગઠિત અથવા વૈજ્ઞાનિક દાન અભિગમ, વ્યાવસાયિક સમાજકાર્ય અભિગમ વિશે ચર્ચા કરીશું.

## 7.2 સમાજકાર્યમાં મદદકર્તા - લાભાર્થી વિચારધારા :

મદદકર્તા (સહાયક) લાભાર્થી વિચારધારા એ સમાજકાર્યમાં મૂળભૂત ખ્યાલ છે, જે સમાજકાર્યકરો અને તેમના ગ્રાહકો વચ્ચેની ગતિશીલતાને આધાર આપે છે. આ વિચારધારા મદદગાર (સમાજકાર્યકર) અને લાભાર્થીની ભૂમિકાઓ પર ભાર મૂલ્યો છે અને તે સમાજકાર્યમાં ક્રિયાપ્રતિક્રિયાઓ, દરમિયાનગીરીઓ અને પરિણામોને આકાર આપે છે. સહાયક સિદ્ધાંત અથવા સહાયક ઉપચાર સિદ્ધાંતનું સૌપ્રથમ વર્ણન ફ્રેન્ક રીસમેન (1965) દ્વારા સમાજકાર્ય જર્નલમાં પ્રકાશિત થયેલા લેખમાં કરવામાં આવ્યું હતું. સિદ્ધાંત સૂચવે છે કે જ્યારે કોઈ વ્યક્તિ ("સહાયક") અન્ય વ્યક્તિને સહાય પૂરી પાડે છે, ત્યારે સહાયકને ફાયદો થઈ શકે છે. નૈતિક અને વ્યવસાયિક ધોરણો જાળવી રાખીને તેમના લાભાર્થીઓ જેવા કે, ગરીબ, અનાથ, વૃદ્ધો, રોગીઓ, વિકલાંગો કે નિરાધાર લોકોનાં દુઃખો કે સમસ્યાગ્રહસ્ત સ્થિતિ જોઈને અસરકારક રીતે સમર્થન અને સશક્ત બનાવવા માટે સમાજકાર્યકરો માટે આ વિચારધારાને સમજવું મહત્ત્વપૂર્ણ છે. સહાયક-લાભાર્થી વિચારધારાના મૂળ 19મી સદીના અંતમાં અને 20મી સદીના પ્રારંભના સખાવતી સંસ્થાઓ અને વસાહત ગૃહોમાં જોવા મળે છે. આ સમયગાળા દરમિયાન, જરૂરિયાતમંદોને મદદ કરવાની કલ્પના ધાર્મિક, નૈતિક અને નાગરિક ફરજોના સંયોજન દ્વારા ચલાવવામાં આવી હતી. જેમ જેમ સમાજકાર્યનું ક્ષેત્ર વ્યાવસાયિક બનતું ગયું તેમ, આ વિચારધારા સહાય માટે વધુ સંરચિત અને વ્યવસ્થિત અભિગમોને સમાવવા માટે વિકસિત થઈ.

સમાજકાર્ય અને સમાજ સંભાળ કાયદો સુનિશ્ચિત કરે છે કે લાભાથીઓના અધિકારો સુરક્ષિત છે અને સમાજકાર્યકરો વ્યાવસાયિક ધોરણોનું પાલન કરે છે. ઉદાહરણોમાં સોશિયલ વર્ક (સ્કોટલેન્ડ) એક્ટ 1968, ઈંગ્લેન્ડમાં કેર એક્ટ 2014 અને અન્ય અધિકારક્ષેત્રોમાં સમાન કાયદાનો સમાવેશ થાય છે. ઈ.સ.1601માં ઘડવામાં આવેલ 'એલિઝાબેથ નિર્ધન કાનૂન' અનુસાર, નાગરિકોને આદેશ આપવામાં આવ્યો હતો કે તેઓ શારીરિક રીતે સક્ષમ ગરીબોને ભિક્ષા ન આપે. કારણ કે, જે લોકો શારીરિક રીતે સક્ષમ હતા તે પણ ભિક્ષાવૃત્તિ પર નિર્ભર બની જતા હતા.

❖ **સમાજકાર્યકરની ભૂમિકા :**

સમાજકાર્યકરોને ગરીબી, માનસિક સ્વાસ્થ્ય, કૌટુંબિક ગતિશીલતા અને સામુદાયિક વિકાસ સહિતની વ્યાપક શ્રેણીના સમાજ મુદ્દાઓનું મૂલ્યાંકન કરવા અને સંબોધવા માટે તાલીન આપવામાં આવે છે. તેમની ભૂમિકામાં સામેલ છે :

(1) **મૂલ્યાંકન :** લાભાર્થીની પરિસ્થિતિ, જરૂરિયાતો અને શક્તિઓનું મૂલ્યાંકન કરીને તેમના સંજોગોની વ્યાપક સમજ વિકસાવવી.

(2) **હસ્તક્ષેપ :** વ્યૂહરચનાઓ અને હસ્તક્ષેપોનો અમલ કરવો જે લાભાર્થીની જરૂરિયાતોને સંબોધવા અને હકારાત્મક પરિણામોને પ્રોત્સાહન આપવા માટે

રચાયેલ છે. આમાં પરામર્શ, હિમાયત, સંસાધન જોડાણ અને કૌશલ્ય નિર્માણનો સમાવેશ થઈ શકે છે.

(3) **હિમાયત :** લાભાર્થીઓને જરૂરી સેવાઓ અને સમર્થનની સુવિધા છે તેની ખાતરી કરવા માટે તેમના વતી કાર્ય કરવું. આમાં અન્ય એજન્સીઓ, નીતિ નિર્માતાઓ અથવા સમુદાય સંસાધનો સાથે કામ કરવું શામેલ હોઈ શકે છે.

(4) **આધાર :** લાભાર્થીઓને ભાવનાત્મક અને વ્યવહારુ સમર્થન પૂરું પાડવું કારણ કે તેઓ પડકારોને રજૂ કરે છે અને તેમના લક્ષ્યો તરફ કામ કરે છે.

❖ **લાભાર્થીની ભૂમિકા :**

સમાજકાર્યમાં લાભાર્થીઓ એ વ્યક્તિઓ અથવા જૂથો છે જેઓ સમાજકાર્યકરો પાસેથી સહાય લે છે. તેમની ભૂમિકામાં શામેલ છે :

(1) **સક્રિય ભાગીદારી :** માહિતી શેર કરીને, ધ્યેયો નક્કી કરીને અને સમાજકાર્યકર સાથે સહયોગથી કામ કરીને મદદની પ્રક્રિયામાં સામેલ થવું.

(2) **સંસાધનોનો ઉપયોગ :** તેમની પરિસ્થિતિ સુધારવા માટે તેમને પૂરા પાડવામાં આવેલ સંસાધનો અને સમર્થનનો ઉપયોગ કરવો.

(3) **પ્રતિસાદ :** શું કામ કરી રહ્યું છે અને શું નથી તે અંગે સમાજકાર્યકરને પ્રતિસાદ આપવો, જે દરમિયાનગીરીઓ અને વ્યૂહરચનાઓને સમાયોજિત કરવામાં મદદ કરી શકે છે.

સહાયક-લાભાર્થી વિચારધારાના મુખ્ય સિદ્ધાંતો - સશક્તિકરણ, આદર, સહયોગ અને નૈતિકતાનું પાલન કરીને, સમાજકાર્યકરો અસરકારક રીતે મદદ કરી શકે છે અને જરૂરિયાતમંદોને હિમાયત કરી શકે છે. સમાજકાર્ય વ્યવસાયની સતતગ્દ્ધિ અને અસરકારકતા માટે આ વિચારધારામાં અંતર્ગત પડકારોને સમજવું અને તેનું નિરાકરણ કરવું જરૂરી છે.

## 7.3 સમાજકાર્યમાં ધાર્મિક દાન અભિગમ :

ધાર્મિક સખાવતી સંસ્થાઓ સમાજકાર્યના ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, વિશ્વભરની સંવેદનશીલ વસ્તીની આવશ્યક સેવાઓ અને સહાયક પૂરી પાડે છે. ધાર્મિક ઉપદેશો અને કરુણા અને ન્યાયના સિદ્ધાંતોમાં મૂળ ધરાવતી, આ સંસ્થાઓ ઘણીવાર સમુદાયોમાં નિર્ણાયક આધારસ્તંભ તરીકે સેવા આપે છે, ગરીબી નાબૂદીથી લઈને આરોગ્ય સંભાળ અને શિક્ષણ સુધીની વિવિધ સમાજ જરૂરિયાતોને સંબોધિત કરે છે. અમેરિકન ધર્મશાસ્ત્રી રેઈનહોલ્ડ નીબુહર સૂચવે છે કે ચેરિટી ઘણીવાર સાચા ન્યાયનો વિકલ્પ લે છે. તેમના કાર્ય 'મોરલ મે એન્ડ ઈમોરલ સોસાયટી'માં તેઓ અશ્વેત શિક્ષણને ભંડોળ પૂરું પાડતી સખાવતી સંસ્થાઓની ટીકા કરે છે અને દલીલ કરે છે કે તેઓ અસમાનતાના મૂળ કારણોને સંબોધવામાં નિષ્ફળ જાય છે. નીબુહર જણાવે છે કે પ્રણાલીગત સમસ્યાઓને સંબોધિત કરવાનું ટાળીને શક્તિશાળી લોકો માટે નિયંત્રણ જાળવવાનો એક માર્ગ ચેરિટી હોઈ શકે છે.

સમાજકાર્યમાં ધાર્મિકદાનનો દાર્શનિક પાયો દુઃખ દૂર કરવા અને માનવ ગૌરવને પ્રોત્સાહન આપવા માટે નૈતિક આવશ્યક્તામાંથી ઉદ્ભવે છે.ખ્રિસ્તી ધર્મ, ઈસ્લામ, યહુદી, બૌદ્ધ અને હિંદુ ધર્મમાં જોવા મળતા ધાર્મિક ગ્રંથો અને સિદ્ધાંતો પરથી આ સખાવતી સંસ્થાઓ દરેક વ્યક્તિના સ્વાભાવિક મૂલ્ય અને જરૂરિયાતમંદોની સેવા કરવાની જવાબદારી પર ભાર મૂલ્યો છે. દાખલા તરીકે, ધર્માદા વિશેના ઉપદેશો (ઈસ્લામમમાં ઝકાત, યહુદી ધર્મમાં ત્ઝેદાકાહ) અન્ય લોકો સાથે સંસાધનો વહેંચવાની ફરજ પર ભાર મૂલ્યો છે. એકતા અને સમુદાયની જવાબદારીની ભાવનાને પ્રોત્સાહન આપે છે.

❖ **ધાર્મિક ચેરિટી અભિગમની મુખ્ય લાક્ષણિકતાઓમાં નીચેનાનો સમાવેશ થાય છે :**

**(1)** **મૂલ્યો-આધારિત સેવા વિતરણ :** ધાર્મિક સખાવતી સંસ્થાઓ ધાર્મિક ઉપદેશોમાંથી મેળવેલી નૈતિક આવશ્યક્તાઓ દ્વારા માર્ગદર્શન આપે છે, સમાજ સેવાની જોગવાઈઓ પ્રત્યેના તેમના અભિગમને આકાર આપે છે. આ મૂલ્યોમાં ગણીવાર પ્રેમ, ન્યાય અને માનવીય ગૌરવના સિદ્ધાંતોનો સમાવેશ થાય છે, જે અસર કરે છે કે તેઓ કેવી રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો સાથે જોડાય છે અને સમર્થન આપે છે.

**(2)** **સંકલિત સંભાળ :** ઘણી ધાર્મિક સખાવતી સંસ્થાઓ સમાજકાર્ય માટે સર્વગ્રાહી અભિગમ અપનાવે છે, જે માત્ર તાત્કાલિક ભૌતિક જરૂરિયાતો જ નહીં પરંતુ આધ્યાત્મિક અને ભાવનાત્મક સુખાકારીને પણ સંબોધિત કરે છે. આ વ્યાપક અભિગમ માનવ જીવનના ભૌતિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક પરિણામોના પરસ્પર જોડાણને સ્વીકારે છે.

**(3)** **સમુદાય એકીકરણ :** ધાર્મિક સખાવતી સંસ્થાઓ સમાજ જરૂરિયાતોને અસરકારક રીતે ઓળખવા અને ચોક્કસ સ્થાનિક પડકારોને પહોંચી વળવા અનુરૂપ હસ્તક્ષેપ કરવાની ચેરિટીની ક્ષમતાને વધારે છે તથા સમુદાય એકીકરણ વિશ્વાસને ઉત્તેજન આપે છે.

**(4)** **ભાગીદારી અને સહયોગ :** ધાર્મિક સખાવતી સંસ્થાઓમાં અન્ય સમાજ સેવા પ્રવૃત્તિઓ, સરકારી એજન્સીઓ અને બિન-લાભકારી સંસ્થાઓ સાથે સહયોગ સામાન્ય છે. આ ભાગીદારી પ્રભાવને મહત્તમ કરવા અને લાભાર્થીઓ સુધી પહોંચવા માટે પૂરક શક્તિઓ અને સંસાધનોનો લાભ લે છે.

**(5)** **નૈતિક વિચારણાઓ :** ધાર્મિક ચેરિટી અભિગમ ધાર્મિક ઉપદેશોમાં મૂળ ધરાવતા નૈતિક વિચારણાઓ પર ભાર મૂલ્યો છે, જેમ કે માનવીય ગૌરવ, બિન-ભેદભાવ અને સમાજ ન્યાયનો પ્રચાર. આ નૈતિક સિદ્ધાંતો સંસ્થાના મૂલ્યો અને ધ્યેય સાથે જોડીને સુનિશ્ચિત કરીને નિર્ણય લેવા અને પ્રોગ્રામના વિકાસને માર્ગદર્શન આપે છે.

ધાર્મિક સખાવતી સંસ્થાઓ વ્યવહારમાં આ સંકલિત અભિગમનું ઉદાહરણ આપે છે. દાખલા તરીકે, કેથોલિક ચેરિટીઝ યુએસએ અને ઈસ્લામિક રિલીફ વર્લ્ડવાઈડ જેવી સંસ્થાઓ આપત્તિ રાહત, શરણાર્થી સહાય, આરોગ્યસંભાળ અને શૈક્ષણિક કાર્યક્રમો

સહિત વિશ્વભરમાં વ્યાપક સમાજ સેવાઓ પ્રદાન કરે છે. આ પહેલો ઘણીવાર કરુણા, ન્યાય અને કારભારીના મૂલ્યો પર આધારિત હોય છે. જેનો ઉદ્દેશ્ય માત્ર તાત્કાલિક દુઃખ દૂર કરવાનો નથી પણ વ્યક્તિઓ અને સમુદાયોને લાંબા સ્વ-નિર્ભરતા માટે સશક્તિકરણ કરવાનો છે.

## 7.4 સમાજકાર્યમાં રાજ્ય પુરસ્કૃત દાન અને કલ્યાણ અભિગમ :

રાજ્ય દ્વારા પુરસ્કૃત ચેરિટી અને કલ્યાણની વિભાવના સમાજકાર્યના ક્ષેત્રમાં એક મહત્ત્વપૂર્ણ પાયાનું પ્રતિનિધિત્વ કરે છે, જે સમાજ જરૂરિયાતોને સંબોધવા અને તેના નાગરિકોની સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે સરકારી સંસ્થાઓના પ્રયત્નોને પ્રતિબિંબિત કરે છે. આ અભિગમનું મૂળ એવી માન્યતામાં છે કે તમામ વ્યક્તિઓને મૂળભૂત જરૂરિયાતો અને ગૌરવપૂર્ણ જીવન માટેની તકો મળી રહે તે સુનિશ્ચિત કરવાની મૂળભૂત જવાબદારી રાજ્યની છે.

ઐતિહાસિક રીતે ઈંગ્લેડમાં સમાજકાર્યના ઈતિહાસમાં રાજ્ય પ્રેરિત દાન અને કલ્યાણ અભિગમમાં મુખ્યત્વે 1576માં સુધારગૃહોની સ્થાપના, 1601માં એલિઝાબેથ નિર્ધન કાનૂન, 1662માં વસાહત કાનૂન, 1996માં કાર્યગૃહ કાનૂન વગેરે કાનૂનોનો ખૂબ જ પ્રભાવ જોવા મળે છે. અમેરિકામાં 1675માં મૈસાચ્યુસેટસ રાજ્ય દ્વારા અને સમયાંતરે અન્ય રાજ્યોએ પણ ભિક્ષુકોને પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવાની જવાબદારી સ્વીકારી લીધી. 1732 થી માંડને 1879ના સમયગાળા દરમિયાન અમેરિકામાં રાજ્ય દ્વારા માનસિક રોગીઓ, મંદબુદ્ધિ, બહેરાં-મૂંગા, અંધજનો, અપરાધીઓ માટે સુધારગૃહો માટે ચિકિત્સાકીય સારવાર, દેખભાળ અનક્શિક્ષણ-પ્રશિક્ષણ માટે હોસ્પિટલો અને વિદ્યાલયોની સ્થાપના કરવામાં આવી. ભારતના સમ્રાટ અશોકે 3જી સદી બીસીઈમાં કલ્યાણકારી રાજ્યનો તેમનો વિચાર આગળ ધપાવ્યો હતો. તેમણે સભાનપણે તેને રાજ્યની નીતિની બાબત તરીકે અપનાવવાનો પ્રયાસ કર્યો; તેણે જાહેર કર્યું કે "બધા માણસો મારા બાળકો છે" અને "હું ગમે તેટલો પરિશ્રમ કરું છું, હું ફક્ત તમામ જીવંત પ્રાણીઓનું ઋણ ઉતારવા માટે જ પ્રયત્ન કરું છું." તે રાજાશાહીનો સંપૂર્ણપણે નવો આદર્શ હતો. આમ કહી શકાય કે, રાજ્ય દ્વારા પ્રદાન કરવામાં આવતી ચેરિટી અને કલ્યાણની કલ્પના શાસનના વિવિધ તબક્કે જોવા મળે છે, જ્યાં રાજાશાહી, ધાર્મિક સંસ્થાઓ અને પછીની લોકશાહી સરકારોએ ગરીબો અને નબળા લોકોને ટેકો આપવાની ભૂમિકા ભજવી હતી. સમય જતાં, સમાજ કલ્યાણ માટેની જવાબદારી કેવળ સખાવતી સંસ્થાઓમાંથી સમાજ મુદ્દાઓને વ્યવસ્થિત રીતે સંબોધવા માટે રચાયેલ માળખાગત સરકારી કાર્યક્રમોમાં થઈ.

❖ **રાજ્ય પુરસ્કૃત ચેરિટી અને કલ્યાણના ઉદ્દેશ્યો :**

રાજ્ય દ્વારા પુરસ્કૃત ચેરિટી અને કલ્યાણ કાર્યક્રમોના પ્રાથમિક ઉદ્દેશો ગરીબી ઘટાડવા, સમાજ ન્યાયને પ્રોત્સાહન આપવા અને તમામ નાગરિકો માટે જીવનની ગુણવત્તા વધારવાનો છે. આ પ્રોગ્રામ્સનો ઉદ્દેશ્ય એવા ક્ષેત્રોમાં આધાર પૂરો પાડવાનો છે જેમ કે:

(1) **આર્થિક સહાય :** જરૂરિયાતમંદ વ્યક્તિઓ અને પરિવારોને તેમની મૂળભૂત જરૂરિયાતો જેમ કે ખોરાક, આવાસ અને આરોગ્યસંભાળ પૂરી કરી શકે તેની ખાતરી કરવા માટે નાણાકીય સહાય.

(2) **આરોગ્ય સંભાળ :** જાહેર આરોગ્યને પ્રોત્સાહન આપવા અને આરોગ્યની અસમાનતાઓને દૂર કરવા માટે તબીબી સેવાઓની પહોંચ.

(3) **શિક્ષણ :** વ્યક્તિઓને તેમની સમાજ આર્થિક સ્થિતિ સુધારવા માટે સક્ષમ બનાવવા શૈક્ષણિક તકોની જોગવાઈ.

(4) **રોજગાર :** નોકરીની તકો ઊભી કરવા અને કર્મચારીઓના વિકાસને ટેકો આપવાના હેતુથી પહેલ.

(5) **સમાજ સેવાઓ :** પરિવારો, બાળકો, વૃદ્ધો અને વિકલાંગ વ્યક્તિઓને સહાય કરવા માટે રચાયેલ સેવાઓની શ્રેણી.

❖ **સમાજકાર્યકરોની ભૂમિકા :**

રાજ્ય પુરસ્કૃત ચેરિટી અને કલ્યાણ કાર્યક્રમોના અમલીકરણ અને હિમાયતમાં સમાજકાર્યકરો મુખ્ય છે. તેમની ભૂમિકાઓમાં સામેલ છે :

(1) **હિમાયત :** સમાજકાર્યકરો સંવેદનશીલ વસ્તીના અધિકારો અને જરૂરિયાતોની હિમાયત કરે છે, તેની ખાતરી કરીને કે કલ્યાણ નીતિઓ સમાવિષ્ટ અને ન્યાયી છે.

(2) **મૂલ્યાંકન અને સંદર્ભ :** તેઓ વ્યક્તિઓ અને પરિવારોની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરે છે અને તેમને યોગ્ય કલ્યાણ સેવાઓનો સંદર્ભ આપે છે.

(3) **આધાર અને પરામર્શ :** લાભાર્થીને કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવા અને તેમના સંજોગો સુધારવામાં મદદ કરવા માટે ભાવનાત્મક અને વ્યવહારુ સમર્થન પૂરું પાડવું.

(4) **નીતિ વિકાસ :** તેમના પ્રાથમિક અનુભવો અને આંતરદષ્ટિના આધારે કલ્યાણ નીતિઓના વિકાસ અને શુદ્ધિકરણમાં યોગદાન આપવું.

રાજ્ય પુરસ્કૃત ચેરિટી અને કલ્યાણ અભિગમ અને આધુનિક સમાજકાર્યના આવશ્યક ઘટકો છે, જે તમામ વ્યક્તિઓની સુખાકારી અને ગૌરવને સુનિશ્ચિત કરવા માટે સમાજ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. મૂળભૂત જરૂરિયાતોને સંબોધીને અને સમાજ સમાનતાને પ્રોત્સાહન આપીને, આ કાર્યક્રમો ન્યાયી અને કરુણાપૂર્ણ સમાજને ઉત્તેજન આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

## 7.5 સમાજકાર્યમાં સંગઠિત અથવા વૈજ્ઞાનિક દાન અભિગમ :

સમાજકાર્યની પહેલ માટે દાન આપવું એ સમાજ ન્યાય, સમાનતા અને સામુદાયિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે એક નિર્ણાયક તત્ત્વ છે. દાન આપવાનો પદ્ધતિસરનો અભિગમ એ સુનિશ્ચિત કરે છે કે યોગદાન અસરકારક, પારદર્શક અને કાયદાકીય રીતે સુસંગત છે. સમાજ મુદ્દાઓને રજૂ કરવા અને વ્યક્તિગત સુખાકારીમાં સુધારો કરવાના હેતુથી વિવિધ સિદ્ધાંતો અને અભિગમોથી પ્રભાવિત, સમાજકાર્યનું ક્ષેત્ર વર્ષોથી નોંધપાત્ર રીતે વિકસિત થયું છે. આવો જ એક અભિગમ સંસ્થાકીય અથવા વૈજ્ઞાનિક સખાવતી અભિગમ છે, જે સમાજકાર્ય વ્યવહારમાં વ્યવસ્થિત અને પુરાવા-આધારિત પદ્ધતિઓ પર ભાર મૂલ્યો છે.

સંગઠિત અથવા વૈજ્ઞાનિક એટલે કે પદ્ધતિસર રીતે દાન આપવાના અભિગમના મૂળ 19મી સદીના અંતમાં અને 20મી સદીની શરૂઆતમાં ચેરિટી ઓર્ગેનાઈઝેશન સોસાયટી (Charity Organization Society - COS) ચળવળમાં આવી છે. તે સમયે સખાવતી પ્રયત્નોની અસ્તવ્યસ્ત અને ઘણીવાર બિનઅસરકારક પ્રકૃતિના પ્રતિભાવમાં COSની સ્થાપના કરવામાં આવી હતી. તેનો હેતુ વિવિધ સખાવતી પ્રવૃત્તિઓનું સંકલન કરીને સહાયની જોગવાઈમાં વ્યવસ્થિતથા અને કાર્યક્ષમતા લાવવાનો હતો અને એ સુનિશ્ચિત કરવાનો હતો કે સહાય માત્ર લાગણીના આધારે નહીં પરંતુ જરૂરિયાતના આધારે આપવામાં આવે. વૈજ્ઞાનિક ચેરિટી અભિગમ સમાજ વિજ્ઞાન અને જાહેર આરોગ્યના ઉભરતા ક્ષેત્રોથી પ્રભાવિત હતો, જેણે વ્યવસ્થિત તપાસ

અને પુરાવા-આધારિત હસ્તક્ષેપોની હિમાયત કરી હતી. COS ચળવળના નેતાઓ, જેમ કે યુકેમાં ઓક્ટાવીયા હિલ અને યુ.એસ.માં મેરી રિચમોન્ડ, ગરીબીનાં મૂળ કારણોને સમજવા અને સંરચિત, જાણકાર અને વ્યવસાયિક પદ્ધતિઓ દ્વારા તેને ઉકેલવાના મહત્ત્વ પર ભાર મૂલ્યો હતો.

જુદા-જુદા ધાર્મિક સંગઠનોની જેમ ઈંગ્લેન્ડમાં ચર્ચ દ્વારા ધાર્મિક દાન આપવામાં આવે છે જો કે, ભિક્ષાવૃત્તિમાં વધુ પ્રમાણમાં વૃદ્ધિ જોવા મળતા મદદ આપવાની પદ્ધતિઓમાં પરિવર્તન કરવામાં આવ્યું. ટોમસ ચાર્લ્સ પ્રેરિત નિર્ધન સ્થિતિ સુધારક મંડળે અવિવેકપૂર્ણ દાનને ગરીબોની સ્થિતિ સુધારવામાં અવરોધક ગણાવ્યું. ઈંગ્લેન્ડમાં કિંગ એડવર્ડ ત્રીજાએ ઈ.સ. 1349માં એવો આદેશ આપ્યો કે શારીરિક રૂપથી સશક્ત દરેક વ્યક્તિ કોઈને કોઈ કાર્ય ફરજિયાતપણે કરે તથા સ્થળાંતર વગર જે માલિકો કામ આપતા ઈચ્છતા હોય તેમને ત્યાં કામ કરે. આ પહેલો પ્રયાસ હતો કે, શારીરિક રૂપથી સક્ષમ વ્યક્તિઓને દાન તથા ભિક્ષા પર નિર્ભર રહેવાને બદલે કામ કરવા માટે ફરજ પાડવામાં આવી.

હેનરી VIIIના અધિનિયમ (Statute of Henry VIII) દ્વારા ઈ.સ. 1531માં ભિક્ષુકો માટે નોંધણી પ્રક્રિયા ફરજિયાત કરી દેવામાં આવી તથા તેઓને એક વિશેષ ક્ષેત્ર અંતર્ગત ભિક્ષા માંગવા માટે પરવાનો (Licence) આપવામાં આવ્યો. કાયદા મુજબ, નગર પ્રમુખ તથા શાંતિ માટેના ન્યાયાધીશોને ગરીબોના અરજીપત્રકોની તપાસ કરવાનો આદેશ આપવામાં આવ્યો. તંદુરસ્ત ભિક્ષુકોને કાર્યશીલ કરવા તથા તેઓને પોતાના જન્મસ્થળ પર જઈને રોજગારી મેળવવાની પણ વ્યવસ્થા કરવામાં આવી.

કારીગરોના અધિનિયમ (Statute of Artificers) દ્વારા ઈ.સ. 1532માં મજૂરી અને કામ કરવાનો સમય નિશ્ચિત કરવામાં આવ્યો તથા બેકાર, આળસુ તેમજ અસમાજ પ્રવૃત્તિ કરતાં લોકોને કઠિન કામો કરવા માટે ફરજ પાડવામાં આવી. ઈંગ્લેન્ડ સરકારની દેખરેખ હેઠળ ગરીબોની સહાયતા માટે ઈ.સ.1536માં યોજના બનાવવામાં આવી. જે મુજબ જે ગરીબો 3 વર્ષથી પરગણાં (Country)માં વસવાટ કરી રહ્યા હોય તેમની નિવાસ સ્થાનોમાં નોંધણી કરવાની વ્યવસ્થા કરવામાં આવી. સ્વૈચ્છિક દાન વડે નિવાસસ્થાનોમાં જોવા મળતા અસમર્થ ગરીબોના ભરણ-પોષણ માટે ધનની વ્યવસ્થા કરવામાં આવી. સશક્ત ભિક્ષુકોને કામ કરવા માટે ફરજ પાડવામાં આવી અને 5 થી 14 વર્ષની ઉંમરના રખડતા બાળકોને તેમના માતા-પિતા પાસેથી લઈને વ્યાવસાયિક તાલીમ માટે ધનવાન માલિકોને સોંપવામાં આવ્યા.

ક્વીન એલિઝાબેથ I ના શાસન હેઠળ 1601માં ઘડવામાં આવેલ 'ધર્માદા ઉપયોગનો કાયદો' (1601 - Statute of Charitable Uses) નો પ્રાથમિક ઉદ્દેશ ચેરિટેબલ ટ્રસ્ટનું નિયમન અને રક્ષણ કરવાનો હતો, એ સુનિશ્ચિત કરવાનો હતો કે સખાવતી ઉદ્દેશ્યો માટે દાનમાં આપવામાં આવેલા ભંડોળ અને સંસાધનોનો અસરકારક રીતે અને દાતાઓ દ્વારા હેતુ મુજબ ઉપયોગ કરવામાં આવે.

(1) **ગરીબોની રાહત :** ગરીબીમાં રહેલા લોકોને મદદ કરવા માટેની જોગવાઈઓ, જેમ કે ખોરાક, કપડાં અને આશ્રય.

(2) **શિક્ષણ :** શાળાઓ અને યુનિવર્સિટીઓની સ્થાપના અને જાળવણી માટે સમર્થન તેમજ શિષ્યવૃત્તિ માટે ભંડોળ.

(3) **ધર્મ :** ચર્ચ અને ધાર્મિક પ્રવૃત્તિઓની જાળવણી માટેનાં સંસાધનો.

(4) **મૂળભૂત માળખાકીય સુવિધાઓ :** પુલ, ધોરીમાર્ગો અને પાણી પુરવઠા જેવા જાહેર કાર્યોના નિર્માણ અને જાળવણીમાં યોગદાન.

(5) **સામુદાયિક સેવાઓ :** અગ્નિશમન વિભાગો અને હોસ્પિટલો જેવી સમુદાયને લાભદાયક સેવાઓ માટે ભંડોળ.

કાયદાએ દેખરેખ અને જવાબદારીની એક પ્રણાલી પણ સ્થાપિત કરી, સ્થાનિક અધિકારીઓને સખાવતી ભંડોળના ગેરવહીવટની તપાસ કરવા અને તેને દૂર કરવા માટે સશક્તિકરણ કર્યું. આનાથી વિશ્વભરના વિવિધ અધિકારક્ષેત્રોમાં કાયદાને પ્રભાવિત કરીને, ચેરિટી કાયદા અને શાસનમાં ભાવિ વિકાસ માટે પાયો નાખ્યો.

ઈ.સ. 1576માં સુધારણા ગૃહ (House of Correction) ઈંગ્લેન્ડમાં રજૂ કરાયેલી એક સંસ્થા હતી. જે ઘુસણખોરી અને નાના અપરાધને લગતા સમાજ મુદ્દાઓને સંબોધવા માટે રચાયેલ છે. તેનો ઉદ્દેશ્ય સખત શ્રમ અને શિસ્તની પદ્ધતિ દ્વારા વ્યક્તિઓમાં સુધારો અને પુનર્વસન કરવાનો હતો. એલિઝાબેથન પુઅર લો (Elizabethan Poor Law - 1601) સત્તાવાર રીતે ગરીબોની રાહત માટેનો કાયદો 1601 તરીકે ઓળખાય છે. તે ઈંગ્લેન્ડમાં ગરીબી અને સમાજ કલ્યાણને સંબોધવા માટે સ્થાપિત એક વ્યાપક કાયદાકીય માળખું હતું.

(1) **પરગણાની જવાબદારી :** સ્થાનિક પરગણાઓને તેમની સીમામાં સંભાળ માટે જવાબદાર બનાવવામાં આવ્યા હતા. આ વિકેન્દ્રિત અભિગમ એ સુનિશ્ચિત કરે છે કે સહાય સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ છે.

(2) **ગરીબોની શ્રેણીઓ :** કાયદો "લાયક" અને "અયોગ્ય" ગરીબો વચ્ચેનો તફાવત દર્શાવે છે. લાયક ગરીબોમાં વૃદ્ધો, માંદા અને બાળકોનો સમાવેશ થાય છે, જેઓ કામ કરવા માટે અસમર્થ હતા અને તેથી સહાય માટે લાયક હતા. અયોગ્ય ગરીબો સક્ષમ શારીરિક વ્યક્તિઓ હતા જેમની પાસે કામ કરવાની અપેક્ષા રાખવામાં આવતી હતી.

(3) **ભંડોળની પદ્ધતિઓ :** કાયદાએ રાહત પ્રયાસોને ભંડોળ આપવા માટે કરવેરા પ્રણાલીની સ્થાપના કરી, જેને "નબળા દર" તરીકે ઓળખવામાં આવે છે. કમ્યુનિટીના ધનવાન સભ્યોને ઓછા નસીબદારને ટેકો આપવા માટે કર લાદવામાં આવ્યો હતો.

(4) **રાહતના પ્રકાર :**

i. **બહારની રાહત :** ગરીબોને તેમના પોતાના ઘરમાં પૂરી પાડવામાં આવતી સહાય, જેમ કે ખોરાક, પૈસા અથવા કપડાં.

ii. **અન્ય રાહત :** સંસ્થાઓમાં સહાય પૂરી પાડવામાં આવે છે, જેમ કે ભિક્ષાગૃહ અને કાર્યાલયો, જ્યાં ગરીબો રહી શકે અને કામ કરી શકે.

1662માં ઘડવામાં આવેલ સેટલમેન્ટનો કાયદો (Law of Settlement - 1662), ઈંગ્લેન્ડના સમાજ કલ્યાણના ઈતિહાસમાં કાયદાનો નિર્ણાયક ભાગ હતો. તેનો ઉદ્દેશ્ય વ્યક્તિના રહેઠાણને નિર્ધારિત કરીને ગરીબી અને ગતિશીલતા સબંધિત મુદ્દાઓને સંબોધવાનો હતો. 1723નો વર્કહાઉસ એક્ટ (The Workhouses Act of 1723), જેને

નેચબુલ એક્ટ (the Knatchbull Act) તરીકે પણ ઓળખવામાં આવે છે. તેણે ઈંગ્લેન્ડમાં વર્કહાઉસ માટે માળખું સ્થાપિત કર્યું. આ સંસ્થાઓ નિરાધારોને આશ્રય અને રોજગાર આપવા માટે બનાવવામાં આવી હતી. 1834નો ગરીબ કાયદો સુધારો અધિનિયમ (Poor Law Amendment Act - 1834)ઈંગ્લેન્ડમાં હાલની નબળી કાયદા વ્યવસ્થાને સુધારવાના હેતુથી નોંધપાત્ર સુધારો હતો. Poor Law Amendment Actને 'ગિલબર્ટ કાનૂન'ના નામથી પણ ઓળખવામાં આવે છે. 'સ્પીન્હમલેન્ડ કાનૂનની ઘોષણા ઈ.સ.1795માં કરવામાં આવી'. જેનાથી શ્રમિકોને પુરતા પ્રમાણમાં રોજગારી આપી શકાય. ઈ.સ. 1877માં અમેરિકામાં રચાયેલ દાન સંગઠન સંઘ દ્વારા નિર્ધન સ્થિતિ સુધારક મંડળને ખાસ દિશા મળી (પટેલ, 2009). આમ, નિરાધાર વ્યક્તિઓની મદદની પ્રક્રિયામાં સેવા કાર્યાલયો, ધર્મશાળાઓ, મનોરંજન કેન્દ્રો, દવાખાનાઓ, અંધ, બહેરાં, મૂંગા તથા મનોરોગીઓ માટે સારવાર અને પ્રશિક્ષણ કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં. જે યોગ્ય, પદ્ધતિસર અને આયોજનબદ્ધ દાનને પ્રોત્સાહન આપે છે.

## 7.6 સમાજકાર્યમાં વ્યાવસાયિક સમાજકાર્ય અભિગમ :

સમાજકાર્ય એ વ્યક્તિઓ, પરિવારો, જૂથો અને સમુદાયો માટે સુખાકારી અને જીવનની ગુણવત્તા સુધારવા માટે પ્રતિબદ્ધ એક સમર્પિત વ્યવસાય છે. સમાજકાર્યમાં વ્યાવસાયિક અભિગમ એ મુખ્યત્વે પ્રતિબદ્ધતા, કરુણા અને સમાજ મુદ્દાઓને સંબોધવામાં અને જરૂરિયાતમંદ વ્યક્તિઓ, પરિવારો અને સમુદાયોને ટેકો આપવા માટે સક્ષમતા દ્વારા વર્ગીકૃત થયેલ છે. તેમાં વ્યાવસાયિક સંસ્થાઓ દ્વારા નિર્ધારિત નૈતિક દિશાનિર્દેશો અને ધોરણોનું પાલન કરવાનો સમાવેશ થાય છે, જેમ કે ગોપનીયતા જાળવવી, સાંસ્કૃતિક વિવિધતાનો આદર કરવો અને સમાજ ન્યાયની હિમાયત કરવી.

ઈસ્લામમાં જવાબદારી વ્યક્તિઓને તેમની ક્રિયાઓ અને નિર્ણયો માટે જવાબદાર બનવા પ્રોત્સાહિત કરે છે. સમાજકાર્યકરો અખંડિતથા અને વ્યાવસાયિકતાના ઉચ્ચ ધોરણો જાળવીને આ મૂલ્ય લાગુ કરી શકે છે. આમાં અસીલો સાથે પારદર્શક રહેવું, ગોપનીયતા સુનિશ્ચિત કરવી અને તમામ ક્રિયાપ્રતિક્રિયાઓ અને દરમિયાનગીરીઓમાં નૈતિક ધોરણોને જાળવી રાખવાનો સમાવેશ થાય છે.

❖ **સમુદાય અને એકતા :**

ઈસ્લામિક મૂલ્યો સમુદાય (ઉમ્મા) અને એકતાના મહત્ત્વ પર ભાર મૂલ્યો છે. સમાજકાર્યકરો સહાયક જૂથો, સામુદાયિક વિકાસ પ્રોજેક્ટ્સ અને સ્થાનિક સંસ્થાઓ સાથે સહયોગી પ્રયાસોની સુવિધા આપીને સમુદાય અને સામૂહિક જવાબદારીની ભાવનાને ઉત્તેજન આપી શકે છે. આ અભિગમ મજબૂત, સ્થિતિસ્થાપક સમુદાયો બનાવવામાં મદદ કરે છે જે તેમના સભ્યોને સમર્થન આપે છે.

- **સુખાકારી માટે સર્વગ્રાહી અભિગમ :**

  ઈસ્લામ સુખાકારીના સર્વગ્રાહી દૃષ્ટિકોણને પ્રોત્સાહન આપે છે. જેમાં શારીરિક, માનસિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યનો સમાવેશ થાય છે. સમાજકાર્યકરો ગ્રાહકોની બહુપક્ષીય જરૂરિયાતોને સંબોધીને આ સર્વગ્રાહી પરિપ્રેક્ષ્યને તેમની પ્રેક્ટિસમાં સામેલ કરી શકે છે. આમાં પરંપરાગત સમાજકાર્ય દરમિયાનગીરીઓ સાથે આધ્યાત્મિક સમર્થનને સંકલિત કરવું, સાંસ્કૃતિક રીતે સંવેદનશીલ સંભાળ પૂરી પાડવી અને તેમના ઉપચાર અને વૃદ્ધિમાં ગ્રાહકોની ધાર્મિક અને આધ્યાત્મિક માન્યતાઓના મહત્ત્વને ઓળખવાનો સમાવેશ થઈ શકે છે.

- **હિમાયત અને સશક્તિકરણ :**

  વ્યક્તિઓ અને સમુદાયોને સશક્ત બનાવવું એ ઈસ્લામિક સમાજ નીતિશાસ્ત્રનું મુખ્ય પાસું છે. સમાજકાર્યકરો ગ્રાહકોને તેમના અધિકારોની હિમાયત કરીને, શિક્ષણ અને સંસાધનો પ્રદાન કરીને અને આત્મનિર્ભરતા વિકસાવવામાં તેમને સમર્થન આપીને સશક્તિકરણ કરી શકે છે. આ અભિગમ વ્યક્તિઓને તેમની સંપૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરવામાં અને ગૌરવપૂર્ણ જીવન જીવવામાં મદદ કરવાના ઈસ્લામિક સિદ્ધાંત સાથે સંરેખિત છે.

## 11.3 ખ્રિસ્તી ધર્મનો અર્થ :

ખ્રિસ્તી ધર્મ ગ્રીક શબ્દ ''ક્રિસ્ટોસ'' પરથી ઉતરી આવ્યો છે. ''ખ્રિસ્તી'' શબ્દ ઈસુ ખ્રિસ્તના ઉપદેશો પર આધારિત ધર્મનો સંદર્ભ આપે છે. તે માન્યતાઓ, પ્રથાઓ અને પરંપરાઓનો સમાવેશ કરે છે. જે મસીહા અને ભગવાનના પુત્ર તરીકે ઈસુના જીવન, ઉપદેશો, મૃત્યુ અને પુનરુત્થાનની આસપાસ કેન્દ્રિત છે. ખ્રિસ્તી ધર્મ એકેશ્વરવાદ (એક ભગવાનમાં વિશ્વાસ) અને બાઈબલ તેના પવિત્ર લખાણ જેમાં જૂના અને નવા કરારનો સમાવેશ થાય છે. અને ઈસુખ્રિસ્તમાં વિશ્વાસ દ્વારા માનવતાના મુક્તિની માન્યતા દ્વારા વર્ગીકૃત થયેલ છે. ખ્રિસ્તી ધર્મની મુખ્ય માન્તા એ છે કે ઈસુ એ ઈશ્વરના પુત્ર છે. જે તેમના મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા માનવતાને પાપમાંથી બચાવવા પૃથ્વી પર આવ્યા હતા. તારણહાર તરીકે ઈસુ પરની આ માન્યતા ખ્રિસ્તી ઓળખ અને વ્યવહારમાં કેન્દ્રિય છે.

ખ્રિસ્તી ધર્મનો અર્થ મુક્તિની વિભાવના સાથે ઊંડો જોડાયેલો છે. ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ માને છે કે ઈસુના બલિદાન મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા, માનવતાને મુક્તિ અને શાશ્વત જીવનની ભેટ આપવામાં આવે છે. આ મુક્તિને પાપને કારણે ભગવાન અને માનવતા વચ્ચેના તૂટેલા સબંધની પુનઃસ્થાપના તરીકે જોવામાં આવે છે. ખ્રિસ્તીઓને ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ, પાપોનો પસ્તાવો અને તેમના ઉપદેશો અનુસાર જીવન જીવવા દ્વારા મુક્તિની આ ભેદ સ્વીકારવા માટે કહેવામાં આવે છે.

ખ્રિસ્તી ધર્મ પણ ભગવાન (ભગવાન)ના પ્રેમ અને કૃપાની પરિવર્તનશીલ શક્તિ પર તેના ભાર દ્વારા વર્ગીકૃત થયેલ છે. વિશ્વાસીઓને અન્ય લોકો સાથેના તેમના સબંધોમાં આ પ્રેમને જીવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. જે ઈસુના બિનશરતી અને બલિદાન પ્રેમને પ્રતિબિંબિત કરે છે. પ્રેમની આ નૈતિકતા દયા, સેવા અને ન્યાયના કૃત્યો દ્વારા

વ્યક્ત કરવામાં આવે છે. અને ઈશ્વરને વિશ્વની વાસ્તવિકતાની સાક્ષી આપવાના માર્ગ તરીકે જોવામાં આવે છે.

ખ્રિસ્તી ધર્મની પ્રથામાં વ્યક્તિગત અને સાંપ્રદાયિક બંને પરિણામોનો સમાવેશ થાય છે. વ્યક્તિગત વ્યવહારોમાં પ્રાર્થના, બાઈબલ અભ્યાસ અને આધ્યાત્મિક શિસ્તનો સમાવેશ થાય છે. જે ઈશ્વર સાથે ગાઢ સબંધને પ્રોત્સાહન આપે છે. સાંપ્રદાયિક પ્રથાઓમાં પૂજા, સંસ્કારો (જેમ કે બાપ્તિસ્મ અને કોમ્યુનિયન) અને અન્ય આસ્થાવાનો સાથે ફેલોશિપ સહિત ચર્ચના જીવનમાં ભાગીદારીનો સમાવેશ થાય છે. ચર્ચને ખ્રિસ્તીઓના શરીર તરીકે જોવામાં આવે છે. એ એક વિશ્વાસીઓનો સમુદાય છે. જેઓ તેમની વિશ્વાસ યાત્રામાં એકબીજાને ટેકો આપે છે અને પ્રોત્સાહિત કરે છે.

### 11.3.1 ખ્રિસ્તી ધર્મની ફિલસૂફી :

ખ્રિસ્તી ધર્મ એ એકેશ્વરવાદી ધર્મ છે જે ઈસુ ખ્રિસ્તના જીવન અને ઉપદેશો પર આધારિત છે. જેને ખ્રિસ્તીઓ ઈશ્વરના પુત્ર અને માનવતાના તારણહાર તરીકે માને છે. ખ્રિસ્તી ધર્મની ફિલસૂફી ઈશ્વર અને માનવતા વચ્ચેના સબંધ પર ધ્યાન કેન્દ્રિત કરીને પ્રેમ, દયા અને વળતરની વિભાવનાઓમાં ઊંડે મૂળ ધરાવે છે. ખ્રિસ્તી તત્ત્વજ્ઞાનનું કેન્દ્રસ્થાન એ ત્રિત્વ માન્યતા છે. એ સિદ્ધાંત છે કે ઈશ્વર એક જ સારમાં ત્રણ વ્યક્તિઓ તરીકે અસ્તિત્ત્વ ધરાવે છે. પિતા, પુત્ર (ઈસુ ખ્રિસ્ત) અને પવિત્ર આત્મા.

ખ્રિસ્તી ધર્મમાં પાયાનો નૈતિક સિદ્ધાંત પ્રેમ છે, જેને ઘણીવાર (“A gape”) તરીકે ઓળખવામાં આવે છે. જે અન્ય લોકો માટે બિનશરતી અને નિઃસ્વાર્થ પ્રેમ દર્શાવે છે. આ સિદ્ધાંત મહાન આજ્ઞામાં દર્શાવેલ છે. જે આસ્થાવાનોને “તમારા ઈશ્વરને તમારા પૂરા હ્રદયથી અને તમારા પૂરા આત્માથી અને તમારા પૂરા મનથી પ્રેમ કરવા” અને “તમારા પાડોશીને પોતાને જેવો પ્રેમ” કરવાની સૂચના આપે છે. (મેથ્યુ 22:37-39). પ્રેમની આ નીતિ ખ્રિસ્તી જીવનના તમામ પાસાઓ સુદી વિસ્તરે છે અને ખ્રિસ્તી નૈતિક આચરણના આધાર તરીકે સેવા આપે છે.

ખ્રિસ્તી ફિલસૂફી દૈવીય કૃપા અને દૈવીય ઉપકાર વિભાવનાઓ પર પણ ભાર મૂલ્યો છે. કૃપાને ઈશ્વરના અયોગ્ય ઉપકાર તરીકે જોવા અને સમજવામાં આવે છે. જે તેમના (મનુષ્યના) પાપો હોવા છતાં માનવતા પર આપવામાં આવે છે. તે કૃપા દ્વારા મનુષ્યોને માફ કરવામાં આવે છે અને ઈશ્વર સાથે સમાધાન થાય છે. વિમોચન, કૃપા સાથે નજીકથી સબંધિત, ઈસુ ખ્રિસ્તના બલિદાન દ્વારા પાપ અને તેના પરિણામોમાંથી મુક્તિનો ઉલ્લેખ કરે છે. ખ્રિસ્તીઓ માને છે કે ઈસુનું મૃત્યુ અને પુનરુત્થાન મુક્તિ અને શાશ્વત જીવન માટેનું સાધન પુરુ પાડે છે.

ન્યાય અને પ્રામાણિકતા એ પણ ખ્રિસ્તી ફિલસૂફીના મુખ્ય સિદ્ધાંતો છે. બાઈબલ વિશ્વાસીઓને ન્યાયી વર્તવા, દયા અને પ્રેમ કરવા અને ઈશ્વર સાથે નમ્રતાપૂર્વક ચાલવા માટે કહે છે (મીકાહ 6:8). ન્યાય પ્રત્યેની આ પ્રતિબદ્ધતામાં ગરીબો, વંચિતો, છેવાડાનાં લોકો હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોની હિમાયતનો સમાવેશ થાય છે, જે સમાજ ચિંતાઓને પ્રતિબિંબિત કરે છે જે ખ્રિસ્તી વિશ્વાસ માટે અભિન્ન છે. ઈસુના ઉપદેશો જેમ કે પર્વત પરના ઉપદેશ, નમ્રતા, દયા અને શાંતિના મહત્ત્વ પર ભાર મૂલ્યો છે.

ખ્રિસ્તી ફિલસૂફીનું બીજું મહત્ત્વનું પાસું ઈશ્વરના રાજ્યની વિભાવના છે. ઈસુએ ઈશ્વરના રાજ્યના આગમન વિશે પ્રચાર કર્યો, જે ન્યાય, શાંતિ અને પૃથ્વી પર ઈશ્વરની ઈચ્છાની પરિપૂર્ણતા દ્વારા વર્ગીકૃત થયેલ છે. ખ્રિસ્તીઓને તેમના રોજિંદા જીવનમાં કરુણા, ન્યાય અને સમાધાન જેવા મૂલ્યોને પ્રોત્સાહન આપીને આ રાજ્યની અનુભૂતિ તરફ કામ કરવા માટે કહેવામાં આવે છે.

ખ્રિસ્તી નીતિશાસ્ત્ર ક્ષમા અને સમાધાનના મહત્ત્વને પણ દર્શાવે છે. ઈસુના ઉપદેશો બીજાઓને માફ કરવાની જરૂરિયાત પર ભાર મૂલ્યો છે. જેમ કે ભગવાનને આપણને માફ કર્યા છે. ક્ષમાનો આ સિદ્ધાંત સબંધો અને સમુદાયોમાં ઉપચાર અને પુનઃસ્થાપનને પ્રોત્સાહન આપે છે.

ખ્રિસ્તી ધર્મની ફિલસૂફી પ્રેમ, કૃપા, મુક્તિ, ન્યાય અને ઈશ્વરના રાજ્યની શોધના સિદ્ધાંતો પર કેન્દ્રિત છે. તે એક વ્યાપક નૈતિક માળખું પૂરું પાડે છે. જે વિશ્વાસીઓને ઈશ્વર અને અન્ય લોકો સાથેના તેમના સબંધમાં માર્ગદર્શન આપે છે. અને કરુણા, ન્યાય અને સમાધાનના મહત્ત્વ પર ભાર મૂલ્યો છે.

### 11.3.2 ખ્રિસ્તી ધર્મમાં નૈતિક અને ધાર્મિક મૂલ્યો :

ક્રિસ્તી નૈતિક સિદ્ધાંતો ઈસુ ખ્રિસ્તના ઉપદેશોથી ખૂબ જ પ્રભાવિત છે. જેમ કે બાઈબલમાં નોંધાયેલ છે. સૌથી મૂળભૂત ખ્રિસ્તી નૈતિક સિદ્ધાંતોમાંનો એક પ્રેમ “Agape” છે, જેને સૌથી મોટી આજ્ઞા માનવામાં આવે છે. “Agape” બિનશરતી પ્રેમનો ઉલ્લેખ કરે છે જે તમામ વ્યક્તિઓ સુધી વિસ્તરે છે, એ પમ તેમના સંજોગોને ધ્યાનમાં લીધા વગર નો પ્રેમ. પ્રેમનો આ સિદ્ધાંત ખ્રિસ્તી નીતિશાસ્ત્રમાં કેન્દ્રિય છે અને ‘‘તમારા પાડોશીને તમારી જેમ પ્રેમ કરો’’ આજ્ઞામાં તેનું ઉદાહરણ છે. સમાજકાર્યમાં, આ સિદ્ધાંત અસીલો માટે બિનશરતી સકારાત્મક આદર દર્શાવવા, પોતાના અર્થઘટન બાજુ પર રાખી સમર્થન અને સંભાળ કરવા અને તેમની જરૂરિયાતોને કરુણા અને સહાનુભૂતિ સાથે પૂરી કરવાનો પ્રયાસ કરવા માટે પ્રેરિત કરે છે.

ન્યાય અને પ્રામાણિકતા પણ ખ્રિસ્તી નીતિશાસ્ત્રના મુખ્ય ઘટકો છે. બાઈબલ સતત ગરીબ અને નિર્બળ લોકોના રક્ષણ માટે હાકલ કરે છે, વિશ્વાસીઓને ન્યાયથી કાર્ય કરવા અને સમાજ સમાનતા અને સમાજ ન્યાયને પ્રોત્સાહન આપવા વિનંતી કરે છે. ન્યાય પરનો આ ભાર સમાજ ન્યાય માટે સમાજકાર્યની પ્રતિબદ્ધતા સાથે સંરેખિત કરે છે. જે અસમાનતાના મૂળ કારણોને સંબોધિત કરવા અને તમામ વ્યક્તિઓને વિકાસ માટે જરૂરી સંસાધનો અને તકો સુધી પહોંચવાની ખાતરી કરવા માંગે છે. ન્યાય પરના ખ્રિસ્તી ઉપદેશોથી પ્રેરિત સમાજકાર્યકરો, તમામ અસીલો માટે, ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા અથવા વંચિત લોકો માટે ન્યાયી વ્યવહાર અને સમાનતાની હિમાયત કરી શકે છે.

અન્યોયની સેવા એ ખ્રિસ્તી નીતિશાસ્ત્રનું બીજુ અભિન્ન પાસું છે, જે ઈસુ ખ્રિસ્તના ઉદાહરણથી પ્રેરિત છે. જેમણે પોતાનું જીવન અન્યની સેવા કરવા માટે પૂરી રીતે સમર્પિત કર્યું હતું. ખ્રિસ્તીઓને તેમના સમુદાયોની સેવા કરવા માટે બોલાવવામાં આવે છે. ખાસ કરીને જરૂરિયાતમંદ લોકો, નિઃસ્વાર્થ સેવાના મૂલ્યને પ્રતિબિંબિત કરે છે. સમાજકાર્યમાં આ સિદ્ધાંત સમુદાયોમાં સ્વયંસેવકતાને પ્રોત્સાહિત કરીને અને

સુવિધા આપીને, સમાજ જરૂરિયાતોને સંબોધિત કરતી પહેલને સમર્થન આપીને અને સેવા અને પરસ્પર સમર્થનની સંસ્કૃતિને પ્રોત્સાહન આપીને લાગુ કરી શકાય છે.

ક્ષમા અને સમાધાન પણ ખ્રિસ્તી ધર્મમાં મહત્ત્વપૂર્ણ મૂલ્યો છે. બાઈબલ ક્ષમાનું મહત્ત્વ શીખવે છે, ઉપચાર અને સમાધાનને પ્રોત્સાહન આપે છે. સમાજકાર્યકરો અસીલોને તકરાર દૂર કરવામાં મદદ કરીને અને માફી અને સમજણના વાતાવરણને પ્રોત્સાહન આપીને યોગ્ય સમાધાન તરફ વાળી આ સિદ્ધાંતને લાગુ કરી શકે છે. ક્ષમા અને સમાધાનને પ્રોત્સાહિત કરીને, સમાજકાર્યકરો અસીલોને તંદુરસ્ત સબંધો બાંધવામાં અને સમુદાય અને પરસ્પર સમર્થનની ભાવનાને ઉત્તેજીત કરવામાં મદદ કરી શકે છે.

### 11.3.3 સમાજકાર્યમાં ખ્રિસ્તી મૂલ્યોનો વ્યવહારુ ઉપયોગ :

ખ્રિસ્તી મૂલ્યો, પ્રેમ, કૃપા અને સેવાના સિદ્ધાંતો પર આધારિત, સમાજકાર્ય અભ્યાસ માટે એક મજબૂત નૈતિક માળખું પ્રદાન કરે છે. આ મૂલ્યોનું એકીકરણ સમાજકાર્યના દયાળુ અને ન્યાય-લક્ષી પાસાઓને વધારી શકે છે. સમાજકાર્યના ક્ષેત્રમાં ખ્રિસ્તી મૂલ્યોને વ્યવહારીક રીતે લાગુ કરી શકાય તેવી ઘણી રીતો અહીં છે :

❖ **પ્રેમ અને કરુણા :**

પ્રેમની કેન્દ્રિય ખ્રિસ્તી નીતિ ("Agape") અન્ય લોકો માટે બિનશરતી અને નિઃસ્વાર્થ કાળજી પર ભાર મૂલ્યો છે. સમાજકાર્યમાં આનો અર્થ અસીલો સાથે સન્માન, આદર અને સહાનુભૂતિ સાથે વ્યવહાર કરવામાં આવે છે. ખ્રિસ્તી મૂલ્યોથી પ્રેરિત સમાજકાર્યકર્તાઓ અસીલો સાથે કરુણાપૂર્ણ સબંધો બાંધવા, તેમની જરૂરિયાતોને સમજવા અને સર્વગ્રાહી સમર્થન પ્રદાન કરવાને પ્રાથમિકતા આપે છે.

❖ **ન્યાય અને હિમાયત :**

ખ્રિસ્તી ધર્મ ન્યાય માટે પ્રતિબદ્ધતા અને નબળા લોકોના રક્ષણ માટે કહે છે. સમાજકાર્યકરો સમાજ ન્યાયની હિમાયત કરીને, પ્રણાલિગત અસમાનતાને સંબોધીને અને માનવ અધિકારોને પ્રોત્સાહન આપીને આ મૂલ્ય લાગુ કરી શકે છે. આમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો વતી કામ કરવું, અન્યાયી નીતિઓને પડકારવું અને સમાન સમાજ માળખું બનાવવાનો પ્રયાસ કરવાનો સમાવેશ થાય છે.

❖ **સેવા અને બલિદાન :**

અન્ય લોકોની સેવા એ ખ્રિસ્તી પ્રથાનો પાયાનો પથ્થર છે, જે ઈસુ ખ્રિસ્તના ઉદાહરણને પ્રતિબિંબિત કરે છે. સમાજકાર્યકરો તેમના અસીલો અને સમુદાયોની જરૂરિયાતો પૂરી કરવા માટે પોતાને સમર્પિત કરીને આ મૂલ્યને મૂર્તિમંત કરી શકે છે. આમાં નિઃસ્વાર્થતા અને બલિદાનની ભાવના સાથે કાર્ય કરવા માટે માત્ર ફરજની બહાર જવાનો સમાવેશ થાય છે. ઘણી

વખત અન્યની જરૂરિયાતોને તેમની પોતાની પહેલાં મૂલ્યો છે.

❖ **ક્ષમા અને સમાધાન :**

ખ્રિસ્તી ઉપદેશો ઉપચાર અને પુનઃસ્થાપનના માર્ગ તરીકે ક્ષમા અને સમાધાન પર ભાર મૂલ્યો છે. સમાજકાર્યકરો અસીલોને તકરાર દ્વારા કામ કરવામાં મદદ કરીને, પુનઃસ્થાપન ન્યાય પ્રથાઓને પ્રોત્સાહિત કરીને અને પરિવારો અને સમુદાયોમાં સમાધાનને પ્રોત્સાહન આપીને આ પ્રક્રિયાઓને સરળ બનાવી શકે છે. આ અભિગમ ઉપચાર અને સબંધોના પુનઃનિર્માણને પ્રોત્સાહન આપે છે.

❖ **આશા અને સશક્તિકરણ :**

ખ્રિસ્તી ધર્મ આશા અને વિમોચનનો સંદેશ આપે છે. સામાજીક કાર્યકરો તેમના અસીલોને વધુ સારા ભવિષ્યની કલ્પના કરવામાં મદદ કરીને અને પડકારોને પહોંચી વળવામાં મદદ કરીને તેમનામાં નવી ાશા પ્રેરિત કરી શકે છે. અસીલોને તેમના જીવન પર નિયંત્રણ મેળવવા, નવી કુશળતા વિકસાવવા અને તેમના ધ્યેયો હાંસલ કરવા માટે સશક્તિકરણ કરવું એ જીવનને ઉત્થાન અને પરિવર્તન માટે ખ્રિસ્તી પ્રતિબદ્ધતા સાથે સંરેખિત કરે છે.

❖ **સમુદાય અને ફેલોશિપ :**

સમુદાય તરીકે ચર્ચનો ખ્યાલ ફેલોશિપ અને પરસ્પર સમર્થનના મહત્ત્વને રેખાંકિત કરે છે. સમાજકાર્યકરો સમૂહ સમર્થન, સામુદાયિક જોડાણ પ્રવૃત્તિઓ અને વિશ્વાસ-આધારિત સંસ્થાઓ સાથે સહયોગી પ્રયાસો દ્વારા સમુદાયની ભાવનાને ઉત્તેજન આપી શકે છે. મજબૂત, સહાયક તંત્ર બનાવવાથી અસીલોને જોડી અને ટેકો અનુભવવામાં મદદ મળે છે.

❖ **અખંડિતથા અને જવાબદારી :**

ખ્રિસ્તી મૂલ્યો પ્રામાણિકતા સાથે જીવવા અને કોઈની કર્મ માટે જવાબદાર હોવા પર ભાર મૂલ્યો છે. સમાજકાર્યકરો ઉચ્ચ નૈતિક ધોરણોનું પાલન કરીને, અસીલો સાથે પ્રામાણિક અને પારદર્શક બનીને અને તેમની વ્યાવસાયિક વ્યવહારમાં જવાબદારી સુનિશ્ચિત કરીને આને લાગુ કરી શકે છે. આ તેમના કામમાં વિશ્વાસ અને વિશ્વસનીયતા બનાવે છે.

❖ **દયા અને કરુણાપૂર્ણ સંભાળ :**

ખ્રિસ્તી ધર્મમાં દૈવીય કૃપાની વિભાવનામાં દયા અને કરુણા બતાવવાનો સમાવેશ થાય છે. ભલે તે લાયક હોય કે ન હોય. સમાજકાર્યકરો કરુણાપૂર્ણ સંભાળ આપીને, વ્યક્તિ અને સમુદાય વિશેષના સંઘર્ષને સમજીને અને પોતાના વ્યક્તિગત મંતવ્ય દૂર રાખી અને યોગ્ય ટેકો આપીને અસીલોને મદદ કરી શકે છે. આ અભિગમ અસીલો માટે વિકાસ અને ઠીક થવા માટે હૂંફ આપી, સુરક્ષિત અને પોષક વાતાવરણ બનાવવામાં મદદ કરે છે.

## 11.4 સારાંશ :

ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મના નૈતિક અને ધાર્મિક મૂલ્યો સમાજકાર્ય પ્રથા માટે ગહન આંતરદષ્ટિ અને માર્ગદર્શન આપે છે. આ મૂલ્યોને તેમની વ્યાવસાયિક વ્યવહારમાં એકીકૃત કરીને, સમાજકાર્યકરો સમાજ ન્યાય, કરુણા અને સર્વગ્રાહી સંભાળને પ્રોત્સાહન આપવાની તેમની ક્ષમતાને વધારી શકે છે. ન્યાય, કરુણા, દાન, સેવા અને ક્ષમાના સિદ્ધાંતો. જેમ કે આ ધાર્મિક પરંપરાઓમાં ભાર મૂલ્યોવામાં આવ્યો છે. તે સમાજકાર્યના મુખ્ય મૂલ્યો સાથે નજીકથી સંરેખિત થાય છે. નૈતિક નિર્ણય લેવા અને સાંસ્કૃતિક રીતે સંવેદનશીલ હસ્તક્ષેપ માટે મજબૂત પાયો પૂરો પાડે છે. આ એકમે ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મના સમૃદ્ધ નૈતિક માળખાની શોધ કરી છે, જે સમાજકાર્ય માટે તેમની સુસંગતથાને પ્રકાશિત કરે છે. વિવિધ વસ્તીને સેવા આપવા માટે વ્યવસાયની ક્ષમતાને વધારવા માટે વ્યવહારુ જ્ઞાન આપવામાં મદદ કરે છે. આ નૈતિક સિદ્ધાંતોને અપનાવીને, સમાજકાર્યકરો ખાતરી કરી શકે છે કે તેમનો અભ્યાસ તેમના અસીલોની વૈવિધ્યસભર સાંસ્કૃતિક અને ધાર્મિક ઓળખ છતાં પણ તેમના પર આવેલ સમાજ, આર્થિક કે અન્ય પ્રશ્નોમાં કોઈપણ જાતના ભેદભાવ વગર મદદગાર બની શકે છે.

## 11.5 ચાવીરૂપ શબ્દો :

- **નૈતિક મૂલ્યો :** સિદ્ધાંતો જે સમાજકાર્યમાં નૈતિક આચરણને માર્ગદર્શન આપે છે, ધાર્મિક પરંપરાઓમાંથી મેળવેલા.
- **ધર્મ :** હિંદુ ધર્મમાં મુખ્ય ખ્યાલ (સરખામણ માટે ઉલ્લેખિત), જેનો અર્થ કર્તવ્ય અથવા સચ્ચાઈ.
- **કર્મઃ** હિંદુ અને બૌદ્ધ ધર્મમાં એખ ખ્યાલ (સરખામણી માટે ઉલ્લેખિત), કારણ અને કાયદાનો ઉલ્લેખ કરે છે.
- **જકાત :** ઈસ્લામમાં ફરજિયાત દાન.
- **સદકા :** ઈસ્લામમાં સ્વૈચ્છિક દાન.
- **અગાપે :** ખ્રિસ્તી ધર્મમાં બિનશરતી પ્રેમ.
- **સાકલ્યવાદી સંભાળ :** સમાજકાર્યમાં એક અભિગમ જે વ્યક્તિના સુખાકારીના તમામ પાસાઓને ધ્યાનમાં લે છે.
- **સાંસ્કૃતિક યોગ્યતા :** વિવિધ સંસ્કૃતિના લોકો સાથે સમજવા, આદર અને અસરકારક રીતે સંપર્ક કરવાની ક્ષમતા.
- **નૈતિકતા :** નૈતિક સિદ્ધાંતો જે વર્તન અને નિર્ણય લેવામાં માર્ગદર્શન આપે છે.
- **મૂલ્યો :** મુખ્ય માન્યતાઓ જે ક્રિયાઓ અને નિર્ણયોને પ્રભાવિત કરે છે.
- **સમાજકાર્યની વિચારધારા :** સમાજકાર્ય વ્યવસાયને માર્ગદર્શન આપતી માન્યતાઓ અને સિદ્ધાંતો.
- **ઈસ્લામ :** કુરાન અને મુહમ્મદના ઉપદેશો પર આધારિત એકેશ્વરવાદી ધર્મ.
- **ખ્રિસ્તી ધર્મ :** ઈસુ ખ્રિસ્તના જીવન અને ઉપદેશો પર આધારિત એકેશ્વરવાદી ધર્મ.

- **ચેરિટી (ઝકાત, સદકાહ, ભિક્ષા) :** જરૂરિયાતમંદોને ટેકો આપવા માટે સ્વૈચ્છિક દાન.
- **સમાજ ન્યાય :** સંપત્તિ, તકો અને વિશેષાધિકારોનું ઉચિત વિતરણ.
- **કરુણા :** અન્યના દુઃખ માટે સહાનુભૂતિપૂર્ણ ચિંતા.
- **ગરિમા :** તમામ વ્યક્તિઓને કારણે સહજ મૂલ્ય અને આદર.
- **સેવા :** અન્ય લોકો માટે મદદ કરવી અથવા કામ કરવું.
- **સહાનુભૂતિ :** બીજાની લાગણીઓને સમજવી અને શેર કરવી.
- **માનવ અધિકારો :** મૂળભૂત અધિકારો અને સ્વતંત્રતાઓ તમામ વ્યક્તિઓને હકદાર છે.
- **સમુદાય સમર્થન :** સમુદાયમાં સહાય અને એકતા.
- **પરોપકાર :** અન્યની સુખાકારી માટે નિઃસ્વાર્થ ચિંતા.
- **હિમાયત :** કોઈ કારણ અથવા નીતિ માટે જાહેર સમર્થન અથવા ભલામણ.

## 11.6 બહુવિકલ્પીય :

**1.** સમાજકાર્યમાં નીતિશાસ્ત્ર શું છે ?

A. કાનૂની જરૂરિયાતો B. નૈતિક સિદ્ધાંતો

C. સમાજ રિવાજો D. વ્યવસાયિક કુશળતા

**2.** મૂલ્યો શું છે ?

A. વ્યક્તિગત પસંદગીઓ B. માન્યતાઓ કે જે ક્રિયાઓને માર્ગદર્શન આપે છે.

C. નાણાકીય સંપત્તિ D. સાંસ્કૃતિક ધોરણો

**3.** સમાજકાર્ય વિચારધારામાં શું શામેલ છે ?

A. ધાર્મિક પ્રથાઓ B. વ્યવસાયને માર્ગદ્રશન આપતી માન્યતાઓ

C. આર્થિક નીતિઓ D. સરકારી નિયમો

**4.** ઈસ્લામમાં ઝકાત શું છે ?

A. પૂજાનું એક સ્વરૂપ B. ચેરિટી અથવા દાનનો એક પ્રકાર

C. એક ધાર્મિક તહેવાર D. આહારનો નિયમ

**5.** ખ્રિસ્તી ધર્મ કોના ઉપદેશો પર આધારિત છે ?

A. પેગંબર મુહમ્મદ B. ગૌતમ બુદ્ધ

C. ઈસુ ખ્રિસ્ત D. ગુરુ નાનક

**6.** સમાજ ન્યાય શું છે ?

A. કાયદાનો અભ્યાસ B. સંસાધનો અને તકોનું ઉચિત વિતરણ

C. આર્થિક સમૃદ્ધિ D. રાજકીય શક્તિ

**7.** કરુણા શું છે ?

A. કડક શિસ્ત B. અન્ય લોકો માટે સહાનુભૂતિ પૂર્ણ ચિંતા

C. નાણાકીય ઉદારતા D. સાંસ્કૃતિક સંવેદનશીલતા

**8.** માનવ અધિકાર શું છે ?

A. સરકારી નીતિઓ

B. વૈકલ્પિક માર્ગદર્શિકા

C. મૂળભૂત અધિકારો અને સ્વતંત્રતાઓ તમામ વ્યક્તિઓને હકદાર છે.

D. સાંસ્કૃતિક પરંપરાઓ

**9.** પરોપકાર શું છે ?

A. અન્યની સુખાકારી માટે નિઃસ્વાર્થ ચિંતા

B. વ્યક્તિગત લાભની શોધ

C. પરંપરાઓનું પાલન

D. સમાજ સ્થિતિ જાળવવી

**10.** સમાજકાર્યમાં હિમાયત શું છે ?

A. નીતિમાં ફેરફારનો અમલ B. નીતિને સમર્થન અથવા સૂચન આપવું

C. નાણાકીય સલાહ આપવી D. વૈજ્ઞાનિક સંશોધન હાથ ધરવા

**જવાબો :**

1. B. નૈતિક સિદ્ધાંત
2. B. માન્યતાઓ જે ક્રિયાઓનું માર્ગદર્શન કરે છે.
3. B. વ્યવસાયને માર્ગદર્શન આપતી માન્યતાઓ
4. B. ચેરિટી અથવા દાનનો એક પ્રકાર
5. C. ઈસુ ખ્રિસ્ત
6. B. સંસાધનો અને તકોનું ઉચિત વિતરણ
7. B. અન્ય લોકો માટે સહાનુભૂતિપૂર્ણ ચિંતા
8. C. મૂળભૂત અધિકારો અને સ્વતંત્રતાઓ તમામ વ્યક્તિઓને હકદાર છે.
9. A. અન્યની સુખાકારી માટે નિઃસ્વાર્થ ચિંતા
10. B. નીતિને સમર્થન અથવા સૂચન આપવું

## 10.7 સ્વ અભ્યાસ (સૈદ્ધાંતિક અને વ્યવહારુ) :

**1.** સમાજકાર્યના સંદર્ભમાં નૈતિકતાને વ્યાખ્યાયિત કરો. એ સમાજકાર્યમાં શા માટે મહત્ત્વપૂર્ણ છે ? સમજાવો.

**2.** ધાર્મિક મૂલ્યો અને સમાજકાર્ય સાથે તેની સુસંગતથા સમજાવો.

**3.** એક દૃશ્યનું વર્ણન કરો જ્યાં સમાજકાર્યકર તેમના દૈનિક કાર્યમાં કરુણા દર્શાવે છે. આ વર્તન અસીલને કેવી રીતે ફાયદો કરે છે ?

4. એવી પરિસ્થિતિને ધ્યાનમાં લો કે જ્યાં સમાજકાર્યકર્તાએ તેમના વ્યવસાયિક મૂલ્યોને તેમના અસિલના ધાર્મિક મૂલ્યો સાથે સંતુલિત કરવું જોઈએ.

5. ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મ બંનેમાં કરુણાને કેવી રીતે જોવામાં આવે છે તેનું વર્ણન કરો. શા માટે તેનુ સમાજકાર્યમાં આવશ્યક મૂલ્ય છે ?

6. જરૂરિયાતમંદ અસીલને મદદ કરવા માટે સમાજકાર્યકર ઝકાતના સિદ્ધાંતને કેવી રીતે લાગુ કરી શકે છે તેનું ઉદાહરણ આપો.

7. કલ્પના કરો કે નાતાલના સમયગાળા દરમિયાન એક સમાજકાર્યકર એક પરિવારને મદદ કરી રહ્યો છે, સમાજકાર્યકર સહાય પૂરી પાડવા માટે દાનના ખ્રિસ્તી મૂલ્યનો ઉપયોગ કેવી રીતે રી શકે ?

## 11.8 સંદર્ભ ગ્રંથ :

1. અબ્દુલ અઝીઝ (2007), ''ઈસ્લામિક પસ્પ્રેક્ટિવ ઈન સોસિયલ વર્ક''. પ્રથમ આવૃત્તિ, રાવત પબ્લિકેશન્સ.

2. નીલમ સુખરામણી (2015), ''સોસિયલ વર્ક પ્રેક્ટિસ એન્ડ સર્વિસ''. પ્રથમ આવૃત્તિ, કન્સેપ્ટ પબ્લિશિંગ કંપની.

3. ગીતા ચાવડા (2008), વ્યાવસાયિક સમાજકાર્ય, પ્રથમ આવૃત્તિ, લોક પ્રકાશન.

*****************

# એકમ-12
# ગાંધીજીની સમાજકાર્ય સંદર્ભે વિચારધારા : મુક્ત અર્થતંત્ર, માનવતાવાદી, સમાજવાદી લોકતાંત્રિક વિચારધારા

રૂપરેખા :-


**12.0 ઉદ્દેશ્યો**

**12.1 પ્રસ્તાવના**

**12.2 ગાંધીજીની મુક્ત અર્થતંત્રની વિચારધારા**

**12.3 ગાંધીજીની માનવતાવાદી વિચારધારા**

**12.4 ગાંધીજીની સમાજવાદી વિચારધારા**

**12.5 ગાંધીજીની લોકતાંત્રિક વિચારધારા**

**12.6 સારાંશ**

**12.7 તમારી પ્રગતિ ચકાસો**

**12.8 ચાવીરૂપ શબ્દો**

**12.9 સ્વાધ્યાયના પ્રશ્નો**

**12.10 સંદર્ભ સૂચિ**


## 12.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો આ એકમના અભ્યાસ બાદ તમે....

(1) ગાંધીજીના મુક્ત અર્થતંત્ર વિશે ગાંધીજીના વિચારો સમજી શકશો.

(2) ગાંધીજીની માનવતાવાદી વિચારધારાને સમજી શકશો.

(3) ગાંધીજીની સમાજવાદી વિચારધારા વિશે માહિતી પ્રાપ્ત કરશો.

(4) ગાંધીજીની લોકતાંત્રિકવિચારધારા વિશે સમજ કેળવશો.

## 12.1 પ્રસ્તાવના :

ગાંધીવાદી વિચારસરણી એ મહાત્મા ગાંધી દ્વારા અપનાવવામાં આવેલા અને વિકસિત કરાયેલા ધાર્મિક સમાજ વિચારોનો સમૂહ છે. ગાંધીવાદી ફિલસૂફી માત્ર રાજકીય, નૈતિક અને ધાર્મિક જ નથી, પણ પરંપરાગત અને આધુનિક અને સરળ અને જટિલ પણ છે. તે ઘણા પશ્ચિમી પ્રભાવોને મૂર્તિમંત કરે છે. પરંતુ તેનું મૂળ પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં છે અને સાર્વત્રિક નૈતિક અને ધાર્મિક સિદ્ધાંતોનું પાલન કરે છે. ગાંધી અને તેમના અનુયાયીઓના આર્થિક વિચારોને સામૂહિક રીતે ગાંધીવાદી અર્થશાસ્ત્ર કહી શકાય. ગાંધીજી પોતે વ્યાવસાયિક અર્થશાસ્ત્રી નહોતા. રાજકીય અને આધ્યાત્મિક નેતા હતા. પરંતુ તેમના સત્ય અને અહિંસાના દર્શન સાથે સુસંગત, તેમણે આર્થિક વિચારોનો સમૂહ આપ્યો જે પશ્ચિમના પરંપરાગત અર્થશાસ્ત્રની વિરુદ્ધ છે. આ એકમમાં આપણે ગાંધીજીની સમાજકાર્ય સંદર્ભે વિચારધારામાં મુક્ત અર્થતંત્ર, માનવતાવાદી, સમાજવાદી અને લોકતાંત્રિક વિચારધારાને સમજવાનો પ્રયત્ન કરીશું.

## 12.2 ગાંધીજીની મુક્ત અર્થતંત્રની વિચારધારા :

મહાત્મા ગાંધી મુક્ત અર્થતંત્ર અને અર્થશાસ્ત્ર વિશે ખૂબ ઊંડો વિચાર ધરાવતા હતા. આ વિચારસરણીએ તે સમયના પ્રચલિત વિચારોની પરવા કર્યા વિના, પીડિતો અને ગરીબોને રાહત મળે તેવી નીતિઓની સીધી માંગ કરી. તેમણે શોષણ મુક્ત વ્યવસ્થાની માંગ કરી જેથી દરેકની મૂળભૂત જરૂરિયાતો પૂરી થાય. તેમણે કહ્યું કે ગરીબ લોકોનું ઉત્પાદનના સાધનો પર પણ નિયંત્રણ હોવું જોઈએ જેથી તેમનું શોષણ ન થાય. ગાંધીજીએ લખ્યું, ''મારા મતે માત્ર ભારતનું જ નહીં પરંતુ સમગ્ર વિશ્વનું આર્થિક માળખું એવું હોવું જોઈએ કે કોઈને ખોરાક અને કપડાની અછતથી તકલીફ ન વેઠવી પડે.'' તેમણે એવા સિદ્ધાંતો અપનાવવા પણ કહ્યું કે જેનાથી દેશ અને વિશ્વમાં તણાવ અને હિંસા દૂર થાય અને પર્યાવરણને કોઈપણ પ્રકારનું નુકશાન ન થાય. ગાંધીજી માટે વિશ્વશાંતિ, સંતોષ અને પર્યાવરણની રક્ષા સૌથી મહત્ત્વપૂર્ણ હતી. તે આને અનુરૂપ આર્થિક નીતિઓ વિશે વાત કરતા હતા. તેમણે કયારેય અર્થશાસ્ત્ર અને નૈતિકતા વચ્ચે ભેદ કર્યો નતી. ગાંધીજીએ સ્પષ્ટપણે લખીને સ્વીકાર્યું કે હું અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર વચ્ચે કોઈ ભેદ રાખતો નથી. જે અર્થશાસ્ત્ર વ્યક્તિ કે રાષ્ટ્રના નૈતિકકલ્યાણને નુકશાન પહોંચાડે છે તેને હું અનૈતિક અને પાપી કહીશ. ઉદાહરણ તરીકે એક દેશને બીજા દેશનું શોષણ કરવાની મંજૂરી આપતી નીતિ અનૈતિક છે. વિશ્વના તમામ દેશોએ તેના મૂળભૂત આર્થિક પ્રશ્નોના ઉકેલ માટે રાજકીય માળખાને અનુકૂળ નીવડે તેમજ તેની ઐતિહાસિક, સમાજ અને સાંસ્કૃતિક પરિસ્થિતિ અને જરૂરિયાતને અનુરૂપ આર્થિક પદ્ધતિ અપનાવી જોઈએ. મૂડીવાદી આર્થિક પદ્ધતિના અને અનિષ્ટોમાંથી સમાજને બચાવવા સમાજવાદનો વિકાસ થયો, પરંતુ સમાજવાદમાં પણ અનેક મર્યાદાઓ રહેલી હોવાથી વ્યક્તિ અને સાજમાં હિતોની જે રીતે જાળવણી થવી જોઈએ તે રીતે થતી નથી. તેથી ગાંધીજીએ ભારતની આર્થિક સમસ્યાનું નિદાન પોતાની આગવી રીતે કરીને તેનો ઉકેલ સૂચવ્યો હતો.

### 11.2.2 ઈસ્લામમાં નૈતિક અને ધાર્મિક મૂલ્યો :

❖ **નૈતિકતા અંગે ગાંધીજીના વિચારો :**

- **ફ્રેડરિક નિચે :** તેમના વિચારોમાં વ્યક્તિની સત્ય અને આત્મ-અન્વેષણની વાત આવે છે.
- **સોક્રેટીસ :** તેમના જીવન અને વિદ્યા દ્વારા નૈતિકતા અને સત્યના મહત્ત્વને સમજાવ્યા.

આધ્યાત્મિકતાના પુજારી તરીકે ગાંધીજીનું નામ જાણીતું છે. તેમના માટે આર્થિક સમૃદ્ધિ નહીં પરંતુ આધ્યાત્મિક સંપત્તિ આર્થિક પદ્ધતિનું મુખ્ય ધ્યેય હોવું જોઈએ. ગાંધીજીના મતે ''માનવ અથવા રાષ્ટ્રની નૈતિક સુખાકારીને નુકસાન પહોંચાડનારું અર્થશાસ્ત્ર અનૈતિક છે અને તેથી પાપી છે.'' તેથી, બધા માટે સમાનતાને પ્રોત્સાહન આપીને ગાંધીવાદી સમાજવાદ એ આર્થિક સમાજ ન્યાયનું મૂળ છે. ગાંધીજીના વિચારો બાબત ઘણી વાર થાપ ખાઈ જવાય છે. એનું કારણ એ કે એમણે ધર્મ અને રાજકારણને વેગળાં રાખવાનો સતત ઈનકાર કર્યો. 'ધર્મ'ને બદલે 'નૈતિકતા' શબ્દ વાપરો અને 'રાજકારણ'ને બદલે 'સત્તા' શબ્દ વાપરો. ગાંધીજી પોતાને કર્મયોગી માનતા હતા.

આત્મપ્રતીતિ અને સામુદાયિક મુક્તિ માટે નિઃસ્વાર્થ સંસારિક કાર્ય કરવું તેને એ પોતાનું આધ્યાત્મિક કર્તવ્ય માનતા હતા. રાજકીય પ્રવૃત્તિ એમની નજરે સમાજકાર્ય માટેનું સર્વોત્તમ ક્ષેત્ર હતું. પરંતુ એમનો એ આગ્રહ પણ હતો કે આ કાર્ય અહિંસા અને આભડછેટની નાબૂદી જેવાં નૈતિક મૂલ્યોથી સિંચિત હોવું જોઈએ. ગાંધીજીના મતે સાચું અર્થશાસ્ત્ર કદી પણ નૈતિક મૂલ્યોની અવગણના કરતું નથી. આમ, ગાંધીજીના નૈતિકતાના વિચારો પૂર્વના અર્થશાસ્ત્ર તરીકે ઓળખાય છે. ગાંધીજી દરેક આર્થિક પ્રશ્નમાં નીતિને વધારે મહત્ત્વ આપે છે. ગાંધીજીના આર્થિક વિચારોમાં આર્થિક પસંદગી અને વર્તમાનમાં નીતિમત્તા, માનવીય દ્રષ્ટિકોણ રહેલો છે. આર્થિક સમાનતા અને શોષણવિહીન સમાજરચના માટે જરૂરિયાતો પર કામ, આર્થિક, સ્વતંત્રતા, સ્વદેશી ચળવળ અને સ્વાવલંબન, યંત્રોની મર્યાદા, વિકેન્દ્રીકરણ, વાલીપણાનો સિદ્ધાંત, અહિંસક અર્થવ્યવસ્થા, નૈતિકતા પર વિશેષ ભાર મૂલ્યોીને આદર્શ સમાજ વ્યવસ્થા ઊભી કરવા માંગે છે. વ્યક્તિના આચારવિચાર તેના જૂથના નીતિનિયમોને અનુરૂપ બને તેને નૈતિકતા કહેવાય છે. વ્યક્તિ, જૂથના દબાણને વશ થઈ ઘણી વાર પોતાની ઈચ્છા વિરુદ્ધ જૂથનાં ધોરણોને અનુસરે તે બાહ્ય નૈતિકતા કહેવાય. જ્યારે તે રાજીખુશીથી નૈતિક આચારવિચાર અપનાવે ત્યારે તેને સાચી આંતરિક નૈતિકતા કહેવાય. નૈતિકતા જન્મજાત હોતી નથી.

❖ **કેન્દ્રીકરણ અંગે ગાંધીજીના વિચારો :**

ગાંધીવાદી આયોજનમાં પાયાનું ઘટક ગામડું છે. ખેતી અને ગ્રામોદ્યોગ દ્વારા ગામડાઓને સ્વાવલંબી બનાવવા જોઈએ. પંચાયત રાજ દ્વારા ગામડા રાજકીય રીતે પ્રજાસત્તાક એકમોમાં રૂપાંતરિત થવા જોઈએ. સત્તાનું વિકેન્દ્રીકરણ એ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો મુખ્ય ઉદ્દેશ છે. તેનાથી જ લોકતંત્ર મજબૂત બની શકે છે. કોઈ સરકાર સત્તાનું વિકેન્દ્રીકરણ ઈચ્છતી નથી. સર્વોદય આદર્શને સિદ્ધ કરવા માટે ગાંધીવાદી આર્થિક વિચારધારામાંથી જે વૈકલ્પિક આર્થિક વ્યવસ્થા ઉદ્ભવે છે. તે સ્વાવલંબી ગ્રામ સમૂહો ઉપર આધારિત છે તેના માટે વિકેન્દ્રીકરણ એટલે પોતાની સત્તામાં કાપ કે ભાગ છે. ગ્રામ પંચાયતથી માંડીને મહાનગરપાલિકા તેમની જરૂરિયાતો અને વિકાસ કામો માટે રાજ્ય સરકારો પર ાધારિત રહે તેવું માળખું ઘડાયું છે. સ્થાનિક સ્વરાજ નામ માત્રનું છે અને સત્તાનું કેન્દ્રીકરણ થયું છે. સ્વતંત્રતા અને સ્વાયત્તતા ત્યારે જ ખતની જયારે તે આર્થિકરીતે પગભર હોય. પંચાયતો હોય કે નગરપાલિકા તે નાણાંની બાબતમાં રાજ્યોની દયા પર જીવે છે. તે આર્થિક રીતે તો જરાય આત્મનિર્ભર નથી જ નિયમોની જટાજૂટ અને અમલદારશાહી પણ તેને સ્વતંત્ર રીતે કામ કરવા દેતી નથી. મૂડીવાદી અને સમાજવાદી વ્યવસ્થામાં અનુક્રમે થોડાંક લોકો અને રાજ્ય પાસે આર્થિક સત્તાની જમાવટ ન થાય તે માટે ગાંધીજી સ્વાવલંબી ગ્રામસમૂહો પર આધારિત વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા ઊભી કરવા માંગે છે. મહાત્મા ગાંધીનું પંચાયતો દ્વારા સત્તાના

વિકેન્દ્રીકરણનું અને અંતે ગ્રામ સ્વરાજનું સ્વપ્ન એક સપનું જ બની રહ્યું છે.

❖ **સ્વાવલંબન અને સ્વદેશી વસ્તુઓનો સ્વીકાર :**

'સાદું જીવન અને ઉચ્ચ વિચારો' ગાંધીજીના આદર્શ વિચારો હતા. 'સો ટકા સ્વદેશીમાં સ્વરાજ રહેલું છે' - એ ગાંધીજીના વાક્યને સમજવાની જરૂર છે. 'સો ટકા સ્વદેશી'નામના 'નવજીવન'ના પુસ્તકમાં આ અંગેના ગાંધીજીના તથા અન્ય રાષ્ટ્રવાદીઓના લેખો આપેલા છે. સ્વદેશી એટલે જીવનની જરૂરિયાતો ઘટાડવી અને તેમાંથી જે થઈ શકે તે પોતે ઉત્પન્ન કરવી અને બાકીની નજીકમાં નજીકથી મેળવવી એ સ્વદેશીના પાયાની વાત છે. સ્વદેશી એટલે પરાયાનો ત્યાગ. ભગવદગીતામાં કહ્યું છે એમ 'સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ' આ ધ્યાનમાં રાખીએ તો કોલગેટ જેવી ટૂથ પેસ્ટ, લક્સ જેવા સાબુ અને બાટા કંપનીના ચંપલ-જોડા આપણાતી ન વપરાય. આવી તો અનેક ચીજો જે પરદેશથી આવે છે એમનો ત્યાગ. વૈશ્વિકીકરણ-ઉદારીકરણનો એકમાત્ર જવાબ છે. સ્વદેશીનો અમલ. સ્વદેશી એ કોઈ મનઘડંત વાત નથી. કોઈપણ દેશના વિકાસ માટે સ્વદેશી અત્યંત જરૂરી છે. સ્વાવલંબન આના પાયામાં રહેલી વસ્તુ છે. ગાંધીજી ગામ સ્વાવલંબનના પાયા પર અર્થવ્યવસ્થાનું માળખું ઊભું કરવા માંગતા હતા. પરસ્પરાવલંબન હોઈ શકે, પણ કોઈ પણ ચીજમાં માત્ર પરાવલંબન દેશના વિકાસને બાધારૂપ છે. ગામ સ્વાવલંબનના આદર્શ સાથે ગ્રામ પોતાની પ્રારંભિક જરૂરિયાતો પોતે જ પેદા કરે તે હેતુથી સ્વદેશી ભાવના જાગૃત કરવાનો છે. ગાંધીજીએ સ્વદેશીને વ્રતોમાં સ્થાન આપ્યું. એટલા ।મટે કે વ્રતનિષ્ઠ માણસ જ પરદેશીના મોહમાંથી બચી શકે. ગાંધીજી સ્વદેશીને આ યુગના મહારોગનું મહાઔષધ ગણતા. પરદેશી માલનો ઉપયોગ કરવો અને સ્વદેશીની વાતો કરવી એ લાંછનરૂપ છે. રેડિયો અને ખાદીને ગાંધીજીની સ્વદેશી યોજનાના આધારસ્તંભો છે. ભારત જેવા દેશમાં ગરીબી, બેકારી, દુર કરવા દેશના સાધનો ખાસ કરીને મજૂરોનો ઉપયોગ કરવા સ્વદેશી અને સ્વાવલંબ આર્થિક આત્મનિર્ભરતાના વિચારો ખૂબ જ આવકારદાયક છે. સ્વદેશીને જીવનના એકએક ક્ષેત્રમાં અપનાવીએ, તો જ સ્વદેશી વ્રતનું પાલન કર્યું કહેવાય.

❖ **યંત્રોની માનવ પર અસર :**

ઔદ્યોગિક ક્રાંતિમાં માનવકાર્ય મશીન વડે થતું શરૂ થયું.ત્યારથી જ મશીન દ્વારા સ્વયંસંચાલનનાં બીજ રોપાયાં છે. લગભગ બધા જ પ્રકારની આર્થિક પદ્ધતિઓમાં આર્થિક વિકાસ અને આધુનિક સંસ્કૃતિના આધાર તરીકે યંત્રના સ્વીકાર અને વપરાશ પર ભાર મૂલ્યોવામાં આવ્યો છે. ઐદ્યોગિક ક્રાંતિના કારણે કેવા પ્રકારની સમસ્યાઓ સર્જાશે તેમજ યંત્રો માનવી પર કેવી રીતે હાવી થશે તેને કાર્લ માર્ક્સ પણ સમજી શકયા નહોતા. પણ ગાંધીજી ઐદ્યોગિક ક્રાંતિના કારણે યંત્રોની મર્યાદઓ અને ભયસ્થાનો જોઈ શકયા હતા. તેઓનું સ્પષ્ટ માનવું હતું કે યંત્રો માનવી માટે છે, માનવી યંત્રો માટે નથી.

કેમકે યંત્રો તો છેવટે માનવીએ જ બનાવ્યા છે. યંત્રો ખાલી જનમાનસના સંપર્કો તરીકે રહેવા જોઈએ, શેઠ બનવા જોઈએ નહીં. શારીરિક શ્રમના ભોગે યંત્રોનો ઉપયોગ થતો હોય તો તેવા યંત્રોના વપરાશ પર કામ મુકવાનો ગાંધીજીએ અનુરોધ કર્યો હતો.

❖ **ચીજવસ્તુઓનો કરકસરપૂર્વક ઉપયોગ :**

ભારત દેશની વસ્તી દિન પ્રતિદિન વધતી જાય છે. આવનારી પેઢીને વર્તમાન ભૌતિક સંપત્તિનો લાભ મળે તે માટે દરેક વ્યક્તિ સાદું જીવન જીવે તેવો ખ્યાલ ધરાવતા હતા. ગાંધીજી એવું માનતા હતા કે જો દરેક વ્યક્તિ પોતાની જરૂરિયાતો ઓછી કરે અને વધારે મોજ શોખ વાળી જિંદગી જીવવાની જગ્યાએ સાદું જીવન જીવે તો ઘણી સમસ્યાઓ એની મેળે દૂર થઈ જાય. ગાંધીજી મર્યાદિત જરૂરિયાતો અને મર્યાદિત સાધનોના પ્રશ્નો અછતના પ્રશ્નોના ઉકેલ માટે જરૂરિયાતો પર અંકુશ મુકીને સાદું જીવન અપનાવવા પર ભાર મુકવામાં આવે છે. આ સાથે તેઓનું માનવું છે કે બજારને ધ્યાનમાં રાખ્યા વગર સમાજની દ્રષ્ટિએ ચીજવસ્તુઓનું ઉત્પાદન થાય અને વ્યક્તિ પોતાને જરૂરી હોય એટલી જ વસ્તુનો ઉપયોગ કરે તેવો ગાંધીજી આગ્રહ રાખતા હતાં. તેથી ગાંધીજી 'સાદા જીવન અને ઉચ્ચ વિચારો' પર ભાર મૂલ્યોતાં હતાં. અંતમાં દરેક વ્યક્તિનું જીવન સુકી સગવડતાવાળું બને એવી અને એટલી જ જરૂરિયાતો સહુ કોઈએ રાખવી અને સંતોષવી જોઈએ. વધારાની જરૂરિયાતોનો ત્યાગ કરવો જોઈએ જેથી કરીને દરેક સમાજની અન્ય વ્યક્તિને પણ તેનો લાભ મળી શકે.

❖ **નીતિપ્રધાન બાબતો અંગે ગાંધીજીના વિચારો :**

નીતિપ્રધાન માનવીનો અર્થ થાય છે કે જે વ્યક્તિ નૈતિક સિદ્ધાંતો અને ઊચ્ચ માનવ જીવનના મૂલ્યો સાથે જીવતો હોય. નીતિપ્રધાન માનવી એ સામાન્ય રીતે એવા વ્યક્તિને દર્શાવે છે જે સત્ય, કરુણા, અને નૈતિક મૂલ્યોનું પાલન કરે છે અને સંવેદનશીલતા સાથે પોતાનું જીવન જીવે છે. આ પ્રકારે, દરેક નૈતિક મર્યાદાઓ અને સિદ્ધાંતોને અપનાવવું જોઈએ જે પોતાના અને સમાજ માટે ઉત્તમ પરિણામ લાવે છે. નીતિશાસ્ત્ર સાથે ગાંધીજીના આર્થિક વિચારોને ગાઢ સબંધ છે, એડમ સ્મિથના આર્થિક માનવી તરીકેના અનુમાનો તેમજ ઓબિસ્નનના અર્થશાસ્ત્રને વાસ્તવિક વિજ્ઞાન દર્શાવતા વિચારોનો ઉગ્ર વિરોધ કરતાં ગાંધીજી જણાવે છે કે "જે અર્થશાસ્ત્ર કોઈપણ વ્યક્તિ કે રાષ્ટ્રના વિકાસ અથવા કલ્યાણમાં અવરોધરૂપ નિવડે અને જે અર્થશાસ્ત્ર એક દેશને બીજા દેશની લૂંટ ચલાવવાની છૂટ આપે તે અર્થશાસ્ત્ર અનીતિમય અને પાપરૂપ છે." ગાંધીજીનું માનવું હતું કે સમાજમાં જો નીતિવાન માનવીઓ હોય ત્યાં સંઘર્ષ, ઈર્ષા, સંગ્રહખોરી, છેતરપિંડી, લાંચરૂશ્વત, અત્યાચાર, શોષણ, ગળાકાપ હરીફાઈ વગેરે જોવા મળતા નથી. કેમ કે માનવ સમાજ એ એક આદર્શ વ્યવસ્થાવાળો સમાજ છે. તેઓ એવું ઈચ્છતા કે રાગ દ્વેષ, ઈર્ષા,

સંઘર્ષ, શોષણને બદલે માનવીને કરુણા, પ્રેમ, સદ્ભાવના, અહીંસક માર્ગે આર્થિક ક્રાંતિ કરવા જણાવ્યું છે.

❖ **ટ્રસ્ટીશિપ સિદ્ધાંત :**

આર્થિક અસમાનતાની સમસ્યા અને વાલીપણું - માલિક અને મજૂર વચ્ચેનું અંતર મિટાવવાનો અહિંસક ઉપાય એટલે - વાલીપણું. ગાંધીજીનો વાલીપણાનો સિદ્ધાંત (Trusteeship) આર્થિક અસમાનતાને દૂર કરવામાં મદદરૂપ બની શકે એમ છે. આ સિદ્ધાંત પોતાની સંપત્તિ બચાવવા માટે નહિ પણ, આખા સમાજને પોષક બનવા અને સમાજહિતમાં સહાયકારી થવા માટે છે. ગાંધીજીના આર્થિક વિચારોમાં વાલીપણાનો સિદ્ધાંત વધુ ધ્યાન ખેંચે તેવો અને ક્રાંતિકારી છે. જે ઉત્પાદનના સાધનોની માલિકી સાથે સંકળાયેલો છે. સાંપ્રત વિશ્વને સ્પર્શતો એક વિકરાળ પ્રશ્ન છે. આર્થિક અસમાનતાનો આ વિષમતાને હલ કરવા ઘણા લોકો ગાંધીને શરણે આવ્યા છે. તો શું આપણે ગાંધીવિચારની મદદ ન લઈ શકીએ ? ભારતમાં જમીનદારો અને ગરીબ ખેતમજૂરો વચ્ચેની અસમાનતા દૂર કરવા, ગાંધીજીના આધ્યાત્મિક વારસ વિનોબા ભાવેએ આખા ભારતમાં પગપાળા પ્રવાસ કરી નોંધપાત્ર પરિણામ મેળવ્યું. તેમના ભૂમિદાન અને ગ્રામદાન અભિયાને ગાંધીની ગ્રામ સ્વરાજની કલ્પનાને કેટલેક અંશે મૂર્ત કરી. આમ, માલિકીપણાના હક સાથે માલિકીપણાની ફરજો બજાવવાની હિમાયત કરવામાં આવી છે. સમાજવાદમાં ઉત્પાદનના સાધનોની માલિકી સરકારની હોવાથી અમલદારશાહીના અનિષ્ટો દૂર કરી શકાય તેવા ખ્યાલથી વાલીપણાનો સિદ્ધાંત રજૂ કર્યો હતો. શ્રી પ્યારેલાલના શબ્દોમાં "વાલીપણાનો સિદ્ધાંત આધુનિક મૂડીવાદની સમાજવ્યવસ્થાને સમાનતાવાળી સમાજવ્યવસ્થામાં પરિવર્તન કરવા માટેનું સાધન છે. તે મૂડીવાદને સુધારવાની તક પૂરી પાડે છે."

## 12.3 ગાંધીજીની માનવતાવાદી વિચારધારા :

માનવતાવાદ માનવને કેન્દ્રમાં રાખી પ્રચલિત થયેલી વિચારધારા; વિશ્વમાં માનવના સ્થાન, સ્વરૂપ અને મહત્ત્વ પર ભાર મૂલ્યોતી ચિંતનપ્રણાલિ. માનવીની ગરિમાની-ગૌરવની સ્થાપના અને ઉપાસના; માનવતત્ત્વનાં ઘોતક વિશિષ્ટ લક્ષણો (દા.ત. બૌદ્ધિકતા)ની રક્ષા, માનવજત તથા સંવર્ધન પર માનવવાદનો પાયો રચાયો છે. શીલરે માનવવાદની વ્યાખ્યા કરતાં જણાવ્યું કે 'જે લાક્ષણિક રીતે માનવીય હોય અને નિસર્ગાતીત નહિ (supernatural), જે માનવીમાં નિહિત હોય અને બાહ્ય પ્રકૃતિમાં નહિ, જે માનવીને તેની સર્વોચ્ચ ઊંચાઈએ સ્થાપતું હોય કે તેને મહત્ત્મ સંતોષ પ્રદાન કરતું હોય તેને સ્વાભાવિક રીતે જ માનવવાદ કહી શકાય.' માનવતાવાદ એક મૂળભૂત વિચારધારા છે કે જે જ્ઞાન, ધાર્મિકતાનું સત્ય અને અસત્ય ઉપર તથા જીવનનું સાતત્ય, સ્વાભાવિકતાઓ સાથે સંકળાયેલી વિચારધારાને માનવતાવાદ કહેવામાં આવે છે. વાસ્તવિકતાનું જ્ઞાન તથા નિયમ આધારિત તાર્કિક કારણો સાથેના અભ્યાસને કે વિચારધારાને માનવતાવાદ કહે છે.

યુરોપમાં માનવવાદને પુષ્ટ કરનારા વિચારપ્રવાહો પ્રગટ્યા, પાંગર્યા અને ફેલાયા.

માનવતાવાદ એ માણસની સ્વતંત્રતા અને પ્રતિષ્ઠા ઉપર મૂલ્યોી તૈયાર કરવામાં આવેલ વિચારધારા છે. જે એક બૌદ્ધિક ચળવળ હતી. 14મી સદીમાં ઈટાલીમાં અને 15મી તથા 16મી સદીમાં યુરોપ પર તેનો ફેલાવો થયો. માનવીએ પ્રથમ વાર માનવી તરીકેની પ્રગટેલા નવજાગૃતિના, પ્રબોધનયુગના, ધર્મસુધારણા તથા બુદ્ધિનિષ્ઠા અને ધર્મનિરપેક્ષતાના પ્રવાહોએ સદીના અંતભાગમાં ઈટાલીમાં નજરે પડે છે. માનવવાદ એક મૂલ્યપ્રથા છે. માનવવાદના વૈચારિક દાર્શનિક આંદોલનના ફલસ્વરૂપે રાજકીય ક્ષેત્રે લોકશાહી મૂલ્યો અને વ્યવસ્થાની હિમાયત આકાર પામી. કોઈપણ આધિપત્યનો ઈન્કાર, પ્રત્યેક માનવીનાં ગૌરવ અને બુદ્ધિની મહત્તાનો સ્વીકાર, વૈચારિક સ્વાતંત્ર્ય વગેરે સ્વાભાવિક રીતે જ લોકશાહી માટેની ભૂમિકા રચવામાં પ્રાણરૂપ હતાં; પરંતુ વિજ્ઞાને ખોલેલાં દ્વાર મારફતે સ્થપાયેલા મૂડીવાદ, સંસ્થાનવાદ વગેરેના ગાળામાં માનવવાદની સરવાણી કુંઠિત થઈ.

ગાંધીજીનો માનવતાવાદી અભિગમ શું છે જો તે વિશે વાત કરીએ તો માનવતા માટે તેમની લાગણીની કોઈ સીમા ન હતી. તેઓને માનવતાવાદી તરીકે ઓળખવામાં આવતા. ગાંધીજીએ સત્ય જેવા સિદ્ધાંતો દ્વારા વંચિત જાતિના વર્ગોને સમાજ ક્રમમાં લાવવા માટેના પ્રયત્ન કર્યા છે. ખૂબજ નાની વયે નાની ઉંમરે ગાંધીજીને અસ્પૃશ્યતા સબંધિત સંપૂર્ણ જાણકારી હતી. તેને નાબૂદ કરવા માટે સતત પ્રયત્નશીલ રહેતા. તેઓએ હિન્દુ ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યા બાદ એવો મત રજૂ કર્યો કે અસ્પૃશ્યતા એક પાપ છે. જેનો જાત અનુભવ જ્યારે તેઓ દક્ષિણ આફ્રિકા જઈ રહ્યા હતા ત્યારે તેઓ રંગભેદની નીતિનો ભોગ બન્યા હતા. કોઈપણ ધર્મ હોય તેને કયારેય મનુષ્યના બહિષ્કારની ભલામણ નથી કરી. ઈશ્વરની આંખોમાં બધા માનવીઓ એક સમાન છે. તેમના માટે કોઈપણ માનવ અન્ય લોકો કરતાં નિમ્ન કે ઊંચ ગુણવત્તાવાળો નથી. વિશ્વના વિવિધ ધર્મો વચ્ચે સંવાદિતાની સાચી ભાવના ન્યાયી અને માનવીય સમાજું નિર્માણ કરવાની છે. માનવતાવાદી તરીકે ગાંધીએ આપણને કથિત બિનસાંપ્રદાયિકતાની અસ્વસ્થ સમસ્યાનો કાયમી ઉકેલ પૂરો પાડ્યો છે. તેમણે ન્યાયી અને માનવીય સમાજની સ્થાપના માટે પ્રસ્તાવ મૂલ્યો અને કામ કર્યું. માનવતાવાદમાં ધર્મ વિરોધી સ્વભાવ નહોતો. માનવતાવાદીની ધાર્મિક ચર્ચાઓમાં ધર્મ અને ધાર્મિક સહિષ્ણુતાનું જાહેર કાર્ય બે મુખ્ય વિષયો હતા. માનવતાવાદીઓ માટે, સહિષ્ણુતાનું વલણ માનવજાતિની તમામ ધાર્મિક માન્યતાઓની મૂળભૂત એકતા અને તેથી વૈશ્વિક ધાર્મિક શાંતિની સંભાવનાની તેમની પ્રતીતિથી પ્રાપ્ત થાય છે.

ગાંધીજી જ્યારે 1915માં દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા આવ્યા ત્યારે આવીને તેઓ સમાજ ક્રાંતિના વિચાર તરફ આગળ વધ્યા. સમાજમાં ન્યાય, સમાનતા અને શાંતિ માટેના પ્રયત્નો હાથ ધર્યા. દેશમાં અસ્પૃશ્યતાની સ્થિતિ ખૂબ જ વ્યાપક પણે ફાલાયેલી જોવા મળી જેને દૂર કરવા માટે તેઓ સતત કાર્યશીલ રહેવા લાગ્યા. અસ્પૃશ્યતાની પ્રથા જ નહીં, પરંતુ તેને ચાલુ રાખવાની મંજૂરી આપવી જોઈએ નહીં. એ જ રીતે હિંદુ અને મુસલમાન મતભેદો લેબલોને કાઢી નાખવાથી ઉકેલી શકાય છે. આવો પ્રયાસ હવે સાંપ્રદાયિક સૌહાર્દનું સ્વરૂપ જાળવી શકશે નહીં, પરંતુ તે એક-માનવતાના વિકાસ તરફ દોરી જશે. જો કે ગાંધીજી જેવા શક્તિશાળી વ્યક્તિત્વ થોડા સમય માટે સમુદાયોને સુમેળ સાધી શકે છે, જ્યારે વ્યક્તિગત પ્રભાવ નબળો પડે છે, ત્યારે સમુદાયો ફરીથી અથડામણ કરશે. ગાંધીજી માનતા હતાં કે અસ્પૃશ્યતા નાબૂદી એ દરેક હિન્દુની પવિત્ર ફરજ છે. તેમણે તમામ ધાર્મિક અને સમાજ પ્રવૃત્તિઓમાં સામેલ કરવી જોઈએ. ગાંધીજીના માનવતાવાદી આ અભિગમે તેઓને ધાર્મિક, આર્થિક, રાજકીય અધિકાર માટે લડવાની પ્રેરણા આપી. ગાંધીજી સામાજીક પરિવર્તન લાવવા માટે બળના ઉપયોગની

તરફેણમાં ન હતાં. તેમના મતાનુસાર સમાજ સુધારણા માટે માનવના હૃદયને પરિવર્તન કરવું એ જરૂરી છે.ગાંધીજીએ દરેક વ્યક્તિની ક્ષમતા અનુસાર સમાજ તરફની તેમની ફરજોની સલાહ આપી છે. સામાજીક સુધારણા માટે માનવતાવાદ જેવા અલગ જ પ્રકારના અહીંસક અભિગમ દ્વારા નવા યુગના પુનઃ નિર્માણની શરૂઆત કરી.

ગાંધીજીના દ્રષ્ટિએ માનવી કેવો હોવો જોઈએ ? પહેલા પોતાની જાતને બદલો. જે તમારી પાસે નથી તેને બતાવવાનો પ્રયત્ન ના કરો. રચનાત્મક કાર્યોને પ્રોત્સાહન આપો. શું કરવાનું છે ? કેવી રીતે કરવાનું છે ? તે સમજાવો. હેતુ અને નીતિની સ્પષ્ટ સમજ આપો. માર્ગદર્શક બનો, મદદરૂપ બનો, મિત્ર બનીને રહો, વિવેકી અને બુદ્ધિશાળી માણસોની પસંદગી કરો. લોકોમાં કુશળતા વધે તે કામ સોંપો, તેમને જવાબદારી સોંપો અને સ્વતંત્રતા આપો. સમગ્ર સમુદાયના લોકોનું ધ્યાન રાખી યોજના તૈયાર કરો.

## 12.4 ગાંધીજીની સમાજવાદી વિચારધારા :

ગાંધીવાદી સમાજવાદની વિચારધારા ગાંધીજીના 'હિંદ સ્વરાજ' અને 'મારા સપનાનું ભારત' નામની કૃતિમાં રચાયેલી છે. જેમાં તેઓ ભારતીય સમાજનું વર્ણન કરે છે.

સમાજવાદ એ એવી આર્થિક અને સમાજ વિચારધારા છે, જે સમાજ સંપત્તિના વિતરણમાં સમાનતા લાવવાનો, ગરીબી, ભેદભાવ અને અસમાનતા સામે લડવાનો પ્રયાસ કરે છે.

સમાજને વિવિધ વિભાગોમાં વિભાજીત કરવામાં અલગ અલગ પ્રકારની લાક્ષણિકતાનો ઉપયોગ કરી અને તે મુજબનું અનુકૂલન સાધવાનું અને સમાજમાં દરેકનું સ્તરની મૌલિક પ્રાથમિકતા સચવાય અને જળવાઈ રહે તે રીતનું બંધારણીય ઢાંચામાં ગોઠવવું એટલે સમાજવાદ.

સામાન્ય વિચારધારા કે જે સમાજના અલગ અલગ વિચારોને ધારાધોરણોને તાર્કિક રીતે તથા જુદા જુદા વિભાગોમાં વિભાજીત કરી તેના નિયમો હેતુઓના રક્ષણના વિકાસ માટે ઉદારલક્ષી વિચાર શૈલીને સમાજવાદ કહેવામાં આવે છે.

મૂડીવાદીઓ દ્વારા મૂડીના દુરુપયોગની શોધ સાથે સમાજવાદનો જન્મ થયો નથી. ગાંધીજીના મતે ઈશોપનિષદના પ્રથમ શ્લોકમાં સમાજવાદ, સામ્યવાદ પણ સ્પષ્ટ છે. સાચું શું છે કે જ્યારે કેટલાક સુધારકોએ રૂપાંતરણની પદ્ધતિમાં વિશ્વાસ ગુમાવ્યો ત્યારે વૈજ્ઞાનિક સમાજવાદ તરીકે ઓળખાતી તકનીકનો જન્મ થયો. તેમણે કહ્યું કે હું એ જ સમસ્યાને ઉકેલવામાં વ્યસ્ત છું જે વૈજ્ઞાનિક સમાજવાદીઓનો સામનો કરે છે. સામાન્ય રીતે મૂડીવાદ પ્રત્યે તેમની પ્રતિકૂળ પ્રતિક્રિયા દર્શાવી હતી. ઉપરાંત, તેમણે યુરોપિયન સમાજવાદ અને સામ્યવાદના વિવિધ સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો અને સંપાદનશીલ સમાજની માંદગીને સંપૂર્ણ રીતે અનુભવી. પરિણામે, તેમણે ભારતમાં સમાજ અને આર્થિક અસમાનતાને સમાપ્ત કરવાના હેતુથી તેમના કાર્યક્રમના એક ભાગ તરીકે સમાજવાદીનો સ્વીકાર કર્યો. પરંતુ ભારતીય સંદર્ભમાં દરેક સિદ્ધાંત અને દરેક કાર્યક્રમનું અર્થઘટન કરવાની તેમજ તેની માન્યતાને નૈતિક આધારો પર નક્કી કરવાની તેમની આદત હોવાથી, તેમણે પશ્ચિમી સમાજવાદને દિલથી સ્વીકાર્યો નહીં, પરંતુ તેનું નવું અર્થઘટન કર્યું અને તેને ફિટ કરવાનો પ્રયાસ કર્યો. ભારતીય સંજોગો અને પરિસ્થિતિઓ પ્રમાણે તેમણે તેમના જીવનની કેન્દ્રિય માન્યતા તરીકે સમાજવાદને સ્વીકાર્યો.

સમાજવાદમાં તેમનો વિશ્વાસ એટલો પ્રખર હતો કે કેટલાક દુભાષિયાઓ એવું અનુભવવા તૈયાર છે કે ગાંધીવાદી સમાજવાદ માર્ક્સવાદ બાદ હિંસા છે. તેનો અર્થ એ છે કે જ્યાં સુધી

છેડાનો સબંધ છે ત્યાં સુધી ગાંધીજી માર્ક્સ સાતે સંમત હતા; તેઓ માત્ર માર્ક્સના અભિગમ અને પદ્ધતિઓમાં જ અલગ હતા. પરંતુ, ગાંધીવાદી સમાજવાદ અભિગમ, ફિલસૂફી અને દષ્ટિકોણમાં માર્ક્સિયન ફિલસૂફીના સમગ્ર થીસીસથી અલગ છે. માર્ક્સવાદ જીવનના આર્થિક અર્થઘટનની ઈમારત પર આધારિત છે; ભૌતિક જરૂરિયાતો ઉપરાંત જીવનમાં ચિંતા કરવા જેવું ઓછું નથી. પરંતુ ગાંધીવાદમાં જીવનને માત્ર આર્થિક કરતાં ઉચ્ચ શિખર પર હકારાત્મક રીતે મૂલ્યોવામાં આવ્યું છે.

માનવતાવાદ અને આંતરિક જીવનનું મહત્ત્વ ગાંધીવાદને માર્ક્સવાદથી મૂળભૂત રીતે અલગ બનાવે છે. આત્માની વિભાવનાનો સમાવેશ, અને તેના ઉદ્ધારથી, ગાંધીવાદને નોંધપાત્ર રીતે યુટોપિયાનો સિદ્ધાંત બનાવવો જોઈએ, જેમાં અમલ કરવો અશક્ય ન હોય તો મુશ્કેલ લાગે છે. આંતરિક માણની ભૂમિકા પર ગાંધીજીનો ભાર અને તેમણે આધ્યાત્મિક પાસાને જે મહત્ત્વ આપ્યું છે તે ગાંધીવાદને આનંદમય ચિંતનનો વિષય બનાવે છે. આધ્યાત્મિક સુંદરતાના સંદર્ભમાં સમાજવાદનું આ અર્થઘટન અને તેને બિન-વૈજ્ઞાનિક અને કટ્ટર બનાવે છે. આનાથી એક સંભવિત નિવેદન તરફ દોરી જાય છે કે ગાંધીવાદ કોઈપણ પ્રકારના સમાજવાદનો વિરોધ કરે છે. કારણ કે સમાજવાદ મૂળભૂત રીતે વૈજ્ઞાનિક, તર્કસંગત અને મોટે ભાગે ઉદ્દેશ્ય છે. પશ્ચિમી સમાજવાદ અને માર્ક્સવાદમાં એવું કંઈ નથી કે જ્યાં જીવન પ્રત્યેના ગાંધીવાદી અભિગમની કોઈ નિશાની મળી શકે.

સમાજવાદ એક સુંદર શબ્દ છે અને જ્યાં સુધી હું જાણું છું, સમાજવાદમાં સમાજના તમામ સભ્યો સમાન છે. કોઈ નીચું, કોઈ ઊંચું નથી. વ્યક્તિગત શરીરમાં, માથું ઊંચું નતી કારણ કે તે શરીરની ટોચ છે. અને પગના તળિયા નીચા નથી કારણ કે તે પૃથ્વીને સ્પર્શે છે. વ્યક્તિગત શરીરના સભ્યો જેમ સમાન હોય છે તેમ સમાજના સભ્યો પણ સમાન હોય છે. આ સમાજવાદ છે. તેમાં રાજકુમાર અને ખેડૂત, શ્રીમંત અને ગરીબ, માલિક અને કર્મચારી બધા એક જ સ્તર પર છે. ધર્મની દ્રષ્ટિએ સમાજવાદમાં દ્વૈત નથી. તે બધી એકતા છે. સમગ્ર વિશ્વના સમાજને જોઈએ તો દ્વૈત કે બહુમતી સિવાય બીજું કશું જ નથી. એકતા તેની ગેરહાજરી દ્વારા સ્પષ્ટ છે. આ માણસ ઊંચો છે, તે નીચો છે, તે તે હિંદુ છે, તે મુસ્લિમ છે, ત્રીજો ખ્રિસ્તી છે, ચોથો પારસી છે, પાંચમો શીખ છે, છઠ્ઠો યહૂદી છે. આમાં પણ પેટા વિભાગો છે. મારી વિભાવનાની એકતામાં ડિઝાઈનની બહુવચનામાં સંપૂર્ણ એકતા છે. આ સ્થિતિમાં પહોંચવા માટે આપણે વસ્તુઓને ફિલોસોફિકલી ન જોઈ શકીએ અને કહી શકીએ કે જ્યાં સુધી બધા સમાજવાદમાં રૂપાંતરિત ન થાય ત્યાં સુધી આપણે આગળ વધવાની જરૂર નથી.

❖ **મહાત્મા ગાંધીજીનો સમાજવાદનો અભિગમ :**

ગાંધીજીનો સમાજવાદ પ્રતિકારક અને વ્યાપક હતો. જે લડાઈ, સમર્પણ અને પરિવર્તનના શ્રેષ્ઠ મિશ્રણને દર્શાવે છે. તેઓ સમાજવાદને એવી રીતે સમજે છે કે જે મૈત્રી, સમાજ ન્યાય, અને સામૂહિક સુખાકારી તરફ દોરી જાય છે.

➢ **સ્વદેશી અને આર્થિક સ્વતંત્રતા :** ગાંધીજી સ્વદેશી માલનો ઉપયોગ કરવાનો પ્રચાર કરીને ભારતીય અર્થતંત્રને અંગ્રેજી શાસનથી મુક્ત કરવાનો પ્રયત્ન કરતા હતા. તેઓ માનતા હતા કે આર્થિક સ્વતંત્રતા, ન્યાય અને સમૃદ્ધિ લાવવાની પ્રક્રિયા આરંભ કરવાની જરૂર છે.

➢ **ન્યાય અને સમાનતા :** ગાંધીજીના વિચારધારા માટે સત્ય, ન્યાય અને સ્વતંત્રતાના મૂળભૂત તત્ત્વો હતા.

➢ **સત્યાગ્રહ અને અહિંસા :** ગાંધીજી એ સત્યાગ્રહના પ્રયોગમાં સમાજ અને આર્થિક અસમાનતાને દૂર કરવા માટે અહિંસા અને શાંતિનો ઉપયોગ કર્યો.

## 12.5 ગાંધીજીની લોકતાંત્રિક વિચારધારા :

ગાંધીજી માટે રાજ્ય જેવી સંસ્થા કે લોકશાહી જેવી વ્યટવસ્થા અંતિમ આદર્શ હોઈ શકે નહીં. આ સંસ્થાઓ રાજકીય શક્તિ પર ાધારિત છે. તેથી તેઓ જીવનના વિવિધ ક્ષેત્રોમાં વિવિધ સ્તરે લોકોને તેમની સ્થિતિને વધુ સારી બનાવવા માટે સક્ષમ બનાવવાનું સાધન બની શકે છે. પરંતુ જીવનના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે મનુષ્યને દોરી શકતા નથી. આ સંદર્ભે તેમણે 2 જુલાઈ, 1931ના રોજ યંગ ઈન્ડિયામાં સ્પષ્ટપણે લખ્યું હતું કે ''મારા માટે રાજકીય સત્તા એ અંત નથી પરંતુ જીવનના દરેક વિભાગમાં લોકોને તેમની સ્થિતિને વધુ સારી બનાવવા માટે સક્ષમ બનાવવાનું એક માધ્યમ છે. રાજકીય સત્તાનો અર્થ છે રાષ્ટ્રીય જીવનનું નિયમન કરવાની ક્ષમતા. રાષ્ટ્રીય પ્રતિનિધિઓ દ્વારા જો સ્વ-નિયંત્રિત થવા માટે કોઈ પ્રતિનિધિત્ત્વ જરૂરી નથી, તો આવા રાજ્યમાં દરેક વ્યક્તિ તેના પોતાના માલિક છે તેના પાડોશી માટે ક્યારેય અવરોધ નથી, તેતી, ત્યાં કોઈ રાજકીય શક્તિ નતી કારણ કે કોઈ રાજ્ય નથી, પરંતુ થોરોનું શાસ્ત્રીય નિવેદન કે જે શાસન કરે છે તે શ્રેષ્ઠ છે ઓછામાં ઓછું ધ્યાનમાં લેવા યોગ્ય છે.''

ગાંધીજી લોકતંત્ર અંતર્ગત વ્યક્તિની સ્વતંત્રતાને વધારે મહત્ત્વ આપતાં હતાં. તેઓએ કહ્યું હતું કે જ્યાં સુધી પોતાની આત્માનો પ્રશ્ન છે તેની આગળ બહુમત કાનૂનની કોઈ જગ્યા નથી. ગાંધીજીના પોતાના શબ્દોમાં કહીએ તો ''કોઈ માનવ સંસ્થા નથી પણ તેના જોખમો છે. સંસ્થા જેટલી મોટી હશે તેટલી દુરુપયોગની શક્યતાઓ વધારે છે. લોકશાહી એક મહાન સંસ્થા છે અને તેથી તેનો મોટા પ્રમાણમાં દૂરુપયોગ થાય છે. આથી ઉપયોગ એ ટાળવાનો નથી. પરંતુ લોકશાહીની દુરુપયોગની બાબતોમાં ન્યૂનતમ ઘટાડો કરવાનો છે.'' સ્વતંત્રતા અને ન્યાયની સાથે, ત્રીજી સૌથી મહત્ત્વની બાબત જે લોકશાહી પર ગાંધીજીના વિચારોના સંદર્ભમાં વિશેષ ઉલ્લેખની જરૂર છે, તે નાગરિકોના મૂળભૂત અધિકારો સાથે સબંધિત છે. આપણે જાણીએ છીએ તેમ ગાંધીજી હંમેશા વ્યક્તિગત અને સમાજ જીવનમાં નૈતિકતા અને નૈતિકતા પર ખૂબ ભાર મૂલ્યોને અને લોકોને અહિંસાને તેમની રોજિંદી પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવવા માટે આહ્‌વાન કરતા વારંવાર ફરજોની વાત કરતા. બેશક, તેમણે અધિકારો કરતાં ફરજોને પ્રાધાન્ય આપ્યું. ઉદાહરણ તરીકે તેમણે કહ્યું, ''અહિંસા પર આધારિત સ્વરાજ્યમાં લોકોને તેમના અધિકારો જાણવાની જરૂર નથી, પરંતુ તેમના માટે તેમની ફરજો જાણવી જરૂરી છે. વધુમાં તેઓ જણાવે છે કે ''જે પોતાની ફરજો યોગ્ય રીતે નિભાવે છે તેને અધિકારો આપોઆપ પ્રાપ્ત થાય છે. વાસ્તવમાં કોઈની ફરજો નિભાવવાનો અધિકાર છે જે જીવવા યોગ્ય છે. તે તમામ કાયદેસર અધિકારોને આવરી લે છે.''

રાજકીય શક્તિ પર ગાંધીજીએ લખ્યું ''મારા માટે રાજકીય સત્તા એ અંત નથી પરંતુ જીવનના દરેક વિભાગમાં લોકોને તેમની સ્થિતિને વધુ સારી બનાવવા માટે સક્ષમ બનાવવાનું એક માધ્યમ છે. રાજકીય સત્તાનો અર્થ છે. રાષ્ટ્રીય પ્રતિનિધિઓ દ્વારા રાષ્ટ્રીય જીવનનું નિયમન કરવાની ક્ષમતા. જો રાષ્ટ્રીય જીવન સ્વ-નિયમિત બને તેટલું સંપૂર્ણ બની જાય, તો કોઈ પ્રતિનિધિત્વની જરૂર નથી. આવા રાજ્યમાં દરેક વ્યક્તિ પોતાના માલિક છે. તે પોતાની જાતને એવી રીતે શાસન કરે છે કે તે ક્યારેય તેના પાડોશી માટે અવરોધ ન બને. આદર્શ રાજ્યમાં, તેથી ત્યાં કોઈ રાજકીય શક્તિ નથી કારણ કે ત્યાં કોઈ રાજ્ય નથી. પરંતુ આદર્શ જીવનમાં ક્યારેય પૂર્ણપણે સાકાર થતો નથી. તેતી થોરોનું શાસ્ત્રીય નિવેદન કે તે સરકાર શ્રેષ્ઠ છે જે ઓછામાં ઓછું શાસન કરે છે. આ વિચારધારામાં માનવીને પોતાના માટે પોતાની પસંદગીનું અને પોતાની બંધારણીય વ્યવસ્થા બનાવવાનું તથા તેનો નિભાવ કરવાનો સંપૂર્ણ અધિકાર આપવામાં આવે છે.'' કોઈપણ લોકશાહી નિર્ણયની આવશ્યક વિશેષતા એ છે કે તે ચર્ચા અને સમજાવટ દ્વારા લેવામાં આવે છે. ગાંધીજીના શબ્દોમાં ''કોઈ માનવ સંસ્થા નથી પરંતુ તેના જોખમો છે. જેટલી મોટી સંસ્થા એટલી દુરુપયોગની શક્યતાઓ વધારે છે.''

લોકશાહી કરતાં વધુ લોકપ્રિય અને પ્રચલિત અને છતાં વધુ વિવાદાસ્પદ સરકારની કોઈ વ્યવસ્થા નતી. તે સરકારનું એક સ્વરૂપ છે જે તમામ વ્યક્તિઓની સમાનતા અને તેમના જીવન, સ્વતંત્રતા અને સુખની શોધના સમાન અધિકારોની મૂળભૂત ધારણા પર આધારિત છે. શાબ્દિક રીતે અબ્રાહમ લિંકનના યાદગાર વાક્યમાં, લોકશાહી એ લોકોની સરકાર છે, લોકો દ્વારા અને લોકો માટે. મહાત્મા ગાંધીના જણાવ્યા મુજબ "તેની સંપૂર્ણતામાં, લોકશાહી સૂચવે છે કે વિકાસ અને વહીવટનું કાર્ય સોંપવામાં આવેલ કોઈપણ લોકશાહી માળખું માત્ર ચૂંટણીના સિદ્ધાંત અનુસાર લોકશાહી રીતે રચાયેલ હોવું જોઈએ નહીં પરંતુ લોકોની સ્વતંત્ર ઈચ્ચા અને કાર્યને પણ પ્રતિબિંબિત કરવું જોઈએ. તેમના બંધારણમાં અને તેમની રોજિંદી કામગીરી બંનેમાં લોકશાહીનું તત્ત્વ છે." આથી, લોકશાહી પાછળનો વિચાર એ છે કે તે નિર્ણય લેવાની પ્રક્રિયામાં મોટી સંખ્યામાં લોકોને સામેલ કરે છે. તેની રાજકીય સત્તા તે વ્યક્તિઓની ઈચ્છા પર આધારિત છે, જેઓ સહકારની પ્રક્રિયા દ્વારા નિર્ણયો લે છે. જે સમગ્ર સમુદાય માટે બંધનકર્તા હોય છે. ગાંધીજીનું માનવું હતું કે જો મતદાતા હોશિયાર અને સમજદાર હોય અને યોગ્ય વ્યક્તિને ચૂંટીને સંસદમાં મોકલે તો આવી સંસદોને પ્રાર્થનાપત્રો અને દબાવની આવશ્યકતા રહેતી નથી. સંસદનું કામ એટલું સારું હોવું જોઈએ કે લોકોનો વિશ્વાસ દિનપ્રતિદિન વધતો જાય, પરંતુ વર્તમાન પરિસ્થિતિ આનાથી વિરૂદ્ધ છે. આ સંસદમાં જવાનો અર્થ એ પોતાની આર્થિક સ્થિતિને મજબૂત કરવાનો છે.

## 12.6 સારાંશ :

આમ, પ્રસ્તુત એકમમાં આપણે દરેક મુદ્દાનો વ્યવસ્થિત અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ ગાંધીજીના સમાજકાર્ય સંદર્ભે તેમના વિચારો મુક્ત અર્થતંત્ર, માનવતાવાદી, સમાજવાદી અને લોકતાંત્રિક વિચારધારાને સમાજકાર્યના દ્રષ્ટિકોણથી અલગ રીતે ચકાસી શકે છે. ગાંધીજીએ સમાજના વિકાસ માટે જે પોતાના વિચારો રજૂ કર્યા છે; તે ખરેખર વર્તમાન સમયમાં લાગુ પાડી શકાય છે. માનવ, સમુદાય, અર્થતંત્ર અને લોકતંત્રને સમજવા માટે ગાંધીજીના ઉપરોક્ત વિચારો ઉપયોગી બને છે.

## 12.7 તમારી પ્રગતિ ચકાસો (MCQs) :

**1.** કોણ મુક્ત અર્થતંત્ર અને અર્થશાસ્ત્ર વિશે ખૂબઊંડો વિચાર ધરાવતા હતાં ?

A. ગાંધીજી　B. સ્વામી વિવેકાનંદ

C. સરદાર　D. કોમ્ટ

**2.** કોના વિચારોમાં વ્યક્તિની સત્ય અને આત્મ-અન્વેષણની વાત આવે છે ?

A. ફ્રેડરિક નિચે　B. ગાંધીજી

C. પ્લેટો　D. ચાર્લ્સ ડાર્વિન

**3.** જીવન અને વિદ્યા દ્વારા નૈતિકતા અને સત્યના મહત્ત્વને કોણે સમજાવ્યું ?

A. ગાંધીજી　B. સોક્રેટીસ

C. પ્લેટો　D. દુબે

**4.** ગાંધીવાદી આયોજનમાં પાયાનું ઘટક કર્યું છે ?

A. શહેર　B. ગામડું

C. નગર　D. દેશ

**5.** ગાંધીજીનું ક્યું મોડલ જરૂરીયાતોની પૂર્તિ પર આધારિત હતું ?

A. આર્થિક　B. રાજકીય

C. સમાજ　D. સાંસ્કૃતિક

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબ :**

1. A. ગાંધીજી
2. A. ફ્રેડરિક નિત્શે
3. B. સોક્રેટીસ
4. B. ગામડું
5. A. આર્થિક

## 12.8 ચાવીરૂપ શબ્દો :

1. **લોકશાહી :** લોકોની, લોકો માટેની અને લોકો વડે ચાલતી સરકાર.
2. **અર્થતંત્ર :** ઉત્પાદન, વિતરણ અને વપરાશની સમાજ વ્યવસ્થા છે.
3. **સમાજવાદ :** ઉત્પાદનનાં તમામ સાધનોની પેદાશ, સર્જન, વહેંચણી તથા વિનિમય પર સમગ્ર સમાજની સામૂહિક માલિકી તથા પ્રભુત્ત્વની તરફેણ કરતી આર્થિક અને રાજકીય વિચારસરણી.
4. **માનવતાવાદ :** માનવને કેન્દ્રમાં રાખી પ્રચલિત થયેલી વિચારધારા

## 12.9 સ્વાધ્યાયના પ્રશ્નો :

1. ગાંધીજીની મુક્ત અર્થતંત્ર વિશેના વિચારો જણાવો.
2. ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત ટૂંકમાં જણાવો.
3. સમાજવાદ અંગે ગાંધીજીના વિચારો.
4. સમાજવાદ એટલે શું ?
5. માનવતાવાદ એટલે શું ?
6. માનવતાવાદ અંગે ગાંધીજીના વિચારો જણાવો.
7. ગાંધીજીની લોકતાંત્રિક વિચારધારા વિશે સમજાવો.

## 12.10 સંદર્ભ સૂચિ :


1. MSW-101 2020; સમાજકાર્યનો ઈતિહાસ અને દર્શન, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
2. Gandhian Studies & Peace Research Series-4 : THe Social Philosophy of Mahatma Gandhi K. S. Bharathi, Concept Publishing Company, New Delhi - 110059
3. મેનેજમેન્ટના મસીહા (મહાત્મા ગાંધી) : ડૉ. ઉષા અરૂણ ચતુર્વેદી, પ્રકાશન : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યલય-રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ - 380001
4. ગાંધી દર્શન : પ્રો. સી. એમ. ગાંધી (સુહાસી) અમૃત એ.મોદી, રાષ્ટ્રભાષા પુસ્તક મંદિર 4,773, ટાવર રોડ-સુરત.
5. गांधीमार्ग : अहिंसा संस्कृति का दैमासिक वर्ष : ४३ अंक ६ जनवरी-फरवरी १९९९ संपादक : राजीव बोरासंपादक : अनुपम मिश्र महेन्द्रभारुर्य सत्येन्द्रकुमार आशा बोधरा गांधी शांति प्रतिष्ठान, नरुर्य दिल्ली-१९०००२.

**LINK**

- https://opinionmagazine.co.uk/gandhijinum-satya/
- https://www.navjivantrust.org/reflections
- https://gujarativishwakosh.org/%E0%AA%B8%EO%AB68D%E0

AA%B5%E09%AA%A6oEO %AB%87%E0%AA%B6%E0%AB%80-YoE0%A A%86%F0%AA%82%E0%AA%A6%E0%AB%8B%E0%AA%B29%E0%AA%A8/

- “https://www.nextias,com/blog/%E0%A4%AF%E0%A4%B9%E0%A4%BE%E0%A4%A 4%E0%“A5%8D%E0%A4%AE%E0%A4%BE“%E0%A 4%97%E0%A4%BE%EO%A4%82%E0%A4%A7%E0%A 5%80/
- https:/gu.wikipedia,org/wiki/%E0%AA%97%E0%AA%BE%E0%AA%82%E0oAA%A7%E0%“%B5%E0%AA%BE%E0%AA%A6%E0%AB%80%EO%AA%B8%E0%AA“AB%8 0%E0%AA“%AE%E0%AA%BE%E0%AA%9C%E0%AA%B5%E0%AA%BE%E0%AA%A6
- https://www.wisdomlib.org/history/compilation/triveni-journal/d/doc69775.html
- https://www.thestatesman.com/opinion/gandhií-and-democracy-1502974808.html
- https://www.researchguru.net/volume/Volume%2017/ssue%201/RGI2.pdf
- https://www.researchgate.net/publication/319291411_GANDHI-“PHILOSOPHY_OF_HUMANISM

*****************

# એકમ-13
# વ્યવસાય તરીકે સમાજકાર્યની ઓળખ

રૂપરેખા :-

13.0 ઉદ્દેશ્યો
13.1 પ્રસ્તાવના
13.2 સમાજકાર્યનો ખ્યાલ (અર્થ)
13.2.1 સમાજકાર્યનું ક્ષેત્ર
13.2.2 સમાજકાર્યની વિશેષતાઓ
13.3 વ્યવસાય સ્વરૂપે સમાજકાર્યનો અર્થ
13.3.1 વ્યવસાયિક સમાજકાર્યની ઉદ્‌ભવ-વિકાસ
13.4 ભારતમાં સમાજકાર્યનો ઈતિહાસ
13.5 તમારી જાતે ચકાસો
13.5.1 બહુવિકલ્પીય પ્રશ્નો
13.5.2 ટૂંકમાં ઉત્તર આપો.
13.6 સારાંશ
13.7 ચાવીરૂપ શબ્દો
13.8 બહુવિકલ્પી પ્રશ્નોના ઉત્તર
13.9 સ્વાધ્યાય
13.10 સંદર્ભ

## 13.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો આ એકમના અભ્યાસ બાદ તમે....

- સમાજકાર્ય અંગેનો ખ્યાલ મેળવી શકાશે.
- સમાજકાર્યના ક્ષેત્રો વિશે જાણકારી મેળવી શકાશે.
- વ્યવસાય સ્વરૂપે સમાજકાર્યની અર્થ સમજી શકાશે
- વ્યવસાયિક સમાજકાર્યના ઉદ્‌ભવ-વિકાસ વિશે જાણી શકાશે.
- ભારતમાં સમાજકનયા ઈતિહાસ વિશેની સમજ મેળવી શકાશે.

## 13.1 પ્રસ્તાવના :

માનવજીવનમાં આવતી સમસ્યાઓ એ સહજ માનવજીવનની સાહજિક પ્રક્રિયા છે. સમસ્યાઓથી પીડિત લોકોને સહાય કરવી એટલે સમાજકાર્ય. પરંપરાગત ધર્મ આધારિત જીવનમાં પણ પરોપકારનું મૂલ્ય સ્વીકારાયેલું છે. એટલે કે, પરોપકાર દ્વારા વ્યક્તિ અન્ય જરૂરિયાતમંદ

લોકોને કોઈપણ રીતે સહાય આપી તેને મુશ્કેલીમાંથી ઉગારવામાં ઉપયોગી બને છે. જ્યારથી સમાજ જીવન અસ્તિત્વમાં આવ્યું ત્યારથી જ સમાજ વ્યવસ્થાના એક ભાગ તરીકે સમાજનું વ્યવસ્થાતંત્ર યોગ્ય રીતે જળવાઈ રહે અને સમાજના તમામ લોકો યોગ્ય રીતે જીવન ધોરણ અપનાવી શકે તેવી વ્યવસ્થાના ભાગરૂપે જરૂરિયાતવાળા લોકોના ઉત્થાન માટેની એક પ્રવૃત્તિ સહજ રીતે સ્વીકૃતિ પામી છે એ છે સમાજકાર્ય. બીજા માટે પ્રેમ, દયા, કરુણા સહાનુભૂતિ જેવા ભાવ દ્વારા તેને મદદ કરી તેને સમસ્યાઓ ઉકેલવામાં સહભાગી થવું એ સમાજકાર્ય છે.

વિશ્વનો કોઈપણ સમાજ હોય પ્રત્યેક સમાજમાં પ્રેમ, દયા, કરુણા દ્વારા સમાજના દુઃખી અને પીડિત લોકોની સેવા કરી તેમને સહાય કરવાની તેમજ સમાજ માટે આવશ્યક સંસાધનોની ઉપલબ્ધિ કરાવવી એ પ્રકારની પ્રવૃત્તિ માનવ સમાજના ઈતિહાસ જેટલી જ જૂની છે. આ પ્રવૃત્તિ ધીમે-ધીમે વૈજ્ઞાનિક અભિગમના આધારથી વ્યવસાયિક પ્રવૃત્તિ તરીકેનું સ્વરૂપ લેતી ગઈ. વિજ્ઞાન, શિક્ષણ, સંશોધન વગેરેના વિકાસની સાથે-સાથે સમાજકાર્યનું સ્વરૂપ બદલાતું ગયું, અને જેમ-જેમ સમાજકાર્યનું આ વ્યાવસાયિક સ્વરૂપ વિકસ્યુ તેમ-તેમ જ્ઞાનના નવાં-નવાં સ્ત્રોત, નવીન પદ્ધતિઓ પણ વિકસી, સમાજકાર્ય તેનાં મૂળ સ્વરૂપથી બદલાઈને વિશાળ સ્વરૂપે વિકસતું ગયું. વૈજ્ઞાનિક આધારો વાળું અને વ્યવસાયિક ધોરણોનું આ સ્વરૂપ પહેલાં પશ્ચિમના દેશોમાં વિકસ્યું અને ત્યારબાદ સમગ્ર વિશ્વમાં તેનો વિકાસ થતો ગયો.

જેમ જેમ આ પ્રકારના જ્ઞાનનો વિકાસ થયો તેમ તેમ તેને સમજવાની જટિલતા પણ વધી. તેના માટે સૈદ્ધાંતિક આધારો સ્વીકારાયા અને તે દ્વારા આ પ્રવૃત્તિ ધીમે-ધીમે મહદઅંશે વ્યવસાયિક સ્વરૂપે વિકસી. સમાજકાર્યની વ્યવસાય તરીકેની ઓળખ પણ વૈજ્ઞાનિક અભિગમ દ્વારા સમજી શકાય છે. પ્રસ્તુત એકમમાં વ્યવસાય તરીકે સમાજકાર્યનો ખ્યાલ, સમાજકાર્ય શું છે? ભારતમાં તેનું ઐતિહાસિક સ્વરૂપ કેવું છે વગેરે જેવા મુદ્દાઓ દ્વારા તેની વિસ્તૃત સમજ આપવામાં આવી છે.

## 13.2 સમાજકાર્યનો ખ્યાલ (અર્થ) :

જ્યારથી સમાજજીવનની શરૂઆત થઈ ત્યારથી સમાજ વ્યવસ્થાના ભાગરૂપે વિવિધ સમાજ સંસ્થાઓ સમાજમાં જરૂરિયાતમંદ લોકો માટે સહાયરૂપ બની છે. ધાર્મિક રીતે અને પરંપરાગત રીતે સમાજસેવા એ પુણ્યના કાર્યો, નૈતિક ફરજો વગેરે જેવા ખ્યાલ સાથે સમાજકાર્યનું સ્વરૂપ જોવાં મળતું. સમાજ પરિવર્તનની પ્રક્રિયા સમાજમાં અવિરત અને સાહજિક ચાલતી પ્રક્રિયા છે. યંત્રવિજ્ઞાન-ટેકનોલૉજીના વિકાસની સાથે-સાથે બહુવિધ સમસ્યાઓનો ઉદ્ભવ થયો. કુદરતી સમસ્યાઓની સાથે સાથે માનવસર્જિત સમસ્યાઓ દ્વારા સમાજની વ્યવસ્થા જાળવવાનું મુશ્કેલ બન્યું. એટલે માત્ર સમાજ સંસ્થાઓ અને પરંપરાગત સ્ત્રોતો આ બહુવિધ સમસ્યાઓ નિવારવા માટે અસમર્થ બની. વર્તમાન સમયની પ્રસ્તુત સમસ્યાઓ નિવારવા સૈદ્ધાંતિક વિચારસરણી અને વિજ્ઞાન આધારિત જ્ઞાનની આવશ્યક્તા ઊભી થઈ, અને આ પ્રકારના જ્ઞાનનો ઉપયોગ થવા લાગ્યો.

### ❖ સમાજકાર્યની વિભાવનાઓ :

જેમ જેમ વિજ્ઞાન આધારિત સૈદ્ધાંતિક સ્વરૂપે કોઈપણ વિષય વસ્તુને સમજવાનો ખ્યાલ વિકસતો જાય છે તેમ તેમ તે વિષયવસ્તુને લઈને થતાં સંશોધનો દ્વારા તેની વિસ્તૃત સમજ આપના ખ્યાલ વિકસે છે. સમયાંતરે સમાજની વિકટ પરિસ્થિતિ નિવારવા માટે જેમ જેમ આ પ્રકારના જ્ઞાનનો વ્યાપ વધવા લાગ્યો તેમ તેમ વિવિધ વિદ્વાનો દ્વારા તેનો સચોટ ખ્યાલ આપવામાં

આવ્યો. આવી કેટલીક વિભાવનાઓની અહીં નોંધ કરવામાં આવી છે.

❖ **વિટમર (1942) :**

વિટમરના મત અનુસાર, સમાજકાર્ય એ સંગઠિત સમૂહ દ્વારા સમૂહના સામ્યની સમસ્યા નિવારવા માટેની ભૂમિકા નિભાવવાના કાર્ય સાથે સંકળાયેલ છે. જેમાં વ્યક્તિ અને જૂથની સામ્ય બને છે અને જૂથના સભ્ય તરીકે પોતાના સમૂહની વ્યક્તિ તરીકે અન્ય વ્યક્તિને આવશ્યકતા અનુસાર સહાય પૂરી પાડવાની ભૂમિકા ભજવે છે.

❖ **ફ્રિડલેંડર (1955) :**

ફ્રિડલેંડરના જણાવ્યા અનુસાર સમાજકાર્યમાં વિજ્ઞાનની વિચારસરણી અને માનવીની બૌદ્ધિક સમર્થતા વાળા વ્યવસાય સ્વરૂપે જોવા મળે છે. સમાજકાર્ય મહ્દઅંશે સામાજીક વ્યવસ્થાના ભાગરૂપે રચાયેલા સામૂહિક સમૂહો દ્વારા જ થતું હોય છે. જેમાં વ્યક્તિગત રીતે, સમૂહમાં વ્યક્તિગત અને સમાજ સંતોષ પ્રાપ્ત કરવામાં સહાયરૂપ બને છે.

❖ **સ્ટ્રુપ (1960) :**

સ્ટ્રુપ સમાજકાર્ય વિશે પોતાનો મત જમાવતાં કહે છે કે વ્યક્તિ, જૂથ અને સમુદાયની જરૂરિયાતોની પરિપૂર્તિ માટે વૈજ્ઞાનિક વિચારસરણી અને તાર્કિક જ્ઞાનનો આધાર લઈને પોતાને સહાયરૂપ બની શકે તે સમાજકાર્ય છે. આવશ્યકતાઓની જટિલતા માટે બહુવિધતાવાળા સાધનો અને નવીન પદ્ધતિઓના ઉપયોગ દ્વારા સહાય આપવાની પ્રવૃત્તિ એ સમાજકાર્ય છે.

❖ **વિલિયમ ગાર્ડન (1969) :**

સમાજકાર્ય સમાજના લોકોની બહુવિધ આવશ્યકતાઓની પરિપૂર્તિ સાથે સંકળાયેલ છે, તેવો ખ્યાલ જોવા મળે છે પણ વાસ્તવમાં સમાજકાર્ય વ્યક્તિ અને પરિસ્થિતિજન્ય વાતાવરણ બંન્ને સાથે સંકળાયેલ છે. હકીકતમાં બન્ને એકબીજાની સાથે તાદાત્મ્ય સાધી એકરૂપ બને તો, યોગ્ય સમાજવ્યવસ્થા જળવાઈ રહે. સમાજકાર્યનું મુખ્ય કાર્ય આ બંન્ને પરસ્પર અનુરૂપ બનાવવાનું છે કેમ કે, વ્યક્તિ અથવા તો વાતાવરણ બંન્ને જો પોતાના મુખ્ય ધ્યેયથી વિચલિત થાય અને બંન્ને વચ્ચે તાદાત્મ્ય ન સધાય ત્યારે સમાજકાર્ય આ બંન્ને વચ્ચે તાદાત્મ્ય સાધવાનું કાર્ય કરે છે.

❖ **નેશનલ એસોસીએશન ઓફ સોશ્યલ વર્ક (National Association of Social Work) (1973) :**

સમાજકાર્ય એ વ્યક્તિઓ, જૂથો અથવા સમુદાયની સમાજ ક્રિયાશીલતા સબંધી ક્ષમતામાં વૃદ્ધિ તથા સમાજ પરિસ્થિતિઓને અનુકૂળ બનાવવાનાં ધ્યેયમાં મદદ કરવાની એક વાસ્તવિક પ્રક્રિયા છે. વસ્તુગત સેવાઓની પ્રાપ્તિ માટે જન સમુદાયને મદદ કરવી, વ્યક્તિઓ, કુટુંબો અને જૂથોને કાઉન્સિલિંગ તથા મનો સારવાર આપવી, સમુદાયો તથા સમૂહોને સમાજ અને સ્વાસ્થ્ય સેવાઓ પ્રદાન કરવી અથવા તેની વૃદ્ધિમાં સહાયતા કરવી તથા સુસંગત કાયદાકીય પ્રક્રિયાઓમાં સહભાગી બનવું, સમાજકાર્ય પ્રેક્ટિસ માટે માનવવિકાસ અને વર્તન માટે મહત્ત્વની સમાજ, આર્થિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ વચ્ચે આંતરક્રિયાનું જ્ઞાન હોવું જરૂરી છે.

❖ **ઈન્ટરનેશનલ એસોસીએશન ઓફ સ્કૂલ્સ ઓફ સોશ્યલ વર્ક અને ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ સોશ્યલ વર્કર્સ દ્વારા સ્વીકૃત (2001) :**

વ્યવસાયિક સમાજકાર્ય સમસ્યાઓના નિરાકરણ માટેનું, લોકોના ઉત્થાન માટેના આવશ્યક પરિવર્તનને ઉત્તેજન આપવાનું કાર્ય કરે છે. સમાજકાર્ય માટે માનવ અધિકારો અને

સમાજ ન્યાયના સિદ્ધાંતો કેન્દ્ર સ્થાને છે. લોકો અને વાતાવરણની આંતરક્રિયામાં સમાજકાર્યની દરમ્યાનગીરી જોવા મળે છે.

ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી સમાજકાર્યની વિસ્તૃત સમજ મેળવવાનો પ્રયત્ન કરીએ તો, સમાજકાર્ય મૂળભૂત રીતે વ્યક્તિગત અથવા તો જૂથના સદસ્ય તરીકે સમૂહ માટેની જવાબદારી નિભાવવાની ભૂમિકા તરીકે તેની સાથે સંકળાયેલ કાર્ય છે. જૂથના સામ્યની એ ભૂમિકા બને છે કે, તે સમૂહના પ્રત્યેક સામ્યને તેની આવશ્યકતાઓની પરિપૂર્તિના હેતુસર અને સમસ્યાઓ નિવારવામાં ઉપયોગી બને, એટલે કે સમુદાયના એક ભાગ તરીકે મદદની ભાવનાથી સમાજકાર્યકર પોતાની ભૂમિકા ભજવે છે.

સમાજકાર્ય એક સમાજ પ્રક્રિયા છે, જે સમાજમાં યોગ્ય અને આવશ્યક પરિવર્તન લાવવા માટે તેમજ સમસ્યાઓના નિવારણ માટે કરવામાં આવે છે, તેની મુખ્ય હેતુ સમાજમાં સમાજ ન્યાય સમાજ સમભાવ, સમાજ વિકાસ સુનિશ્ચિત કરવાનો છે. સમાજકાર્ય સમાજના જુદા-જુદા વર્ગો, સમૂહો, વિવિધ સંસ્કૃતિઓ અને ભક્તિઓની સહાય કરે છે. સમાજકાર્ય સમાજના આર્થિક રીતે શૈક્ષણિક, સ્વાસ્થ્ય કે અન્ય કોઈ સમસ્યાઓથી ગ્રસ્ત લોકોની સહાય કરે છે. સમાજકાર્ય કે જેને સમાજસેવા તરીકે પણ ઓળખીએ છીએ તે વિવિધ સમાજ સમસ્યાઓને દૂર કરી સમાજમાં પરિવર્તન લાવવામાં વિશેષ ભૂમિકા ભજવે છે. જેમાં સમાજના તમામ લોકો એકજૂટ સ્વરૂપે એકબીજાની સહાય કરે છે. જેમાં સરકારી, બિનસરકારી, સમાજ આગેવાનો વગેરે તમામના સહયોગથી કરવામાં આવતું મહત્ત્વનું કાર્ય કરે છે.

સમાજકાર્ય સમાજના પ્રત્યેક વર્ગના ઉત્થાન અને વિકાસ માટે સેવાનું કાર્ય કરે છે. આ પ્રકારનું કાર્ય સમાજમાં ઉદ્‌ભવેલી વિવિધ સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં મદદ કરે છે. તેમાં વિજ્ઞાન, ટેક્નોલોજી, આધુનિક વિચારસરણી, સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. સમાજકાર્ય દ્વારા સમાજના તમામ વર્ગોને એકસરખો અધિકાર અને સવલતો મળે તેવાં પ્રયત્નો દ્વારા સમાજ સમભાવનો પ્રયત્ન કરવામાં આવે છે. સમાજકાર્ય એક વ્યવસાય છે. જેના દ્વારા વ્યક્તિઓનું જીવન ગુણવત્તાસભર બનાવવાનો પ્રયત્ન થાય છે. આ એક હકારાત્મક સ્વરૂપનો પ્રયત્ન છે. સમાજકાર્ય દ્વારા વ્યક્તિ, સમૂહ અને સમુદાયની સહાયતા કરવામાં આવે છે. વ્યક્તિગત સ્વરૂપે લોકોનું કૌશલ્ય વિકસિત કરવામાં એમને સહાય પૂરી પાડવામાં આવે છે. આ એક કલ્યાણકારી કાર્ય છે. વ્યક્તિઓને આત્મનિર્ભર બનાવવામાં આવે છે જેનાથી તે પોતાની સહાયતા પોતે જ કરી શકે તે માટે સશક્ત બનાવવામાં આવે છે.

### 13.2.1 સમાજકાર્યનું ક્ષેત્ર :

સમાજકાર્યનો વ્યાપ વિશાળ પાયા પરનો છે. તેમાં શિક્ષણ, આરોગ્ય, રોજગાર, સ્ત્રી સશક્તિકરણ, બાળ અધિકારો, વૃદ્ધાવસ્થાની સંભાળ, પર્યાવરણની જાળવણી, અશિક્ષિત બાળકો માટે શિક્ષણનું સંચાલન વગેરે જેવી અનેક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. સમાજકાર્યનો મુખ્ય હેતુ સમાજમાં રહેલી અસમાનતા અને સમાજ સમસ્યાઓને દૂર કરવા લોકોમાં જનજાગૃતિ ફેલવવા અને સમાજને પ્રગતિ તરફ લઈ જવાનો છે.

સમાજકાર્ય એ સમાજ વિજ્ઞાનું એક મહત્ત્વનું વ્યવહારુ ક્ષેત્ર છે જે સમાજ સુધારણા, સમાજ વિકાસ, સમાજ ન્યાય, સમાજ સશક્તિકરણ અને સમાજ સમરસતા તરફ આગળ વધતું શિસ્ત છે. સમાજકાર્ય એક એવું ક્ષેત્ર છે જેમાં વ્યક્તિ, જૂથ અથવા

સંસ્થા વિવિધ સમસ્યાઓ ઉકેલવા અને સમાજની પ્રગતિ કરવાનો પ્રયત્ન કરે છે. સમાજકાર્યના ક્ષેત્રનો નિમ્નલિખિત મુદ્દાઓ પરથી વિસ્તૃત ખ્યાલ મેળવી શકાશે.

- **સમાજ ન્યાય :** સમાજકાર્યકરો સમાજ ન્યાયના ક્ષેત્રમાં જાગૃતિ ફેલાવે છે, અને સમાજ ન્યાય સુનિશ્ચિત કરવા માટે કાર્ય કરે છે. તેઓ ન્યાયી બંધારણો, કાયદાઓ અને સંસ્થાઓને પ્રોત્સાહન આપે છે અને સમાજમાં સમાનતા અને ન્યાય માટે સંઘર્ષ કરે છે.

- **સમાજ બદલાવ :** સમાજકાર્યકર્તાઓ સમાજમાં હકારાત્મક પરિવર્તન લાવવા સમાજ માળખાને બદલવા માટે અને સમાજમાં સમાનતા અને ન્યાય સુનિશ્ચિત કરવા માટે સમાજ બદલાવના ક્ષેત્રમાં કાર્ય કરે છે. તેમને નીતિઓ, કાયદાઓ અને સમાજકાર્યક્રમોને પ્રભાવિત કરવા માટે કામ કરવાની તક પણ મળે છે.

- **શિક્ષણ :** શિક્ષણના ક્ષેત્રમાં સમાજકાર્યકરો શિક્ષણના પાસાઓને સમર્થન આપે છે. શિક્ષણથી વંચિત બાળકોને શિક્ષણ પ્રાપ્ત કરવા શિક્ષણ માટે સંસાધનો પ્રદાન કરવા અને સમાજમાં શિક્ષણનું મહત્ત્વ વધારવા માટે કામ કરવા પ્રોત્સાહિત કરે છે.

- **સ્વાસ્થ્ય સબંધિત કાર્યો :** સમાજકાર્યકરો આરોગ્યની સેવાઓ વધુમાં વધુ લોકો સુધી પહોંચી શકે તે માટેના પ્રયત્નો કરે છે. વિવિધ રોગોના નિદાન અને ઉપચાર માટેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને તેમજ સ્વાસ્થ્ય સબંધિત આયોજિત વિવિધ યોજનાઓનો લાભ લોકો પ્રાપ્ત કરી શકે તે અંગેની જાગૃતિના કાર્યો કરી લોકોને આ બાબતથી જાગૃત કરે છે.

- **માનસિક સ્વાસ્થ્ય સબંધિત કાર્યો :** સમાજકાર્યકરો માનસિક રોગોથી પીડિત લોકોને અને તેમના કુટુંબીજનોને આધાર આપવા માટે આ ક્ષેત્રમાં કાર્ય કરે છે. માનસિક સ્વાસ્થ્ય સબંધિત સેવાઓ પૂરી પાડી તે માટે આવશ્યકતાઓ અને તેને નિવારવા માટેની સવલતો કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે અંગેનું જરૂરી માર્ગદર્શન ।પે છે. કાઉન્સીલિંગ દ્વારા તે સમાજમાં આવા ક્ષતિગ્રસ્ત લોકોની સમસ્યાઓ નિવારવાનું કાર્ય કરે છે.

- **બાળકો અને યુવાઓના વિકાસમાં સક્રિય :** સમાજકાર્યકર્તાઓ બાળકો અને યુવાઓની ઉન્નતિ માટે કાર્ય કરે છે. બાળકો અને યુવાનો સારુ શિક્ષણ મેળવી શકે, યુવાવર્ગ રોજગારીની ઉત્તમ તક પ્રાપ્ત કરી શકે, તેઓનું કૌશલ્ય વિકસે વગેરે અંગેના કાર્યો કરે છે. નિરાધાર અને અસહાય બાળકો માટે જરૂરી સાધનો ઉપલબ્ધ કરાવી આવા બાળકો સ્વસ્થ્ય શરીર યોગ્ય શિક્ષણ મેળવી ઉત્તમ નાગરિક બની શકે તે માટેના કાર્યો કરે છે.

- **સ્ત્રીઓની ઉન્નતિ માટેનું કાર્ય :** સમાજમાં મહિલા જાગૃતિ દ્વારા સ્ત્રીઓની ઉન્નતિ કરી શકાય છે. સ્ત્રી સશક્તિકરણ દ્વારા સમાજકાર્યકરો મહિલાઓને જાગૃત કરે છે. સ્ત્રીઓમાં શિક્ષણને વ્યાપ

વધે, સ્ત્રી આર્થિક રીતે પગભર બને, સ્ત્રીઓ સ્વાસ્થ્ય સબંધિત જાગૃતિ કેળવે વગેરે જેવા પ્રયત્નો દ્વારા સમાજકાર્યકરો સ્ત્રી ઉન્નતિ માટેના કાર્યો કરો છે.

❖ **ગરીબી નિવારણનાં કાર્યો :** સમાજકાર્યકરો ગરીબી નિવારણ અર્થે મહત્ત્વનું કાર્ય કરે છે. ગરીબી નિવારણ માટેની વિવિધ યોજનાઓનો લાભ મેળવવા, ગરીબી નિવારવા માટેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા, ગરીબો વધુ સાધન સરંજામ પ્રાપ્ત કરી આર્થિક ક્ષમતા કેળવી શકે તે માટેના પ્રયત્નો કરવા વગેરે જેવા ગરીબી નિર્મૂલનના કાર્યો સમાજકાર્યકરો દ્વારા આયોજિત થતાં હોય છે.

❖ **વૃદ્ધો માટેનાં કાર્યો :** સમાજમાં વૃદ્ધાવસ્થાની સમસ્યાથી પીડિત વૃદ્ધ લોકો આધાર મેળવી વૃદ્ધાવસ્થાની સમસ્યાનું નિવારણ કરી શકાય તેવા પ્રયત્નો સમાજકાર્યકરો દ્વારા કરવામાં આવે છે. સમાજકાર્યકરો દ્વારા કરવામાં આવે છે. સમાજકાર્યકરો દ્વારા વૃદ્ધાશ્રમોમાં, સહાયક કેન્દ્રોમાં અને સમાજ સંસ્થાઓમાં સેવાઓ આપી વધુ લોકો માટે કાર્યો કરે છે. ઉપરાંત વૃદ્ધો માટે આયોજિત આર્થિક, સ્વાસ્થ્ય સબંધિત વિવિધ યોજનાઓથી તેઓને લાભાન્વિત કરવા અને તેમનામાં જરૂરી જાગૃતિ કેળવાય તેવાં પ્રયત્નો કરવામાં આવે છે.

### 13.2.2 સમાજકાર્યની વિશેષતાઓ :

સમાજકાર્યની વિશેષતાઓ તેનાં કાર્યો દ્વારા, તેના ક્ષેત્ર દ્વારા ઉપરોક્ત મુદ્દાઓ દ્વારા સમજી શકાય છે, છતાં તેમની કેટલીક મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ જોઈ શકાય છે.

➢ સમાજકાર્ય એ વ્યવસાયિક કાર્ય છે જે સમાજના વિકાસ માટે કામ કરે છે. આ એક બહુપારિમાણીય વિસ્તાર છે જે અંતર્ગત સમાજના તમામ વર્ગો માટે કાર્ય કરવામાં આવે છે.

➢ સમાજકાર્યમાં તેનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજ સેવાનો હોય છે. સમાજકાર્યકરી સમાજસેવા દ્વારા સમાજકાર્ય કરે છે. સમાજના તમામ વર્ગના લોકો આ કાર્યથી લાભાન્વિત થાય છે.

➢ સમાજ કાર્યોમાં સમાનતા, સમભાવ એ બાબતોને પ્રાધાન્ય અપાય છે. એઠલે કે, સમાજના પ્રત્યેક વર્ગના લોકોને પ્રાથમિક જરૂરિયાતો સમાજ ન્યાયના ધોરણે મળી રહે તે માટેના પ્રયત્નો સમાજકાર્યકરો દ્વારા કરવામાં આવતા હોય છે.

## 13.3 વ્યવસાય સ્વરૂપે સમાજકાર્યનો અર્થ :

વ્યવસાય શબ્દ સામાન્ય રીતે રોજગાર, વ્યાપારના સંદર્ભમાં આપણે પ્રયોજીએ છીએ. પરંતુ વાસ્તવિક રીતે જોઈએ તો, વ્યવસાય શબ્દ ઉત્પત્તિ અંગ્રેજીના પ્રોફેશન શબ્દથી થઈ છે. પ્રોફેશન શબ્દ લેટિન ભાષાનો પ્રોફેટરી શબ્દથી બનેલો શબ્દ છે. શરૂઆતમાં એનો અર્થ જીવન સાથે સબંધિત અથવા પ્રતિજ્ઞા કરવા સાથે અથવા કોઈ સામૂહિક ઘોષણા કરવા માટે પ્રયોજાતો હતો. 13મી સદીમાં વ્યવસાય શબ્દનો અર્થ ક્રમશઃ ધાર્મિક પરાયણતા અને શૂરવીરતાના આદર્શ માટે પ્રયોજાયો. 16મી અને 17મી સદી સુધી એનો અર્થ આજીવિકાના સંદર્ભમાં કરવામાં આવ્યો.

વર્તમાન સમયમાં આ શબ્દને વ્યવસાય સ્વરૂપે પરિભાષિત કરવાનો પ્રયત્ન થયો. 1939માં મેરિસે વ્યવસાયને પારિભાષિત કરતાં જણાવ્યું કે, વ્યવસાય એક વ્યાપાર છે જે વ્યક્તિથી વ્યક્તિ સાથે એક સમાન વ્યવહાર કરે છે તેમજ એ વ્યાપારીથી વિપરિત છે જે માનવી તેની વ્યાવસાયિક ક્ષેત્ર, અન્ય કોઈ બાહ્ય જરૂરિયાતો તેમજ તકો માટેની વ્યવસ્થા કરે છે. હાલના સમયમાં આ માધ્યમથી કાર્ય ક્ષમતાઓની વિકાસ કરી શકાય છે.

કોઈપણ કાર્યને વ્યવસાય ત્યારે કરી શકાય છે જ્યારે તેમાં વિજ્ઞાનનું સ્વરૂપ જોવા મળે છે. સમાજકાર્ય એક વ્યવસાયિક સેવા છે જે વૈજ્ઞાનિક વિચારસરણી અને માનવ સબંધોની કુશળતા પર આધારિત કાર્ય છે. તે વ્યક્તિઓને વ્યક્તિગત કે સામૂહિક રીતે મદદ કરવાનું કાર્ય કરે છે. જેથી તે સમાજ કે વ્યક્તિગત સંતોષ કે આઝાદી મેળવી શકે. સામન્ય રીતે વ્યવસાય અંતર્ગત તેમાં વિવિધ ઉપચારો, કાયદાઓ, ઔદ્યોગિક વિકાસ વગેરેનો સમાવેશ થાય છે.

વ્યવસાયિક સમાજકાર્યની વ્યવસાયિક સ્થિતિનું અબ્રાહમ ક્લેક્સનર દ્વારા સમાજકાર્યની વ્યવસાયિક સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું, ત્યારબાદ સમાજકાર્ય કરી માટે આ પ્રકારના કાર્યને વ્યવસાયિક કાર્ય સ્વરૂપે પ્રયોજ્યો.

### 13.3.1 વ્યવસાયિક સમાજકાર્યનો ઉદ્દ્ભવ - વિકાસ :

સમાજકાર્ય એક વિકસિત વ્યવસાય છે. સમાજકાર્યને વૈજ્ઞાનિક વિચારસરણી, વૈજ્ઞાનિક પ્રયુક્તિઓ, અને કૌશલ્ય હોય છે. સમાજકાર્ય કરનાર સમાજકાર્યકર્તાએ આ પ્રકારના વૈજ્ઞાનિક જ્ઞાનને શીખવું જરૂરી છે. સમાજકાર્ય એ અલગ-અલગ સમાજોમાં અલગ અલગ વિશેષતાઓને લઈને જોવા મળે છે. કોઈ સમુદાયમાં તેનો વિકાસ વ્યવસાયિક સ્વરૂપે થયેલો છે, તો કોઈ સમુદાયમાં માનવતા, કરુણા, પ્રેમ વગેરેને આધારે આર્થિક દાન સ્વરૂપે વિકસિત થયેલ છે.

હેલન ક્લાર્ક પોતાના પુસ્તક "પ્રિન્સીપાલ એન્ડ પ્રેક્ટિસ ઓફ સોશ્યલ વર્ક"માં સમાજકાર્યને ત્રણ યુગના આધાર પર વર્ગીકૃત કરીને તેના વિશે સ્પષ્ટતા કરી છે.

**(1)** **પ્રાચીન કાળ :** શ્રીમતિ ક્લાર્કના મત અનુસાર સમાજકાર્યનું મૂળ માનવ સમાજની ઉત્પત્તિ સાથે પ્રાચીનકાળથી જ અસ્તિત્વ ધરાવે છે. તે સમયે આજના સમાજકાર્યના સ્વરૂપ કરતાં ભિન્ન સ્વરૂપનું સમાજકાર્ય હતું. પ્રાચીન કાળમાં નિર્બળ, નિર્ધન, અપંગ, રોગી, અનાથ, વૃદ્ધ તથા નિરાધાર વ્યક્તિઓની સહાયતા તથા સહાનુભૂતિની ભાવનાથી પ્રેરિત આર્થિક યોગદાન કે વસ્તુદાન દ્વારા લોકો તેમની સહાય કરવાનો પ્રયત્ન કરતા હતા.

**(2)** **મધ્યકાળ :** અઢારમી સદીમાં માનવતાવાદી દ્રષ્ટિકોણનો ઉદ્દ્ભવ થયો. આ યુગમાં સમાજસેવાની પ્રેરણા ધર્મ કે દયાની ભાવનાનું ફળ નહિ પરંતુ માનવતાવાદ આધારિત જોવા મળતું. માનવીએ મનો સમાજ આર્થિક તેમજ શારીરિક મુશ્કેલીઓથી પીડિત વ્યક્તિઓની સહાયતા કરવી એ બાબતને પોતાની નૈતિક ફરજ માનવાની શરૂ કરી. પોતાની કુશળતા અને પોતાની ક્ષમતા અનુસાર લોકકલ્યાણ માટે ભાગીદાર બન્યો.

**(3)** **આધુનિક કાળ :** આ સમયમાં દયા, ધર્મ તેમજ માનવતા માટે વ્યક્તિ જે રીતે

સમાજસેવાનું કાર્ય કરતી તેને બદલે સંપૂર્ણ પણે સમાજકાર્ય એ વ્યવસાયિક સ્વરૂપે વિકસ્યું છે. આ સમયમાં સમાજકાર્યની વિશિષ્ટ પ્રયુક્તિઓ તેમજ સિદ્ધાંતોનો વિકાસ થયો. સમસ્યાઓથી પીડિત વ્યક્તિઓની સહાયતા વ્યક્તિઓ સ્વયં પોતાની જાતે કરી શકે તે હેતુથી સમાજકાર્યનું સ્વરૂપ રચાયું.

રેડરસન (1945) જણાવે છે કે, સમાજકાર્ય એક વ્યવસાયિક સેવા છે જેનો ઉદ્દેશ્ય જન સમુદાયની વ્યક્તિના સ્વરૂપે અથવા તો સમૂહમાં એ પ્રકારે સહાય કરવાનું શરૂ કર્યું કે, જે સામુદાયિક અપેક્ષાઓ અને ક્ષમતાઓના સંદર્ભમાં સંતોષકારક સબંધ તેમજ યોગ્ય જીવન પ્રાપ્ત કરી શકે, હેલન ક્લાર્ક સમાજકાર્યને એ સ્વરૂપે દર્શાવે છે કે, સમાજકાર્ય વ્યવસાયિક સેવાનું સ્વરૂપ છે જે વૈજ્ઞાનિક જ્ઞાન તથા કુશળતાના આધારે છે તે એક રીતે સમાજની આવશ્યક્તાઓની પરિપૂર્તિ માટે વ્યક્તિની મદદ કરવાનું કાર્ય કરે છે.

## 13.4 ભારતમાં સમાજકાર્યનો ઈતિહાસ :

મજૂમદાર, મહેતા, ગોરે, રાજારામ શાસ્ત્રી વગેરે અનેક વિદ્વાનોએ ભારતમાં સમાજકાર્યના ઈતિહાસના વિકાસનું વર્ણન કરવાનો પ્રયત્ન કર્યો છે. ઓગણીસમી સદીમાં વિશેષ સ્વરૂપે રાજા રામમોહન રાયના સમયમાં ભારતીય સાહિત્યમાં સમાજ સુધારા તથા ત્યારબાદ સમાજકાર્યનો સ્પષ્ટ ઉલ્લેખ જોઈ શકાય છે. એ સિવાય મુસ્લિમ તથા મરાડાઓના સમયમાં રચિત સાહિત્યમાં પણ સમાજ કલ્યાણ સબંધિત કાર્યોનો ઉલ્લેખ જોવા મળે છે. અલગ અલગ પ્રાચીન ગ્રંથોનો અભ્યાસ કરવાથી પણ જે તે સમયની સમાજ વ્યવસ્થામાં સમાજ કલ્યાણ સબંધિત કાર્યોની સ્પષ્ટ વાતો આપણે જોઈ શકીએ છીએ. એટલે જ કહી શકાય કે, ભારતીય સમાજમાં સમાજકાર્યના મૂળ અતિ પ્રાચીન સમયથી તાદશ્ય છે.

ભારતમાં સમાજ કલ્યાણના વિકાસનું વર્ણન વિવિધ શ્રેણીઓમાં વહેંચીને સમજાવવાનો પ્રયત્ન થયો છે, તે નીચે મુજબ જોવા મળે છે.

(1) સમુદાયિક જીવનનો સમયગાળો

(2) દાનનો સમયગાળો

(3) ધાર્મિક સુધારણાનો સમયગાળો

(4) વ્યવસાયિક તાલીમ અને સંસ્થાગત સમયગાળો

**(1) સમુદાયિક જીવનનો સમયગાળો :** આપણી અતિ પ્રાચીન સંસ્કૃતિ સિંધુખીણની સંસ્કૃતિના સમયથી પ્રાપ્ત અવશેષો પરથી માલૂમ થાય છે કે, એ સમયમાં પણ લોક કલ્યાણની પ્રવૃત્તિના ભાગરૂપે સમાજકાર્ય અસ્તિત્ત્વમાં હતું. આ સમયમાં ઉત્તમ નગરીનું નિર્માણ અને શહેરીકરણ સર્વોચ્ચ રીતે જોવા મળતું. પરંતુ તે અવશેષોથી પ્રાપ્ત માહિતી મુજબ તે સમયે પણ દાસપ્રથા જેવી પ્રથાઓ અસ્તિત્વમાં હતી. અને સમાજમાં નિમ્ન જીવન જીવતા આ દાસોની જરૂરિયાતો પૂર્ણ કરવા અને તેમના કલ્યાણ અર્થે વ્યવસ્થા આયોજિત હતી. વૈદિક કાળમાં ત્રણ પ્રકારના સમાજ કાર્યો જોવા મળે છે. આ કાર્ય શાસન, સુરક્ષા તેમજ વ્યાપાર સાથે સબંધિત છે. એ કાળમાં આ કાર્યને સંપન્ન કરવા માટે ત્રણ વર્ગો અસ્તિત્ત્વ ધરાવતા હતા. આ યુગમાં યજ્ઞ, હવન અને ધનનો ઉલ્લેખ છે. સમાજના

પ્રત્યેક સભ્યો ઉથ્પાદન પ્રક્રિયામાં ભાગ લેતા હતા. સામૂહિક શ્રમથી ઉત્પાદિત મૂલ્ય બધા જ સભ્યોમાં વહેંચવામાં આવતું હતું.

યજ્ઞ એ જીવન અને ઉત્પત્તિ માટે સામુદાયિક ક્રિયાઓ સાથે સંકળાયેલ હતા. હવન દ્વારા સામૂહિક પ્રયત્નોના પરિણામ સ્વરૂપે થનાર લાભ વ્યક્તિગત રીતે વહેંચવામાં આવતા. યુદ્ધમાંથી પ્રાપ્ત વસ્તુઓને પ્રસંગોપાત સમુદાયમાં દાન સ્વરૂપે વહેંચવામાં આળતી. ઉપરોક્ત વ્યવસ્થામાં સમુદાયના પ્રત્યેક વ્યક્તિની અન્ય વ્યક્તિ માટે જવાબદારીનો નિર્દેશ જોવા મળે છે. યુદ્ધ કાળમાં પણ લોકોના કલ્યાણ અર્થે ભગવાન બુદ્ધે રસ્તાઓનું નિર્માણ કર્યું, બંધ બનાવ્યા, પુલોનું નિર્માણ કરાવ્યું, તળાવો ખોદાવ્યા અને સમાજ કુરિવાજોનો વિરોધ કર્યો.

(2) **દાનનો સમયગાળો :** પ્રાચીન સમયમાં ધર્મ એ સમાજકાર્ય માટે પ્રેરણારૂપ માધ્યમ બન્યું હતું. ધર્મની પ્રેરણાથી અનેક પ્રકારના લોક-કલ્યાણના કાર્યો કરવામાં આવ્યા. જન સમુદાયની આવશ્યક્તાઓ મુજબ રસ્તાઓ બનાવવા, જળ સંચયના સ્ત્રોત વધારવા, શૈક્ષણિક સંસ્થાઓનું નિર્માણ કરવું, આરોગ્યની સુવિધાઓ વધારવી વગેરે જેવા કાર્યો ધર્મ દ્વારા પ્રેરિત જોવા મળે છે. ધનિક લોકોએ પોતાની સંપત્તિ ધર્મસ્થાનોને સતકર્મો માટે દાનમાં આપી ધર્મસ્થાનોને સંસ્થાનું સ્વરૂપ બનાવવામાં આવ્યું. જે સંસ્થાઓ લોક કલ્યાણના કાર્યક્રમોનું આયોજન કરવા ભાગી. મુસ્લિમો ભારતમાં આવ્યા પછી તેમના દ્વારા ઈસ્લામિક સિદ્ધાંતો મુજબ ‘‘જકાત અને ખેરાત’’ની સ્વીકૃતિ અપાઈ. ભારતીય મુસ્લિમો પોતાની આવકનો 25 ટકા ભાગ ગરીબો અને જરૂરિયાતમંદોને આપવા લાગ્યા અને આ રીતે સ્વૈચ્છિક રૂપથી નિરાધારોને ખેરાતના સ્વરૂપમાં ભિક્ષા પ્રદાન કરવામાં આવતી.

મુસ્લિમ શાસકોએ અનેક પ્રકારના સમાજ સેવાના કાર્યો દ્વારા જન સમુદાયની જરૂરિયાતોની પરિપૂર્તિ માટેના કાર્યો કર્યા. સમાજમાં રોગીઓ માટે આરોગ્યની સુવિધાઓ, વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સંસ્થાઓના નિર્માણ વગેરે જેવા કાર્યો દ્વારા લોક કલ્યાણના કાર્યો કર્યા. અકબરના શાસન દરમ્યાન ધર્મ-નિરપેક્ષતા માટે દિન-એ-ઈલાહી ધર્મની સ્થાપના કરવામાં આવી અકબરે સતીપ્રથાને પણ નાબૂદ કરવાનો આદેશ આપ્યો. તેણે દ્વિપક્ષી પર પ્રતિબંધ અને લગ્નની ઉંમર વધારવાના આદેશ આપ્યા.

(3) **ધાર્મિક સુધારણાનો સમયગાળો :** ઈસ્લામ કાળ પછીના અને અંગ્રેજ શાસનકાળ દરમ્યાન ભારતમાં ધાર્મિક સુધારણાના પ્રયત્નો દ્વારા સમાજકાર્યકરો દ્વારા સમાજસેવાના કાર્યો થયા. ઈ.સ.1780માં બંગાળમાં સંરામપુર મિશનની સ્થાપના કરવામાં આવી. અને ધાર્મિક પ્રચારકો દ્વારા ભારતીય જન સમુદાયમાં કુરિવાજોનો વિરોધ કરવામાં આવ્યો. જેમાં ખાસ કરીને બાળ વિવાહ બાલિકા હત્યા, સતીપ્રથા, વિધવા વિવાહ સબંધિત કુરિવાજોમાં સુધારા લાવવાના પ્રયત્નો થયા. રાજા રામમોહન રાય દ્વારા જાતીય ભેદભાવો તેમજ સતીપ્રથાને દૂર કરવાની હિમાયત કરી. એક ધાર્મિક પ્રચારક, શિક્ષણશાસ્ત્રી અને સમાજકાર્યકર તરીકે તેમણે ભારતીય સમાજ વ્યવસ્થામાં પરિવર્તન લાવવામાં અગત્યની ભૂમિકા ભજવી. બ્રાંહ્મી સમાજ દ્વારા દુષ્કાળ પીડિત લોકોના કલ્યાણ માટે, સ્ત્રી શિક્ષણ માટે, વિધવાઓની સ્થિતિ સુધારણા માટે વગેરે માટે અનેક પ્રયત્નો કર્યા. આ સમયમાં તેમના અનુયાયીઓ દ્વારિકાનાથ ટાગોર, દેવેન્દ્રનાથ ટાગોર, કેશવચંદ્ર સેન વગેરેએ આ પ્રવૃત્તિને આગળ ધપાવી.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, ન્યાયાધીશ રાનડે, શશીવદા બેનર્જી સ્વામી દયાનંદ સરસ્વતી, શ્રીમતિ એની બેસન્ટ વગેરે જેવા ઘણા સુધારકો અને પુનરૂત્થાનવાદીઓએ ધર્મ સુધારણાની પ્રવૃત્તિઓમાં આ પ્રકારના સમાજ કુરિવાજોનો વિરોધ અને શિક્ષણના ઉત્થાન તેમજ તાર્કિક આધારોને લઈને સમાજમાં જાગૃતિના અનેક કાર્યો કર્યા. અંગ્રેજ શાસનકાળ દરમ્યાન સ્વતંત્રતા આંદોલનની સાથે સાથે બૌદ્ધિક વિચારકોએ ધર્મ સુધારણા અને ધર્મ નિરપેક્ષતાના કાર્યો દ્વારા સમાજસેવાના કાર્યો કર્યા.

**(4) વ્યવસાયિક તાલીમ અને સંસ્થાગત સમયગાળો :** ભારતમાં વ્યવસાયિક સમાજકાર્યની તાલીમ સંદર્ભે વર્ષ 1936માં સમાજ કલ્યાણના વિભિન્ન ક્ષેત્રોમાં સમાજકાર્યકરોને તૈયાર કરી શકાય તે માટે જરૂરી સમજ અને કુશળતા પ્રાપ્ત કરી શકે તેને લઈને ટાટા ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ અમેરિકી-મરાઠા મિશનના ડૉ.ફિલફર્ડ મેન્સહર્ટની સલાહથી અમેરિકાના સમાજકાર્યની શિક્ષણ સંસ્થાઓ પ્રેરિત સર દોરાબજી ટાટા ગ્રેજ્યુએટ સ્કૂલ ઓફ સોશ્યલ વર્કની સ્થાપના કરી. 1947 સુધી આ સંસ્થા દેશની એકમાત્ર એવી સંસ્થા હતી જે સમાજકાર્યની તાલીમ આપની સંસ્થા હતી. 1947માં સ્વતંત્રતા મળ્યા બાદ કાશી વિદ્યાપીઠ, વણારસી તેમજ કોલેજ ઓફ સોશ્યલ સર્વિસ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદની સ્થાપના થઈ. ત્યારબાદ 1948માં દિલ્હી સ્કૂલ ઓફ સોશ્યલ વર્ક, 1949માં સમાજકાર્ય વિભાગ લખનઉ વિશ્વ વિદ્યાલય અને 1951માં યોજનાબદ્ધ વિકાસ શરૂ થયો.

ભારત સરકાર દ્વારા સ્વૈચ્છિક સંગઠનોના પ્રયત્નોને પ્રોત્સાહિત કરવા તેમજ સુદ્ધ બનાવવા કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડની સ્થાપના કરવામાં આવી. આવા અનેક પ્રયત્નો દ્વારા સ્વૈચ્છિક સંગઠનો અને સરકારના વિભાગ દ્વારા સમાજકાર્ય માટેની અનેક સવલત થઈ. વર્તમાન સમયમાં આવી અનેક સરકારી, બિન-સરકારી સંસ્થાઓ વગેરે તાલીમ આપીને સમાજકાર્યકરો તૈયાર કરવામાં આવે છે. આવી સંસ્થાઓ વ્યવસાયિક સમાજકાર્યકરોની સંસ્થામાં આજે અનેકગણો વધારો જોવા મળે છે. અનેક સ્થાનિક સ્તરીય વ્યવસાયિક સંગઠનોનો પણ વિકાસ થયો છે.

## 13.5 તમારી જાતે ચકાસો :

### 13.5.1 વૈકલ્પિક પ્રશ્નો :

**1.** “પ્રોફેટરી” શબ્દ કઈ ભાષામાં જોવા મળે છે ?

A. ગ્રીક B. જર્મન

C. લેટિન D. પ્રાકૃત

**2.** પ્રિન્સીપલ એન્ડ પ્રેક્ટિસ ઓફ સોશ્યલ વર્ક પુસ્તક કોનું છે ?

A. હેલન ક્લાર્ક B. સ્ટ્રુપ

C. ફ્રિડલેંડર D. રેડરસન

**3.** સંરામપુર મિશનની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી ?

A. 1896 B. 1780

C. 1790 D. 1750

**4.** બ્રહ્મો સમાજની સ્થાપના કોણે કરી હતી ?

A. રાજા રામમોહન રાય B. દયાનંદ સરસ્વતી

C. એની બેસન્ટ D. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

**5.** દિલ્હી સ્કૂલ ઓફ સોશ્યલ વર્કની સ્થાપના કયા વર્ષે થઈ હતી ?

A. 1950 B. 1949

C. 1947 D. 1948

**6.** કોની સલાહથી સર દોરાબજી ટાટા ગ્રેજ્યુએટ સ્કૂલ ઓફ સોશ્યલ વર્કની સ્થાપના કરવામાં આવી હતી ?

A. વિલિયમ ગાર્ડનર B. ડૉ.ફિલફર્ડ

C. હેલન ક્લાર્ક D. વિટમર

### 13.5.2 ટૂંકમાં ઉત્તર આપો :

1. સમાજકાર્યની વિશેષતાઓ જણાવો.
2. નેશનલ એસોસીયેશન ઓફ સોશ્યલ વર્ક દ્વારા અપાયેલ સમાજકાર્યની વિભાવના જણાવો.
3. ભારતમાં સમાજ કલ્યાણના વિકાસના વર્ણનની શ્રેણીઓ પૈકી ધાર્મિક સુધારણાનો સમયગાળો વર્ણવો.

## 13.6 સારાંશ :

સારા અને ઉત્તમ સમાજના નિર્માણ માટે સમાજના બધા જ વર્ગો પૂર્ણ રીતે તેમની આવશ્યક્તાઓ પ્રાપ્ત કરી શકે તે માટે સમાજકાર્ય જરૂરી છે. સમાજકાર્ય વર્તમાન સમયમાં પરંપરાગત ધોરણોને બદલે વ્યાવસાયિક ધોરણે થાય તે આવશ્યક છે કેમ કે, વ્યાવસાયિક સમાજકાર્યનાં વિજ્ઞાન આધારિત વિચારસરણી વૈજ્ઞાનિક સિદ્ધાંતો વગેરેનો આધાર લેવામાં આવે છે. તાલીમ પામતા સમાજકાર્યકરો માટે આ પ્રકારના જ્ઞાનની સમજ હોવી આવશ્યક છે. સમાજકાર્યકર સમાજકાર્યના ઈતિહાસથી લઈને વર્તમાન સમય સુધીના સમાજકાર્યના સ્વરૂપને પૂર્ણ રીતે સમજે તે આવશ્યક છે.

## 13.7 ચાવીરૂપ શબ્દો :

- **વિભાવના :** કોઈપણ વિષયવસ્તુ સમજવા માટે રજૂ કરેલી તાર્કિક ખ્યાલ
- **વ્યવસાય :** કોઈપણ કાર્ય કર્યા બદલ મૂલ્ય મેળવવું.
- **સમુદાય :** વ્યક્તિઓની બનેલી પ્રાદેશિક સમૂહ
- **સમાજ :** નિશ્ચિત વિસ્તારમાં રહેતા ઐક્ય ધરાવતા છતાં એકબીજાથી અલગ માનતા લોકોનો સમુહ.

## 13.8 બહુવિકલ્પીય પ્રશ્નોના ઉત્તર :

1. C. લેટિન
2. A. હેલન ક્લાર્ક
3. B. 1780
4. A. રાજા રામમોહન રાય
5. D. 1948
6. B. ડૉ.ફિલફર્ડ

## 13.9 સ્વાધ્યાય :

**1.** સમાજકાર્યનો અર્થ સમજાવો.

**2.** વ્યવસાયિક સમાજકાર્યની ઉદ્ભવ-વિકાસ જણાવો.

**4.** સમાજકાર્યનું ક્ષેત્ર જણાવો.

## 13.10 સંદર્ભ :

**1.** પટેલ આનંદી (જુલાઈ-2009), ''વ્યવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો''. અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ.

**2.** ચાવડા ગીતા (સપ્ટેમ્બર-2010), ''વ્યવસાયિક સમાજકાર્ય''. લોકપ્રકાશન, રતનપુર - બનાસકાંઠા.

**3.** अग्रवाल दिलीप (2011), "समाजकार्य एवं जनकल्याण" प्रिज्म बुक्स (इण्डिया), जयपुर.

*****************

# એકમ-14
# વ્યવસાયિક સમાજના મૂળતત્ત્વો તરીકે સમાજકાર્યની પદ્ધતિઓ અને કાર્યો

રૂપરેખા :-


14.0 ઉદ્દેશ્યો

14.1 પ્રસ્તાવના

14.2 સમાજકાર્યની પદ્ધતિઓ

14.3 સમાજકાર્યના કાર્યો

14.4 તમારી જાતે ચકાસો

14.4.1 બહુવિકલ્પીય પ્રશ્નો

14.4.2 ટૂંકમાં ઉત્તર આપો.

14.5 સારાંશ

14.6 ચાવીરૂપ શબ્દો

14.7 બહુવિકલ્પી પ્રશ્નોના ઉત્તર

14.8 સ્વાધ્યાય

14.9 સંદર્ભ


## 14.0 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે...

- ➢ સમાજકાર્યની કાર્યપદ્ધતિઓ વિશેની સમજ મેળવશો.
- ➢ સમાજકાર્યના કાર્યો વિશેની સમજ પ્રાપ્ત કરશો.

## 14.1 પ્રસ્તાવના :

સમાજ લોકકલ્યાણના કાર્યોમાં ખાસ કરીને સમાજ સમસ્યાઓનું નિરાકરણ લાવવું, વિકાસમાં અવરોધક પરિબળોને દૂર કરીને યોગ્ય સમાજ વ્યવસ્થાનું નિર્માણ કરવું વગેરે જેવી કાર્યપદ્ધતિ નો સમાવેશ થાય છે. આ પ્રકારની કાર્યપદ્ધતિઓમાં સમસ્યાઓ, કુરિવાજ વગેરેના નિરાકરણ માટેના ઉપાયો અપનાવવામાં આવે છે. વર્તમાન સમયમાં વિશ્વના પ્રત્યેક દેશમાં લોકો દ્વારા, ધાર્મિક સંગઠનો દ્વારા, રાજ્ય દ્વારા પોતાની કાર્યક્ષમતા અનુસાર સમાજકલ્યાણના કાર્યો કરવામાં આવે છે. ભારતના બંધારણમાં પણ સમાજકલ્યાણમાં ખૂબ મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે.

પ્રાચીન કાળથી જ જ્યારથી સમાજજીવન અસ્તિત્વમાં આવ્યું ત્યારથી વિશ્વના દરેક સમાજોમાં અલગ-અલગ સમાજોની પોતાની આવશ્યકતાઓ મુજબના સમાજકાર્યો કરવામાં આવતા. પ્રત્યેક સમાજની પોતાની સમાજસેવાની કાર્યપદ્ધતિ હતી. સમાજકાર્યનો આરંભ સૌપ્રથમ

પશ્ચિમના દેશોમાં ઈંગ્લેન્ડ, અમેરિકા વગેરેનાં શરૂ થયો. ત્યારબાદ વિશ્વના તમામ દેશોમાં વ્યવસાયિક સમાજકાર્યની શરૂઆત થઈ. સમાજકાર્યની પદ્ધતિઓ ઈંગ્લેન્ડ અને અમેરિકાની સ્થાનિક સમસ્યા નિવારણ પરિસ્થિતિમાંથી ઉદ્ભવી છે. વર્તમાન સમયમાં પ્રત્યેક સમાજોમાં પોતાની પરિસ્થિતિ અનુસાર અને સમાજ સમસ્યાઓને નિવારણ માટે નવીન વિચારસરણી દ્વારા વિવિધ પદ્ધતિઓનો ઉદ્ભવ થયો છે. પ્રસ્તુત એકમમાં સમાજકાર્યની કાર્યપધ્ધતિઓ વિશેની સમજ આપવામાં આવી છે.

## 14.2 સમાજકાર્યની પદ્ધતિઓ :

સમાજકાર્યની પદ્ધતિઓ નિમ્ન લિખિત નોંધ અનુસાર જોવા મળે છે. નિમ્ન લિખિત મુદ્દાઓ અનુસાર કુલ સાત પ્રકારની કાર્યપદ્ધતિઓની વિસ્તૃત નોંધ અહીં કરવામાં આવી છે.

### 1 વૈયક્તિક સમાજકાર્યની કાર્યપદ્ધતિ :

સમાજમાં દરેક વ્યક્તિની આર્થિક, સમાજ ભૌતિક પરિસ્થિતિ પ્રત્યેની પ્રતિક્રિયા સમાન હોતી નથી. સમાજ જીવનમાં દરેક વ્યક્તિની અલગ-અલગ સમસ્યાઓ જોવા મળે છે. એટલે જ સમાજકાર્યની વ્યક્તિગત સમસ્યાઓ માટે વૈયક્તિક સેવાનું આયોજન કરવામાં આવે છે. વૈયક્તિક સમાજકાર્યનો અર્થ જણાવતાં, ગાર્ડન હેમિલ્ટન જણાવે છે કે, વૈયક્તિક સમાજકાર્ય એ સમાજકાર્ય એક ઉદાહરણ છે અને તે સમાજકાર્યનું ક્ષેત્ર પણ છે. તે એક પ્રક્રિયાઓથી સમ્મિલિત છે કે જેના દ્વારા વ્યક્તિનો વિકાસ કાર્યેમાં તેના અને તેનામાં સમ્મિલિત થાય છે. તેની વિશિષ્ટ અવસ્થા મુજબ સમાજ વાતાવરણનો ઉપયોગ વિવિધ પરિસ્થિતિઓમાં થાય છે. જેમાં મહત્ત્વના છે, ગુનેગારીનું પુનર્વસન, ક્ષયરોગ અથવા અન્ય રોગોથી પિડિત દર્દીઓ, મનોરંજન અને સારવા, ભિક્ષુક, કુવારી માતા, તકરારી દમ્પત્ય, યુવા માર્ગદર્શન, માનસિક કાર્ય, સમસ્યા, સ્થળ, પ્રક્રિયા, સમાજકાર્યકર અને સેવાઓ તેમજ સમસ્યાનું નિરાકરણ વગેરે વૈયક્તિક સમાજકાર્યના મુખ્ય અંગ છે.

વૈયક્તિક સેવાકાર્ય એ પારંપરિક રીતે ચાલતી પ્રક્રિયા છે. કરુણા, પ્રેમ, દયા, લાગણીની ભાવનાથી નિરાધાર વ્યક્તિને અન્ય કોઈએ સહાય કરવી જોઈએ. આપણી પ્રાચીન પરંપરામાં આ રીતે સેવા કરવી એ સરળ ન હતું. પશ્ચિમના સમાજમાં પણ આ પ્રકારની સેવા, અનેક પ્રકારના મૂલ્યો અને સિદ્ધાંતોને આધારે ગણવામાં આવતી, તેથી ત્યાં પણ આ કાર્ય મુશ્કેલ હતું. પશ્ચિમી સમાજમાં પછીથી આ પ્રકારનું કાર્ય વ્યક્તિગત સેવાના સ્વરૂપે પ્રચલિત બન્યું.

સમાજકાર્યકર સેવાર્થીને તેની પરિસ્થિતિ જોઈ અને સમજી શકે છે અને તેનાં કુટુંબીજનો, સહકર્મીઓ, શિક્ષકો, પાડોશીઓ વગેરે સાથે જોડાયેલી માહિતી તેમની મુલાકાત લઈ કે સેવાર્થીના સંપર્ક દ્વારા મેળવી શકે છે. વૈયક્તિક સેવા અર્થે વિવિધ વિદ્વાનોએ આપેલી સમજ પરથી જોઈ શકાય છે કે તેમાં માનવદર્શન, શ્રેષ્ઠ હિત અને સર્વાંગી વિકાસની ભાવના જોવા મળે છે. તે સમાજકાર્યની એક પદ્ધતિ છે જે વૈજ્ઞાનિક રીતે અને કુશળતા પર આધારિત છે. તે સમસ્યાથી ગ્રસ્ત અને અશીલ વ્યક્તિને તેના સક્રિય સહકારથી એવી રીતે સહાય કરે છે કે વ્યક્તિ તેની મહત્તમ ક્ષમતાનો ઉપયોગ કરીને તેની સમસ્યાનો અંત લાવી શકે છે. સમાજમાં રહેતી વખતે કોઈકવાર વ્યક્તિના આંતરિક સંઘર્ષ, પર્યાવરણ સાથેનું તાદાત્મ્ય સાધનો વિના તેના સહજ જીવનમાં સબંધોને લઈને અસર પાત્ર છે. જેને લીધે તે તેના કાર્યો અને જવાબદારી માટે અસમર્થ બની જાય છે. આવી સ્થિતિમાં તે સ્વયં અથવા અન્ય વ્યક્તિ અથવા સંસ્થા પાસે જાય છે.

સંસ્થામાં સમાજકાર્યકર સેવાર્થીની શક્તિઓ અને તેની અસમર્થતાઓ ધ્યાને રાખીને તેના વ્યક્તિત્વ, સંપર્કો, આંતર સબંધો અને સમસ્યાના પરિબળો વિશેની માહિતી એકત્ર કરીને યોગ્ય નિદાન કરે છે. સમાજકાર્યકર માત્ર સમસ્યા નિવારણ જ નહિ પણ સેવાર્થી પોતાને સર્વાંગી વિકાસ કરી શકે તે માટે તેને સમર્થ બનાવે છે.

**2 જૂથ સમાજકાર્યની કાર્યપદ્ધતિ :**

સમાજકાર્યમાં માત્ર વ્યક્તિગત કાર્ય દ્વારાજ સમસ્યા નિવારી શકાય તેવું નથી. વ્યક્તિ એ સમૂહ જીવન જીવે છે. એટલે કે માનવી માટે સમૂહજીવન તેનું મૂળભૂત તત્ત્વ બને છે. જૂથના સભ્યો પારસ્પરિક આંતરસબંધો ધરાવે છે. પારસ્પરિક રીતે એકબીજા પર નિર્ભર હોય છે. તેથી સમાજકાર્યની જૂથ સમાજકાર્યની પદ્ધતિ એ અતિ મહત્ત્વની પદ્ધતિ છે. આ પદ્ધતિમાં જૂથ દ્વારા અને તેના સામ્ય તરીકે સહાય આપવાનું કાર્ય થાય છે. જૂથ સમાજકાર્ય એ એક પ્રકારની પદ્ધતિ છે અને પ્રક્રિયા છે જેના દ્વારા કાર્યકર સમાજ સેવા અને સંસ્થાઓની પદ્ધતિમાં વ્યક્તિઓ અને જૂથોને એવી રીતે મદદ કરે છે કે તેઓ અન્ય લોકો સાથે અર્થપૂર્ણ સબંધો આપી શકવા માટે સક્ષમ બને છે અને આત્મવિશ્વાસ કેળવી શકે છે. તેમજ પોતાની આવશ્યકતાઓ આ ક્ષમતાઓને અનુરૂપ તકો પ્રાપ્ત કરી શકે છે.

જૂથ સમાજકાર્યમાં વ્યક્તિ સમાજકાર્ય કરતી વખતે તેના વ્યક્તિત્વ વિકાસ, પરિવર્તન અને પ્રોત્સાહન માટે જૂથનો ઉપયોગ કરે છે. સમાજકાર્યકર જૂથમાં વ્યક્તિઓની પારસ્પરિક ક્રિયા-પ્રતિક્રિયા માટે યોગ્ય માર્ગદર્શન કરીને વ્યક્તિના વિકાસ માટે અને સમગ્ર જૂથના વિકાસ માટે કાર્ય કરે છે. સમાજ જૂથકાર્યની પદ્ધતિ દ્વારા જૂથના સભ્યો સમાજ ઉદ્દેશ્યો પૂર્ણ કરવા માટે સક્ષમ બને છે. તેના દ્વારા સામૂહિક પદ્ધતિઓ દ્વારા કાર્યકર વિવિધ બન્ને વચ્ચે પરસ્પર રચનાત્મક સબંધ વિકસાવવાનો પ્રયત્ન કરે છે. વ્યક્તિ જૂથનો એક ભાગ છે, જે રોજ બરોજની પારસ્પરિક ક્રિયા-પ્રતિક્રિયાઓ દ્વારા સમાજ પ્રાણી બને છે. તેથી માનવી વિકાસમાં જૂથનું ઘણું મહત્ત્વ છે. 1935માં નેશનલ કોન્ફરન્સ ઓફ સોશ્યલ વર્કના નવા સ્થપાયેલા વિભાગના અધ્યક્ષ શ્રી ગ્રેસ ક્વેલે સ્પષ્ટ કર્યું કે, જૂથ સેવાકાર્ય પણ સમાજકાર્ય પદ્ધતિની એક સ્વતંત્ર કાર્યપદ્ધતિ છે. 1940માં જૂથકાર્યને સમાજકાર્યની પદ્ધતિ તરીકે સંપૂર્ણ માન્યતા પ્રાપ્ત થઈ. આજે અમેરિકાની ઘણી શાળાઓમાં સમાજકાર્ય શીખવામાં આવે છે. અમેરિકન એસોસીએશન ઓફ ગ્રૃપ વર્કર્સની ત્યાં સ્થાપના કરવામાં આવી હતી. જેના દ્વારા 1950માં ''ગૃપ''નામના બિજનેસ મેગેઝિનનું પ્રકાશન શરૂ થયું હતું. ધીમે-ધીમે યુ.એસ.એ., ગ્રેટલિ, કેનેડા અને વિશ્વના ઘણા દેશોમાં તે અલગ-ઓળખ બની.

ભારતમાં પણ ધાર્મિક શિક્ષણ, સ્વતંત્રતા ચળવળ સમાજ સુધારણા, મજૂરદાન, ભૂદાન વગેરે ચળવળમાં જૂથ અભિગમનો ઉપયોગ થયેલો. 1936માં મુંબઈમાં ટાટા સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી, ત્યારે ગૃપવર્કનું શિક્ષણ પણ સમાજકાર્યના અભ્યાસના મુખ્ય ભાગ તરીકે શરૂ કરવામાં આવ્યું હતું. પછી થી દિલ્હી સ્કૂલ ઓફ સોશ્યલ વર્ક અને કાશી વિદ્યાપીઠ જેવી સંસ્થાઓની સ્થાપના બાદ આ કાર્યમાં વિશેષ પ્રગતિ થઈ. ભારતમાં એસોસીયેશન ઓફ સ્કૂલ એન્ડ સોશ્યલ વર્ક અને ટેકનિકલ કો-ઓપરેશન મિશન (યુ.એમ.એ.) દ્વારા સમાજ વિજ્ઞાનના વિકાસના પરિણામે તે સ્થાપિત થયું કે સામૂહિક જીવનના ભાગ લઈને અન્ય સભ્યો સાથે રચનાત્મક સબંધો સ્થાપી સામાન્ય જનતાના કલ્યાણને લગતી પ્રવૃત્તિઓ ભાગીદાર થવાથી તે સમૂહ અને

પોતાના હિતો વચ્ચે તાદાત્મ્ય સાધી પોતાની યોગ્ય પ્રગતી કરી શકે અને આ રીતે જૂથ કાર્યને સ્વીકૃતિ મળવા લાગી.

માનવજીવનની આવશ્યકતાઓ સમૂહ દ્વારા યોગ્ય રીતે પૂર્ણ કરી શકાય છે. સમાજ સમુદાય સેવાકાર્ય આ આવશ્યકતાઓ પરિપૂર્ણ થવા માટે મદદરૂપ બને છે. આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં ઔદ્યોગીકરણ અને શહેરીકરણને કારણે માનવ સમાજ વિકાસ તરફ દોટ મૂલ્યોી રહ્યો છે. પરંતુ સાથે-સાથે જટિલતા પણ એટલી જ વિકસી છે. જેની અસર માનવ સબંધી પર જોવા મળે છે. આજના આધુનિક જીવનમાં વ્યક્તિ યાંત્રિક બન્યો છે. પરિણામે અમાનવીયકરણ થાય છે. આ પરિસ્થિતિમાં જૂથકાર્ય પદ્ધતિ એ સમાજકાર્યો માટે આવશ્યક બને છે. સારા માનવસબંધોનું પ્રમાણ ઘટવા લાગ્યું છે. આવા સમયમાં જૂથ સમાજકાર્ય આ અમાનવીયકરણની પ્રક્રિયાને ટાળવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

વર્તમાન સમયમાં પરિવારોના કદ, સંગઠન અને કાર્યોમાં પરિવર્તન આવી રહ્યું છે તે કુટુંબમા વિસંગતથાની સ્થિતિ ઊભી કરે છે. જૂથકાર્ય કુટુંબ જેવું કાર્ય કરી શકતું નથી પરંતુ પારિવારિક જીવનના એક ભાગ તરીકે માર્ગદર્શન અને અનુભવ દ્વારા કુટુંબની પ્રગતિમાં મહત્ત્વરૂપ થઈ શકે છે. સમાજ જૂથકાર્ય સામૂહિક અનુભવ આપે છે. અને ભાવિ નાગરિકોને પોતાને અને સમાજ પ્રત્યેની સમાજ જવાબદારી સ્વીકારવાનું શીખવે છે. તે લોકોને તેમના સમયનો વધુ સારો ઉપયોગ કરવામાં મદદ કરી શકે છે. જેથી જૂથના સભ્યો તેમની ક્ષમતાઓનો કલ્યાણકારી કાર્યોમાં ઉપયોગ કરી શકે.

**3 સામુદાયિક સંગઠન અને સમાજકાર્યની કાર્યપદ્ધતિ :**

સામુદાયિક સંગઠન એ માત્ર સમાજકાર્યનું ઉપક્રમ જ નથી પરંતુ તેનું કાર્યક્ષેત્ર પણ છે. તે બન્ને અર્થમાં ઉપયોગમાં લેવાય છે. શિક્ષણનો ઉપયોગ પ્રક્રિયા અર્થમાં તેમજ કાર્યક્ષેત્રમાં થાય છે. આરોગ્ય પણ એક પ્રક્રિયા અને ક્ષેત્ર જ છે. તેમજ કાયદો પણ એક પ્રક્રિયા અને ક્ષેત્ર છે. સામુદાયિક સંગઠન એ સમાજકાર્યનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. અને એક પદ્ધતિ પણ છે. સમુદાય સંગઠન બે શબ્દોથી બનેલું છે. સમુદાય અને સંસ્થા. સમુદાયને ભૌગોલિક સીમા હોય છે અને તેની પોતાની સ્થાનિક આગવી કેટલીક લાક્ષણિકતાઓ હોય છે. સમાજકાર્યની દ્રષ્ટિએ સમુદાય એ વિસ્તાર છે. જ્યાં લોકોમાં લોકકલ્યાણ માટેનું હિત જોવા આવે છે. જ્યાં સમુદાય સંગઠનની પ્રક્રિયા ચાલી રહી હોય છે. એક નાનો સમુદાય, શહેરનો વિસ્તાર અથવા નગર, રાજ્ય, રાષ્ટ્ર બધુ જ હોઈ શકે.

સંસ્થા એ એક પ્રક્રિયા છે જ્યાં સમાજના લોકો તેમની પાયાની સમસ્યાઓ, આવશ્યકતાઓ વગેરેને સમજણ માટે તેમજ તેને ઉકેલવા માટેની જરૂરી સવલતો પૂરી પાડવાના પ્રયત્નો કરતાં હોય છે. આ સંસ્થાઓ જીવનના દરેક ક્ષેત્ર સાથે સંકળાયેલ કાર્ય માટે સમાજકાર્યકર સમુદાય સભ્યોને પ્રેરણા આપે છે. સામુદાયિક સંગઠનમાં તે વિસ્તારના એકંદર અને આનુવંશિક સમાજકલ્યાણની આવશ્યકતાઓ પૂરી કરવા માટે જે તે ભૌગોલિક વિસ્તારનો સંસાધનાત્મક સંશોધન કરી તેનો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરે છે. સામુદાયિક સંગઠનના કેટલાંક મુખ્ય તબક્કાઓ નીચે મુજબ છે.

- ➢ સમાજ કલ્યાણના કાર્યક્રમોને અવરોધરૂપ બનવા સામાજીક દૂષણો અને

અસમર્થતાઓનું નિવારણ કરવું.

- આવશ્યકતાઓ અને માધ્યમોને સ્પષ્ટ કરવા માટે સતત બદલાતી જરૂરિયાતોને પહોંચી વળવા માધ્યમોને સમ્મિલિત કરવા.
- સમુદાયનું પદ્ધતિસરનું સર્વેક્ષણ કરાવવું.
- સમુદાયની સમાજ આવશ્યકતાઓ શોધવા અને તેમની વચ્ચે પ્રાથમિકતા કોને આપવી તે નક્કી કરવું.
- આવશ્યકતાઓ પૂરી કરવા વર્તમાન સંસાધનોની શોધ કરવી.

સમુદાય સંસ્થા શબ્દના ઓછામાં ઓછા ત્રણ અર્થો છે. પહેલું તેની ઉપયોગ સમાજ કારની તે સીધી અને મૂર્ત પ્રક્રિયાઓનું પ્રતિનિધિત્વ કરવા માટે થાય છે. બીજું સમગ્ર સમુદાયના કલ્યાણ માટે વ્યવસાયિક લોકો અને સુસંસ્કૃત સભ્યો દ્વારા ઉપયોગમાં લેવાની પ્રવૃત્તિઓનો ખ્યાલ મેળવવા અંગે સમુદાય સંગઠનનો ઉપયોગ કરવા થાય છે. અને ત્રીજું સમુદાયના માળખાને સમજવા માટે વિદ્વાનો દ્વારા સમુદાય સંગઠનનો ઉપયોગ કરવામાં આવે છે.

**4 વહીવટ અને સમાજકાર્યની કાર્યપદ્ધતિ :**

વહીવટ અને સમાજકાર્ય એ સમાજકાર્યની ખૂબ જ મહત્ત્વની પ્રક્રિયા છે. જેના દ્વારા સમાજકાર્યની વ્યવસાયિક સમર્થતાઓનો ઉપયોગ કરી કેટલાંક ઉદ્દેશ્યો પૂર્ણ કરવા અને નિતિવિષયક અમલમાં તેનો ઉપયોગ ખૂબ આવશ્યક બને છે. શિક્ષણ, આરોગ્ય, કાનૂન, ઉદ્યોગ વગેરે જેવા વ્યવસાયોમાં જરૂરિયાત મંદોને યોગ્ય સેવા આપવામાં વહીવટી ભૂમિકાનું ખૂબ મહત્ત્વ છે. વ્યવસાયિક સેવાઓના સાધનોથી જ્ઞાન સાથે તેમજ આયોજન, સંગઠન, ભરતી, કામગીરી, સંકલન, આર્થિક બાબતો વગેરેના પદ્ધતિસર જ્ઞાન સાથે સંકળાયેલ છે.

સામાન્ય રીતે સમાજ કલ્યાણ વહીવટની કોઈ સર્વ સ્વીકૃત વ્યાખ્યા આપવામાં આવેલ નથી. કેટલાંક વિધાનો સમાજ કલ્યાણના વહીવટને વ્યવસ્થાના કાર્ય સાથે સબંધિત છે. એવું માને છે. કેટલાક વિદ્વાનોએ સમાજકલ્યાણ વહીવટ ને પોતાની વિચારસરણી રજૂ કરી જે વિભાવનાઓ આપી છે તે નીચે મુજબ છે.

- **આર્થર ડમહાન (1949) :-** તેઓ સમાજકલ્યાણ વહીવટી તંત્રનો અર્થ આપતા કહે છે સમાજકલ્યાણ વહીવટ એ એક પ્રકારની પ્રવૃત્તિ છે જે સમાજ સંસ્થા દ્વારા સીધી સેવાઓ પૂરી પાડવા માટે આવશ્યક છે.
- **જ્હોન સી કિડની (1950) :-** જ્હોન સી કિડની સમાજ કલ્યાણ વહીવટને સમાજ નિતિને સમાજ સેવાઓમાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા તરીકે સમજાવે છે.
- **ફ્રિડલેંડર (1955) :-** તેઓ જણાવે છે કે, સમાજ સંસ્થાઓ વહીવટ સમાજ કાનૂની જોગવાઈઓ અને ખાનગી પરોપકાર તેમજ ધાર્મિક દાનનો હેતુઓને ધપાવવા અને માનવતાની સેવાઓના લાભોમાં પરિવર્તિત કરે છે.

ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી કહી શકાય કે, સમાજકાર્યની સીધી સેવામાં સહાય કરવા અથવા આવી પ્રવૃત્તિઓને આધાર આપી કરવામાં આવતી પ્રવૃત્તિઓને સમાજકલ્યાણ વહીવટની

પ્રક્રિયા કહેવાય, સમાજ કલ્યાણ વહીવટ એ એવી પ્રક્રિયા છે જે સમાજ કાનૂન પર આધારિત નિતિ વિષયક નિર્ણયોને સમાજકલ્યાણ સેવાઓમાં રૂપાંતરિત કરે છે. સમાજ કલ્યાણ વહીવટ એક રીતે માનવ સબંધોને સંસ્થાઓના સેવા સબંધિત ઉદ્દેશ્યો મેળવવા માટે નિર્દેશિત કરવામાં આવે છે.

વર્તમાન સમયમાં સમાજ સમસ્યાઓનું સ્વરૂપ જટિલ સ્વરૂપે જોવા મળે છે. સમાજ કલ્યાણ માટેની સંસ્થાઓ સંખ્યાત્મક રીતે અને કદની રીતે વિશાળ બની રહી છે. તેથી સમાજ સંગઠનો વહીવટી રીતે મજબૂત હોવા જોઈએ. સમાજકાર્યનો હેતુ નિયમોનો અમલ કરી સમાજએ કરવાનો છે, અને તેથી વહીવટીતંત્ર પણ સમાજકાર્યનો એક ભાગ બને છે. આમ સમર્થ સમાજ કલ્યાણ સેવાઓ અને સમર્થ વહીવટ બંન્ને સિક્કાની બે બાજુઓ સમાન એકબીજાના પૂરક છે. સમાજકાર્ય વહીવટના કેટલાક સ્વીકૃત સિદ્ધાંતો છે જે સમાજકાર્ય સમાજશાસ્ત્ર અને વહીવટના નિયમો અને સિદ્ધાંતો પર આધારિત છે. સંસ્થા, સ્ટાફ, વહીવટી નેતૃત્વ, કાર્ય વ્યવસ્થા, સંકલન, લોક સંપર્ક વગેરે વહીવટના મુખ્ય ક્ષેત્રો છે. સમાજકાર્ય વહીવટને સફળ બનાવવા માટે વિજ્ઞાન આધારિત જ્ઞાન, તાલીમ પામેલા કાર્યકરો, સામૂહિક ભાગીદારી, સામૂહિક જવાબદારી અને સમયાંતરે મૂલ્યાંકનની ખૂબ જ આવશ્યકતા છે.

## 5 સંશોધન અને સમાજકાર્યની કાર્ય પદ્ધતિ :

સમાજકાર્ય એ એક એવો વ્યવસાય છે જેના દ્વારા વ્યક્તિઓ અને સમાજને સહાય, પ્રગતિ આપી શકાય તે પ્રકારના પ્રયત્નો કરવામાં આવે છે. બદલાતા સમયની સાથે સાથે આવતા પરિવર્તનથી સમાજમાં જટિલતા વધી છે. સબંધોનું સ્વરૂપ બદલાયું છે. સમાજજીવનના દરેક ક્ષેત્રમાં રહેલી અતિ જડ સમસ્યાઓ અને ઉદ્‌ભવી રહેલી નવી સમાજ સમસ્યાઓ નિવારવા માટે વિશેષ પ્રયત્નોની ખૂબ જરૂર છે. સમાજકાર્યને એક વ્યવસાય તરીકે ઓળખવાનો અપૂરતો સમય અને તે અંગેની માન્યતા હજી અધૂરી છે. આ પ્રકારના દાવા પરિબળો છે જે વધુ સમાજકાર્ય સંશોધનના જરૂરિયાત પર ભાર મૂલ્યો છે.

સમાજકાર્ય સબંધિત સંશોધન એ સમાજકાર્ય હકારાત્મક પદ્ધતિ છે. આ પ્રકારના સંશોધનનો અર્થ એ સમસ્યાને પદ્ધતિસરનો અભ્યાસ છે જે તેની સારી બાબતો અને અયોગ્ય બાબતોનો બારીકાઈથી અભ્યાસ કરે છે. આ પ્રકારના અભ્યાસ જે તે વિષયવસ્તુને અનુલક્ષીને નવી માહિતી પ્રાપ્ત થાય છે. એક એવી પ્રક્રિયા છે. જેના દ્વારા સમાજકાર્યના ક્ષેત્રમાં ઉદ્‌ભવતી સમસ્યાઓ આ સમસ્યાઓથી ગ્રસ્ત પીડિત લોકો અને આ સમસ્યાઓ નિવારી શકાય તે અંગેની પદ્ધતિઓ વિશેની માહિતી પ્રાપ્ત કરવા માટે સંશોધન ખૂબ જ અસરકારક અને ઉપયોગી બને છે. સંશોધન વિના સમાજકાર્ય સફળ થઈ શકતું નથી. કારણ કે, સંશોધનથી સમુદાયની જરૂરિયાતો પૂર્ણ રીતે સમજી શકાય છે.

સમાજ સેવાઓ અને સંશોધન એકબીજાના પૂરક બને છે. કારણ કે, સંશોધનો આયોજનને ઘડવામાં આધારભૂત બને છે અને આયોજનની વધુ અસરકારતા અને અર્થપૂર્ણ ક્રિયા સંશોધનોથી જ શક્ય બને છે. સંશોધનકાર્યના ઘણા તબક્કા છે. સંશોધન વિષય એને સમસ્યાની પસંદગી ઉપકલ્પના, સંશોધનનું આયોજન, ઉપકલ્પનાનું પરિક્ષણ, તથ્યોનો સંગ્રહ, વિશ્લેષણ, એકત્રિત

તથ્યોનું અર્થઘટન અને અહેવાલના સ્વરૂપમાં વિશ્લેષણ, સમજૂતી અને તારણ વગેરે આ તબક્કામાં સમાવેશ થાય છે.

સંશોધન અંગે વિવિધ વિદ્વાનો દ્વારા સમજૂતી આ તેને વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. આવી કેટલીક વ્યાખ્યાઓ નીચે મુજબ જોવા મળે છે.

- **ફ્રિડલેંડર (1957) :-** સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્ય સંસ્થાના કાર્યની અધિકૃતથા અને સમાજકાર્ય જ્ઞાન, કુશળતા, ખ્યાલો અને સિદ્ધાંતોની તપાસ, સામાન્યીક અને વિસ્તરણ માટેની પદ્ધતિઓની એક જટિલ તપાસ અને વૈજ્ઞાનિક પરીક્ષણ છે.
- **નેશનલ એસોસીયેશન ઓફ સોશ્યલ વર્ક (1957) :-** સમાજ સંશોધનમાં એવા પ્રશ્નોનો સમાવેશ થાય છે જે સમાજકાર્ય કામગીરી દરમ્યાન અથવા તે સમાજકાર્ય સેવાઓના આયોજન અથવા વહીવટ દરમ્યાન ઉદ્ભવે છે. જે સંશોધન દ્વારા ઉકેલી શકાય તેમ છે.
- **રિયલ (1980) :-** સમાજકાર્ય સંશોધન વ્યવહારિક સમસ્યાઓથી શરૂ થાય છે, જેની હેતુ એવા જ્ઞાનને વિકસાવવાનો જેનો ઉપયોગ સમાજકાર્યક્રમોના આયોજન અને અમલીકરણમાં થઈ શકે.

ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી સમજી શકાય છે કે, સમાજકાર્ય વ્યવસાય દ્વારા તેની કામગીરી દરમ્યાન ઉપયોગ લેવામાં આવતી પદ્ધતિઓની અસરકારકતા વધારવા માટે સમાજકાર્ય સંશોધનની ધારણાઓને અનુમાનિત જ્ઞાન કહેવાય છે. પછી તેને માન્ય જ્ઞાનમાં પરિવર્તન કરવાનો પ્રયત્ન થાય છે. સમાજકાર્યમાં સંશોધનમાં જે વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે તેમાં નીચેની પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

- સેવાર્થીને સમાજકાર્ય સંશોધન દ્વારા પરોક્ષ રીતે સહાય કરવામાં આવે છે.
- સંશોધન હેઠળ વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.
- સેવાર્થીને વધુ સેવા પૂરી પાડવા માટે નવીન પદ્ધતિઓ સોંપવામાં આવે છે.
- સંશોધન પ્રક્રિયા દ્વારા સમાજકાર્યકર વધુ જ્ઞાન, પદ્ધતિઓ કુશળતા પ્રાપ્ત કરે છે.
- નવીન વિચારસરણી વિકસે છે.
- સમાજ ઘટનાઓ, સમાજ સમસ્યાઓ વગેરેના કારણો શોધવામાં આવે છે.
- કારણો શોધ્યા પછી સમસ્યાઓના ઉકેલ માટેના ઉપાયો સૂચવવામાં આવે છે.

## 6 સમાજ ક્રિયા અને સમાજકાર્યની કાર્યપદ્ધતિ :

વ્યક્તિ અમુક વ્યક્તિ અથવા વ્યક્તિઓ દ્વારા પ્રેરાઈને અન્ય વ્યક્તિઓ સાથે પ્રભાવિત થઈને કોઈપણ કાર્ય કરે છે. ત્યારે થતી પ્રક્રિયા એ સમાજ ક્રિયા છે. સમાજશાસ્ત્રી મેક્સ વેબરે સમાજ ક્રિયાને તાર્કિક, મૂલ્યાંકનકારી, ભાવનાઓ અને પરંપરાગત એમ ચાર ભાગમાં વહેંચી

છે. અમેરિકન સમાજશાસ્ત્રી ટાલ્કોટ પાર્સન્સ પેરેટો, મેક્સ વેબર અને ડર્કહામના વિચારોને સમ્મિલિત કરી સમાજ ક્રિયાનો સિદ્ધાંત વર્ણવ્યો છે. તેઓ વંશ અને પર્યાવરણ, અર્થ અને ઉદ્દેશ્યો શાશ્વત મૂલ્યો તેમજ ઉત્સાહ અને પ્રયત્નોને સમાજકાર્યના મુખ્ય ઘટકો તરીકે જુએ છે. કોઈપણ સમાજકાર્યમાં અભિનેતા, પરિસ્થિતિ અને પ્રેરણા આવશ્યક પાયાના તત્વો છે. પાર્સન્સના મત અનુસાર સમાજકાર્ય માટે વ્યક્તિ, સંસ્કૃતિ અને સમાજ વ્યવસ્થા જરૂરી છે.

- **જ્હોન ફિંચે (1940) :-** જ્હોન ફિચ સમાજ ક્રિયાનો અર્થ જણાવે છે કે સમાજ ક્રિયા એ જૂથ દ્વારા કરવામાં આવતી ક્રિયા છે જે કાયદાકીય દ્રષ્ટિથી માન્યતા ધરાવે અને કાયદાકીય તેમજ સમાજ દષ્ટિથી ઈચ્છિત હેતુ પૂર્ણ કરવા માટે થતી ક્રિયા છે.
- **પ્રોફેસર પ્રે કેર્નથે :-** સમાજ ક્રિયાની વ્યાખ્યા આપતા પ્રો. કેર્નથે જણાવે છે કે, સમાજ ક્રિયા એ તે મૂળભૂત સમાજ પરિસ્થિતિઓ અને નીતિઓને સીધી રીતે પ્રભાવિત કરવાનો એક વ્યવસ્થિત અને સમાન પ્રયત્ન છે.
- **વિટમર :-** વિટમર કહે છે કે, સમાજ ક્રિયા એ સંગઠિત અને કાયદેસર રીતે માન્ય પ્રવૃત્તિઓ છે જેનું માળખું સમાજ દ્વારા ઈચ્છિત ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે રચાયેલ છે.

ઉપરોક્ત વ્યાખ્યાઓ દ્વારા સમાજ ક્રિયા સમજીએ તો સમાજ ક્રિયામાં નીચે મુજબના મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.

- સમાજ ક્રિયામાં શક્ય તેટલું અહિંસક રીતે કાર્ય કરવામાં આવે છે.
- સમાજ ક્રિયા એ સમાજકાર્યનો એક ભાગ છે.
- સમાજ ક્રિયા ન્યાયના સિદ્ધાંતો પર આધારિત છે.
- સમાજ ક્રિયામાં કોઈપણ એક વ્યક્તિ દ્વારા પણ કાર્ય કરી શકાય છે.
- સમાજ ક્રિયામાં સમાજ સંસ્તાઓ, સંજોગો અને સમાજ વ્યવસ્તામાં આવશ્યકતા મુજબ પરિવર્તન આવે છે.
- સમાજ ક્રિયાનું ક્ષેત્ર ખૂબ વ્યાપક છે.

## 7 સંસ્થા અને સમાજકાર્યની કાર્યપદ્ધતિ :

સામાન્ય રીતે સંસ્થા શબ્દનો અર્થ એટલે કે, એવી સંસ્થા તરીકે થાય છે જેનું કોઈ ચોક્કસ સ્વરૂપ હોય છે. દા.ત. શાળા, હોસ્પિટલ વગેરે... સમાજ વિજ્ઞાનમાં સંસ્થા શબ્દનો એક વિશેષ અર્થ જોવા મળે છે. માણસ સમાજજીવન જીવે છે. તેની અનેક જરૂરિયાતો હોય છે અને જરૂરિયાતો પૂરી કરવા માટે માનવી અલગ અલગ માધ્યમોનો ઉપયોગ કરે છે. ચોક્કસ પદ્ધતિ અને ચોક્કસ માધ્યમ દ્વારા આવશ્યકતા પૂર્ણ કરવી ખૂબ યોગ્ય છે. સમાજના મોટા ભાગના લોકો આવા ચોક્કસ અભિગમો અને પદ્ધતિઓને અનુસરે છે. ધીમે-ધીમે આવા અભિગમો અને પદ્ધતિઓનો સ્વીકાર માનવી માટે સાહજિક બની જાય છે. અને જો વ્યક્તિ તેનો સ્વીકાર ન કરે તો સમાજ તેનો વિરોધ કરે છે. સમાજમાં નિર્ધારિત નિયમોથી નહી કામ કરવું અયોગ્ય ગણાય છે. ભક્તિએ સમાજ દ્વારા નિર્મિત ચોક્કસ પ્રણાલિમાં કામ કરવું પડે છે. અને નિયમોનું પાલન કરવું પડે છે. સમાજની આવી સામાન્ય રીતે સ્વીકૃતિ પાછળ પદ્ધતિઓ એ સંસ્થા તરીકે ઓળખાય છે.

### 8 સંસ્થાની લાક્ષણિકતાઓ :

- દરેક સંસ્થાને ચોક્કસ ઉદ્દેશ્યો હોય છે. દરેક સંસ્થાનું પ્રતીક હોય છે. આ પ્રતીકો મૂર્ત અને અમૂર્ત એમ બંન્ને રીતે જોવા મળે છે. દા.ત. કોઈ રાજ્યનું કોઈ ચોક્કસ પ્રતીક હોય, કોઈ સંસ્થાના લેટરપેડ પર તેની કોઈ ઓળખ દર્શાવતું ચિહ્ન હોય વગેરે...
- દરેક સંસ્થામાં સ્પષ્ટ લિખિત અથવા મૌખિક પરંપરાઓ હોય છે. જે હેઠળ સંસ્થાના ચોક્કસ ઉદ્દેશ્યો અને વર્તન નક્કી કરતાં ધોરણો હોય છે.
- દરેક સંસ્થાનું ચોક્કસ માળખાકીય રચનાતંત્ર હોય છે.
- મૂળભૂત આવશ્યકતાઓને પરિપૂર્ણ કરવા માટે સંસ્થાનું નિર્માણ કરવામાં આવે છે.
- તમામ માનવીઓના વર્તનના સંપૂર્ણ સ્વરૂપ અને ચિત્રના આધારે સંસ્થાઓનું નિર્માણ થાય છે. તે એક વ્યક્તિના વર્તન પર આધારિત નથી. જ્યાં સુધી સંસ્થાના કાર્યોને સ્વીકારવામાં ના આવે ત્યાં સુધી સંસ્થાનું અસ્તિત્વ હોતું નથી.
- સંસ્થાઓ સ્થિર છે. વ્યક્તિની વર્તણૂંક અને માન્યતાઓ સંસ્થાનું સ્વરૂપ ધારણ કરી શકતી નથી. અમુક સમય માટે તેને સામાન્ય નિયમ તરીકે સ્વીકારાય છે.

## 14.3 સમાજકાર્યના કાર્યો :

સમાજ એ પરિવર્તનશીલ છે. બદલાતા સમયની સાથે-સાથે યંત્ર વિજ્ઞાન અને ટેકનોલૉજીનો જેમ-જેમ વિકાસ થાય છે તેમ-તેમ માનવસર્જિત હસ્તક્ષેપથી સમાજજીવન સાથે જોડાયેલાં તમામ ક્ષેત્રોમાં વિપરિત પરિસ્થિતિનું નિર્માણ થતાં અનેકવિધ સમસ્યાઓનો ઉદ્ભવ થયો છે. સમસ્યાને નિવારવા માટે તેનો ઉકેલ લાવવા માટે સમાજ વિજ્ઞાનો સૈદ્ધાંતિક દ્રષ્ટિકોણથી વૈજ્ઞાનિક જ્ઞાનનો ઉપયોગ કરવામાં અગ્રેસર બન્યાં છે. નવી ઉદ્ભવેલી સમાજ સમસ્યાઓ નિવારવા માટે સમસ્યાઓને સમજી તેને નિવારવાની પદ્ધતિઓ પણ વિકસી છે. સમાજકાર્યકર દ્વારા કરવામાં આવતા આવાં કાર્યો નીચેના મુદ્દાઓથી સમજી શકાય છે.

(1) **નિદાનાત્મક કાર્યો :-** નિદાન એ સમસ્યાને ઉપચારાત્મક રીતે તેની ઓળખ કરી તેનો અંત લાવવાનો નિર્દેશ કરે છે. પરંતુ સમાજકાર્યમાં નિદાન એટલે જે તે સમસ્યાને પૂર્ણ રીતે જડમૂળથી સમજી તેને નિવારવાનો પ્રયત્ન કરવામાં આવે છે. કોઈપણ નિરાધાર વ્યક્તિને આશ્રય આપવો, તેની આવશ્યકતાઓ પૂર્ણ કરવા ચોક્કસ આયોજન કરવું પડે છે. કોઈપણ પીડિત વ્યક્તિ વાસ્તવમાં તેના સમાજ વાતાવરણમાં ઉદ્ભવતી ક્ષતિયુક્ત પરિસ્થિતિને લીધે સમસ્યાગ્રસ્ત બને છે. સમાજકાર્યકર સમસ્યાગ્રસ્ત વ્યક્તિની વૈયક્તિત બાબતો અને સમાજ વાતાવરણ દ્વારા ઊભી થતી ક્ષતિઓમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરે છે. નિદાનાત્મક કાર્યોમાં પહેલાના સમયની પદ્ધતિઓ કરતાં પરિવર્તન આવ્યું છે. વર્તમાન સમયમાં સેવાર્થીને વૈજ્ઞાનિક આધાર સાથે સેવાની સહાય પૂરી પાડવામાં આવે છે.

(2) **વિકાસ (પ્રગતિ)નું કાર્ય :-** વિકાસનો અર્થ પરિવર્તન સાથે સબંધિત છે. સમાજ વિકાસ એ એક એવી પ્રક્રિયા છે જે ઉર્દ્વગતિ તરફ જવાનો નિર્દેશ કરે છે. સારા અને અપેક્ષિત પરિણામના હેતુસર મક્કમ નિર્ધારથી વિકાસની પ્રક્રિયાને પૂર્ણ કરી શકાય છે. સમાજ વિકાસનો હેતુ માનવકલ્યાણનો છે. માનવકલ્યાણના આ ઉદ્દેશ્યો પરિપૂર્ણ કરવા માટે તેના માટે હકીકતલક્ષી, વાસ્તવિકતાવાળું જ્ઞાન વગેરેની આવશ્યકતા છે. આવી માનવકલ્યાણલક્ષી વિચારધારાની અસર હેઠળ થતાં સમાજ પરિવર્તનને સમાજ વિકાસ કહેવાય.

વૈયક્તિક રીતે વિચાર કરીએ તો, વ્યક્તિ ઉચ્ચ ગુણવત્તાયુક્ત જીવન જીવી શકે તે માટે તેનું કૌશલ્ય વિકસે તેને વિકાસ કહેવાય. વિકાસ એ સમાજ જીવનના દરેક પાસાઓ સાતે સંકળાયેલું છે. ઉચ્ચ ગુણવત્તાયુક્ત જીવન એટલે માત્ર આર્થિક કે ભૌતિક સવલતોમાં વધારો કરવો ત્યાં પુરતું સિમિત નથી, પરંતુ વ્યક્તિ આર્થિક, ભૌતિક સક્ષમતાની સાથે-સાથે તેના જીવનના દરેક પાસાઓમાં સમૃદ્ધિ કેળવે તે સાથે છે.

વર્તમાન સમયમાં ભારતમાં લોકશાહી છે. લોકશાહી દ્વારા રાષ્ટ્રનો પ્રત્યેક નાગરિક એક સમાન અધિકારો ભોગવી સમાન દરજ્જો પ્રાપ્ત કરી પોતાની પ્રગતિ કરી શકે એ પ્રકારની વ્યવસ્થા તેમાં જોવા મળે છે. સમાજકાર્યકરે સમાજ પ્રત્યેક નાગરિક અસમાનતાના આચરણથી વિમુખ થાય અને એકસમાનર્જજો પ્રાપ્ત કરી શકે તે રીતે તેને સમર્થ બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સમાજકાર્યકરે વિકાસ માટે આયોજિત વિવિધ કાર્યક્રમોનું બારીકાઈથી મૂલ્યાંકન કરવું જોઈએ. આવશ્યકતાવાળા નિરાશ્રિત લોકો જે વિકાસ ઝંખી રહ્યા છે તે હકીકતમાં કેટલા જરૂરિયાતવાળા છે તેને સમજવું જોઈએ. અમર્ત્યસેન કહે છે તે મુજબ વિકાસ એ સ્વતંત્રતાનો પર્યાય છે. વિકાસ એટલે એવી અસ્વતંત્રતાઓની નાબૂદી જે લોકો પાસે અલ્પ પસંદગીઓ કે અલ્પ તકો કહેવા દે છે માનવવિકાસ માટે પણ આ ખ્યાલ ખૂબ જ જરૂરી છે. સમાજકાર્યકરે આ ખ્યાલને આધારે વિકાસનું કાર્ય કરવું જોઈએ.

(3) **પુનઃ વસનનું કાર્ય :-** પુનઃવસન અથવા તો પુનઃસ્થાપન એટલે કે, વ્યક્તિ જ્યારે આપત્તિગ્રસ્ત હોય, કોઈ સમસ્યાથી ગ્રસ્ત હોય ત્યારે તેની પ્રાથમિક જરૂરિયાતોથી પણ વંચિત બને છે. આવી વ્યક્તિઓને તેની આવશ્યકતા અનુસાર તેને નવીન જીવન આપવાનું કાર્ય એટલે પુનઃવસનનું કાર્ય આપત્તિઓના સ્વરૂપ મુજબ પુનઃવસનની આવશ્યકતાઓ પણ જુદી જુદી હોય છે. પુનઃવસન માટે દુષ્કાળના સમયે રાહત કાર્યો શરૂ કરવા પડે છે. દુષ્કાળ પછીના સમયમાં લોકોને આર્થિક રક્ષણ મળી રહે તે માટે રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવી પડે છે. નવેસરથી ખેતી કરી શકે તે માટે ખેડૂતોને તે માટે જરૂરી ભૌતિક સાધનો, બિયારણો વગેરે ખરીદવા જરૂરી આર્થિક મદદ કરવી પડે છે. દુષ્કાળ પછીના સમયમાં લોકોને આર્થિક રક્ષણ મળી રહે તે માટે રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવી પડે છે. વિષાણુજન્ય રોગનો રોગચાળા પછી લોકો ભવિષ્યમાં ભોગ ન બને તે માટે જરૂરી આરોગ્ય વિષયક જાગૃતિ અંગેના કાર્યક્રમો યોજવા પડે છે.

થોડાંક સમય પૂર્વે જ આપણે ત્યાં તાઉતે જેવું વાવાઝોડું અને કોરોના જેવી વૈશ્વિક બિમારીનો ભોગ બન્યા છીએ. આ પ્રકારની આપત્તિઓ માટે જરૂરી પગલાં લઈ સમસ્યાગ્રસ્ત વ્યક્તિઓનું જીવન પુનઃ ફરીથી જીવવા યોગ્ય બને તે માટેના પ્રયત્નો કરવા પડે છે.

સમાજકાર્યકર આવી આપત્તિનો ભોગ બનેલ વ્યક્તિઓ અને જન સમુદાય માટે કાર્ય કરે છે. આવા પિડિત લોકો ભૌતિક અને સમાજ રીતે સક્ષમ બને અને તેઓ પુનઃ યોગ્ય જીવન જીવવા માટે સમર્થ બને તે કાર્ય સમાજકાર્યકરે કરવાનું હોય છે. આપત્તિઓ પછીનું પુનઃવસન એક પડકારરૂપ કાર્ય છે. પરંતુ યોગ્ય આયોજન દ્વારા સફળતાથી પૂર્ણ કરી શકાય છે. સમાજકાર્યનું મુખ્ય હાર્દ જ વ્યક્તિ, સમૂહ સ્વયં સક્ષમતા કેળવે તે મુજબની છે. પુનઃવસનના કાર્યમાં પણ સમાજકાર્ય કરવા નિર્દેશ અનુસાર સમુદાય સ્વયં આ કાર્ય કરે તે આવશ્યક છે.

**(4) સમાજ પુનઃરચનાનું કાર્ય :-** સમાજ પુનઃરચના એટલે કે કોઈ એવી સંકલ્પના જેમાં સારા મૂલ્યો, તાર્કિક વિચાર સરણી, આદર્શો સમ્મિલિત સમાજનો આધાર લઈ રચનાત્મક કાર્યો સ્થાપિત કરવા. સારા સમાજની સંકલ્પના માટે પ્રથમ સારા અને આદર્શ મૂલ્યો કોને કહેવાય એ અંગેની સાચી સમજ સમાજકાર્યકરે મેળવવી પડે છે. સમાજકાર્ય એ વિજ્ઞાનનો આધાર લઈને વિકસતું ક્ષેત્ર છે. તેથી વિજ્ઞાનમાં હકીકતલક્ષી, વાસ્તવિકતાવાળું સાચું જ્ઞાન જોવા મળે છે. તેના આધારે આવા જ્ઞાનનો ઉપયોગ કરીને સમાજમાં સમસ્યાઓ નિવારી એક સારા અને ઉત્તમ સમાજના નિર્માણનું કાર્ય કરી શકાય છે.

સમાજ પરિવર્તન એક સાહજિક પ્રક્રિયા છે. સમાજ વ્યવસ્થામાં રચનાત્મક ફેરફારો આવશ્યક છે. ભારતીય સમાજને અનુલક્ષીને વાત કરીએ તો ભારમતાં અસ્પૃશ્યતા, ઊંચ-નીચના ભેદભાવ, આર્થિક અસમાનતા, શિક્ષણનો અભાવ, ગામડાઓનો અલ્પવિકાસ જેવી અનેક વિધ સમસ્યાઓ ગ્રસ્ત સમાજ છે. સ્વતંત્રતા સમયે ગાંધીજી અને ઘણાં બૌદ્ધિક ચિંતકોએ સમાજ સુધારણાના ગણાં પ્રયત્નો કરેલાં. ગાંધીજીએ રચનાત્મક કાર્યો દ્વારા ગ્રામોત્થાનના કાર્યો નિર્દેશિત કર્યા. 19 મી સદીમાં રાજા રામમોહનરાય, દયાનંદ સરસ્વતી, એની બેસન્ટ વગેરે પુનરુત્થાનવાદીઓ અને સમાજ સુધારકો દ્વારા ધાર્મિક સુધારણા અભિગમ દ્વારા સમાજની બદીઓ દૂર કરી નવાં મૂલ્યો વિકસિત થાય તે રીતે સમાજ રચનાનો નિર્દેશ કર્યો છે. ગાંધીજીએ પુનઃનિર્માણનો સિદ્ધાંત પણ આપ્યો છે. સમાજમાં જોવાં મળતાં દૂષમો વિરુદ્ધ કાર્ય કરી નવીન પુનઃરચના દ્વારા ઉત્તમ સમાજની રચના કરવાનું કાર્ય કરવું જોઈએ. સમાજકાર્યકરે આવા કાર્યો દ્વારા સમાજ પુનઃરચનાનું કાર્ય કરવું જોઈએ.

**(5) નિવારાત્મક કાર્ય :-** સમાજજીવનમાં ઉદ્ભવતી વિપરિત પરિસ્થિતિઓને દૂર કરી તેને નિવારવાનું કાર્ય એટલે નિવારાત્મક કાર્ય. સમાજકાર્યકરે સંશોધનાત્મક આધાર લઈને વૈજ્ઞાનિક તથ્યોનો ઉપયોગ કરીને વિશ્લેષણાત્મક સ્વરૂપે સમાજમાં વિપરિત પરિસ્થિતિનો અહેવાલ તૈયાર કરીને આ પ્રકારની વિપરિત પરિસ્થિતિ દૂર કરવાના નિવારાત્મક પગલાં લેવા જોઈએ. સમસ્યાઓ ઉદ્ભવ જે સ્થાનોથી થાય છે તે સ્થાનોને ઓળખી તેને નિવારવા માટેનો તાર્કિક આધાર રજૂ કરી આવી સમસ્યાઓનું નિવારણ લાવવું જોઈએ. સમસ્યાના ઉપાય અંગે બંન્ને ખ્યાલ દ્વારા સમાજની આવી વિપરિત પરિસ્થિતિઓને નિવારવાનું કાર્ય સમાજકાર્યકરે કરવું જોઈએ.

## 14.4 તમારી જાતે ચકાસો :

### 14.4.1 બહુવિકલ્પીય પ્રશ્નો :

**(અ) યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

1. જૂથકાર્યને કયા વર્ષમાં સમાજકાર્યની પદ્ધતિ તરીકે સંપૂર્ણ માન્યતા પ્રાપ્ત થઈ ?

   A. 1940 B. 1935 C. 1938 D. 1939

2. ગૃપ નામના બિઝનેસ મેગેઝીનની શરૂઆત કયા વર્ષમાં થઈ હતી ?

   A. 1945 B. 1950 C. 1952 D. 1955

3. મુંબઈમાં ટાટા સંસ્થાની શરૂઆત............ વર્ષમાં કરવામાં આવી હતી ?

   A. 1930 B. 1932 C. 1936 D. 1938

4. નીચેમાંથી કોણે સામાજીક ક્રિયાનો ખ્યાલ આપ્યો છે.

   A. ઓગસ્ટ કોમ્ટ B. ડાહરેન્ડોફ઼

   C. ઈમાઈળ દુર્ખાઈમ D. મેક્સ વેબર

5. પુનઃનિર્માણનો સિદ્ધાંત કોણે આપ્યો છે ?

   A. ગાંધીજી B. વિનોબા ભાવે

   C. ડૉ.આંબેડકર D. ઉપરોક્ત પૈકી.

**(બ) સાચા-ખોટા વિધાનો જણાવો.**

1. વૈયક્તિક સેવાકાર્ય એ પારંપરિક રીતે ચાલી આવતી પ્રક્રિયા છે.
2. સામુદાયિક સંગઠન સમાજકાર્યનું કાર્યક્ષેત્ર છે.
3. સંશોધન પ્રક્રિયા દ્વારા સમાજકાર્યકર નવું જ્ઞાન, પદ્ધતિ કુશળતા પ્રાપ્ત કરે છે.
4. સમાજ ક્રિયા એ સમાજકાર્યનો ભાગ નથી.
5. સંસ્થાને કોઈ પ્રતીક હોતું નથી.

### 14.4.2 ટૂંકમાં ઉત્તર આપો. :

1. જૂથ સમાજકાર્યની કાર્ય પદ્ધતિ જણાવો.
2. વહીવટ અને સમાજકાર્યની કાર્યપદ્ધતિ જણાવો.
3. સંસ્થાની ખાસિયતો જણાવો.
4. સમાજકાર્યના એક કાર્ય તરીકે સમાજ પુનઃવસન અને સમાજ પુનઃરચનાના કાર્ય વિશે નોંધ લખો.

## 14.5 સારાંશ :

સમાજકાર્ય એ વર્તમાનમાં વિજ્ઞાન પ્રસ્થાપિત સૈદ્ધાંતિક વિચારસરણી પર કાર્ય કરે છે. આ દ્વારા સમાજકાર્યને તથ્યતાવાળું, વાસ્તવિક ઉપયોગી પરિચય થતાં સમસ્યા નિવારવામાં પણ તે વધુ સહાયરૂપ નીવડે છે. સમાજકાર્યનો મૂળ હેતુ પર લાવવા માટે પદ્ધતિસરના જ્ઞાન અને કાર્ય પદ્ધતિઓના ઉપયોગથી સમસ્યા નિવારી શકાય છે. વર્તમાન સમયમાં વિશ્વના દરેક પ્રદેશોમાં આ પ્રકારની પદ્ધતિઓ દ્વારા સમસ્યા નિવારણ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

## 14.6 ચાવીરૂપ શબ્દો :

- **કાર્યપદ્ધતિ :** કામ કરવાની રીત કે પદ્ધતિ
- **સમાજ જૂથ :** આંતરસબંધો પ્રવર્તતા હોયતેવી વ્યક્તિઓનો સમુદાય

- **સમાજ કલ્યાણ :** સમાજના કોઈ વંચિત સમુદાયની સ્થિતિ પરિવર્તન કરી સુધારી લાવવા માટે પ્રયત્નો
- **નિદાન :** વિપરિત અથવા સક્ષમ સ્વરૂપને તપાસવા માટેની પ્રક્રિયા

## 14.7 બહુવિકલ્પીય પ્રશ્નોના ઉત્તર :

### (અ) યોગ્ય વિકલ્પ પસંદગી :

1. A. 1940
1. B. 1950
3. C. 1936
4. D. મેક્સ વેબર
5. A. ગાંધીજી

### (બ) સાચા-ખોટા વિધાનો :

1. સાચું
1. સાચું
3. સાચું
4. ખોટું
5. ખોટું

## 14.8 સ્વાધ્યાય :

**1.** સમાજકાર્યની પદ્ધતિઓ જણાવો.

**2.** સમાજકાર્યના કાર્યો જણાવો.

## 14.9 સંદર્ભ :

**1.** પટેલ આનંદી (જુલાઈ-2009), ''વ્યવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો''. અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ.

**2.** ચાવડા ગીતા (સપ્ટેમ્બર-2010), ''વ્યવસાયિક સમાજકાર્ય''. લોકપ્રકાશન, રતનપુર - બનાસકાંઠા.

**3.** मिश्र प्रयागदीन (2017), "सामाजिक सामूहिक कार्य", रोहिनाश्व प्रिण्टर्स, लखनउ प्रकाशक - मनीष शुक्ल.

**4.** पाण्डेय बालेश्वर (2013), "समाजकार्य (सिद्धांत एवं पद्धतियां)" रावत प्रकाशन - जयपुर.

****************

# એકમ-15
# સમાજકાર્યની આચારસંહિતા, ભૂમિકાઓ અને કુશળતાઓ, સમાજકાર્યનું ભારતીયકરણ

રૂપરેખા :-

**15.0** ઉદ્દેશ્યો

**15.1** પ્રસ્તાવના

**15.2** સમાજકાર્યનો ખ્યાલ

**15.3** સમાજકાર્યની આચારસંહિતા

**15.4** સમાજકાર્યની ભૂમિકાઓ

**15.5** સમાજકાર્યની કુશળતાઓ

**15.6** સમાજકાર્યનું ભારતીયકરણ

**15.7** સારાંશ

**15.8** તમારી પ્રગતિ ચકાસો

**15.9** સ્વાધ્યાય

**15.10** સંદર્ભ સૂચિ

## 15.0 હેતુ :

વિદ્યાર્થી મિત્રો આ એકમના અભ્યાસ બાદ તમે...

- એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ સમાજકાર્યની આચારસંહિતા સમજી શકશે.
- અભ્યાસથી વિદ્યાર્થીઓ વ્યાવસાયિક સમાજકાર્યકરની ભૂમિકાઓ સમજી શકશે.
- એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ સમાજકાર્યની કુશળતાઓ સમજી શકશે.
- વિદ્યાર્થીઓ સમાજકાર્યના કાર્યને સવિશેષ સમજી કાર્ય કરી શકશે.

## 15.1 પ્રસ્તાવના :

આચારસંહિતા મૂલ્યો અને નૈતિક સિદ્ધાંતો દર્શાવે છે કે જેના પર વ્યવસાય આધારિત છે. આચારસંહિતા દરેક સમાજમાં સમાજકાર્ય પ્રથા માટેનો પાયો પૂરો પાડે છે. કેટલાંક દેશોએ સમાજકાર્યને એક વ્યવસાય તરીકે માન્યતા આપી છે અને દેશ સબંધિત નૈતિકતા સંહિતાનો મુસદ્દો તૈયાર કર્યો છે. 1920માં યુ.એસ. માં મેરી રિચમોન્ડ દ્વારા સમાજકાર્યકરો માટે પ્રથમ નૈતિકતાની સંહિતા પ્રદાન કરવામાં આવી હતી. ત્યારબાદ 1960માં નેશનલ એસોસિએશન ઑફ સોશ્યલ વર્કસ (NASW) એ તેની આચારસંહિતા વિકસાવી. આ એકમમાં તમને સમાજકાર્યકરની આચારસંહિતા, ભૂમિકાઓ અને વિવિધ કુશળતા વિશેની વિગતવાર સમજ મળી રહેશે. જે વિદ્યાર્થી સમાજકાર્યકર માટે જાણવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

## 15.2 સમાજકાર્યનો ખ્યાલ :

આપણા સમાજમાં 'સમાજસેવા' શબ્દથી તો બધા જ પ્રચલિત છો જ પરંતુ ભારતમાં સંદર્ભમાં સમાજકાર્યનો ખ્યાલ હજી સુધી ખુબ વિસ્તૃત થયો નથી. પ્રાચીન સમયમાં વૃદ્ધો, બાળકો, અપંગો, અશક્તો, નિઃસહાયો તથા ગરીબોની જવાબદારી કુટુંબ, જ્ઞાતિ, અને ધાર્મિક સંસ્થાઓ

દ્વારા ઉઠાવવામાં આવતી હતી. પરંતુ ઐદ્યોગિકરણ અને શહેરીકરણ અને વિકાસ પ્રક્રિયાએ અનેક નવી ને જટિલ સમસ્યાઓ ઉભી કરી જેમનો ઉકેલ પ્રાચીન સામાજીક સંસ્થાઓ દ્વારા અશક્ય બન્યો. પરિમામે આ સમસ્યાઓના ઉકેલ માટે સમાજવિજ્ઞાનનાં જ્ઞાન અને વૈજ્ઞાનિક પધ્ધતિઓની જરૂરિયાત ઉભી થઈ. સમસ્યાનાં સમાધાનને એક સમાજ જવાબદારીના ભાગ તરીકે સ્વીકારવાનું શરૂ થયું અને ધીરે-ધીરે આ સાહજિકવૃત્તિએ વ્યવસાયનું રૂપ લીધું ઐદ્યોગિક ક્રાંતિથી સર્જાયેલી સમસ્યાઓના ઉકેલ માટે ઈંગ્લેન્ડમાં સમાજકાર્યની શોધ થઈ. ત્યારબાદ અમેરીકામાં તેનો વધુ વિકાસ થયો અને દુનિયામાં અનેક દેશોમાં વ્યવસાયિક સમાજકાર્યનો સ્વીકાર થયો.

❖ **સમાજકાર્યની વ્યાખ્યાઓ :**

➢ **વિટમર (Witmer Helen) 1942 :-** "સમાજકાર્યનું તાત્પર્ય સમસ્યાગ્રસ્ત વ્યક્તિને મદદ કરવાનું છે. આ મદદ યા તો સંગઠિત સમુહની સેવાઓ દ્વારા આપવામાં આવે છે. અથવા તો એને કોઈ સમૂહનાંસભ્ય બનાવી સમૂહની પ્રવૃત્તિઓમાં એને ભાગ લેતો કરી સમસ્યાનું નિવારણ કરવામાં આવે છે."

➢ **ફ્રીડલેન્ડર (Fridlander W.A.) 1955 :-** "સમાજકાર્ય એ વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવીય સબંધોની કુશળતા પર આધાર રાખતી એક વ્યાવસાયિક સેવા છે. તે વ્યક્તિ ને વ્યક્તિગત કે જૂથમાં વ્યક્તિગત અને સામાજીક સંતોષ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે સમાજકાર્ય મોટે ભાગે સામાજીક સંસ્થા કે તેને સબંધિત મંડળ દ્વારા થાય છે."

➢ **નેશનલ એસોસિયેશન ઓફ સોશ્યલ વર્ક 1973 :-** "સમાજકાર્ય એ વ્યક્તિઓ, જૂથો અથવા સમુદાયની સામાજીક ક્રિયાશીલતા સબંધી ક્ષમતામાં વૃદ્ધિ તથા સમાજ પરિસ્થિતિઓને અનુકૂળ બનાવવાના ધ્યેયમાં મદદ કરવાની વ્યાવસાયિક પ્રક્રિયા છે. સમાજકાર્ય પ્રેક્ટિસ નીચેનામાંથી એક કે વધુ ઉદ્દેશ્યોની પ્રાપ્તિ માટે સમાજકાર્યનાં મૂલ્યો સિદ્ધાંતો તથા રીતોન ઉપયોગ પર આધારીત હોય છે.

વસ્તુગત સેવાઓની પ્રાપ્તિ માટે જનસમુદાયને મદદ કરવી વ્યક્તિઓ કુટુંબો અને જૂથોને કાઉન્સેલિંગ તથા મનોસારવાર આપવી, સમુદાયો તથા સમુહોને સમાજ અને સ્વાસ્થ્ય સેવાઓ પ્રદાન કરવી અથવા તેની વૃદ્ધિમાં સહાયતા કરવી તથા સુસંગત કાનૂની પ્રક્રિયાઓમાં સહભાગી બનવું. સમાજકાર્ય પ્રેક્ટિસ માટે માનવવિકાસ અને વર્તન માટે મહત્ત્વની સમાજ, આર્થિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ વચ્ચેની આંતરક્રિયાનું જ્ઞાન હોવું જરૂરી છે."

➢ **ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ સ્કુલ્સ ઓફ સોશ્યલ વર્ક અને ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ સોશ્યલ વર્કસ દ્વારા સ્વીકૃત -2001 :-** "સમાજકાર્ય વ્યવસાય સામાજીક પરિવર્તને માનવસબંધમાં થતી સમસ્યાઓમાં ઉકેલને અને લોકોના સશક્તીકરણ, મુક્તિ તથા સુખાકારીને ઉથ્તેજન આપે છે. લોકો તેમના પર્યાવરણ સાથે આંતરક્રિયા કરે છે. ત્યાં સમાજકાર્ય માનવ વર્તણુક અને સામાજીક તંત્રના સિદ્ધાંતના ઉપયોગ દ્વારા દરમ્યાનગીરી કરે છે. માનવ અધિકાર અને સામાજીક ન્યાયના સિદ્ધાંતો સમાજકાર્ય માટે મૂળભૂત છે."

સમાજકાર્ય એ એક મદદ કરવાનો વ્યવસાય છે. તેવો ઉલ્લેખ ઉપરોક્ત વ્યાખ્યામાં થયેલો છે. સમાજકાર્યમાં મદદનું ચોક્કસ અર્થઘટન કરવામાં આવેલું છે. મદદનાં આ કાર્યમાં સૌ પ્રથમ તો એ જરૂરી છે કે સેવાર્થી બાહ્ય મદદ લેવા માટે તૈયાર હોય બીજું કાર્ય કરે તેને સ્વસુધારણાની કે સ્વસહાયની પ્રેરણા આપવાની છે. પરંતુ તેણે સેવાર્થી ઉપર કોઈ સલાહ કે ઉકેલ લાદવાનો નથી. તેને પોતાની સમસ્યામાંથી મુક્ત થવા માટે જાતે પ્રયત્ન કરવા દેવાનો છે. સ્વનિર્ણયનાં અધિકારી એ સમાજકાર્યનો પાયાનો સિદ્ધાંત છે. ત્રીજા મહત્ત્વની બાબત એ

છે કે મદદ કરનારમાં મદદ લેનાર પ્રત્યે ઉપરીપણાનો ભાવ કે મોટાઈ ભર્યું વર્તન કે દયા કે તિરસ્કારની લાગણી ના હોવી જોઈએ. કારણ કે તેણે સેવાર્થી માટે ન નહીં, સેવાર્થી સાથે કામ કરવાનું છે. સમાજકાર્યમાં વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા સાધનો એવી રીતે પૂરા પાડવામાં આવે છે. જેથી વ્યક્તિ સ્વયં સહાય કરી શકે. આમ સેવાર્થીને પુનઃ કયારેક મદદ ન લેવી પડે તે સમાજકાર્યનો હેતુ છે.

## 15.3 સમાજકાર્યની આચારસંહિતા :

સમાજકાર્યની આચારસંહિતા એટલે ''સમાજકાર્યની કામગીરી દરમિયાન સમાજકાર્ય કરે સેવાર્થીની સાથે વ્યવહારમાં આચારવાનાં નૈતિક ધારાધોરણો.'' દરેક વ્યવસાયને પોતાની આચારસંહિતા હોય છે. સમાજકાર્ય પણ એક વ્યવસાય છે. અને તેને પોતાની અલગ આચારસંહિતા છે. આચારસંહિતા એ વ્યવસાય અંગેના નૈતિક ધારાધોરણો છે. કોઈપણ વ્યવસાય માટે તેના સભ્યો દ્વારા પૂરી પડાતી સેવા માટે નૈતિક ધારાધોરણો સ્થાપવા એ આવશ્યક છે.

વ્યાવસાયિક સમાજકાર્યની આચારસંહિતાનું પાલન કરવું એ દરેક સમાજકાર્યકર માટે જરૂરી છે. વ્યાવસાયિક સમાજકાર્યની આચારસંહિતાને નીચેના પાંચ તત્ત્વો, પાસાઓ સાથે સબંધ છે. જેમ કે -

(1) સેવાર્થી સાથે સબંધ.

(2) સંસ્થા સાથે સબંધ.

(3) વ્યવસાય સાથે સબંધ.

(4) સમુદાય સાથે સબંધ.

(5) સમાજકાર્ય વ્યવસાય સાથે સબંધ.

વ્યાવસાયિક સમાજકાર્યમાં સમાજકાર્યકરે ઉપરોક્ત દરેક સાથે સબંધ આચારસંહિતા સમજવા, પાલન કરવા જાણવો આવશ્યક છે. જે સમાજકાર્યકરને વ્યક્તિ, જૂથ અને સમુદાય સાથે કાર્ય કરવામાં મદદરૂપ બને છે.

### 15.4.1 સમાજકાર્યમાં આચારસંહિતાની જરૂરિયાત :

(1) આચારસંહિતા દરેક સમાજકાર્યકરને પ્રેક્ટિસ તેમજ કાર્યનું મૂલ્યાંકન કરવા માટે સ્વીકાર્ય ધારાધોરણો પૂરા પાડે છે. વ્યવસાયના દરેક સભ્યને સંઘર્ષાત્મક પરિસ્થિતિમાં કઈ રીતે કામ કરવું તેનો નિર્ણય કરવામાં મદદરૂપ બને છે.

(2) આચારસંહિતા સમાજકાર્યકરને સેવાર્થી પ્રત્યેની જવાબદારી સ્પષ્ટ કરવામાં સહાય કરે છે. મદદ દરમિયાન સેવાર્થીએ આપેલી અને ખાનગી રાખવા જણાવેલી માહિતીને પ્રગટ નહીં કરવા સામે તે રક્ષણ આપે છે.

(3) આચારસંહિતા સમાજકાર્ય વ્યવસાયને અનિચ્છનીય સભ્યો સામે રક્ષણ પુરુ પાડે છે. વ્યવસાયના દરેક સભ્યે કાર્યનું ઉચ્ચ ધોરણ જાળવવાનું છે, તેના ઉપર તે ભાર મૂલ્યો છે.

(4) આચારસંહિતા સમાજને કંઈક એવી બાંયધરી આપે છે કે સમાજકાર્યકર જે સમાજમાં કામ કરે છે. તે સમાજમાં ધોરણો અને નૈતિક અપેક્ષાઓ પ્રત્યે સમાજકાર્યકરને આદર છે.

(5) આચારસંહિતા સમાજકાર્યકરને પોતાનું ખાનગીપણું અને પ્રામાણિકતા જાળવવામાં નિર્ભય કે નિશ્ચિત બનાવે છે. તેથી તે સારી રીતે કાર્ય કરી શકે.

દરેક વ્યાવસાયિક સંગઠનો પોતાના વ્યવસાય ટકાવવા માટે વ્યવસાયના કાર્યકર માટે ચોક્કસ અને મહત્ત્વપૂર્ણ નિયમો ધારાધોરણો અને પ્રતિબંધોનું સર્જન કરે છે. તેનું પાલન કરવું દરેક કાર્યકર માટે આવશ્યક છે. આ નિયમો ધારાધોરણો અને પ્રતિબંધો એ કાર્યકરોના વર્તન-વ્યવહાર, કાર્યો અને પ્રેક્ટિસની પ્રક્રિયામાં એકરૂપતા લાવવાનો પ્રયત્ન કરે છે.

સમાજકાર્યની આચારસંહિતા અમેરિકા અને અન્ય પાશ્ચાત્ય દેશોમાં સૌ પ્રથમ બની છે. ત્યાંના સમાજે તેને માન્યતા પણ આપી છે. ભારતમાં સમાજકાર્યની આચારસંહિતા પશ્ચિમના દેશોથી અલગ નથી. 13 ઓક્ટોબર, 1960માં 'નેશનલ એસોસિયેશન ઑફ સોશ્યલ વર્ક્સ'ના એક સંમેલનમાં ઘડવામાં આવેલી અને 11 એપ્રિલ, 1967માં સંશોધનના આધારે ફરીથી ઘડેલી આચારસંહિતાને પાશ્ચાત્ય દેશોમાં માન્યતા મળી છે. ભારતમાં પણ તે જ આચારસંહિતા છે. આ આચારસંહિતા વ્યાવસાયિક સબંધોના સ્થાપન માટે પ્રતિબંધિત કરવામાં આવે છે. સમાજકાર્ય નીચે મુજબનું નિવેદન કરે છે. -

(1) હું સેવાર્થી (વ્યક્તિ, જૂથ, સમુદાય)ની સાથે સાથે સમાજ સ્થિતિઓના વિકાસ સબંધી ક્રિયાને પોતાની પ્રાથમિક જવાબદારી સમજું છું.

(2) હું જાતિ, જ્ઞાતિ (પ્રજાતિ), ધર્મ, રંગ, વય અને રાષ્ટ્રીયતાના કારણે ભેદભાવ નહીં કરું તથા મારી કાર્યક્ષમતા દ્વારા સેવા પ્રદાન કરવા, કાર્ય નિર્ધારિત કરવા તથા આવા ભેદભાવોને ઉત્પન્ન થવા અટકાવવા પ્રયત્ન કરીશ.

(3) હું પોતાના વ્યક્તિગત સ્વાર્થ કરતાં વ્યાવસાયિક જવાબદારીને વધારે મહત્ત્વ આપીશ.

(4) હું પોતાના દ્વારા પૂરી પડાતી સેવાકાર્યની ગુણવત્તા અને વિસ્તરણ પ્રત્યે પોતાને જવાબદાર સમજીશ.

(5) હું સેવાર્થી પ્રત્યેની ગોપનીયતાનો આદાર કરીશ.

(6) હું વ્યાવસાયિક સબંધો દ્વારા સંકલિત તથ્યોનો ઉપયોગ જવાબદારીપૂર્વક કરીશ.

(7) હું સહકાર્યકરોનાં કાર્યો, વિચારધારાઓ, ઉપલબ્ધિઓનો આદર કરીશ તથા તે બાબતો અંગે નિર્ણય આપવામાં યોગ્ય પધ્ધતિ આરીતે અને સાધનોનો ઉપયોગ કરીશ.

(8) હું વ્યાવસાયિક જ્ઞાન અને કુશળતાઓ મુજબ સમાજકાર્ય પ્રેક્ટિસ કરીશ.

(9) હું મારા વિચારોને સમાજકાર્ય જ્ઞાન અને પ્રેક્ટિસમાં જોડતી વખતે પોતાની વ્યાવસાયિક જવાબદારી તરીકે તેને માન્યતા આપીશ.

(10) હું સમાજકલ્યાણ કાર્યો કરતી વ્યક્તિઓ અથવા સંગઠનો દ્વારા અનૈતિક પ્રેક્ટિસ થતી હોય ત્યાં સમુદાયની સુરક્ષામાં મદદ કરવાની પોતાની જવાબદારી સ્વીકારીશ.

(11) હું સાર્વજનિક આપત્તિઓમાં સમુચિત વ્યાવસાયિક સેવા આપવા સદાય તૈયાર રહીશ.

(12) હું જનતાની વચ્ચે, વ્યક્તિગત તથા કોઈ સંગઠનના પ્રતિનિધિના રૂપમાં કરેલા નિવેદનો અને ક્રિયાઓના સ્પષ્ટ ભેદને સમજીશ.

(13) હું તે સિધ્ધાંતને સમર્થન આપું ચું કે વ્યાવસાયિક પ્રેક્ટિસ માટે વ્યાવસાયિક શિક્ષણની આવશ્યકતા છે.

(14) હું સંસ્થાઓની તે સ્થિતિના સર્જન અને જતન માટેનાં કાર્યો કરવા પોતાને જવાબદાર સમજીશ, જે સામાજીક કાર્યકરોને આ સંહિતાને અનુરૂપ આચાર કરવા માટે યોગ્ય બનાવે છે.

(15) હું માનવકલ્યાણ સબંધી કાર્યક્રમો માટે પોતાના જ્ઞાન, કૌશલ્યથી યોગદાન આપીશ.

વ્યાવસાયિક સમાજકાર્યમાં સમાજકાર્યકરે આચારસંહિતાઓનું પાલન કરવામાં કેટલીક મુશ્કેલીઓ અનુભવે છે જે આ પ્રમાણે છે. -

(1) વ્યાવસાયિક સમાજકાર્યકર સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી - બિન સરકાર સંસ્થાઓમાં કાર્ય કરે છે. આ સંસ્થાઓના માળખાઓ જુદાં જુદાં હોય છે. આ સંસ્થાઓનાં મૂલ્યો, કાર્ય પદ્ધતિ, સિદ્ધાંતો અને આચારસંહિતાનું પાલન કરવું મુશ્કેલ બને છે.

(2) સમાજકાર્યમાં કાર્યકરે વિભિન્ન પરિસ્થિતિનો સામનો કરીને કાર્ય કરે છે. તેમજ કેટલાંક કાર્યો કરતી વખતે નૈતિક ધોરણો, મૂલ્યો સંઘર્ષમાં આવતાં જોવા મળે છે. તેથી કાર્યકરે આચારસંહિતાનું પાલન કરવું મુશ્કેલ બને છે. અથવા પાલન કરી શકતાં નથી.

ઉપરોક્ત આચારસંહિતાનું પાલન કરવું સમાજકાર્યકરો માટે આવશ્યક બાબત છે. આ આચારસંહિતા દ્વારા સમાજકાર્યકરોમાં એકરૂપતા અને વ્યાવસાયિક વ્યવહારોમાં સમાનતા ઊભી થાય છે.

## 15.4 સમાજકાર્યની ભૂમિકાઓ :

સામાન્ય રીતે કાર્યો અને ભૂમિકા વચ્ચે તફાવત દર્શાવવો મુશ્કેલ છે. છતાં બન્ને વચ્ચે ઘણો મોટો ભેદ છે. સમાજકાર્યની ભૂમિકા એટલે "વ્યક્તિના કાર્યસ્થાન કે પદને અનુરૂપ તેની પાસેથી કાર્યની પરિપૂર્ણતાની રખાતી અપેક્ષા." વ્યાવસાયિક સમાજકાર્યમાં સમાજકાર્યકર પાસે લોકોની સમસ્યાઓનું નિવારણ અથવા સ્થિતિમાં સુધાર કે પરિવર્તન કરવાની અપેક્ષા રખાય છે. એ સમાજકાર્યની ભૂમિકા છે. જ્યારે સમાજકાર્યમાં કાર્ય એ સમાજકાર્યકરે પોતાની ભૂમિકા પરિપૂર્ણ કરવા માટે જે કંઈ વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હોય તેનું વર્ણન કરવા વપરાય છે. સમાજકાર્યકરની ભૂમિકા નીચે મુજબ છે. -

જીવનકાળ દરમ્યાન વ્યક્તિ ઘણા બધા સ્થાનો મેળવે છે. શરૂઆતમાં કુટુંબ, જાતિ અને જ્ઞાતિ કે વર્ગમાં સામાન્ય સ્થાનો મેળવે છે. આવા સ્થાનો ભવિષ્યમાં અમુક પરિસ્થિતિમાં તેના આગળના સ્થાનો નક્કી કરે છે. જીવનમાં વ્યક્તિ જેમ જેમ આગળ વધે છે. તેમ તેમ કેટલાક ચોક્કસ સ્થાનો પ્રાપ્ત કરે છે. અમુક સ્થાન મેળવનાર વ્યક્તિ માટે સમાજ ઔપચારિક હક્ક અને ફરજ નક્કી કરે છે. વ્યક્તિની વર્તણૂંકનો આધાર પરિસ્થિતિ અને તેના દરજ્જા પર રહેલો હોય છે. નિયમો ચોક્કસ પરિસ્થિતિને લગતા હોય છે. સમાજકાર્યકરે પણ પોતાની ભૂમિકા ભજવવા માટે વ્યાવસાયિક તાલીમ લેવી પડે છે.

### 15.5.1 પરામર્શકની ભૂમિકા (Consultant) :

સલાહ-મસલત એટલે એવી વ્યાવસાયિક પ્રવૃત્તિ જેના દ્વારા સમાજકાર્યકર અને સેવાર્થી પરિવર્તનની પ્રક્રિયામાં જોડાય છે. આમાં મુખ્ય ત્રણ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. સેવાર્થીની જરૂરીયાતના મુદ્દા સ્પષ્ટ કરવા, તેના અભિપ્રાયો શોધવા અને વ્યવહાર માટેનું આયોજન કરવું. આ કાર્યો પુરા કરવા સેવાર્થીને સક્ષમ કરવો પડે, તેને આગળ વધવા માટે સરળતા કરી આપવી પડે અને તેને સબંધિત કેટલાક મુદ્દાઓ વિષે સંશોધન કરી પ્રવૃત્તિઓનું આયોજન પણ કરવું પડે છે.

સમાજકાર્ય પ્રેક્ટિસ દરમિયાન સમાજકાર્યકર જ્યારે પરામર્શની ભૂમિકા ભજવે છે. ત્યારે તે સેવાર્થીની સમસ્યાનું નિવારણ કે સ્થિતિમાં પરિવર્તન લાવવા માટે તેની સાથે મળીને આયોજન અને વિચાર વિનિમય કરે છે. પરામર્શની પ્રક્રિયામાં વ્યક્તિગત, કૌટુંબિક, સંસ્થાગત અને સમાજ સમસ્યાના નિવારણ માટે પરામર્શક અને સેવાર્થી વચ્ચે

વિચાર-વિનિમય થાય છે. પરામર્શકને એ વિશ્વાસ હોય છે કે સેવાર્થી તેની સમસ્યાના નિવારણના સંદર્ભમાં આવશ્યક સાધનો ધરાવે છે. પરામર્શક તરીકેની ભૂમિકામાં સમાજકાર્યકરે વિવિધ ભૂમિકા જેવી કે શિક્ષણ, તજજ્ઞ, મધ્યસ્થી કે સહકાર્યકર તરીકેની ભૂમિકા ભજવવાની હોય છે. પરામર્શક તરીકે સમાજકાર્યકરનું મુખ્ય ધ્યેય સેવાર્થીના વર્તનમાં પરિવર્તન લાવવું, સંબંધોમાં સુધારણા કરવી, વ્યક્તિગત અસરકારકતામાં સુધારણા, નિર્ણય લેવાની પ્રક્રિયાને પ્રોત્સાહિત કરવી અને સમસ્યા નિરાકરણનું છે.

પરામર્શનની પ્રક્રિયા એ પરામર્શક અને જરૂરિયાતમંદ સેવાર્થી વચ્ચેનો સ્વૈચ્છિક સબંધ છે. જેમાં પરામર્શક સેવાર્થીને કોઈ વર્તમાન કે સંભવિત સમસ્યાને નિવારવામાં સહાયરૂપ થવાનો પ્રયત્ન કરે છે. આમ, પરામર્શનની પ્રક્રિયામા સેવાર્થીને સમસ્યાનું નિદાન કરવામાં અને તેનો ઉકેલ લાવવામાં મદદ કરવામાં આવે છે. દા.ત.HIV/AIDS ગ્રસ્ત વ્યક્તિ. આ સમસ્યાગ્રસ્ત વ્યક્તિ જ્યારે સેવાર્થી તરીકે સમાજકાર્યકર પાસે જાય છે. ત્યારે કાર્યકર સેવાર્થીની સમસ્યાને સમજવા માટે પરામર્શનની પ્રક્રિયા દ્વારા મદદ કરવાનો પ્રયત્ન કરે છે. કાર્યકર સેવાર્થીની સમસ્યા ઓળખે છે, નિદાન કરે છે. અંતમાં સમસ્યાના ઉકેલ માટે અથવા અટકાવવા માટે સમાજકાર્યકરે સેવાર્થીની સમસ્યાનું નિદાન અને ઉકેલ માટે પરામર્શન કરવું આવશ્યક છે. આવા પ્રશ્નો કે સ્થિતિમાં સમાજકાર્યકરે પરામર્શક તરીકે ભૂમિકા ભજવવાની છે.

### 15.5.2 સઘન સંપર્ક કર્તાની ભૂમિકા (Outreach Worker) :

સઘન સંપર્ક કર્તાની ભૂમિકામાં સમાજકાર્યકર સમાજની સમસ્યાઓ કે પરિસ્થિતિઓ અંગે લોકજાગૃતિ ઊભી કરીને અટકાયાત્મક કાર્યો કરવાની આ ભૂમકા ભજવે છે. સમાજમાં વિભિન્નતા ધરાવતાં લોકોને સમાજ સમસ્યાઓ જેવી કે અન્યાય, શોષણ, દૂષણોના પ્રભાવ અંગે તથા ઉપલબ્ધ સમાજ સેવાઓ અંગેની માહિતી પૂરી પાડે છે. સઘન સંપર્ક કર્તા સમાજના લોકોને સરકારી અને ખાનગી સેવાઓ વિશેની જાણકારી આપે છે. અને આ સેવાઓ કેવી રીતે મેળવવી ? તે વિશેની માહિતી પૂરી પાડે છે. બૃહદ સ્તરે સમુદાય અને સમાજની સમસ્યાને ઊભી થતી અટકાવવા માટે આ ભૂમિકા મહત્ત્વની છે. દા.ત. ગરીબી, બેરોજગારી, આપઘાત, અપરાધ, બાળમૃત્યુ, રોગચાળાનું નિયંત્રણ, કૌટુંબિક સમસ્યાઓ વગેરે. આ સમસ્યાઓમાં અટકાયતી કાર્યો માટેના ઉપાયો પૂરાં પાડવાના છે. જેના માટે સંચાર માધ્યમોનો ઉપયોગ, માહિતી કેન્દ્રો સ્થાપવા, જાહેર મિટીંગો, પત્રિકાઓ વહેંચણી, પોસ્ટરો લગાવવાં વગેરે જેવાં કાર્યક્રમો દ્વારા લોકજાગૃતિ લાવવાનું કાર્ય સઘન સંપર્કકર્તા તરીકે સમાજકાર્યકરે કરવાનું છે.

### 15.5.3 તાલીમકારની ભૂમિકા (Trainer) :

વ્યાવસાયિક સમાજકાર્યકર જ્યારે ઔપચારિક જૂથો કે મહિલા મંડળો, જ્ઞાતિ મંડળો, વિદ્યાર્થી મંડળો, યુવક મંડળો, વ્યાવસાયિક જૂથો, કર્મચારી મંડળો, મજૂર મંડળો વગેરે જૂથો સાથે કામગીરી કરે ત્યારે કેટલીકવાર તજજ્ઞ, તાલીમકાર તરીકેની પણ ભૂમિકા ભજવે છે. વિવિધ મેળાવડાઓ, બેઠકો કે લોકમંચમાં તજજ્ઞ તરીકે કામ કરે છે. કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ કે સંગઠનો સમાજકાર્યકરને પોતાના કર્મચારી તાલીમ આપવાનું પણ આમંત્રણ આપે છે. તાલીમકાર જે કોઈ મુદ્દો સંવેદનશીલ વિષય ઉપર લોકો, જૂતના વ્યક્તિઓ કે સંસ્થાના કર્મચારીને અસરકારક તાલીમ આપે છે, ત્યારે તાલીમકાર સતત તાલીમાર્થીઓનું નિરીક્ષણ કરે છે કે, તાલીમાર્થીઓ કેવી રીતે શીખી રહ્યા છે ? અને કેટલું શીખ્યા છે ? તાલીમકાર તાલીમાર્થીઓના વિકાસ માટે વ્યૂહરચના ઘડવાનું કાર્ય કરે છે. જૂથો કે સંસ્થાની જરૂરિયાતોની કાળજીપૂર્વકની ચકાસણી, ધ્યેય વિશેની સ્પષ્ટ સમજ, વિષયવસ્તુ વિશેનું સંશોધન આધારિત જ્ઞાન, ક્ષમતા વિકાસ અને મૂલ્યાંકનની પ્રક્રિયા વિકસાવે છે. દા.ત. સ્વસહાય જૂથની મહિલાઓ કે સ્વૈચ્છિક સંસ્થાના કર્મચારીઓને તાલીમ દ્વારા તાલીમકાર વલણ પરિવર્તન, ક્ષમતાવર્ધન, વ્યક્તિત્વ વિકાસ, જ્ઞાનવર્ધન,

ધ્યેય સ્પષ્ટતા વગેરે પાસાઓમાં ચોક્કસ રીતે સમજાવવા કામ કરે છે.

### 15.5.4 સમર્થકર્તાની ભૂમિકા (Enabler) :

સમર્થકર્તાની ભૂમિકામાં સમાજકાર્યકર પરિવર્તનના એજન્ટ તરીકે કાર્ય કરે છે. સમર્થકની ભૂમિકામાં સમાજકાર્યકરનો ઉદ્દેશ "લોકોને તેમની યોગ્યતાને વિસ્તારવામાં અને તેમની સમસ્યા નિવારણ અને સમસ્યાનો સામનો કરવાની ક્ષમતામાં વધારો કરવામાં સહાયરૂપ બનાવવાનો છે." સમર્થક તરીકે સમાજકાર્યકરે સેવાર્થીની જરૂરિયાતોને સ્પષ્ટપણે કહેવામાં, સેવાર્થીની સમસ્યાઓ ઓળખવામાં, સ્પષ્ટ રીતે સમજવામાં, સમસ્યા નિવારણની વ્યૂહરચનાને ઘડવામાં અને સમસ્યાના નિવારણ માટે અસરકારક રીતે હાથ ધરવામાં સહાયરૂપ બને છે. સેવાર્થી પોતાનામાં રહેલી ક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરે અને સમસ્યાના નિવારણ માટે શું પરિવર્તન કરવાનું છે ? અને તે પરિવર્તનની સંભાવના કેટલી છે ? તે દિશામાં પ્રયત્નશીલ બને તે માટેની ક્ષમતાઓમાં વધારો કરવાનું કામ સમર્થકર્તા કરે છે. સમર્થકર્તા સેવાર્થીની વર્તણૂંક, સબંધો, પર્યાવરણ, ક્ષમતા વિકાસ, વિકલ્પોની પસંદગી કરવામં સહાયરૂપ બને છે. તેમજ સમર્થકર્તા સેવાર્થીને સાધનો અને સત્તાની સમાન વહેંચણી થાય તે દિશામાં કાર્ય કરે છે. દા.ત. વિકલાંગ વ્યક્તિ, વિધવા સ્ત્રી, અનાથ બાળક વગેરે પોતાનું જીવનધોરણ ચલાવવામાં અસમર્થતા અને નિઃસહાયતા અનુભવે છે, ત્યારે સમાજકાર્યકર આવા સેવાર્થીને સમર્થ બનાવવા માટે પ્રયત્ન કરે છે. સેવાર્થીને નિઃસહાય કે અસમર્થતાની સ્થિતિમાંથી બહાર લાવવા માટે સમાજકાર્ય તેને શારીરિક-માનસિક હિંમત આપે છે. સેવાર્થીની સમસ્યાને સમજીને પ્રોત્સાહન અને પ્રેરણા પૂરી પાડીને સમાજકાર્યકર સેવાર્થીને સમર્થ બનાવે છે.

### 15.5.5 મધ્યસ્થી તરીકેની ભૂમિકા (Mediator) :

સમાજકાર્યકર જે જૂથો અને સંગઠન માટે કાર્ય કરે છે. તેઓની સામાન્ય સમસ્યાઓની ઓળખ માટે ધ્યેયો નિશ્ચિત કરવા, શક્ય સમાધાનની ચર્ચા કરવા, સંસાધનોને ગતિશીલ કરવા અને કાર્ય આયોજનનું મૂલ્યાંકન કરવા અનેકને મળે છે. આ સમયે તે મધ્યસ્થીની ભૂમનિકા કરે છે. તે પોતાના સેવાર્થી જૂથો અને સંગઠનના મધ્યસ્થી તરીકે કાર્ય કરે છે.

મધ્યસ્થી તરીકેની ભૂમિકામાં સમાજકાર્યકર પક્ષકારો વચ્ચેની સમસ્યામાં દરમિયાનગીરી કરે છે. જેમાં સમાજકાર્યકર સમસ્યાનાં મૂળને સમજવા તટસ્થપણે પ્રયાસ કરે છે. ત્યાર બાદ સમાધાન કરવામાં, મતભેદોમાં સમજૂતી કરવામાં કે પરસ્પર સંમતિથી સંતોષકારક ઉકેલ લાવવામાં સહાય કરે છે. દાયત. પતિ-પત્નીના ઝઘડો અને છૂટાછેડા, સંપતિ બાબતે ભાઈ-ભાઈઓ વચ્ચેના ઝઘડાઓ, પડોશી વચ્ચેના ઝઘડાઓ, માલિક-મજૂરો વચ્ચે મતભેદો, કબજા બાબતના ઝઘડાઓ વગેરેમાં સમાજકાર્યકર મધ્યસ્થી તરીકે તટસ્થ રહીને ઝઘડાનું નિરાકરણ લાવવામાં મદદરૂપ બને છે. તે બંને પક્ષકારોને તટસ્થ રીતે સાંભળે છે, સ્થિતિને સમજવાનો પ્રયત્ન કરે છે. અને સમસ્યાનાં નિવારણની પ્રક્રિયા વિચારીને મદદરૂપ બને છે. સમાજકાર્યકર કેટલીક વખત સેવાર્થીને સેવા પૂરી પાડતી એજન્સી કે સંસ્થાઓ વચ્ચે સાધનોનું સંકલન કરવાનું કામ કરે છે. તેમજ સેવાર્થી અને એજન્સી વચ્ચે અંતર સમજે છે. અને નિવારણની દિશામાં સહાયરૂપ બને છે.

### 15.5.6 શિક્ષક તરીકેની ભૂમિકા (Educator) :

સૂક્ષ્મ સ્તરે સમાજકાર્યકર શિક્ષકની ભૂમિકા નિભાવવી પડે છે. સેવાર્થી પાસે જે માહિતી છે તેના આધારને વધારી સમાજકાર્યકર શિક્ષણ દ્વારા વ્યક્તિઓ, કુટુંબો અને નાના જૂથોને સક્ષમ કરે છે. સોફી ફ્રેડ સૂચવે છે કે પોતાના જીવન કાર્યો, ભૂમિકાની યોગ્ય ભજવણી અને પોતાના જીવન પર કાબૂ જેવી બાબતોમાં અસરકારક પ્રભુત્ત્વ મેળવવા તરફ શિક્ષણ ઝડપથી પ્રગતિ ધરાવે છે. માહિતી સજ્જ સેવાર્થી માહિતી આધારિત નિર્ણયો

લઈ શક્તિશાળી સ્થિતિમાં આવે છે. આવી માહિતી કાર્યકર સેવાર્થીની આયોજિત કોન્ફરન્સના માધ્યમથી આપી શકાય.

વ્યાવસાયિક સમાજકાર્યમાં સેવાર્થી અને સમાજકાર્યકર વચ્ચે સતત માહિતી અને વિચારોનું આદાન પ્રદાન થાય છે. આ એક શૈક્ષણિક પ્રક્રિયા છે. જેમાં સેવાર્થી અને સમાજકાર્યકર શીખવા શીખવાની પ્રક્રિયામાં સામેલ થાય છે. પાઉલો ફેરી (1990) કહે છે કે ''શિક્ષણનાં સાધન તરીકે સંવાદ સૌથી અસરકારક ઉપકરણ છે.'' સામાન્ય રીતે દરેક વ્યક્તિમાં સ્વદોરવણીની સંભાવના હોય છે, નવુ શીખવાની ઈચ્છા હોય છે તેમજ તે અનુભવને આધારે ઘણું શીખ્યા હોય છે. એટલે કે સેવાર્થી પણ તેના અમલ દ્વારા પોતાની સ્થિતમાં સુધારો કરી શકે છે. શિક્ષક તરીકે સમાજકાર્યકરે પોતાનાં કાર્યનાં વ્યાપક ક્ષેત્રોમાં વિવિધ સ્તરે શીખવવું, તાલીમ આપવી, સઘન સંપર્ક કરવો અને સંશોધનની પ્રવૃત્તિ દ્વારા આ ભૂમિકા ભજવવાની છે. દાયત. ગરીબો કે બેરોજગારોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ કેવી રીતે મેળવી શકાય ? કે સ્વૈચ્છિક સંસ્થાઓના સંસાધનોનો ઉપયોગ સેવાર્થીઓના હિતમાં કરવા માટે સંવાર્થીઓનું શિક્ષણકાર્ય કરવું આવશ્યક છે. જેમાં સમાજકાર્યકરે શિક્ષકની ભૂમિકા ભજવવાની હોય છે.

### 15.5.7 સંશોધક તરીકેની ભૂમિકા (Researcher) :

વ્યાવસાયિક સમાજકાર્યમાં સમાજકાર્યકરે સંશોધક તરીકે પોતાના ક્ષેત્રિય સંશોધનો હાથ ધરીને તેના નિષ્કર્ષોનો પોતાના સાથીઓ સાથે વિચાર વિનિમય કરીને વ્યવસાયમાં પ્રદાન કરે છે. સમાજકાર્યકર સમાજ સમસ્યાઓ, માનવવર્તન અને પર્યાવરણ, સેવાઓ, સમાજકલ્યાણ નીતિઓ અને તે દરમિયાન પધ્ધતિઓ સબંધિત વિવિધ સંશોધનો કરે છે. દા.ત. દહેજપ્રથા, બાળલગ્ન, વ્યાવસાયિક સમસ્યાઓ, HIV/AIDSના દર્દીઓનાં પ્રશ્નો, યોજનાઓની અસરકારકતા, સમુદાયની સમસ્યાઓ વગેરે વિષયો સંદર્ભે સમાજકાર્યકરે સંશોધક તરીકેની ભૂમિકા ભજવવાની છે.

### 15.5.8 મધ્યસ્થી અને હિમાયત કરનાર તરીકે ભૂમિકા (Broker) :

મધ્યસ્થી તરીકે સમાજકાર્યકર ઉપલબ્ધ સંસાધનો વિશે માહિતી આપે છે. જેથી સેવાર્થી સંસાધનોની ઉપલબ્ધતા અને શક્યતા વિશે મૂલ્યાંકન કરી શકે. ટૂંકમાં મધ્યસ્થી તરીકે સમાજકાર્યકર સેવાર્થીને સંશોધનો સાથે જોડે છે. સમાજકાર્યકર સેવાર્થીની ચોક્કસ સ્થિતિની મુલવણી કરવામાં, ઉપલબ્ધ વૈકલ્પિક સંસાધનોમાંથી સેવાર્થીની પસંદગીને સરળ બનાવવામાં અન્ય એજન્સીઓ સાથે સેવાર્થીના સંપર્ક વધારવામાં અને પ્રક્રિયાનું મૂલ્યાંકન કરવામાં સમુદાયમાં સમાજ સેવાઓના અમલની વ્યવસ્થાને પૂરક બની તેને વધુ અસરકારક બનાવી શકે છે.

વ્યાવસાયિક સમાજકાર્યનો મુખ્ય ઉદ્દેશ સેવાર્થીઓની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં કે જરૂરિયાતો પૂરી કરવામાં અને ઉપયોગી સાધનો મેળવવામાં સહાયરૂપ બનવાનો છે. મધ્યસ્થી તરીકે સમાજકાર્યકર સામુદાયિક સેવાઓ સાથે વ્યક્તિઓ અને જૂતોનું જોડાણમાં સહાયરૂપ બને છે. ખાસ કરીને જ્યારે સેવાર્થીને પોતાને ખ્યાલ ન હોય કે આ સેવાઓ પોતાને કયાંથી ઉપલબ્ધ થશે ત્યારે મધ્યસ્થીકર્તા સાધનોના વિકલ્પો અને યોગ્ય સંદર્ભ સેવાઓ વિશેની માહિતી પૂરી પાડીને સેવાર્થીનું ઉપલબ્ધ સાધનો સાથે જોડાણ કરી આપે છે. દા.ત. HIV/AIDSના દર્દી, ઘરેલું હિંસાનો ભોગ બનેલી મહિલા વગેરે. આ બન્ને સેવાર્થીઓ નિઃસહાયની લાગણી અનુભવતા હોય છે. ત્યારે સમાજકાર્યકર HIV / AIDSના દર્દીને હૉસ્પિટલ કે સ્વૈચ્છિક સંસ્થા અને ઘરેલું હિંસાનો ભોગ બનેલ મહિલાને નારી સંરક્ષણગૃહ / આશ્રયગૃહમાં લઈ જવી આવશ્યક છે. સમાજકાર્યકર સેવાર્થીને જરૂરી માહિતી પૂરી પાડે છે. ખાસ સમાજકાર્યકરને સરકારશ્રી વિવિધ યોજના, કાર્યક્રમો કે સ્વૈચ્છિક સંસ્થાઓની પ્રવૃત્તિ વિશેનું જ્ઞાન હોવું ખૂબ જ આવશ્યક છે. જેથી તે સેવાર્થીને પોતાની સમસ્યાના સંદર્ભમાં સેવાકીય જ્ઞાન પૂરું પાડી શકે.

### 15.5.9 વકાલતની ભૂમિકા (Advocate) :

સમાજ પરિવર્તન માટે કાર્ય કરતી વખતે સમાજકાર્યકરે વકાલતની ભૂમિકા ભજવવાની છે. જેમ કે વંચિત સમાજને જાગૃત કરવા, સંગઠિત કરવા, દબાયેલાં કચડાયેલાં સમાજનો અવાજ રજૂ કરવા, સેવાર્થીના અધિકારો સંદર્ભે, સરકારી કે સ્વૈચ્છિક સંસ્થાઓનું સેવાર્થીને સેવાઓ આપવામાં નાકારાત્મક વલણ હોય, સેવાર્થીને મદદની જરૂરિયાત હોય ત્યારે સમાજકાર્યકરે વકીલ તરીકેની ભૂમિકા ભજવવાની હોય છે. સમાજકાર્યકર વકીલ તરીકે સૌ પ્રથમ માહિતી એકત્ર કરે છે. સેવાર્થીની દલીલો સાચી છે. તેવી રજૂઆત કરે છે. સરકારી કે સ્વૈચ્છિક સંસ્થાઓ સેવાઓ આપતી નથી ત્યારે તેની સામે પડકાર ફેકે છે. અને સાથે નેતૃત્વ પણ પૂરું પાડે છે. વકીલ તરીકેની ભૂમિકા સમાજકાર્યકર સેવાર્થીતંત્ર અને બીજા તંત્રો વચ્ચે મધ્યસ્થી કરવાનું પણ કાર્ય કરે છે. અવરોધક સ્થિતિના કારણો રજૂ કરે છે. આ ભૂમિકામાં સમાજકાર્યકર પ્રવર્તમાન સંસ્થાઓની સેવાઓ અંગેની નીતિઓમાં પરિવર્તન લાવવાનો કે સુધારો કરવાનો પ્રયાસ કરે છે. વકીલ તરીકેની ભૂમિકા જ્યારે લોકસમુદાયના મુદ્દા કે સમસ્યાઓ સંદર્ભ હોય ત્યારે તેને લોકપેરવી કહેવામાં આવે છે. લોકપેરવી એ સમાજ હિતને ટેકો આપનારી ક્રિયા છે. દા.ત. બાંધકામ મજૂરો, બાળમજૂરો, બાળ ગુનેગારો, વિચરતિ વિમુક્ત જાતિઓ, આદિવાસીઓ, દલિતો, કેદીઓના અધિકારો વગેરે એવા સમૂહો કે સમુદાયો જે પોતે પોતાના અધિકારો વિશે પૂર્ણ રીતે જાણતા નથી કે તેમના પ્રત્યે અમુક સંસ્થાઓનું નકારામક વલણ હોય ત્યારે સમાજકાર્ય કરે વકીલ તરીકેની ભૂમિકા દ્વારા સેવાર્થી કે સમુદાયના હિતમાં વકીલાત કરે છે.

### 15.5.10 કર્મશીલની ભૂમિકા (Activist) :

કર્મશીલ તરીકે સમાજકાર્યકર સેવાર્થીની જરૂરિયાતો પૂરી પાડવા સેવાર્થીની આજુબાજુના પર્યાવરણમાં પરિવર્તન લાવવાનું કાર્ય કરે છે. કર્મશીલ પાયામાંથી પરિવર્તન લાવવા પ્રયાસ કરે છે. તેનો ઉદ્દેશ સેવાર્થીને જે સમાજ અન્યાય, શોષણ, અસમાનતા અને વંચિતપણાનો ભોગ બન્યો છે. તે પ્રત્યે કર્મશીલ તરીકે સમાજકાર્યકર સેવાર્થી કે સમુદાયને જાગૃત કરે છે, સંગઠિત કરે છે, ન્યાયની પ્રક્રિયામાં સામેલ કરે છે. અને ન્યાય પ્રાપ્ત કરાવે છે. દા.ત. નર્મદા બચાવો આંદોલન અને મેઘા પાટકર, ચિપકો આંદોલન અને સુંદરલાલ બહુગુણા, અણુ વિદ્યુત મથકો વિરુદ્ધ મીઠી વીરડી આંદોલન અને ચુનીકાકા વગેરેમાં કર્મશીલ તરીકે સમાજકાર્યકરલોકોની સમાજ સમસ્યાઓ, અન્યાયો, શોષણ, વંચિતપણા પરત્વે સેવાર્થી કે સમુદાયને ચેતવવામાં આવે છે. અને તે સ્થિતિ નાબૂદ કરવા ટેકો આપવામાં આવે છે. કર્મશીલ લોકોને જાગૃત કરવા, સંગઠિત કરવા, કાયદાનો પ્રચાર-પ્રસાર, સાધનો એકત્રિત કરી આપવા, અન્યાયકર્તા સામે સંઘર્ષ વાટાઘાટો, ન્યાયિક રજૂઆત અને પ્રસ્થાપન, સમાજ પરિવર્તન, નીતિ ઘડતર વગેરે પ્રક્રિયા સેવાર્થી, સમુદાય કે અન્યાયકર્તા સાથે સતત ચાલે છે. તેમજ સેવાર્થી કે સમુદાયને કર્મશીલ સક્ષમ બનાવે છે. જેથી ફરી વખત આવી સ્થિતિનું નિર્માણ થાય તો તે જાતે ન્યાય મેળવી શકે.

### 15.5.11 સરળતા કરી આપનારની ભૂમિકા (Facilitator) :

આ ભૂમિકામાં ઔપચારિક જૂથો, સંગઠનો અને સરકારી માળખા સાથે કાર્ય થાય છે. જેનો હેતુ બહુમીખી હેતુ ધરાવતી વ્યવસ્થામાં સેવાર્થી વધુ અસરકારક રીતે કાર્ય કરી શકે તે માટે તેમને પ્રોત્સાહન આપવાનો છે. આ માટે સમાજકાર્યકર ઔદ્યોગિક જૂથો, સંગઠનો અને વહીવટી વ્યવસ્થાની કામગીરીની અસરકારકતા વધારવાનો પ્રયત્ન કરે છે તથા આ બધા સંગઠનોની આંતરિક પ્રક્રિયા અને માળખું જાણી તેમાં રહેલી સમસ્યા ઓળખી તેના સમાધાન માટે પ્રયત્ન કરે છે.

વ્યાવસાયિક સમાજકાર્યકર જ્યારે વિવિધ જૂથો અથવા સમૂહો સાથે કાર્ય કરે છે. ત્યારે આ ભૂમિકા ખૂબ જ મહત્ત્વની બને છે. દા.ત. મહિલા મંડળો, યુવક મંડળ, સ્વસહાય જૂથો, સહકારી મંડળીઓ, મજૂર સંઘો વગેરે જૂથો સંગઠનાત્મક પ્રકારની પ્રવૃત્તિઓ કરતાં હોય છે. કાર્યકર આ જૂથોની પ્રવૃત્તિઓ સારી રીતે ચાલે તે માટે જરૂરિયાત અનુસાર સરળતા કરી આપનારની ભૂમિકા ભજવે છે. સરળતા કરી આપવી એ એક પ્રકારનું

જૂથને નેતૃત્વ પૂરુ પાડવા સમાન છે. જેના દ્વારા કાર્યકર જૂથોને સર્જનાત્મકતા અને પરિણામલક્ષી બનાવવા માટે પ્રોત્સાહિત કરે છે, દિશા આપે છે. અને તેમાં જૂથ તથા જૂથના સભ્યોની ભાગીદારી ઊભી કરે છે. સરળતા કરી આપનાર તરીકે સમાજકાર્યકર અસરકારક જૂથ પ્રક્રિયા ઊભી કરે છે. તેમજ આ ભૂમિકામાં સમાજકાર્યકરમાં સંદેશવહનની કુશળતા સારી હોય તે ખૂબ જ જરૂરી છે.

### 15.5.12 આયોજક તરીકેની ભૂમિકા (Planner) :

આયોજક તરીકેની ભૂમિકામાં કાર્યકર વિશિષ્ટ જ્ઞાન અને કુશળતાનો ઉપયોગ કરે છે. આયોજનની પ્રક્રિયામાં સમુદાયની જરૂરિયાતો શોધવાના અને તેનાં સંસાધનો વિકસાવવાના કાર્યમાં સમાજકાર્યકર સમુદાયના નેતાઓને સામેલ કરે છે. તેમની ભાગીદારી વધારે છે. પોતે માત્ર ભલામણો કરે છે. આ રીતે આયોજનની પ્રક્રિયામાં મુખ્ય ત્રણ બાબતોનો સમાવેશ થાય ભાગીદારી, મુલવણી અને ભલામણો.

સમાજકાર્યકર વ્યક્તિ, જૂથ અને સમુદાયની સમસ્યાઓ, સ્થિતિ અને જરૂરિયાતમંદ લોકોની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કાર્ય કરવાનું છે. કાર્યકર સમસ્યા ઓળખ, દરમિયાનગીરી અને સમસ્યા ઉકેલ એમ ત્રણેય પ્રક્રિયામાં કામ કરે છે. કાર્યકરે આયોજક તરીકેની ભૂમિકા સમુદાય અને સમાજ માળખામાં વણઉકેલાયેલી કે વણસંતોષાયેલી જરૂરિયાતો સમસ્યાઓ અને સ્થિતિને ધ્યાનમાં રાખીને ઉકેલની પ્રક્રિયામાં કાર્ય કરે છે. કાર્યકર વ્યક્તિ, જૂથ અને સમુદાયની સમસ્યા કે તેના ઉકેલ માટે લોકોને ભાગીદાર બનાવવા, મુલવણી કરવી અને આવશ્યક ભલામણો પણ કરે છે. આ બધાં કાર્યો કે કાર્યોની પ્રક્રિયામાં કાર્યકરે દરેક સમયે આયોજન સાથે કામ કરવાનું છે. દા.ત. વિદ્યાર્થી કાર્યકર્તાએ ગ્રામીણ વિસ્તારો, લોકો, મહિલા મંડળો, જ્ઞાતિ મંડળો, ગ્રામ પંચાયત, દૂધ સહકારી મંડળીઓ અને પ્રા.શાળાઓની મુલાકાત કરતાં પહેલાં આયોજન કરવું આવશ્યક છે. આયોજનમાં કાર્યકર મુલાકાતનો ઉદ્દેશ, સ્થળ, કાર્યપદ્ધતિ, કાર્યપ્રક્રિયા, વ્યક્તિ-જૂથ-સમુદાય અંગેની માહિતી મેળવવાના સાધનો વગેરે બાબતો કાર્યકરે આયોજક તરીકેની ભૂમિકામાં અગાઉ વિચારવા પડે છે. આયોજનપૂર્વક કરેલી કામગીરી દ્વારા પરિણામો સંતોષકારક મળે છે. જેથી કાર્યકરે વ્યાવસાયિક સમાજકાર્યના તમામ કાર્યોમાં આયોજક તરીકે ભૂમિકા ભજવવી અનિવાર્ય છે.

### 15.5.13 પરિવર્તનકર્તા તરીકે ભૂમિકા (Change Agent) :

પરિવર્તન લાવનાર તરીકેની ભૂમિકામાં સમાજકાર્ય સમાજકાર્યના અન્ય સાથીઓ અને અન્ય વિદ્યાશાખાના સાથીઓ સાથે સબંધો રાખી સમાજસેવાનો વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવા વ્યાવસાયિક સાહસને સંગઠિત કરે છે. સામુદાયિક સેવાની રણનીતિ દ્વારા સમાજકાર્યકર સ્વયંસેવક તરીકે સેવા કરવા પોતાની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા પર કાર્ય કરે છે.

વ્યક્તિ, જૂથ અને સમુદાયની જરૂરિયાતો સમસ્યાઓ અને સ્થિતિમાં પરિવર્તન લાવવા, સુધારણા કરવા કે જરૂરિયાતો સંતોષવા માટે વ્યાવસાયિક સમાજકાર્યકરે પરિવર્તનકર્તા તરીકેની ભૂમિકા ભજવવાની છે. સમાજકાર્યકર સમુદાયની જરૂરિયાતો કે સમસ્યાઓમાં લોકોને સમસ્યા સંદર્ભે જાગૃત કરે છે, સંવેદનશીલ બનાવે છે, સમસ્યાઓની ઓળખ કરાવે છે. લોકો ભાગીદારી ઊભી કરે છે. લોકોને સંગઠિત કરે છે, દરમિયાનગીરી કરે છે, સમસ્યા ઉકેલના સંશાદનોની શોધમાં માર્ગદર્શન આપે છે. તેમજ સમુદાયને સમસ્યા ઉકેલ માટે સક્ષમ બનાવીને સમસ્યાનો ઉકેલ કે પરિસ્થિતિમાં સુધારો કરે છે. સમાજકાર્યકર સમુદાયનું એવું ક્ષમતાવર્દન કરે છે કે ફરી આવી સમસ્યા કે સ્થિતિ ઉદ્દભવે તો તે જાણે અને તેનું નિવારણ કરી શકે. દા.ત. સ્ત્રી ભૃણહત્યા, દહેજપ્રથા, જમીન સંપાદન, નર્મદા બનાવ આંદોલન અને મેધાપાટકર, ચિપકો આંદોલન અને સુંદરલાલ બહુગુણા વગેરે કાર્યકર સામુદાયિક સમસ્યાના ઉકેલમાં લોકજાગૃતિ લોકભાગીદારી ઊભી કરવા અને સમસ્યાઓના નિરાકરણ માટે પરિવર્તનકર્તા તરીકેની

ભૂમિકા ભજવે છે.

આમ, સમાજકાર્યકરે વ્યક્તિ, જૂથ અને સમુદાયની સમસ્યામાં દરમિયાનગીરી કરતી વખતે વિવિધ ભૂમિકા ભજવવાની હોય છે. ભૂમિકા અદા કરવામાં સમાજકાર્યકર સભાન હોવો જરૂરી છે. અને વિવિધ પ્રકારની કુશળતા ધરાવતો હોવો જોઈએ.

## 15.5 સમાજકાર્યની કુશળતાઓ :

કોઈપણ મદદ કરનાર વ્યવસાયની કુશળતાઓ વ્યાવસાયિક સમાજકાર્યની સ્વીકૃતિ માટે મહત્ત્વનું પરિબળ છે. વ્યાવસાયિક સમાજકાર્યમાં પ્રેક્ટિસ કરવા માટે સમાજકાર્યકર ઉચ્ચ દરજ્જાની કુશળતા હોવી આવશ્યક છે. વ્યક્તિ, જૂથ કે સમુદાયની સમસ્યાના ઉકેલ માટે કે જરૂરિયાતો સંતોષવા માટે સમાજકાર્યમાં વિવિધ પ્રકારની કુશળતા હોવી ખૂબ જ મહત્ત્વની છે. કુશળતાની વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

- **જ્હોનસન (1995) કુશળતાની વ્યાખ્યા :** “પ્રેક્ટિસ કરમિયાન સેવાર્થીની જરૂરિયાતો પૂરી કરવામાં અને તેની અસમાયોજનની સ્થિતિમાં મદદ કરવા માટે જ્ઞાન અને મૂલ્યોને ક્રિયામાં ફેરવવા તે કુશળતા છે.”
- **મોરેલ અને શેફર (1998) :** “કુશળતા એટલે જ્ઞાન અને દરમિયાનગીરીની રીતનો અસરકારક ઉપયોગ કરવાની ક્ષમતા”
- **મીડમેન અને ગોલ્ડબર્ગ (1990) :** “કુશળતા એટલે ચોક્કસ સ્થિતિમાં વિશિષ્ટ વર્તન કરવું જે તે માટે નિયોજન હોય.”
- **હેનરી (1981) કુશળતાની પરિભાષા :** “કુશળતા એટલે વર્તન કે કાર્યના વિશિષ્ટ ઝૂમખાંના ઉપયોગ દ્વારા કાર્યકરની ચોક્કસ સમયે ચોક્કસ હેતુ માટે વર્તનની રીત.”
- **બેરી કોર્નીયર (2000) કુશળતાની વ્યાખ્યા :** “સમાજકાર્યની કુશળતાઓ તે જ્ઞાન વિષયક અને વર્તણુંકનાં કાર્યોનું મર્યાદિત ઝૂમખું છે. જે (1) સમાજકાર્યના જ્ઞાનમાંથી અને સમાજકાર્યનાં મૂલ્યો, નૈતિક ધોરણો તેમજ જવાબદારીમાંથી આવેલું હોય, (2) કાર્યમાં સરળતા કરી આપનાર આવશ્યક ગુમો સાથે સુસંગત હોય, (3) તે વ્યાવસાયિક પૂર્ણતાનું ગુણોને પ્રદર્શિત કરતી હોય, (4) વ્યવહારની પ્રક્રિયાઓના સંદર્ભમાં સમાજકાર્યના હેતુ સાથે મેળ ખાતી હોય.”

વિવિધ વિદ્વાનો દ્વારા કુશળતાની વ્યાખ્યાઓ આપવાનો પ્રયત્ન થયો છે. ‘નેશનલ એસોશિયેશન ઑફ સોશ્યલ વર્કસ’ (NASW) દ્વારા વ્યાવસાયિક સમાજકાર્યકરની 12 કુશળતાઓ નીચે મુજબ જણાવવામાં આવી છે.

(1) વ્યક્તિ (સેવાર્થી)ને પૂરતી અને હેતુપૂર્વક સાંભળવી.

(2) માહિતી કઢાવવી અને સંબંધિત હકિકતોનાં સમાજ ઈતિહાસ, આકારણી અહેવાલ તૈયાર કરવામાં ઉપયોગ કરવો.

(3) મદદકર્તા વ્યાવસાયિક સબંધો બાંધવા અને ટકાવવા.

(4) શાબ્દિક અને બિનશાબ્દિક વર્તણૂકના નિરીક્ષણ અને અર્થઘટન કરવાં તથા વ્યક્તિત્વના સિદ્ધાંત અને નિદાનાત્મક પધ્ધતિના જ્ઞાનનો ઉપયોગ કરવો.

(5) સેવાર્થી (વ્યક્તિ, જૂથ અને સમુદાય)ને તેમની સમસ્યાના ઉકેલ માટેના પ્રયત્નોમાં પ્રવૃત્ત કરવા અને તેમનો વિશ્વાસ જીતવો.

(6) કોઈપણ જાતનો ડર રાખ્યા વગર લાગણી પ્રધાન રીતે સંવેદનશીલ વિષયોની ચર્ચા કરવી.

(7) સેવાર્થીની જરૂરિયાત અનુસાર નવીન ઉકેલો શોધવા.

(8) ઉપચારાત્મક સબંધોનો અંત લાવવાની જરૂરિયાત અંગે નિર્ણય કરવો.

(9) સંશોધન કરવા અને સંશોધનના તારણો અર્થે વ્યવસાય સબંધિત સાહિત્યની સમીક્ષા કરવી.

(10) સંઘર્ષ ધરાવતા પક્ષો વચ્ચે મધ્યસ્થી બનીને વાટાઘાટો કરવો.

(11) સંગઠનો વચ્ચે સંપર્ક સેવાઓ પૂરી પાડવી.

(12) સમાજ જરૂરિયાતો ઓળખવી અને તેની રજૂઆત ફંડ આપતા સ્ત્રોતો, લોકો કે કાયદા ઘડનારાઓ સમક્ષ કરવી.

બેરી કાર્નીયિરે સમાજકાર્ય પ્રેક્ટિસ માટે આવશ્યક કુશળતાઓને પ્રેક્ટિસના વિવિધ તબક્કા અનુસાર સમજાવવાનો પ્રયત્ન કર્યો છે જે નીચે મુજબ છે.

**(1) આરંભનો તબક્કો :**

(1) સબંધ સ્થાપનની કુશળતા.

(2) શરૂઆતનો હેતુ વર્ણવવાની કુશળતા.

(3) સેવાર્થીની ભૂમિકા નિર્ધારિત કરવાની કુશળતા.

(4) પ્રતિપુષ્ટિ મેળવવાની કુશળતા.

**(2) શોધ / તપાસ કરવાનો તબક્કો :**

(1) પ્રશ્ન પૂછવાની કુશળતા

(2) સ્પષ્ટતા મેળવવાની કુશળતા.

(3) વિષય-વસ્તુને પ્રતિબિંબિત કરવાની કુશળતા.

(4) લાગણીને પ્રતિબિંબિત કરવાની કુશળતા.

**(3) આકારણીનો તબક્કો :**

(1) વર્ણનાત્મક માહિતીને આયોજિત કરવાની કુશળતા.

(2) કામચલાઉ આકારણી કરવાની કુશળતા.

**(4) કરારનો તબક્કો :**

(1) મુદ્દો / સમસ્યાને પ્રતિબિંબિત કરવાની કુશળતા.

(2) સમસ્યા ઓળખની કુશળતા.

(3) કાર્ય કરવા માટેના મુદ્દાઓની સ્પષ્ટતા કરવાની કુશળતા.

(4) ધ્યેયો સ્થાપિત કરવાની કુશળતા.

(5) કાર્ય આયોજન વિકસાવવાની કુશળતા.

(6) ક્રિયાના પગલાં નક્કી કરવાની કુશળતા.

**(5) પરિવર્તન માટે કાર્ય કરવું અને મૂલ્યાંકનનો તબક્કો :**

(1) પરિવર્તન માટે કાર્ય કરવાની કુશળતા.

(2) મૂલ્યાંકનની કુશળતા.

**(6) મુદદનો અંતનો તબક્કો :**

(1) પ્રત્યાયનની કુશળતા.

(2) મુલાકાત કરવાની કુશળતા.

(3) અહેવાલ રાખવાની કુશળતા.

**(1) આરંભનો તબક્કો :**

સમાજકાર્ય પ્રેક્ટિસમાં સમાજકાર્યકરે સેવાર્થીતંત્ર સાથે કાર્ય કરતી વખતે સૌ પ્રથમ આરંભના તબક્કામાં સબંધ સ્થાપન, શરૂઆતનો હેતુ વર્ણવવો, સેવાર્થીની ભૂમિકા નિર્ધારિત કરવી એ પ્રતિવૃષ્ટિ મેળવવી જેવી કુશળતાઓનો ઉપયોગ કરવાનો છે. સમાજકાર્યકર જ્યારે સેવાર્થીને પહેલીવાર મળે છે. ત્યારે તેની પ્રથમ છાપ મહત્ત્વની હોય છે. આરંભના તબક્કાની આ છાપ ભવિષ્યનાં જોડાણ એ કાર્ય ઉપર પ્રભાવ પાડે છે. આરંભની કુશળતાઓના યોગ્ય ઉપયોગથી સેવાર્થી સાથેની મુલાકાતને હકારાત્મક અને અર્થપૂર્ણ બનાવી શકાય છે. અસરકારક શરૂઆત સમસ્યા મુદ્દા સબંધિત માહિતી ભેગી કરવામાં, સેવાર્થીને માહિતી આપવામાં, સમસ્યાની આકારણી કરવામાં અથવા વ્યક્તિ કે તેના પર્યાવરણમાં પરિવર્તન લાવવામાં સારુ પરિણામ આપી શકે છે.

સામાન્ય રીતે સેવાર્થી સમાજકાર્યકરના સંપર્કમાં બે રીતે આવે છે. (1) વ્યક્તિ, કુટુંબ કે જૂથ પોતાની સમસ્યાનો પોતાનાં સાધનોથી ઉકેલ લાવી શકે તેમ નથી તેવું તેમને લાગે છે. અને તેઓ પોતાની સમસ્યા સાથે સમાજકાર્યકર પાસે આવે છે. (2) સમુદાયના કોઈક સ્ત્રોત દ્વારા વ્યક્તિ, કુટુંબ કે જૂથની ગંભીર સમસ્યાઓમાં સમાજકાર્યકરને દરમિયાનગીરી કરવાનું કહેવામાં આવે છે. દા.ત. જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચેના ઝઘડાઓ, પતિ-પત્ની વચ્ચેના ઝઘડાઓ વગેરે સમાજકાર્યકરને જ આરંભના તબક્કામાં દરમિયાનગીરી કરવી પડે છે.

**1.1 સબંધ સ્થાપનની કુશળતા :**

આરંભિક મુલાકાતમાં સેવાર્થી અને સમાજકાર્યકર વચ્ચેના સબંધનો પાયો રચાય છે. સેવાર્થી જ્યારે કાર્યકર પાસે આવે ત્યારે કાર્યકર તેને આવકારે છે. કાર્યકર પોતાનું નામ કાર્ય અને સંસ્થાનો પરિચય આપે છે. અરે કાર્યકર સેવાર્થીનું નામ, સરનામું, સમસ્યા વિશેની જાણકારી મેળવે છે. કાર્યકર સેવાર્થી સાથે એવું પ્રત્યાયન કરે છે તે સેવાર્થીને સમજે છે. અથવા સમજવાનો પ્રયત્ન કરે છે. જેના દ્વારા કાર્યકર અને સેવાર્થી વચ્ચે પરસ્પર વિશ્વાસ, માનસિક ઐક્ય, ઉષ્મા, મૈત્રીભાવ વગેરે સબંધ ઉદ્ભવે છે. પ્રારંભિક મુલાકાત મદદ માટેના સબંધોનો સબળ અને રચનાત્મક પાયો નાખે છે. આ મૈત્રીપૂર્ણ વાતાવરણમાં સેવાર્થી પોતાની સમસ્યા પ્રત્યેના મનોવલણો વ્યક્ત કરે છે. કાર્યકર સેવાર્થીના મનોવલણ, લાગણીઓ, સમસ્યાનું વૈજ્ઞાનિક રીતે અન્વેષણ કરે છે. અને જરૂર જણાય ત્યાં કાર્યકર સેવાર્થીને પરોક્ષ રીતે મદદરૂપ બને છે. દાયત. કોઈ સંસ્થા કે સમાજકાર્યકર અજાણ્યા ગામડામાં કોઈપણ કામગીરીની શરૂઆત કરે. જેમ કે મહિલા શક્તિકરણ માટે સ્વસહાય જૂથો બનાવવા, બેરોજગારોને રોજગારલક્ષી તાલીમ, યોજનાકીય કાર્ય, જળ વ્યવસ્થાપન, ગ્રામીણ સમસ્યાઓ વગેરે. ત્યારે સંસ્થાએ કે સમાજકાર્યકરે આરંભિક તબક્કામાં સબંધસ્થાપનની કામગીરી સૌ પ્રથમ કરવાની હોય છે. સેવાર્થી (વ્યક્તિ, જૂથ કે સમુદાય) સાથે પ્રત્યાયનનો દોર શરૂ થાય છે. અને ધીમે ધીમે પરસ્પર વિશ્વાસ ઊભો થાય છે. જે તે સમસ્યા કે મુદ્દા ઉપર સેવાર્થી સાતે ઊંડાણથી વાતચીત થાય છે અને સાથે સાથે સબંધ સ્થાપનની પ્રક્રિયા પણ થાય છે.

**1.2 શરૂઆતનો હેતુ વર્ણવવાની કુશળતા :**

સમાજકાર્યકરે સેવાર્થીને પોતાની પ્રાથમિક મુલાકાતનો હેતુ શો છે ? તે સેવાર્થીને જણાવવો જોઈએ અથવા સેવાર્થી સંસ્થામાં આવે છે. ત્યારે કાર્યકરે સેવાર્થી સંસ્થા પાસે કોઈ સેવા મેળવવા ઈચ્છે છે ? તે જાણવું જોઈએ અથવા કાર્યકરે સેવાર્થીને સંસ્થા પાસેથી કઈ સેવા મલશે કે કયા કાર્યક્રમો સેવાઓ ઉપલબ્ધ છે ? તે જણાવવા જોઈએ. સમાજકાર્યકરે સેવાર્થીને સેવા આપવામાં પોતાની કઈ ભૂમિકા રહેશે તે પણ જણાવવું જોઈએ. સમાજકાર્યકર તરીકે સામાન્ય ભૂમિકા જેવી કે માહિતીદાતા, કાઉન્સેલર, મધ્યસ્થી, શિક્ષક, સંશોધક, મૂલ્યાંકનકર્તા, વકીલ,

સારવાર કર્તા વગેરે હોય છે. કયારેક પ્રથમ મુલાકાતમાં ઘણી વખત ભૂમિકા સ્પષ્ટ કરવી મુશ્કેલ હોય તેવું પણ બને છે. દા.ત. ગ્રામીણ ગરીબ અને બેરોજગાર લોકોની મુલાકાત, ઝૂંપડપટ્ટીના લોકોની મુલાકાત, જેના કેદીઓની મુલાકાત, સ્વસહાય જૂથની મહિલાઓ સાથેની મુલાકાત, HIV પોઝેટિવ વ્યક્તિ સાથેનું કાઉન્સેલિંગ વગેરે સેવાર્થી કાર્યકર પાસે પોતાની સમસ્યા લઈને આવે છે કે પછી સેવાર્થીની સમસ્યા સમજવા જાય છે. ત્યારે કાર્યકરે સેવાર્થીને મુલાકાત દરમિયાન શરૂઆતનો હેતુ અસરકારક રીતે વર્ણવવો જોઈએ. જેથી સમસ્યા સમાધાન સુધી પહોંચી શકાય.

### 1.3 સેવાર્થીની ભૂમિકા નિર્ધારિત કરવાની કુશળતા :

આરંભિક તબક્કાની મુલાકાત દરમિયાન સેવાર્થી કાર્યકર કે સંસ્થા પાસેથી વ્યાવસાયિક મદદ માટે જાય છે. ત્યારે તે કયા પ્રકારની સેવા મેળવવા માંગે છે. તેના વિશે અસ્પષ્ટ હોય છે. જેને કારણે કાર્યકર કે સંસ્થા એ નક્કી નથી કરી શકતા કે સેવાર્થીને કેવી રીતે મદદ કરવી. આવી પરિસ્થિતિમાં સમાજકાર્યકર સેવાર્થીની અસ્પષ્ટ સ્થિતિમાં સ્પષ્ટતા મેળવવામાં મદદ કરે છે. તથા મદદની પ્રક્રિયામાં સેવાર્થીની સંપૂર્ણ ભાગીદારી કયા પ્રકારની હશે તેની સેવાર્થીને જાણ કરે છે. આ રીતે સેવાર્થીની ભૂમિકા નિર્ધારિત થાય છે. સાથે કાર્યકર સંસ્થાના નીતિનિયમો કે સિદ્ધાંતોની જાણ કરે છે, જે લેખિત અથવા મૌખિક હોઈ શકે છે. દા.ત. HIV ગ્રસ્ત વ્યક્તિનું કાઉન્સેલિંગ, બેરોજગાર યુવાનો માટે કૌશલ્યવર્ધન તાલીમ, સરદાર આવાસ યોજનાના લાભાર્થીઓ, સ્વસહાય જૂથની મહિલાઓ, ભ્રષ્ટાચાર મોંઘવારી સામેના આંદોલનો વગેરે. સમાજકાર્ય પ્રેક્ટિસમાં સમાજકાર્યકરે જે તે સમસ્યા-સ્થિતિમાં સેવાર્થીની ભૂમિકા સ્પષ્ટ કરવી અને મદદની પ્રક્રિયામાં સંપૂર્ણ ભાગીદાર બનાવવો જોઈએ.

### 1.4 પ્રતિપુષ્ટિ મેળવવાની કુશળતા :

સેવાર્થીને શરૂઆતનો હેતુ, સેવાર્થીની ભૂમિકા, સમાજકાર્યકરની ભૂમિકા, નીતિ અને નૈતિક નિયમોની બાબતો વિશે પ્રતિભાવ આપવા જણાવે છે. તેના દ્વારા સમાજકાર્યકર એ તપાસે છે કે પોતે જે કાંઈ જણાવ્યું છે તે સેવાર્થી કેટલે અંશે સમજ્યા છે ? સેવાર્થીના પ્રતિભાવ દ્વારા સમાજકાર્યકર તેની સંમતિને સમજે છે, તેમજ અસ્પષ્ટ મુદ્દાઓ, વિચારો સમજવા વધુ પ્રેરણા પૂરી પાડે છે. આ રીતે સમાજકાર્યકર સેવાર્થી પાસેથી પ્રતિપુષ્ટિ મેળવે છે. આ પારસ્પરિક સંમતિની પ્રક્રિયા છે. દા.ત. સમસ્યાગ્રસ્ત વ્યક્તિ સાથેનું પરામર્શકાર્ય - નર્મદા ડેમના અસરગ્રસ્તો. કાર્યકર દ્વારા સેવાર્થીઓને શરૂઆતનો હેતુ અને સેવાર્થીની ભૂમિકા નિર્ધારિત કર્યા બાદ કાર્યકરે કરેલ સેવાર્થી સાથેની મદદની પ્રક્રિયા કેટલે અંશે સારી રહી કે કેમ ? તેની કાર્યકર દ્વારા સ્પષ્ટતા મેળવવામાં આવે છે કે સંમતિ તપાસવામાં આવે છે.

### (2) શોધ / તપાસ કરવાનો તબક્કો :

આરંભિક તબક્કો પૂર્ણ થાય બાદ સમાજકાર્યકર દ્વારા સેવાર્થી (વ્યક્તિ, જૂથ, સમુદાય)ની સમસ્યાઓ અને સ્થિતિ વિશે શોધ તપાસ કરવાનો તબક્કો શરૂ થાય છે. આ તબક્કામાં સમાજકાર્યકર સેવાર્થીને સમસ્યા, સ્થિતિ વિશેની શોધ / તપાસમાં જોડે છે. સમાજકાર્યકર શોધ / તપાસ કરવાની કુશળતા દ્વારા સેવાર્થીને તેની માહિતી આપવામાં વિચારો દર્શાવવામાં, પોતાની વિશેની લાગણીઓ રજૂ કરવામાં, સમાજ સંદર્ભો અને તેના પર્યાવરણને રજૂ કરવા પ્રોત્સાહિત કરે છે.

શોધના તબક્કામાં સેવાર્થી અને સમાજકાર્યકર વ્યક્તિ સમસ્યા સ્થિતિ વિશેની સંપૂર્ણ અને વાસ્તવિક માહિતી મેળવે છે. સેવાર્થીની પોતાની જાત વિશેની સમજણમાં વધારો થાય છે. જ્યારે વ્યક્તિ પોતાના વિશે મુક્ત રીતે બીજાની સમક્ષ વાત કરે છે અને તેના સંદર્ભમાં બીજાને સાંભળે છે.ત્યારે તેની સ્વજાગૃતિ વધે છે. જ્યારે સેવાર્થી પોતાના

વિચારો, લાગણીઓ રજૂ કરે છે. ત્યારે તે માત્ર સમાજકાર્યકરના પ્રતિભાવો જ નથી ઈચ્છતો, પણ પોતાની જાતમાં તેને અનુભવે છે. શોધ તપાસ કરવાનાં તબક્કામાં (1) પ્રશ્ન પૂછવાની કુશળતા, (2) સ્પષ્ટતા મેળવવાની કુશળતા, (3) વિષયવસ્તુને પ્રતિબિંબિત કરવાની કુશળતા, (4) લાગણીને પ્રતિબિંબિત કરવાની કુશળતાને સમાજકાર્યકરે ઉપયોગ કરવાનો છે.

### 2.1 પ્રશ્ન પૂછવાની કુશળતા :

સેવાર્થી મુલાકાતના હેતુ માટે સંમત થાય છે. ત્યાર બાદ તેના સબંધી માહિતી મેળવવાની ક્રિયા શરૂ થાય છે. કાર્યકરે સેવાર્થીને પ્રશ્નો પૂછીને સમસ્યા-સ્થિતિ સબંધિત સત્ય બહાર લાવવાનો પ્રયત્ન કરવાનો છે. કાર્યકરે સેવાર્થીને એવા પ્રશ્નો પૂછવા જોઈએ કે સેવાર્થીને પોતાની વિશે મુક્ત અને સંપૂર્ણ રીતે વ્યક્ત થવાની તક આપતા હોય. આ પ્રશ્નો વ્યક્તિ, સમસ્યા, સ્થિતિ અને વિવિધ સંજોગો સંદર્ભે કે તત્કાલીન સ્થિતિ સંદર્ભના હોઈ શકે. પ્રશ્નો સેવાર્થીની માહિતી અને લાગણી કે મનોવલણો વ્યક્ત થાય તે સ્વરૂપના પણ હોવા જોઈએ. આ પ્રશ્નો બંધ અને ખુલ્લા પ્રકારના હોઈ શકે. તેમજ સળંગ સૂત્રતા ધરાવતા હોવા જોઈએ.

કાર્યકરે સેવાર્થીને ખુલ્લા પ્રકારના પ્રશ્નો વધુ પૂછવા જોઈએ. જેનાથી જરૂરી મુદ્દાઓ ઉપર વિસ્તૃત માહિતી મળી શકે અને સેવાર્થીના વિશિષ્ટ વર્તનને સમજી શકાય. સેવાર્થીની લાગણીઓ અને વલણોને સમજવા મદદરૂપ બને તેવા પ્રશ્નો ખાસ હોવા જોઈએ. દા.ત. ગ્રામીણ ગરીબ કે બેકાર લોકોની મુલાકાત, વ્યસન કરતાં યુવાનોની મુલાકાત, વિકલાંગોની મુલાકાત, કારખાનામાં કામ કરતાં મજૂરોની મુલાકાત વગેરે. સમાજકાર્યકરે વ્યક્તિ-સમસ્યા-સ્થિતિ ઘટનાને ધ્યાનમાં રાખીને પ્રશ્નો તૈયાર કરવા જોઈએ. પ્રશ્નના જવાબો કેવા મળશે તે પણ વિચારી લેવું જોઈએ અને પ્રશ્નો ક્રમબધ્ધ રાખવા, વિષયવસ્તુ સબંધિત પ્રશ્નો સેવાર્થીને પૂછવા જોઈએ. જેથી કાર્યકરને જરૂરી માહિતી મળી શકે અને સેવાર્થીની લાગણીને સમજી શકાય અને જો સેવાર્થી કાર્યકર કોઈ પ્રશ્ન પૂછે. તો તેણે સેવાર્થીની લાગણીને ધ્યાનમાં રાખીને જવાબ આપવો જોઈએ.

### 2.2 સ્પષ્ટતા મેળવવાની કુશળતા :

સેવાર્થી સાથે મુલાકાતમાં સેવાર્થીને પ્રશ્ન પૂછવાનો દોર ચાલુ હોય છે. ત્યારે સેવાર્થી ઘણા એવા નિવેદનો કરે છે. જે અસ્પષ્ટ, અપરોક્ષ, અપૂર્ણ, વિરોધાભાસી હોય છે, ત્યારે સમાજકાર્યકરે સેવાર્થીને વચ્ચે જ અટકાવીને આવા નિવેદનોની સ્પષ્ટતા મેળવી લેવી જરૂરી હોય છે. સેવાર્થી ઘણીવ્ખત મુખ્ય સમસ્યા વિશે નથી કહેતાં કે કેટલીક બાબતો છોડી દે છે. જે તેના વ્યક્તિગત જીવનના અનુભવના મહત્ત્વના પાસાંઓ હોય છે. તેથી આવી અસ્પષ્ટ સ્થિતિમાં સમાજકાર્યકર જે પ્રતિભાવ આપે છે. તે સેવાર્થી સાથેના સબંધોને, કામની દિશાને અને મદદના પરિણામને અસર કરે છે. આવી સ્થિતિમાં કાર્યકરે સ્પષ્ટતા મેળવવી ખૂબ જરૂરી બને છે. સેવાર્થીએ બોલેલા શબ્દમાં રહેલા ભાવોનો અર્થ સમાજકાર્યકરને સ્પષ્ટ થવો જોઈએ. તેમજ સેવાર્થીની માહિતી લાગણીઓ, શાબ્દિક બાબતોની ચોક્કસ અને ઝીણવટપૂર્કની સ્પષ્ટતા કાર્યકરને થવી જરૂરી છે. દા.ત. દેહવ્યાપાર કરતી સ્ત્રીઓની મુલાકાત, HIV પ્રેસેટિવ વ્યક્તિની મુલાકાત, સમલૈંગિકતા ધરાવતા સ્ત્રી-પુરૂષોની મુલાકાત વગેરે. આ સેવાર્થીઓની મુલાકાત દરમિયાન પ્રશ્નો પૂછતી વખતે સ્પષ્ટતા મેળવવાની જરૂરિયાત વધુ છે, કારણ કે આ બધાં સેવાર્થીઓ અસ્પષ્ટ ભાષા, શબ્દો, સંકેતો કે વર્તનનો વધુ ઉપયોગ કરતાં હોવાથી કાર્યકર માટે વારંવાર સ્પષ્ટતા પણ મેળવવી પડે છે, જેનાથી સમસ્યાઓના સ્વરૂપને સમજી શકાય.

### 2.3 વિષય-વસ્તુને પ્રતિબિંબિત કરવાની કુશળતા :

વિષય-વસ્તુને પ્રતિબિંબિત કરવું તે સેવાર્થીના સંદેશા વિશેની સમાજકાર્યકરની સમજ અને માહિતીને રજૂ કરવાની કુશળતા તેમજ વિષયવસ્તુને પ્રતિબિંબિત કરીને સમાજકાર્યકર એ જણાવે છે કે પોતાને સેવાર્થીએ જે કહ્યું છે. તેને ધ્યાનથી સાંભળ્યું છે અને બરાબર સમજ્યા છે. સમાજકાર્યકર સેવાર્થીએ કહેલી વાતને ટૂંકમાં રજૂ કરે છે, પરંતુ તેણે કહેલાં જ શબ્દોમં સમાજકાર્યકરે કહેવું ન જોઈએ. દા.ત. છૂટાછેડાનો પ્રશ્ન - સેવાર્થી જ્યારે કાર્યકર પાસે આવે ત્યારે તે છૂટાછેડા લેવા પાછળની શરૂઆતથી અંત સુધીની લાંબી લાંબી ઘણી માહિતી કાર્યકરને આપે છે. કાર્યકરે વિષય-વસ્તુને પ્રતિબિંબિત કરવાની કુશળતામાં અન્ય કોઈને એ વાતનો મતલબ ટૂંકમાં જ સમજાવી દેવાનો છે. સેવાર્થીએ કહેલા શબ્દોને લાંબી ચર્ચાના રૂપમાં રજૂ કરવી જોઈએ.

### 2.4 લાગણીને પ્રતિબિંબિત કરવાની કુશળતા :

લાગણીને પ્રતિબિંબિત કરવી એટલે સેવાર્થીએ વ્યક્તિ કરેલાં મનોવલણો કે લાગણીઓ માટે સમાજકાર્યકરના નવા શાબ્દિક રૂપાંતરો કે કથનો લાગણીને પ્રતિબિંબિત કરવી એ સક્રિય સાંભળવાની બીજી કુશળતા છે. તેમાં સમાજકાર્યકર સેવાર્થીની વ્યક્તિ લાગણીઓને સમસ્યા સ્વરૂપે જોવે છે. અને તેનો ટૂંકો પ્રતિભાવ આપે છે. ઘણી વખત એ પ્રતિભાવ એક વાક્ય કે શબ્દ સ્વરૂપે હોય છે. દા.ત. "ખરેખર તમે ભયાનક મુશ્કેલીમાંથી બહાર આવ્યા", ઉત્તમ અદ્‌ભુત વાહ...ભાઈ...વાહ, તમે મોટું જોખમ ખેડ્યું. સેવાર્થીની લાગણીને વ્યક્ત કરવા માટે સમાજકાર્યકર પાસે લાગણીસભર શબ્દો હોવા જોઈએ. સમાજકાર્યકર પોતાની સમજણ અને સેવાર્થીએ વ્યક્ત કરેલાં મનોવલણો અને લાગણીઓનું સ્પષ્ટ પ્રતિબિંબ પાડવા પ્રયાસો કરે છે. તે માટે સમાજકાર્યકર સેવાર્થી દ્વારા વપરાયેલા શબ્દોનો પુનઃ ઉપયોગ કે સમાનાર્થી શબ્દોનો ઉપયોગ કરે છે. પ્રતિબિંબ પાડવામાં માત્ર વિષયવસ્તુ નહીં, પણ જે કાંઈ પણ કહેવાયું હોય તેની પાછળ રહેલી સેવાર્થીની લાગણીના પડઘા પડવાં જોઈએ. લાગણીને પ્રતિબિંબિત કરવી એ સમાજકાર્યકરની મહત્ત્વની કુશળતા છે. તે સેવાર્થીને પોતાની જાતે ઊંડાણથી સમજવામાં સહાય કરે છે. તે સેવાર્થીને તેની સુષુપ્ત પ્રેરણાઓના પરીક્ષણમાં સહાય કરે છે. લાગણીઓ એ જરૂરિયાતનું પ્રગટીકરણ છે. સમાજકાર્યકર સેવાર્થીને સમર્થન આપે છે. અને તેને સામાન્ય માનવીની જેવું માન આપે છે.

### (3) આકારણીનો તબક્કો :

સ્થિતિ અંગેની શોધના તબક્કામાં સેવાર્થી અને સમાજકાર્યકર ઘણી વખત વ્યક્તિ - સમસ્યા ઉપયોગી માહિતી મેળવે છે. જ્યારે આકારણીના તબક્કામાં સેવાર્થી વ્યક્તિ સમસ્યા સ્થિતિ સબંધિ માહિતીના વિશ્લેષણની પ્રક્રિયા શરૂ થાય છે. અને સમાજકાર્યકર તથા સેવાર્થીને દિશા આપે છે. આકારણી સેવાર્થી સમાજકાર્યકર વચ્ચે સાથે કામ કરવા અંગેના કરારને સ્પષ્ટ આધાર પૂરો પાડે છે. આકારણીની પ્રક્રિયાની બે મુખ્ય કુશળતાઓ છે. (1) વર્ણનાત્મક માહિતીની આયોજિત રીતે મુકવી, (2) કામચલાઉ આકારણી કરવી.

સમાજકાર્યમાં તમામ આકારણીની પ્રક્રિયા મોટેભાગે વ્યક્તિ અને તેનાં પર્યાવરણના સંદર્ભમાં થાય છે. આકારણીની પ્રક્રિયા સતત ચાલે છે. જેમાં સેવાર્થી અને સમાજકાર્યકર બન્ને સાથે મળીને પ્રાથમિક સેવાર્થી તંત્ર જે દરમિયાનગીરીમાં સામેલ થવાના છે. તેને ઓલખે છે, પરિવર્તન માટે લક્ષ્ય નક્કી કરે છે, પ્રગતિમાં આવનારા અવરોધો અને સંભવિત ખામીઓને જોવે છે. અને અંતમાં ચોક્કસ નિર્ણય પર આવે છે.

**3.1 વર્ણનાત્મક માહિતી આયોજિત કરવાની કુશળતા :**

સમાજકાર્ય પ્રેક્ટિસમાં સેવાર્થી સાથેની મુલાકાતોને આધારે મેળવેલી માહિતી એવા સ્વરૂપે નથી હોતી કે જેને સમાજકાર્યકર તાર્કિક રીતે વર્ણવી શકે. સમાજકાર્યકરે સૌ પ્રથમ આકારણીની પ્રક્રિયામાં શોધના તબક્કામાં મેળવેલી માહિતીને પુનઃ પ્રાપ્ત કરી શકાય અને આકારણી માટે ઉપયોગ કરી શકાય તે સ્વરૂપે મુકવી જોઈએ એટલે કે માહિતીને એવી રીતે અલગ-અલગ ભાગોમાં ગોઠવવી કે જેથી તેનું મહત્ત્વ સમજી શકાય.

માહિતીને સંગઠિત સ્વરૂપે મૂલ્યોવી તે દસ્તાવેજ રાખવાનું જ એક સ્વરૂપ છે. પરંતુ તેમાં કહેવાયેલી અને નિરીક્ષણ કરેલી બંન્ને માહિતીને એવી રીતે મૂલ્યોવાની છે. જેને આધારે કોઈ નિષ્કર્ષ તારવી શકાય છે. આવી માહિતીને રજૂ કરવાના અનેક નમૂનાઓ નિષ્ણાંતો દ્વારા રજૂ થયાં છે. તેનો ઉપયોગ કરી શકાય. સેવાર્થીની સમસ્યાના સંદર્ભમાં નીચે મુજબની માહિતીને રજૂ કરવામાં આવે છે.

(અ) સેવાર્થીની ઓળખ.

(બ) પરિસ્થિતિતંત્ર. (સેવાર્થીતંત્ર, કુટુંબતંત્ર અને સમુદાયતંત્ર)

(ક) વ્યક્તિ - સમસ્યા - સ્થિતિ સબંધિત મુદ્દાઓ.

(ડ) તંત્રોની શક્તિઓ, નિપુણતા અને સાધનો.

(ઈ) સમસ્યાના ઉકેલમાં ઉપલબ્ધ અને ઉપયોગી આનુષાંગિક માહિતી, સાધનો અને પ્રક્રિયાઓ. (ઈ) સમાજ ઈતિહાસ, વ્યક્તિગત અને કૌટુંબિક, આપત્તિજનક ઘટનાઓ, જાતીય બાબતો, નશાકારક દ્રવ્યનો ઉપયોગ અને તબીબી સારવાર, કાનૂની, શૈક્ષણિક રોજગારી, મનોરંજન, ધાર્મિક, મનોવૈજ્ઞાનિક અથવા સમાજ સેવાઓ વિશેની માહિતી. દા.ત.HIV પોઝેટિવ વ્યયક્તિએ આપેલ માહિતી.

**3.2 કામચલાઉ આકારણી કરવાની કુશળતા :**

સેવાર્થીએ આપેલી માહિતીને આયોજિત સ્વરૂપે ગોઠવ્યા બાદ કાર્યકરે તેને ભાગીદારીથી માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરીને કામચલાઉ આકારણી કરવામાં આવે છે. વિશ્લેષણ અને અર્થઘટનમાં છૂટીછવાઈ માહિતીને એકબીજા સાથે જોડીને એકબીજા સાથેના સબંધમાં સૈદ્ધાંતિક જ્ઞાન અને અનુભવને આધારે તેનો અર્થ કરવામાં આવે છે. આકારણીમાં મુખ્યત્વે આલોચનાત્મક રીતે વિચારવાની કુશળતાની જરૂર પડે છે. કામચલાઉ આકારણીમાં વ્યક્તિનું વ્યક્તિત્વ, કુટુંબ અને પર્યાવરણ સબંધિત બાબતોની આકારણીમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(અ) વ્યક્તિ-અસ્મિતા અને વ્યક્તિત્વનું માળખું, લાગણી, જીવનચક્રનો વિકાસ, નિપુણતા, જોખમો.

(બ) કુટુંબ-કુટુંબીજનો, પ્રાથમિક-સમાજ તંત્રો-ઓળખ/ અસ્મિતા અને માળખું, લાગણીઓ અને જીવનચક્ર વિકાસ.

(ક) પર્યાવરણ સંસાધનો અને સમાજ સાંસ્કૃતિક પર્યાવરણ.

દા.ત. HIV પોઝેટિવ વ્યક્તિ આપેલી છૂટીછવાઈ માહિતીને અર્થસભર બનાવવી અને માહિતીનું વિશ્લેષણ તથા અર્થઘટન કરવું એટલે કામચલાઉ આકારણી.

**(4) કરારનો તબક્કો :**

કરાર એ આકારણીની પ્રક્રિયા પછીનું પગલું છે. કરારના તબક્કામાં (1) મુદ્દો સમસ્યાને પ્રતિબિંબિત કરવાની કુશળતા, (2) સમસ્યા ઓળખની કુશળતા (3) કાર્ય કરવા માટેના મુદ્દાઓની સ્પષ્ટતા કરવાની કુશળતા, (4) ધ્યેયો સ્થાપિત કરવાની કુશળતા (5) કાર્ય આયોજન વિકસાવવાની કુશળતા (6) ક્રિયાના પગલાં નક્કી કરવાની કુશળતાનો સમાવેશ થાય છે. દરેક કુશળતાઓને નીચે મુજબ સમજીએ.

**4.1 મુદ્દો/ સમસ્યાને પ્રતિબિંબિત કરવાની કુશળતા :**

સમાજકાર્ય પ્રેક્ટિસમાં મુદ્દો/ સમસ્યાને પ્રતિબિંબિત કરવાની કુશળતામાં સમાજકાર્યકર સેવાર્થીને એ દર્શાવે છે કે, તે સેવાર્થીની સમસ્યા સબંધિત સમજણ ધરાવે છે. સમસ્યાને પ્રતિબિંબિત કરવી એ સક્રિય રીતે અને સહાનુભૂતિથી સાંભળનાર તરીકેનો સમાજકાર્યકરનો ગુણ છે. અથવા કુશળતા છે. સેવાર્થી-કાર્યકર કે સ્વૈચ્છિક સંસ્થા પાસે સમાજ સેવા મેળવવામાં આવે છે. તેમાંથી કેટલાંક સેવાર્થી એવા હોય છે. જે સામાન્ય રીતે પોતાની સમસ્યા તથા હિતને સરળતાથી રજૂ કરે છે, જ્યારે કેટલાંક સેવાર્થીને કાર્યકરે રજૂઆત માટે પ્રોત્સાહન કે માર્ગદર્શન અથવા ટેકો આપવો જ પડે છે. જ્યારે કેટલાંક સેવાર્થીની સમસ્યાની ઓળખ કાર્યકરે પોતે જ કરવી પડે છે. સેવાર્થી કેટલીક વખત કાર્યકરને તપાસે છે કે તે તેને કેવી સેવાઓ આપશે. જેથી આવા સેવાર્થી મુખ્ય સમસ્યા ઝડપથી કે સરળતાથી જણાવતાં નથી. આવા કિસ્સાઓમાં સમાજકાર્યકરે સેવાર્થીની લાગણીઓને, વિષયવસ્તુને અને અર્થને સતત પ્રતિબિંબિત કરતાં રહેવું પડે છે. સમાજકાર્યકરે આ સમયે સેવાર્થીને ખાસ જણાવવું પડે છે કે તમે તેને મદદ કરવા ઈચ્છો છો. દા.ત. દેહવ્યાપાર કરતી સ્ત્રી, આત્મહત્યામાં નિષ્ફલ ગયેલી વ્યક્તિ વગેરે. આ સેવાર્થીઓ ઘણી વખત કાર્યકરને પોતાની સમસ્યા સરળતાતી જણાવતા નથી. કાર્યકરે આ સેવાર્થી સાથે સતત તેમની લાગણીઓ કે વિષયવસ્તુને પ્રતિબિંબિત કરતાં રહેવું પડે છે. અને મદદ કરવાની પ્રતીતિ કરાવતાં રહેવું પડે છે.

**4.2 સમસ્યા ઓળખની કુશળતા :**

સમાજકાર્યકર કરારના તબક્કામાં વ્યક્તિ-સમસ્યા-સ્થિતિ અંગેની જે શોધ અને આકારણી કરી છે. તેમાંથી કાર્યકર સેવાર્થીએ નથી જણાવેલી એવી સમસ્યાઓને ઓળખે છે. અથવા સેવાર્થીના દૃષ્ટિકોણથી આગળ વધી જુદા દૃષ્ટિકોણથી સમસ્યાઓને જોવે છે. સામાન્ય રીતે સમસ્યાને ઓળખવી અને ધ્યેય નક્કી કરવાની જવાબદારી કાર્યકરની છે અથવા તે સંભવિત સમસ્યા અંગે પોતાના વિચારો રજૂ કરે છે. કાર્યકર પાસે વ્યાવસાયિક જ્ઞાન અને અગાઉનો

અનુભવ હોય છે, જે સમસ્યાઓને ઓળખવામાં ઉપયોગી બને છે. સેવાર્થીએ જણાવેલી સમસ્યાનાં સંદર્ભમાં કાર્યકર પોતે ઓળખેલા મુદ્દાઓ કે સમસ્યા અંગેના વિચારો જણાવે છે. દા.ત. ત્યજેલી સ્ત્રી, વિધવા સ્ત્રી, ગ્રામીણ લોકોની મુલાકાત, ઝૂંપડપટ્ટીની મુલાકાત વગેરે. આ દરેક સેવાર્થીઓ પોતાને હિતમાં લાગે તેવા મુદ્દાઓ કે સમસ્યાઓની જાણ કાર્યકરને કરે છે.કેટલીક વખત અમુક ગુપ્ત વાતો સેવાર્થી કાર્યકરને કરતા નથી. જે ગુપ્ત વાતો કાર્યકરે સેવાર્થી સાતેની વાતમાં નિરીક્ષણ દ્વારા શોધવાની છે અને સેવાર્થીને પોતે ઓળખેલી સમસ્યાના પ્રતિભાવો પણ આપવાના છે.

## 4.3 કાર્ય કરવા માટેના મુદ્દાઓની સ્પષ્ટતા કરવાની કુશળતા :

સમસ્યાની સ્પષ્ટતા એટલે કે ''જે સમસ્યા સેવાર્થી સમાજકાર્યકરને કહી છે. તે અને જે સમસ્યા બંન્ને વ્યક્તિ વચ્ચેની વાટાઘાટોમાંથી જે નીપજ્યું છે. તેવું કથન.'' સમસ્યા ઉકેલ લાવવા માટે સેવાર્થીની સંમતિ મેળવવાનો આ પ્રથમ સંકેત છે. સમસ્યાની સ્પષ્ટતા વ્યક્તિ-સમસ્યા-સ્થિતિની શોધ અને આકારણીને આધારે થાય છે. કાર્યકર સમસ્યાને પ્રતિબિંબિત કરવાની કુશળતા દ્વારા સમસ્યાને ઓળખે છે. સેવાર્થી અને કાર્યકર તે સમસ્યા ઉપર કામ કરવા સંમત થાય છે. જયારે સમસ્યા સ્પષ્ટ થાય છે. ત્યારે બંન્ને સાથે મળીને સમસ્યાના ઉકેલ માટે કયા ક્ષેત્રો કે પાસા ઉપર કામ કરવું તે નક્કી કરે છે. દા.ત. HIV પોઝેટિવ વ્યક્તિ કે દેહવ્યાપારમાં જોડાયેલી સ્ત્રી સાથે કાર્ય કરવાનું હોય ત્યારે ખાસ સમસ્યા સંદર્ભ કાર્યમાં વદુ સ્પષ્ટતાની આવશ્યકતા ઊભી થાય છે. કાર્યકરને સેવાર્થી સાથે કાર્ય કરવા અંગે સંમતિ ના મળે તે મુદ્દાની સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી કાર્યકર સમસ્યા ઉકેલ તરફ આગળ વધી શકતો નથી. એટલા માટે કાર્ય શરૂ કરતાં પહેલાં મુદ્દાઓની સ્પષ્ટતા કરવી મહત્ત્વની છે. અથવા સેવાર્થીનું સંમત થવું જરૂરી છે.

## 4.4 ધ્યેયો સ્થાપિત કરવાની કુશળતા :

ધ્યેયો સ્થાપિત કરવા એટલે ''સેવાર્થીને તેની સમસ્યાના ઉકેલમાં સહભાગી બનાવીને પરિવર્તન તરફની પ્રક્રિયા'' સમસ્યાઓની સ્પષ્ટતા બાદ કાર્યકરે સેવાર્થીને ધ્યેય નિર્ધારિત કરવાની દિશામાં સહભાગી બનાવવા પ્રેરિત કરવો જોઈએ. ધ્યેય એ સેવાર્થી અને કાર્યકરને તેમના જ્ઞાન, ભાવાત્મકતા, વર્તણૂંક અને સ્થિતિ અંગે શું ક્રિયા કરવાની છે. તે અંગેની દિશા આપે છે. ધ્યેયો નિર્ધારિત કરવા માટે સ્માર્ટ (Smart) ના પત્રકના નમૂનાને અનુસરવું જરૂરી છે. તે માટે ચોક્કસ (Specific), માપી શકાય તેવા (Measurable), પ્રાપ્ત કરી શકાય (Achievable), વાસ્તવવાદી (Realistic) અને નિશ્ચિત સમય (Timely) માટેના ધ્યેયો હોવા જોઈએ. ધ્યેયો એવા નિર્ધારિત કરવા જોઈએ કે જેને ચોક્કસ રીતે સમજી શકાય, માપી શકાય અને ચકાસી શકાય. ધ્યેયો સેવાર્થીનાં મૂલ્યો અને સમાજના ધારાધોરણો સાંસ્કૃતિક તંત્રને ધ્યાનમાં લે તેવાં હોવા જોઈએ. તે માટે કાર્યકર અને સેવાર્થીએ સાથે મળીને ધ્યેયો નક્કી કરેલાં હોવા જોઈએ.

### 4.5 કાર્ય આયોજન વિકસાવવાની કુશળતા :

સમાજકાર્ય પ્રેક્ટિસમાં વ્યક્તિ-સમસ્યા-સ્થિતિના ઉકેલ સંદર્ભના ધ્યેય નક્કી કર્યા બાદ કાર્યકર સેવાર્થીને કાર્ય આયોજન કરવામાં સક્રિય રીતે સહભાગી બનાવે છે અને પરિવર્તન કેવી રીતે આવશે ? કોણ કોણ સામેલ હશે ? કેવી રીતે અસર કરશે ? વગેરેનો તેમાં વિચાર કરવામાં આવે છે. તેમજ સમાજકાર્યકરની પોતાની ભૂમિકા શું રહેશે તે પોતે નક્કી કરવાનું છે. ધ્યેય નિર્ધારિત થયાં પછી તેને સાર્થક બનાવવામાં કાર્યકર કયાં સૈદ્ધાંતિક અભિગમ કે દરમિયાનગીરીની રીતને અખત્યાર કરવાના છે; તેમજ કાર્યકર સેવાર્થીને કયારે કયારે મળશે ? અને પરિવર્તનના કેવા કેવા પ્રયત્ન કરશે ? તે નક્કી થાય છે. સમાજકાર્ય પ્રેક્ટિસમાં કાર્ય આયોજન દ્વારા ચોક્કસ પરિવર્તનનો સમાવેશ થાય છે. આ પરિવર્તન સમસ્યા ઉકેલ લાવે છે. પરિવર્તનનું લક્ષ્ય વ્યક્તિના વલણ, વર્તન કે લાગણીઓમાં બદલાવનું તથા તેના પર્યાવરણમાં સુધારાનું હોઈ શકે છે. દા.ત. ઝૂંપડપટ્ટીના બાળકોનો શિક્ષણ અને સ્વાસ્થ્યનો પ્રશ્ન, ત્યજેલી સ્ત્રીની માનસિક સ્થિતિ, HIV પોઝિટિવ વ્યક્તિની સમાજ સ્વીકૃતિનો પ્રશ્ન વગેરે પ્રશ્નોમાં ધ્યેય નિર્ધારિત કર્યા બાદ ઉત્તમ કાર્ય આયોજન કરવું આવશ્યક છે. તો જ સેવાર્થીની સ્થિતિમાં કે વાતાવરણમાં જરૂરી પરિવર્તન લાવી શકાય છે.

### 4.6 ક્રિયાના પગલાં નક્કી કરવાની કુશળતા :

“ક્રિયાના પગલાં નક્કી કરવા એટલે, “સેવાર્થીની સમસ્યાની શોધ અને આકારણી દ્વારા નક્કી કરેલાં ધ્યેયો સિદ્ધ કરવાના પગલાં અને કાર્યો.” સમાજકાર્યમાં કેટલીક વખત કાર્યકર અને સેવાર્થીએ નિર્ધારિત કરેલા ધ્યેયો એક જ ક્રિયાથી પૂર્ણ નથી થતાં અને તેમ કરવું એ યોગ્ય પણ નથી. ધ્યેયો અનેક કાર્યો દ્વારા સાર્થક થાય છે. ક્રિયાના આ પગલાંમાં પણ કાર્યકરમાં સેવાર્થીની સંપૂર્ણ ભાગીદારી કરવી આવશ્યક છે. ક્રિયાના પગલાં અંગે સેવાર્થીને વિચાર-મત કહેવાનું સેવાર્થીને વાતાવરણ પુરુ પાડે છે. આ પ્રક્રિયામાં પ્રશ્નો પૂછવાની કુશળતા, સ્પષ્ટતા મેળવવાની કુશળતા, પ્રતિબિંબ પાડવાની કુશળતા વગેરે કુશળતાનો ફરી ઉપયોગ કાર્યકર કરે છે. ક્રિયાના પગલામાં સમસ્યા ઉકેલની પ્રક્રિયા સમાયેલી છે. તેથી કાર્યકર અને સેવાર્થીએ સમાન ધોરણે અને પૂર્ણ સહયોગ દાખવીને કાર્યો કરવાના છે. દા.ત. દેહવ્યાપાર કરતી સ્ત્રીના પ્રશ્નો, છૂટાછેડાનો પ્રશ્ન, ગ્રામીણ સમુદાયની સમસ્યા વગેરે. દરેકે પોતાની સમસ્યા નિરાકરણ માટે સહભાગીતાથી ક્રિયાના પગલાં નક્કી કરવાના છે અને તે પ્રમાણે કાર્ય કરવાનું છે. તો જ સમાજકાર્યકર સેવાર્થી પરિવર્તનની દિશા તરફ લઈ જઈ શકે છે.

## (5) પરિવર્તન માટે કાર્ય કરવું અને મૂલ્યાંકનનો તબક્કો :

સમસ્યા ઉકેલની મદદની પ્રક્રિયામાં અત્યાર સુધી સમાજકાર્યકરે માહિતી મેળવી એકઠી કરી, સબંધ સ્થાપન, શોધ તપાસ કરવી, આકારણી કરવી અને કરાર કરવાની

વિવિધ કુશળતાનો ઉપયોગ કર્યો હોય છે. આ તબક્કામાં પરિવર્તન માટે કાર્ય કરવાની કુશળતા અને મૂલ્યાંકનની કુશળતાનો ઉપયોગ કરવાનો છે. સમાજકાર્યકર - સેવાર્થી સાથેના કરાર મુજબ વ્યક્તિ-સમસ્યા-સ્થિતિનાં વિવિધ પાસાઓમાં પરિવર્તન લાવવાની કુશળતાનો ઉપયોગ કરવાનો છે. જેને પરિવર્તન માટેનું કાર્ય કરવું અને મૂલ્યાંકનની કુશળતાઓ કહેવામાં આવે છે.

**5.1 પરિવર્તન માટે કાર્ય કરવાની કુશળતા :**

પરિવર્તન માટે કાર્ય કરવું એટલે સેવાર્થી સાથે થયેલા કરાર મુજબ કાર્ય કરવું - કાર્યકર સમાજકાર્ય પ્રેક્ટિસના પોતાના વ્યાવસાયિક જ્ઞાન, અનુભવો અને નિષ્ણાંતપણાનો ઉપયોગ કરે છે. હવે સમાજકાર્યકર સહાનુભૂતિથી બહાર નીકળીને પરિવર્તન લાવવા માટે સૂચનકર્તા તરીકેનો દૃષ્ટિકોણ અપનાવે છે. સમાજકાર્યકર પોતાના વિચારો, લાગણીઓ, માન્યતાઓ, અભિપ્રાયો, ઉત્કલ્પનાઓ, નિગમન અને નિષ્કર્ષોને અર્થપૂર્ણ રીતે રજૂ કરે છે. સમાજકાર્યકર જ્યારે સૂચનકર્તા બને છે. ત્યારે તેનો હેતુ સેવાર્થીને બહોળા અનુભવો આપવા તથા તેવા અનુભવોને વિસ્તારવાનો હોય છે. સમાજકાર્યકર વ્યાવસાયિક દૃષ્ટિકોણથી વ્યક્તિ-સમસ્યા-સ્થિતિ અંગે સેવાર્થી પાસેથી જે સમજ્યા છે તેનો ઉપયોગ કરે છે. અને પોતાને વ્યક્ત કરે છે. જે સેવાર્થીને તેના ધ્યેયની દિશામાં આગળ વધવામાં ઉપયોગી બને છે. સમાજકાર્યકરે પોતાના વ્યાવસાયિક દૃષ્ટિકોણ દ્વારા પરિવર્તનનું કાર્ય કરવાનું છે.

**5.2 મૂલ્યાંકનની કુશળતા :**

મૂલ્યાંકન કરવું એટલે ''કાર્યકરે નિર્ધારિત કરેલા ધ્યેયોના સંદર્ભમાં શું પ્રગતિ થઈ છે. તેની સમીક્ષા.'' સેવાર્થીને સતત પ્રવૃત્ત રાખવા માટે કાર્યકરે સેવાર્થીનું શિક્ષણ કરવું, પરામર્શ કરવો, વકીલાત કરવી, ક્રિયા અંગે પ્રતિભાવો આપવા, આયોજનમાં જરૂર જણાય ત્યાં પુનઃઘડતર કરવું તથા પ્રગતિનો અહેવાલ તૈયાર કરવો વગેરે જેવી કુશળતાઓનો ઉપયોગ કરવાનો છે. સમાજકાર્યકર અને સેવાર્થી સાથે મળીને પરિવર્તનના કાર્યનું કે પરિણામોનું મૂલ્યાંકન કરે છે. મૂલ્યાંકનની અનેક પધ્ધતિઓ છે. તેમાંથી સેવાર્થીની સમસ્યાના સંદર્ભમાં અનુકૂળ પધ્ધતિ કાર્યકર અપનાવે છે. અંતમાં નિર્ધારિત કરેલાં ધ્યેયો કેટલાં સિદ્ધ થયાં તે તપાસે છે. દા.ત. ત્યજેલી સ્ત્રીના પ્રશ્નો, દેહવ્યાપાર કરતી સ્ત્રીના પ્રશ્નો, ગરીબી અને બેરોજગારીના પ્રશ્નો વગેરે. આ સેવાર્થીની સમસ્યા કે સ્થિતિના સંદર્ભમાં જે પરિવર્તન માટેનું કાર્ય કર્યું છે કે ધ્યેયોના સંદર્ભમાં પ્રગતિ થઈ છે. તેની કાર્યકરે સમીક્ષા અથવા મૂલ્યાંકન કરે છે.

**(6) મદદનો અંતનો તબક્કો :**

સમાજકાર્યનું અંતિમ ધ્યેય સેવાર્થીને સ્વસહાય કરતાં કરવાનું છે. એટલે કે સેવાર્થી પોતાનો નિર્ણય જાતે લઈ શકે અને પોતાની સમસ્યા કે સ્થિતિનો સામનો કરી શકે એટલો

આત્મવિશ્વાસુ બનાવવાનો છે. સમાજકાર્યકરને જ્યારે લાગે છે કે સેવાર્થી હવે સ્વનિર્ભર બન્યા છે. ત્યારે મદદનો અંત લાવે છે. મોટેભાગે સેવાર્થી તરફથી એવા સંકેતો મેળવવાની શરૂઆત થાય છે કે હવે તેને મદદની જરૂર નથી.

## 6.1 પ્રત્યાય (સંદેશાવ્યવહાર)ની કુશળતા :

પ્રત્યાય એટલે ''શાબ્દિક અને બિનશાબ્દિક સંદેશાઓની આપ-લે'' સમાજકાર્ય પ્રેક્ટિસમાં સમાજકાર્યકર સેવાર્થીની પ્રથમ મુલાકાતતી માંડીને તેની સાથેના કરારનો અંત થા છે. ત્યાં સુધી સતત પ્રત્યાયન ચાલે છે. પ્રત્યાયનમાં ત્રણ પ્રકારની કુશળતાઓ ખૂબ જ મહત્ત્વની છે. (1) ધ્યાનથી સાંભળવું, (2) પ્રશ્નો પૂછવા અને (3) પ્રતિપુષ્ટિ મેળવવી. પ્રત્યાયનમાં શાબ્દિક અને બિનશાબ્દિક પ્રત્યાયન દરમિયાન આ ત્રણ કુશળતાઓનો ઉપયોગ સમાજકાર્ય કરે સતેજ થઈને કરવાનો છે.

પ્રત્યાયનના બે પ્રકાર છે. (1) શાબ્દિક પ્રત્યાયન અને (2) બિનશાબ્દિક પ્રત્યાયન શાબ્દિક પ્રત્યાયન એટલે ''બોલીને કેલખીને જે પ્રત્યાયન કરવામાં આવે છે તે.'' દા.ત. સેવાર્થીને મૌખિક પ્રશ્નો પૂછીને મેળવવામાં આવતાં જવાબો, કાર્યકર અને સેવાર્થી વચ્ચેની સલાહ - પરામર્શની પ્રક્રિયા, પ્રશ્નાવલિ કે મુલાકાત અનુસૂચિ દ્વારા મેળવાતા સેવાર્થીના લેખિત જવાબો. જ્યારે બિનશાબ્દિક પ્રત્યાયન એટલે ''ચહેરાના હાવભાવ, આંખોથી સંપર્ક અને શરીરના હલનચલન તથા વર્તન દ્વારા સંદેશાની જે આપ-લે થાય છે તે.'' દા.ત. સેવાર્થીની લાગણી, મનોભાવો, પીડાઓ, વિચારો એક પણ શબ્દ બોલ્યા વિના માત્ર નિરીક્ષણથી અનુભવવા.

સમાજકાર્યકરે સેવાર્થી સાથે કોઈપણ સ્થિતિ કે સમસ્યા ઉપર કાર્ય કરવાનું છે. ત્યારે શાબ્દિક અને બિનશાબ્દિક એમ બંન્ને પ્રકારના પ્રત્યાયનની ઊભી થાય છે. પ્રત્યાયન દરમિયાન સેવાર્થી સમાજકાર્યકર વચ્ચે અસંખ્ય સંદેશાઓની આપ-લે થાય છે. આ પ્રત્યાયનની પ્રક્રિયા સમાજકાર્યકર માટે સેવાર્થી તેના કેન્દ્રમાં હોવો જોઈએ. કાર્યકરે ઉત્તમ શ્રોતા બનીને સેવાર્થીને ગર્ભિત વાતો, ઘટનાઓ કે સમસ્યાઓની રજૂઆત કરે તેવું વાતાવરણ પુરુ પાડવાનું છે અને સ્પષ્ટતાઓ પણ મેળવવાની છે. પ્રત્યાયનની કુશળતા સમાજકાર્યકર માટે ખૂબ જ મહત્ત્વની છે.

## 6.2 મુલાકાત કરવાની કુશળતા :

મુલાકાત એટલે ''વ્યક્તિ અને તેની પરિસ્થિતને જાણવા સમજવા માટે રૂબરૂ મળવું.''મુલાકાત એ સેવાર્થી અને સમાજકાર્યકર વચ્ચે સંભવે છે. જેમાં પ્રત્યાયન અભિપ્રેત છે. સેવાર્થી જ્યારે પોતાની કોઈ સમસ્યા કે સ્થિતમાં અસહાયતા અનુભવે છે. ત્યારે સમાજકાર્યકર મુલાકાત દ્વારા મદદરૂપ થવાનો પ્રયત્ન કરે છે. મુલાકાત દરમિયાને સેવાર્થી પોતાના પ્રશ્નો, સ્થિતિ, મૂઝવણો કાર્યકરને જણાવે છે. અને કાર્યકર સેવાર્થીને ધ્યાનતી સાંભળે છે. બન્ને વચ્ચે પ્રત્યાયન થાય છે. અને નિકટનો સબંધ બંધાય છે. મુલાકાત દ્વારા સેવાર્થીને કાર્યકર પ્રત્યે સમાનસિક સંતોષ થાય

છે. અને મદદની આશા બંધાય છે, પરિણામે એક કરતાં વધુ મુલાકાતો સંભવે છે. અને કાર્યકર ધીમે ધીમે સેવાર્થીની ગર્ભિત મૂંઝવણોને સમજવાનો પ્રયત્ન કરે છે. અને સેવાર્થીને પોતાની મૂંઝવણો જણાવવા પ્રેરણા પૂરી પાડે છે. તેમજ ભયજનક સ્થિતિમાં કાર્યકર સેવાર્થીને સહાનુભૂતિ અને હૂંફ પણ પૂરી પાડે છે. મુલાકાતને સફળ બનાવવા માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

(1) મુલાકાત માટે સાનુકૂળ સ્થળ હોવું આવશ્યક છે.

(2) શાંત, સગવડ અને આરામદાયી તેમજ સાનુકૂળ વાતાવરણ હોવું જરૂરી છે.

(3) યોગ્ય નિદાન પર પહોંચી શકાય તે માટે યોગ્ય ધ્યાન, યોગ્ય રસ અને મદદરૂપ થવાની સાચા દિલની લાગણી આવશ્યક છે.

(4) સેવાર્થી સાથેની વાતચીત દરમિયાન કે હાવભાવ વ્યક્ત કરતી વખતે કાર્યકરે વાતચીત પ્રવાહિતથામાં દાખલ ન થાય તે જોવું જોઈએ.

(5) કાર્યકરે મુલાકાત દરમિયાન પોતાનું વર્તન, રીત ભાત, અવાજનો સૂર કે પ્રત્યાયનની મુલાકાતમાં નકારાત્મક અસર ન થાય તે ધ્યાનમાં રાખવું જોઈએ.

### 6.3 અહેવાલ રાખવાની કુશળતા :

અહેવાલ રાખવાની કુશળતા એટલે, ‘‘સમાજકાર્યકરે સેવાર્થી સાથેની પ્રથમ મુલાકાતથી અંત સુધીની જે કાર્યપ્રક્રિયા કરી તેની નોંધ તૈયાર કરવી.’’ અહેવાલ ગુણવત્તાયુક્ત તૈયાર થાય તે માટે કેટલીક બાબતોની કાળજી રાખવી જરૂરી છે. લેખન કાર્ય સાદું, સ્પષ્ટ અને ચોક્સાઈ પૂર્વકનું હોવું જોઈએ. હેમ્લિલટનના શબ્દોમાં કહીએ તો ‘‘અહેવાલ સાદો, સ્પષ્ટ અને યથાશક્ય ટૂંકો હોવો જોઈએ.’’ અહેવાલ મુલાકાતની સંપૂર્ણ પ્રક્રિયાનું અર્થસભર અને વૈજ્ઞાનિક રીતે લખાયેલો હોવો જરૂરી છે. સમાજકાર્યકરે અહેવાલમાં મૂલ્યોલી બાબત પોતાના મનમાં પૂરે પૂરી સ્પષ્ટ હોવી આવશ્યક છે. અહેવાલને અસરકારક બનાવવા માટે ઉપરની બાબતો ધ્યાને રાખવી આવશ્યક છે.

અહેવાલ લેખનમાં સમાજકાર્યકરે સેવાર્થીની સમસ્યા કે સ્થિતિ સંદર્ભે પૂછાતા પ્રશ્નો જેમ કે કેમ ? શા કારણે ?, કેવી રીતે ?, કોણ ?, કયાં ? વગેરે મેળવેલી માહિતીની નોંધ સુવ્યવસ્થિત લેવાવી જોઈએ. તેમજ સેવાર્થીનું વર્તન વ્યવહાર, હાવભાવ, વલણો, મનોસ્થિતિ, લાગણી સહકારની ભાવના વગેરે બાબતોનું અહેવાલલેખનમાં વર્ણન કરવું આવશ્યક છે. તેમજ સમગ્ર સમસ્યા કે પરિવર્તનના સારરૂપ વેધક વિધાનોની રજૂઆત અહેવાલમાં અક્ષરશઃ કરવી જરૂરી છે. દા.ત. ઘરેલું હિંસા, કોઈ સ્ત્રી ઉપર તેના પતિ દ્વારા ભયંકર જૂલમનો ભોગ બની છે. મુલાકાત દરમિયાન તે જણાવે છે કે ‘‘આ કસાઈના ત્રાસમાંથી હવે છોડાવો’’ ‘‘હવે મારા પતિનો ત્રાસ સહન કરી શકુ તેમ નથી, મને તેના ત્રાસમાંથી નહી છોડાવો તો હું આત્મહત્યા કરી લઈશ.’’ વગેરે જેવા વિધાન મુલાકાતની પ્રક્રિયાની ચર્ચાનો સાર હોય છે.

## 15.6 સમાજકાર્યનું ભારતીયકરણ :

ભારતમાં સમાજકાર્યનો ઈતિહાસ ઘણો જૂનો છે પરંતુ વ્યાવસાયિક સમાજકાર્યનો ઉદ્‌ભવ અહીં ઘણો મોડો થયો છે. વ્યવસાય તરીકે સમાજકાર્યનો ઉદ્‌ભવ યુરોપ અમેરિકામાં થયો છે. ત્યાં ઉદ્‌ભવેલ વ્યાવસાયિક સમાજકાર્ય ભારતમાં ઘણા વર્ષો પછી ઉદ્‌ભવ્યો છે. વ્યવસાય તરીકે સમાજકાર્યની વિભાવના હજુ પણ પૂરી રીતે ભારતીય લોકોના દિલ-દિમાગમાં સ્વીકૃત થઈ નથી. જુદી જ સાંસ્કૃતિક - આર્થિક પૃષ્ઠભૂમિમાં ઉદ્‌ભવેલ સમાજકાર્યનું જ્ઞાન ભારતીય સંસ્કૃતિ સાથે કેટલું સુસંગત અને અસરકારક છે તે પ્રશ્નો પણ સમય જતાં ઊભા થવા લાગ્યા છે. વ્યવસાય તરીકે સમાજકાર્યના વ્યવહારના અનુભવોની આલોચના અનેક ભારતીય વિદ્વાનોએ કરી છે. તેઓએ વ્યવસાય સામે પડેલા પડકારોને ઓળખ આપી અને તે સંદર્ભમાં સમાજકાર્યનું ભાવિ જણાવ્યું.

ભારતમાં પણ સમાજકાર્યના અનેક વિદ્વાનોએ ભારતના સંદર્ભમાં વ્યાવસાયિક સમાજકાર્યને ખૂબ ઝીણવટથી જોઈ, મુલવી અને તેની આલોચના કરી છે. ભારતમાં સમાજકાર્યના શિક્ષણ અને વ્યવહાર વિષે અનેક વિદ્વાનોએ જે આલોચના કરી છે. તેના સામાન્ય મુદ્દાઓ આ પ્રમાણે છે. (1) અમેરિકન અસર : ભારતના સમાજકાર્યને અમેરિકન સમાજકાર્યના મોડેલ પ્રમાણે બનાવવામાં આવ્યું છે. (મંડાલ, નાગપાલ, મનોહર પવાર) મનોહર પવાર ઉમેરે છે કે ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્યની શરૂઆત ટાટા સમાજ શોધ સંસ્થામાં થઈ અને અહીંના મોટાભાગના સમાજકાર્યકરો અમેરિકામાં તાલીમ લઈને આવેલા હતા. આથી પાછા ફરી તેઓએ તે જ જ્ઞાન અને પધ્ધતિ અહીં લાગુ કર્યા. દેસાઈ તો ત્યાં સુધી કહે છે કે નવી સ્થપાયેલી સમાજકાર્યની શાળાઓ પણ ટાટા સમાજ શોધ સંસ્થાનને રોલ મોડેલ માની તેમનું અનુકરણ કરતી હતી.

મનોહર પવાર અને નાગપાલ કહે છે કે વ્યાવસાયિક સમાજકાર્યના સાહિત્યમાં અમેરિકન પુસ્તકોનું પ્રભુત્ત્વ વધુ છે. સ્તાનિક સંદર્ભમાં લખાયેલાં પુસ્તકો ઘણાં ઓછાં હોવાને કારણે ભારતીય સમસ્યાઓને અમેરિકન પાઠ્યપુસ્તકોને આધારે શીખવવામાં આવે છે. આજે પણ મોટા ભાગના સમાજકાર્યકરો આવું જ કરે છે.

ડૉ.મુરલીદેસાઈ કહે છે કે સમાજકાર્યનું સાહિત્ય ખાસ કરીને પશ્ચિમી દેશોમાંથી આવતું હોવાથી તે અંગ્રેજી ભાષામાં હોય છે અને ત્યાંના સંદર્ભમાં હોય છે. ભારતીય સમાજકાર્યનું સાહિત્ય પ્રાદેશિક સંદર્ભમાં અને પ્રાદેશિક ભાષામાં તથા પ્રાદેશિક પૂર્વાભૂમિકતા ધરાવતું હોવું જોઈએ. વૈશ્વિકરણ તથા કોમ્પ્યુટરના યુગમાં ભારતમાં વ્યાવસાયિક સમાજકાર્યના જ્ઞાનનો વિકાસ તથા પ્રચાર પ્રસાર ખૂબ જ નબળો છે. રાજકારણ, ભાષા અને વિચારોમાં રહેલ યુરો કેન્દ્રવાદના કારણે ભારતમાં સમાજકાર્ય તેના સંદર્ભથી જુદું પડ્યું છે.

વિદ્યાર્થીઓને વ્યવહાર દ્વારા શીખવવું વધુ જરૂરી છે. શિક્ષણનો આધાર વ્યવહારના પ્રયોગો થાય તે જરૂરી છે, જે હાલમાં થતું નથી.

સમાજકાર્યની વિચારધારાની વિરુદ્ધ કાર્ય કરે તેવા વિશેષીકરણ સમાજકાર્યમાં રાખવા ઘણું જ નુકશાનકારક છે. જેમકે મજૂર કલ્યાણ અને વ્યવસ્તાપનનો અભ્યાસક્રમ. છેવટે તો આવા અભ્યાસક્રમો કરી શોષણકર્તા માટે જ સમાજકાર્યકરે કાર્ય કરવું પડે છે, મજૂર માટે નહીં. (દેસાઈ, ગોરે, પવાર)

વ્યાવસાયિક સમાજકાર્યમાં વિકાસ માટે કાર્ય કરતાં હોય તેવાં રાષ્ટ્રીય સ્તરના સંગઠનોની કમી છે. Association of schools of social work in India (ASSWI) ને The Indian association of trained social workers ની સ્થાપના ઘણા વર્ષો પહેલાં થઈ હતી. પરંતુ દેસાઈ કહે છે આ સંગઠનો સક્રિય નથી. જેનું કારણ નેતૃત્વનો અભાવ. ઉત્સાહનો અભાવ અને એકરૂપતા સ્થાપિત કરવાનો અભાવ છે. આ બદાને કારણે આ વ્યાવસાયિક સંગઠનો કાર્યરત નથી.

પવાર કહે છે કે વર્ષોની મથામણ પછી Social Work education council bill પાર્લામેન્ટમાં 1993માં રજૂ કરવા તૈયાર થયું. પરંતુ આ બિલ સાથે કેટલાંક વ્યાવસાયિકોના હિતો મળતાં ન હોવાથી વર્ષો સુધી તેના પર નિર્ણય ન થયો, પેન્ડીંગ રહ્યું.

સમાજકાર્યની કૉલેજો વધુ પ્રમાણમાં શહેરી વિસ્તારમાં જ ફેલાયેલી છે. (ક્રોસ, પવાર, પિક્ટોન, યુજીસી રીપોર્ટ) ઉત્તર અને ઈશાન ભારતમાં સમાજકાર્ય શિક્ષણ અને તાલીમ ઘણાં ઓછાં છે. પવાર કહે છે કે ભારતની 70% વસ્તી ગામડામાં વસતી હોવા છતાં 100 સમાજકાર્યની શાળામાંથી માત્ર ચાર ગ્રામ્ય વિસ્તારમાં છે. જેને ઘણી ગંભીર બાબત ગણવી જોઈએ.

સમાજકાર્ય ભણાવનાર શિક્ષક અને સમાજકાર્યનો વ્યવહાર કરનાર સમાજકાર્યકર વચ્ચે કોઈ સબંધ નથી. શિક્ષક અને સમાજકાર્ય સાથે સબંધિત સરકારી આયોજનના ખાતા, પ્રવૃત્તિ અને કાર્યક્રમો વચ્ચે સંકલન નથી, તેમાં કેટલાંક અપવાદ હોઈ શકે છે. સમાજકાર્યના શિક્ષકો સરકારી કાર્યક્રમોના અમલીકરણ તેમજ મૂલ્યાંકન માટે જોડાણ કરતા નથી, આયોજનના સ્તરે પણ નહિ. ખરેખર તો સમાજકાર્યકરે સમાજનો અવાજ સરકારમાં અસરકારક રીતે રજૂ કરવો જોઈએ.

સમાજકાર્યની જુદી જુદી પેઢી વચ્ચે ભેદ જોવા મળે છે. ખાસ કરીને વ્યવસાયમાં આવેલા નવા અને યુવાન વ્યાવસાયિકોને દબાવી દેવામાં આવે છે.

પ્રો. ગંગરાડે કહે છે કે સમાજકાર્ય વિભાગના અધ્યક્ષ તરીકે સમાજકાર્યની ડિગ્રી ન ધરાવતી વ્યક્તિઓની નિમણૂંક થતી હોવાથી વ્યવસાયને ઘણું નુકશાન થયું છે. કેટલીક કૉલેજોમાં તો કાયમી શિક્ષકો પણ નથી, તેઓ અસ્થાયી આમંત્રિત શિક્ષકોથી કામ ચલાવે છે.

## 15.7 સારાંશ :

આચારસંહિતા મૂલ્યો, સિદ્ધાંતો અને ધોરણોને વ્યાખ્યાયિત કરે છે જે સમાજકાર્ય પ્રથાને પ્રેક્ટિસને માર્ગદર્શન આપે છે. સમાજકાર્યકરો વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરે છે અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવા માટે વિવિધ ભૂમિકાઓ ભજવે છે. વ્યાવસાયિક સમાજકાર્યમાં પ્રેક્ટિસ કરવા માટે સમાજકાર્યકર ઉચ્ચ દરજ્જાની કુશળતા હોવી આવશ્યક છે કારણ કે કુશળતા સમાજકાર્યકરોને અસરકારક વ્યવસાયી બનાવવામાં મદદ કરે છે. આ એકમ આચારસંહિતા, કુશળતા અને સમાજકાર્યકરની ભૂમિકાઓ વિશે વિગતવાર માહિતી પ્રદાન કરે છે. આનું સંપૂર્ણ જ્ઞાન વિદ્યાર્થી સમાજિક કાર્યકરને તેમના ક્ષેત્ર કાર્ય કરવા અને અસરકારક વ્યાવસાયિક સમાજકાર્યકર બનવા માટે મદદરૂપ થશે.

## 15.8 તમારી પ્રગતિ ચકાસો :

(1) કુશળતા કેમ વ્યાવસાયિક સમાજકાર્યકર માટે મહત્ત્વપૂર્ણ છે. તમારા શબ્દોમાં સમજાવો.

(2) વ્યાવસાયિક સમાજકાર્યકરની 'ભાવિ કુશળતા'શું હોઈ શકે છે. તેના વિશે વર્ણન કરો.

(3) શું તમને લાગે છે કે સમાજકાર્યકર માટે લેખન કૌશલ્ય મહત્ત્વપૂર્ણ છે. જો હા, તો તે વિસ્તૃત કરો.

(4) તમારા ગ્રામીણ ક્ષેત્રના કાર્ય દરમિયાન તમે એક સમાજકાર્યકર તરીકે કઈ ભૂમિકાઓ ભજવી છે ? ઉદાહરણો આપીને સમજાવો.

(5) સમાજકાર્યની આચારસંહિતાનું વિસ્તૃત વર્ણન કરો.

## 15.10 સંદર્ભ સૂચિ :

(1) સમાજકાર્ય - ડૉ. નેહલ બી. ત્રિવેદી - નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.

(2) ચાવડા ગીતા, (સપ્ટેમ્બર-2010) : "વ્યાવસાયિક સમાજકાર્ય" લોક પ્રકાશક રતનપુર - બનાસકાંઠા, લોક પ્રકાશન.

(3) પટેલ આનંદી, (જુલાઈ-2009) : "વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો" વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ.

(4) सुदन कृपालसिंह, (२००८), "समाजकार्य सिद्धांत एवं अध्ययन", रिया बुक डीपो, लखनौ.

(5) સમાજકાર્યના ક્ષેત્રો - ડૉ.નેહલ બી. ત્રિવેદી - સાઈન પબ્લિકેશન - લુણાવાડા.

(6) सिंह सुरेन्द्र और मिश्र पी.डी., (२०१०), "समाजकार्य इतिहास" दर्शन व प्रणालिका, न्यू रोयल बुक कंपनी, लखनौ.

(7) तेज, संगीता, (२००६), "समाजकार्य", संगीता तेज निर्देशक जुबली, एव्व्या फाउण्डेशन, लखनौ.

(8) પાણ્ડેય વાલેશ્વર, (2013) समाजकार्य सिद्धांत एवं पद्धतिओ, रावत पब्लिकेशन.

******************

# એકમ-16
# સમાજકાર્ય શિક્ષણનો ઈતિહાસ : ક્ષેત્રકાર્યની જરૂરિયાત અને મહત્ત્વ

રૂપરેખા :-


**16.1** ઉદ્દેશ્યો

**16.2** પ્રસ્તાવના

**16.3** વિષય પ્રવેશ

**16.4** સમાજસેવાનું સ્વરૂપ

**16.5** સમાજકાર્યના કાર્યો

**16.5.1** ઉપચારાત્મક કાર્યો

**16.5.2** અટકાયતી કાર્યો

**16.5.3** વિકાસનું કાર્ય

**16.5.4** પુનઃસ્થાપનનું કાર્ય

**16.5.5** સમાજ પુનઃનિર્માણ

**16.5.6** સમાજ પરિવર્તનનું કાર્ય

**16.6** સમાજકાર્યના મૂલ્યો

**16.7** સમાજકાર્ય અંગેની ગેરમાન્યતાઓ

**16.7.1** સમાજકાર્ય દાન વિતરણ પ્રવૃત્તિ

**16.7.2** સમાજકાર્ય તરીકે શ્રમદાન

**16.7.3** નેતાગીરીના કાર્યને સમાજકાર્ય ગણવું

**16.7.4** સમાજસેવાની સંસ્થામાં કામ કરવું એ સમાજકાર્ય

**16.8** સમાજકાર્યમાં શિક્ષણનો ઈતિહાસ

**16.9** સમાજકાર્ય શિક્ષણના તબક્કાઓ

**16.9.1** આરંભનો તબક્કો

**16.9.2** સબંધ સ્થાપનની કુશળતા

**16.9.3** હેતુ વર્ણવવાની કુશળતા

**16.9.4** સેવાર્થીની ભૂમિકા નિર્ધારિત કરવાની કુશળતા

**16.9.5** પ્રતિપુષ્ટી મેળવવાની કુશળતા

**16.10** સમાજકાર્ય એક વ્યવસાયના સ્વરૂપમાં

**16.11** સમાજકાર્યના જ્ઞાન-શિક્ષણનો વિકાસ

16.11.1 ઈ.સ. 1920 પહેલા

16.11.2 દાન સંગઠન સંઘ

16.11.3 ઈ.સ. 1976-1995

16.12 સમાજકાર્ય શિક્ષણ દ્વારા સમાજમાં આવેલા જ્ઞાતિના લક્ષણો.

16.12.1 જુદા જુદા ખંડોમાં વિભાજન

16.12.2 કોટીક્રમ

16.12.3 સમાજ વ્યવહાર અંગના નિયંત્રણ

16.12.4 લગ્ન પરના નિયંત્રણ

16.12.5 વર્તમાન સમયમાં કુટુંબમાં આવેલું પરિવર્તન

16.13 ક્ષેત્રકાર્યનું મહત્ત્વ

16.14 ક્ષેત્રકાર્યના ઉદ્દેશ્યો

16.15 ક્ષેત્રકાર્યની તાલીમ

16.16 સેવાકાર્યના વિવિધ ક્ષેત્રો

16.17 ક્ષેત્રકાર્યમાં તકનીકી સાધનોનું મહત્ત્વ

16.18 ક્ષેત્રકાર્યમાં હોસ્પિટલ કક્ષાએ સમાજકાર્ય

16.19 ક્ષેત્રકાર્યમાં સમાજકાર્યકરની ભૂમિકા

16.19.1 મધ્યસ્થી તરીકેની ભૂમિકા

16.19.2 સમર્થકર્તા

16.19.3 સલાહકાર તરીકેની ભૂમિકા

16.19.4 શિક્ષક તરીકેની ભૂમિકા

16.20 સારાંશ

16.21 તમારી પ્રગતિ ચકાસો

16.22 સંદર્ભ સૂચિ


## 16.1 ઉદ્દેશ્યો :

વિદ્યાર્થી મિત્રો આ એકમના અભ્યાસ બાદ તમે…

- સમાજના જરૂરિયાતવાળા લોકો સુધી સમાજકાર્ય કરી શકાય તે જાણશો.
- સમાજમાં લોકો અને સમુદાયની સમસ્યા જાણી શકશો.
- સમાજકાર્યના કાર્યો વિશે જાણશો.
- સમાજકાર્યના ગેરમાન્યતાઓ વિશે માહિતી પ્રાપ્ત કરશો.
- સમાજકાર્યના વિવિધ શિક્ષણના તબક્કાઓ વિશે જાણકારી મેળવશો.
- સમાજકાર્ય શિક્ષણ દ્વારા સમાજમાં આવેલા પરિવર્તન વિશે સમજશો.

## 16.2 પ્રસ્તાવના :

સમાજકાર્ય એ વ્યવસાયિક સેવા છે જે માનવ વર્તનના આધારે સમસ્યાનું સમાધાન કરી જીવનમાં સમૃદ્ધિ લાવવા માટે પ્રયત્નશીલ રહે છે. સમાજ અને માનવી એક સિક્કી બે બાજુઓ છે. સમાજ માનવીને સમાજ વાતાવરણ, કુટુંબ અને અસ્તિત્ત્વ પ્રદાન કરે છે. આ સમાજમાં વિવિધ સમાજ સમસ્યાઓ જોવા મળે છે. સમાજ સમસ્યાઓ વ્યક્તિ માટે તેમજ સમાજ વિકાસ માટે અવરોધરૂપ બને છે. સમયાંતરે દરેક સમાજે વ્યક્તિની સહાયતા માટે અને સમસ્યાઓના નિરાકરણ મટે પ્રયત્ન કર્યો છે. આ પ્રયત્નના ભાગરૂપે સમાજકાર્યને એક મહત્ત્વની કડી ગણી શકાય છે. સમાજકાર્ય એ સમાજ સમાયોજનના માર્ગમાં આવતી મનોસમાજ સમસ્યાઓ અને તેના નિરાકરણ માટે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ તેમજ વૈજ્ઞાનિક પધ્ધતિોનો ઉપયોગ કરે છે. પહેલાંના સમયમાં સેવાભાવ અને સદ્‌ભાવનાને મદદ કરવા માટેના આવશ્યક તત્ત્વો માનવામાં આવતાં હતા. પરંતુ સમાજ અને આર્થિક વ્યવસ્થામાં આવેલા પરિવર્તનની સાથે સમાજસેવાના સ્વરૂપમાં પરિવર્તન આવ્યું છે અને સમાજકાર્યનો ઉદ્‌ભવ થયો છે.

- **ફીંક (1942) :** ''સમાજકાર્ય સેવાઓનું એવું વિજ્ઞાન છે કે જે વ્યક્તિને વ્યક્તિગત અથવા સામૂહિક સ્વરૂપમાં વર્તમાન અથવા મનોસમાજ અડચણોના નિવારણમાં સહાયતા કરે છે, જે એને સમાજમાં પૂર્ણ અથવા પ્રભાવપૂર્ણ રૂપથી ભાગ લેતાં અટકાવે છે.''
- **ક્લાર્ક (1940) :** ''સમાજકાર્ય જ્ઞાન અને કુશળતાના સમન્વય વ્યવસાયિક સેવા છે. વ્યક્તિની સમસ્યામાં મદદરૂપ બને છે અને તેમનામાં પડેલી ઉથ્તમમાં ઉત્તમ શક્તિઓનો વિકાસ કરવાનું કાર્ય કરે છે.''
- **નેશનલ એસોસિયેશન ઓફ સોશ્યલ વેલ્ફેર (1973) :** ''સમાજકાર્ય વ્યક્તિઓ, જૂથો અથવા સમુદાયની સમાજ ક્રિયાશીલતાઓને અનુકૂળ બનાવવામાં મદદ કરવાની એક વ્યવસાયિક પ્રક્રિયા છે. માનવ વિકાસ અને વર્તન માટે સમાજ, આર્થિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ વચ્ચેની આંતરક્રિયાનું જ્ઞાન હોવું જરૂરી છે.''

## 16.3 વિષય પ્રવેશ :

ભારતીય સમાજમાં પ્રાચીન કાળથી સમાજસેવાનું તત્ત્વ જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં દાન, બંધુતા, બીજાને જરૂરીયાતના સમયમાં મદદ કરવી, ભૂખ્યાને ભોજન, ભિક્ષુકોને ભિક્ષા, શરણાગતને શરણ આપવું આ તમામ પાસાઓ ભારતીય લોકજીવનનાં મહત્ત્વના અંગો રહ્યા છે. પરંતુ સંસ્થાગત રીતે સમાજકાર્યનો ઉદ્‌ભવ ઘણો જ મોડો શરૂ થયો. જરૂરીયાતમંદોને મદદ કરવી એ ભારતીય સમાજની પરંપરા છે. વર્તમાન સમયની માફક જ પ્રાચીન સમયમાં ભિક્ષુકોને ભિક્ષા, નિર્ધનને સહાયતા વગેરે કાર્યો કરવામાં આવતા હતા. આ તમામ કાર્યો પાછળ મોક્ષ, કર્મ અને ધર્મની ભાવના જોવા મળતી હતી. શિક્ષણ એ સમાજકાર્યનો પ્રાથમિક હેતુ છે. શિક્ષણથી વ્યક્તિ સાચા-ખોટાની પરખ કરી શકે અને શિક્ષણ લેવાથી સાચો નિર્ણય લઈ શકે છે. સમાજકાર્યમાં ક્ષેત્રકાર્ય સમાજ પરિવર્તનને માનવ સબંધોમાં થતા ઉકેલના નિરાકરણ અને સુખાકારીમાં સહયોગ કરવાનું કાર્ય કરે છે. સમાજકાર્ય માનવવર્તન અને સમાજ તંત્રના સિદ્ધાંતોના ઉપયોગ દ્વારા દરમિયાનગીરી કરે છે. સમાજકાર્યમાં મદદ કાર્યકર થકી તે વ્યક્તિ કાર્યકર જૂથ કાર્યકર કે સામુદાયિક કાર્યકર હોય તે મદદ કરનાર છે. ક્ષેત્રકાર્યમાં એ જરૂરી છે કે સેવાર્થી બાહ્ય મદદ લેવા માટે તૈયાર હોય છે. ક્ષેત્રકાર્યના આધારે વ્યક્તિ જૂથ એ સમુદાયની આવશ્યકતાઓનો

ખ્યાલ પ્રાપ્ત કરી શકાય છે. દરેક માનવીને અન્ન, રહેઠાણ, કપડાં ઉપરાંત કેટલીક બીજી આવશ્યકતાઓ જેવી કે સેવાર્થી બાહ્ય મદદ લેવા માટે તૈયાર હોય છે. ક્ષેત્રકાર્યના આધારે વ્યક્તિ જથ એ સમુદાયની આવસ્યકતાઓનો ખ્યાલ પ્રાપ્ત કરી શકાય છે. દરેક માનવીને અન્ન, રહેઠાણ, કપડાં ઉપરાંત કેટલીક બીજી આળશ્યકતાઓ જેવી કે પ્રેમ, સલામતી, જ્ઞાનપ્રાપ્તિ વગેરે હોય છે. કેટલાક સંજોગોને કારણે દેશના બધા લોકો તે પ્રાપ્ત કરી શકતા નથી પરિણામે તે સમસ્યાનું રૂપ દારણ કરે છે. સમાજકાર્યનો ક્ષેત્ર કાર્ય દ્વારા કાર્યકર અને સેવાર્થી વચ્ચેનો સબંધ બંધાય છે. સમાજકાર્યકર ક્ષેત્રકાર્યના આધારે સમાજમાં રહેતા માનવ અને તેમાં વ્યવહાર અંગેની ઊંડી સમજણ પ્રાપ્ત કરી શકે છે. જુદા જુદા ક્ષેત્રમાં જુદી જુદી સંસ્થા અને સમાજકાર્ય સબંધી સેવાઓ આપવા માટે શિક્ષણ પ્રાપ્ત કાર્યકર્તાની નિમણૂંક કરે છે. આમ વિવિધ સંસ્થાઓની હોય છે. સરકારી સંસ્થા દરેક વિવિધ ક્ષેત્રોમાં પદ્ધતિ નિયમો પ્રમાણે પોતાનું કાર્ય કરે છે.

## 16.4 સમાજસેવાનું સ્વરૂપ :

- સમાજકાર્યને વ્યવસાયિક સેવા કહેવામાં આવે છે. જેમાં માત્ર વૈજ્ઞાનિક નહી પણ નિપુણતા અને અનુભવ પર આધાર રાખવામાં આવે છે.
- સમાજકાર્યનો આધાર માનવીના વ્યવહાર અને તે વ્યવહારમાં આવતા પરિવર્તન પર છે.
- સમાજકાર્ય જેને સેવા આપવામાં આવે તે વ્યક્તિ, જૂથ કે સમુદાયના અવલંબન પર ભાર મુકવામાં આવે છે.
- સમાજકાર્ય વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે અને વ્યક્તિ અને તેના વાતાવરણ વચ્ચે ઉભા થતા સંઘર્ષને નિવારવા પ્રયત્ન કરે છે.
- સમાજકાર્યમાં માનવીની મદદ કરવાની હોય છે માટે તે માનવીના આર્થિક, સમાજ, માનસિક વાતાવરણને સમજવા માટે બીજા શાસ્ત્રોની પણ મદદ લેવામાં આવે છે.
- વ્યક્તિ, જૂથ કે સમુદાયની જરૂરિયાતો પૂરી પાડવા સમાજકાર્યમાં વ્યવસ્થિત તંત્ર ઉભું કરવામાં આવે છે.
- સમાજકાર્ય મારફતે માત્ર સમસ્યાઓને ઉલજાવવા માટે જ નહી પણ સમસ્યાઓને થતી અટકાવવા સાવચેતીના પગલાં પણ લેવામાં આવે છે. સમાજકાર્ય એ વ્યક્તિ અને જૂથનું અસ્તિત્ત્વ ટકાવવાનું કાર્ય કરે છે.
- સમાજકાર્ય એક વ્યવસાય છે જે વ્યવસાયિક સેવા પૂરી પાડે છે.
- સમાજકાર્ય પાસે વિશિષ્ટ જ્ઞાન અને માનવવર્તન સાથે વ્યવહાર કરવા માટેની વિવિધ પ્રયુક્તિઓનો સમાવેશ થાય છે.
- સમાજકાર્યનો મુખ્ય ઉદ્દેશ વ્યક્તિ, જૂથ અને સમુદાયને સ્વાવલંબી બનાવવાનો છે. સમાજકાર્ય સમાયોજન પર ભાર મૂલ્યો છે.
- સમાજકાર્ય લોકોની જરૂરિયાતોને ઓળખી અને તે જરૂરિયાતોની પૂર્તિ માટેના સંસાધનોનું પણ સંકલન કરે છે.
- સમાજકાર્ય ફક્ત પ્રશ્નોનું સમાધાન કરતુ નથી પરંતુ ભવિષ્યમાં પણ સમાન પ્રશ્નો ન ઉદ્દ્ભવે તે અંગે પણ ખ્યાલ રાખે છે.

- સમાજકાર્ય સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્ત્વ જેવા લોકશાહીના મૂલ્યોમાં વિશ્વાસ ધરાવે છે.
- ભૌતિક સહાયતા આપવાનું કાર્ય કરે છે.
- સમાયોજન સ્થાપિત કરવામાં સહાય પ્રદાન કરવાનું કાર્ય કરે છે.
- માનસિક સમસ્યાઓનું સમાધાન કરવાનો ઉદ્દેશ્ય આપવાનું કાર્ય કરે છે.
- નબળા વર્ગના લોકોને સારા જીવનદોરમ માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.

## 16.5 સમાજકાર્યના કાર્યો :

ઔદ્યોગિક ક્રાંતિ પછી સમસ્યાઓનું સ્વરૂપ બદલાયું. નવી ઉભી થયેલી મનોસમાજ સમસ્યાઓ માટેના ઉકેલો પણ શોધતા ગયા. સમાજવિજ્ઞાનો અને સમાજકાર્યના જ્ઞાનના વિકાસથી આ સમસ્યાઓને જોવાનો દ્રષ્ટિકોણ અને તેના ઉકેલની રીતો પણ બદલાતી ગઈ છે. શરૂઆતમાં વ્યક્તિને તાત્કાલિક રાહત પૂરી પાડવાનું કાર્ય થતું.

### 16.5.1 ઉપચારાત્મક કાર્યો :

સમાજકાર્યકર દ્વારા થતા આવા કાર્યો સમસ્યાગ્રસ્ત વ્યક્તિ, સમૂહ કે સમુદાયને તાત્કકાલિક રાહત આપે છે. એમાં સેવાર્થીની સમસ્યા સમજી એનું નિદાન કરી તેનો ઉપચાર કરવાનો પ્રયત્ન થાય છે. દા.ત. એક સ્ત્રી જે એઈડ્સગ્રસ્ત છે જેને કુટુંબે તરછોડી દીધી છે. આવી વ્યક્તિને આશ્રય અપાવવો. તેની જરૂરિયાતો પૂરી કરવા વ્યવસ્થા કરવી અને તેની સાથે પરામર્શ કાર્ય કરવું જેને ઉપચારાત્મક કાર્ય કહીએ છીએ. વ્યક્તિ પોતાના વ્યક્તિત્ત્વના કારણે કે અન્ય તંત્રોની ખામીને કારણે મુશ્કેલીમાં હોય છે અને પોતાની જાતને નિઃસહાય સમજે છે; ત્યારે સમાજકાર્યકર તેના વ્યક્તિત્ત્વની ત્રુટીઓને સુધારવા પ્રયત્ન કરે છે. જો કોઈ તંત્રોની ખામીની કારણે તે સમસ્યાગ્રસ્ત બન્યો છે તો તે તંત્રમાં સુધારણા કરવાનો પ્રયત્ન કરે છે.

### 16.5.2 અટકાયતી કાર્ય :

કોઈપણ સમસ્યા ઉભી થયા પછી તેનો ઉપચાર કરવો એ જરૂરી છે. કારણ કે સમસ્યાગ્રસ્ત વ્યક્તિ, જૂથ કે સમુદાયને તે સ્થિતિમાંથી મુક્ત કરાવવી તે સમાજની જવાબદારી બને છે. આવી સમસ્યાનો ભોગ બનેલા લોકોએ ઘણી યાતનાઓ ભોગવવી પડે છે અને ઘણું ગુમાવવું પડે છે. આમ આવી કોઈ સમસ્યાઓ કે સમુદાયને માટે એવી કઈ પરિસ્થિતિઓ કે પરિબળો છે જે તેમને માટે સમસ્યા ઊભી કરે છે. તેને શોધીને એને દૂર કરવાનો કે આવી સ્થિતિ કે પરિબળોને ઉદ્ભવતા જ અટકાવવાનો પ્રયત્ન કરવો એટલે જ અટકાયતી કાર્ય.

### 16.5.3 વિકાસનું કાર્ય :

સમાજકાર્યકર વિકાસનું કાર્ય ત્યારે કરી શકે જ્યારે વિકાસનો ખ્યાલ સ્પષ્ટ હોય. કોઈ વ્યક્તિના સંદર્ભમાં તેનો વિચાર કરીએ તો તેની ક્ષમતાઓમાં અને જીવનની ગુણવત્તામાં વધારો કરવો એટલે વિકાસ. સમાજના સંદર્ભમાં વિચાર કરીએ તો સમાજના લોકોની ક્ષમતાઓમાં અને જીવનની ગુણવત્તાઓમાં વધારો કરવો એટલે વિકાસ. સમાજના સંદર્ભમાં વિચાર કરી તો સમાજના લોકોની ક્ષમતાઓમાં અને જીવનની

ગુણવત્તાઓમાં વધારો કરવો એટલે સમાજનો વિકાસ. વિકાસ એ લોકોના ભૌતિક અને નાણાકીય પાસાઓ ઉપરાંત અન્ય પાસાઓને આવરી લે છે. માત્ર આર્થિક વૃદ્ધિ એ વિકાસ નથી, દેશના મોટાભાગના લોકો જીવનની ગુણવત્તામાં સુધારો એ વિકાસ મૂળભૂત તત્ત્વ છે.

### 16.5.4 પુનઃસ્થાપનનું કાર્ય :

સમાજકાર્યમાં સમાજકાર્યકર એવા સમસ્યાગ્રસ્ત વ્યક્તિ, જૂથ કે સમુદાય સાથે કાર્ય કરે છે. જેઓ વ્યક્તિત્વ કે પર્યાવરણના કેટલાક પરિબળોની અસરને કારણે કુસમાયોજિત થયા હોય છે કે સ્થિતિનો ભોગ બન્યા હોય છે. જેને પરિણામે તેઓનું સામાન્ય જીવન ખોરવાયું હોય છે. તેમનું ભૌતિક અને સમાજ જીવન પૂર્વવત બને તે માટે સેવાર્થીને અસરકર્તા પરિબળોમાંથી બહાર કાઢવાનું અને પૂર્વવત જીવનમાં ફરીથી લઈ આવવાનુ કાર્ય સમાજકાર્યકરે કરવાનું છે. કૌટુંબિક સંઘર્ષને કારણે કે કોઈ કુદરતી કે માનવસર્જિત આપત્તિઓને કારણે વ્યક્તિ, જૂથ કે સમુદાય પોતાની ભૌતિક વ્યવસ્થાઓ ગુમાવે છે. અન્ન, આવાસ, રોજગારી તથા અન્ય પ્રાથમિક જરૂરિયાતોની પૂર્તિ કરતી તમામ સુવિધાઓથી તે વંચિત બને છે. સેવાર્થીની આ જરૂરિયાતો માટે સ્વૈચ્છિક અને સરકારી સેવા સંસાધનોનો લાભ અપાવવાનું કાર્ય તે પુનઃવસનનું કાર્ય છે. બીજું આવી સ્થિતિમાં વ્યક્તિ, જૂથ કે સમુદાય સમાજ, સાંસ્કૃતિક જીવનથી વંચિત બને છે. ત્યારે મનોસમાજ સેવાઓ અને વ્યવસ્થાઓનું સર્જન કરીને અસરગ્રસ્તોનું પુનઃસ્થાપન કરવાનો પ્રયત્ન કરવો જરૂરી બને છે.

### 16.5.5 સમાજ પુનઃનિર્માણ :

સમાજ પુનઃનિર્માણ એટલે કોઈ ચોક્કસ પ્રકારના સમાજની સંકલ્પના કરીને તેને અનુરૂપ વિચારો, મૂલ્યો, સંસ્થાઓ અને તેના કાર્યોને સ્થાપિત કરવા. સમાજ પરિવર્તન એ સમાજ મૂલ્યો અને સમાજ વ્યવહારોમાં બદલાવ છે. જ્યારે સમાજ પુનઃનિર્માણ એ વિચાર ઘડતર, મુલ્યઘડતર, સંસ્થાઘડતરનું કાર્ય છે. સમાજની આ નવરચનાની જરૂરિયાતનો અંદાજ અને તેના માટેની દ્રષ્ટિ સમાજકાર્યકરમાં હોવી જોઈએ. એમાં સમાજની વર્તમાન સ્થિતિને બરોબર સમજવી અને લાંબાગાળે કેવો સમાજ જોઈએ છે તેની કલ્પના હોય છે. પુનઃનિર્માણના કાર્ય માટે સમાજની વાસ્તવિકતાઓ અને સમસ્યાઓ ઊંડી સમજ અને નવા સમાજની કલ્પના કરીને તેને સાકાર કરી શકે તેવા સમાજકાર્યકરોની આપણા દેશમાં થાતી જરૂરીયાત છે. તેને માટે એ પ્રકારના સમાજકાર્યના શિક્ષણ ઉપર ભાર મૂલ્યોવો જરૂરી બને છે.

### 16.5.6 સમાજ પરિવર્તનનું કાર્ય :

સમાજકાર્યકરે વ્યક્તિની જરૂરિયાતો પુરી કરવાની છે અને વ્યક્તિની અપૂર્ણ જરૂરિયાતો માટે કારણરૂપ સ્થિતિમાં પરિવર્તન લાવવાનું છે. આમ સમાજકાર્યમાં વ્યક્તિ અને તેના પર્યાવરણમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન થાય છે. સમાજશાસ્ત્રી સી.રાઈટ મિલ્સ આ બંને પ્રકારની જરૂરીયાતને અંગત મુશ્કેલી અને જાહેર મુદ્દાઓ તરીકે જુએ છે. અંગત મુશ્કેલીઓ વ્યક્તિ અને તેની નજીકના લોકો સાથેના સબંધોમાં કામ કરવામાં આવે છે. જ્યારે જાહેર મુદ્દાઓમાં બૃહદ પર્યાવરણ સાથે કાર્ય કરવામાં આવે છે.વ્યક્તિની જરૂરિયાતો સંતોષાતી નથી ત્યારે સમાજના બૃહદ તંત્રમાં એવા કયા મુલ્યો, વિચારધારાઓ, સંસ્થાઓ છે જે વ્યક્તિની જરૂરિયાતને પૂરી કરવામાં વિઘ્નરૂપ / નડતર રૂપ હોય છે, તેમાં પરિવર્તન લાવવાનું કાર્ય સમાજકાર્યકરે કરવાનું હોય છે. સમાજના

લોકોમાં આ મૂલ્યો અને સમાજ વ્યવહારો વ્યક્તિની જરૂરિયાતો પૂરી કરવામાં અવરોધક બને છે. દા.ત. સમાજકાર્યકર ગરીબ વ્યક્તિ સાથે કાર્ય કરે છે ત્યારે અન્ન, વસ્ત્ર, રહેઠાણ જેવી તેની તત્કાલીન જરૂરિયાતો પૂરી કરવા પ્રયત્ન કરે છે. જો આવી વ્યક્તિને તેના કુટુંબીજનોએ ત્યજી દીધી છે તો સમાજકાર્યકર તેમના સબંધોમાં સુધારો લાવવાનો પ્રયત્ન કરે છે. પરંતુ આવી વ્યક્તિ કે કુટુંબ કેમ ગરીબ છે તેના કારણોની શોધ કરી તેના માટે જ્યારે સક્રિય બને છે ત્યારે તે બૃહદ સમાજમાં પરિવર્તન માટે કાર્ય કરે છે. સમાજ પરિવર્તન માટે જરૂર પડે તો સમાજકાર્યકર સમાજ નીતિ અને કાયદાઓ ઘડવાનું કાર્ય કરે છે.

## 16.6 સમાજકાર્યના મૂલ્યો :

- માણસની મહત્તા અને ગરિમા
- માણસના સ્વભાવમાં પૂર્ણ માનવીય વિકાસની ક્ષમતા.
- મતભેદો માટે સહનશીલતા
- મૌલિક માનવીય જરૂરીયાતોની સંતુષ્ટિ
- સ્વતંત્રતામાં વિશ્વાસ
- આત્મનિર્દેશન
- અનિર્ણયાત્મક પ્રવૃત્તિ
- રચનાત્મક સમાજ સહયોગ
- કાર્યનું મહત્ત્વ
- વ્યક્તિની યોગ્યતા અને ગરિમા પર વિશ્વાસ
- જરૂરિયાતો અને જરૂરિયાતોની પૂર્તિ માટેના સાધનો નક્કી કરવાનો અધિકર.
- આત્મવિશ્વાસ પુનઃજીવિત કરવો.
- સામૂહિક પ્રયત્નોનો વિકાસ.
- કલ્યાણના કાર્યોને માન્યતા પ્રદાન કરવી
- દરેક માટે સમાન વિકાસની તક
- વ્યક્તિ, પરિવાર તથા સમાજ પ્રત્યે જવાબદારી
- પ્રત્યેક વ્યક્તિ મૂલ્યવાન છે.
- માનવીય વર્તન વ્યક્તિ અને વાતાવરણ વચ્ચેની આંતરક્રિયાનું પરિણામ છે.
- માનવ સ્વભાવગત રીતે વિવેકપૂર્ણ કાર્ય કરતો નથી.
- જન્મ સમયે વ્યક્તિ સમાજ હોય છે.
- પ્રત્યેક વ્યક્તિ એકબીજાથી ભિન્ન છે.
- માનવીય પ્રેરણા જટિલ અને અસ્પષ્ટ હોય છે.

- શીખવાની પ્રક્રિયામાં અનુભવ જરૂરી છે.
- કાઉન્સિલ ઓફ સોશ્યલ વર્ક એજ્યુકેશને સમાજકાર્યના દરેક સ્તરે જોવા મળતા મૂલ્યો શોધીને જણાવ્યા છે.
- વ્યક્તિના મોભા અને યોગ્યતાને માન, સેવાર્થીની ભાગીદારીને પ્રોત્સાહન, વિસ્વનીયતા, ગોપનીયતા અને પ્રમાણિકતા દાખવવી, મતભેદોને જવાબદારીપૂર્વક ઉકેલવા.
- વ્યક્તિની સક્રીય ભાગીદારીને પ્રોત્સાહિત કરવી અને તે પોતાના નિર્ણયો પોતે લે તેવા હકને સમર્થન આપવું.
- સેવાર્થીને મદદરૂપ થઈ શકે તેવા જરૂરી સંસાધનો મેળવી આપવામાં મદદ કરવી.
- સમાજ સંસ્થાઓ માનવીય હોય તથા માનવીય જરૂરિયાતો તરફ જવાબદાર હોય તેનું ધ્યાન રાખવું.
- પ્રત્યેક વ્યક્તિનો સ્વીકાર કરવો.
- સમાજકાર્યકરે આચારસંહિતા અનુસાર વર્તન કરવું તેમજ પોતાના કાર્યની ગુણવત્તા માટે અને સતત વ્યાવસાયિક વિકાસ માટે કામ કરવું.

## 16.7 સમાજકાર્ય અંગેની ગેરમાન્યતાઓ :

### 16.7.1 સમાજકાર્ય દાન વિતરણ પ્રવૃત્તિ :

આ એક રૂઢીગત ખ્યાલ છે. જે લોકો વિવિધ પ્રકારના પ્રશ્નોથી પીડાય છે તેનું ધ્યાન રાખવું અને રક્ષણ કરવું એ માણસની ધાર્મિક ફરજ ગણવામાં આવી હતી. ભારતીય સમાજમાં દાન વિતરણની પ્રવૃત્તિને મોક્ષ માટેનો માર્ગ ગણવામાં આવે છે. વર્તમાન સમયમાં પણ એ માન્યતા છે કે ગરીબોને દાન આપવું એ સમાજ કલ્યાણનું કાર્ય કહેવાય છે. દાન વિતરણ એ સમાજકાર્ય નથી. સમાજકાર્યનો ઉદ્દેશ સેવાર્થીના પ્રશ્નોનું વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણની મદદથી નિરાકરણ લાવવાનું છે. સમાજકાર્યમાં વ્યક્તિ, જૂથો અને સમુદાયોને વિશિષ્ટ જ્ઞાન, અનુભવ અને કુશળતાના આધારે મદદ કરવામાં આવે છે.

### 16.7.2 સમાજકાર્ય તરીકે શ્રમદાન :

શ્રમદાન એટલે વ્યક્તિ, જૂથ કે સમુદાયને સ્વૈચ્છિક રીતે કોઈ ભૌતિક રીતે અથવા શારીરીક રીતે મદદ કરવી. દા.ત. જાહેર શૌચાલય બાંધવા જાહેર રસ્તાનું બાંધકામ અને સમારકામ, દુષ્કાળગ્રસ્ત લોકોને મદદ કરવી વગેરેને શ્રમદાન કહી શકાય નહીં. કારણ કે શ્રમદાન દરમિયાન જે શ્રમ કરવામાં આવે છે. તેના બદલામાં આર્થિક વળતર આપવામાં આવતું નથી. જ્યારે સમાજકાર્ય એક વ્યવસાય છે, જેના બદલામાં સમાજકાર્યકરને આર્થિક વળતર પ્રાપ્ત થાય છે.

### 16.7.3 નેતાગીરીના કાર્યને સમાજકાર્ય ગણવું :

સામાન્ય રીતે નેતાઓને સમાજકાર્યકર ગણવામાં આવે છે. ઉપરાંત તેમને કોઈ રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવે છે તે પણ સમાજકાર્યકર તરીકે આપવામાં આવે છે. તેઓએ સમાજકાર્ય વ્યવસાયની તાલીમ મેળવેલી હોતી નથી. ઉપરાંત તેઓ પોતાના વ્યવહારમાં પણ સમાજકાર્ય પદ્ધતિઓનો ઉપયોગ કરતા નથી.

### 16.7.4 સમાજસેવાની સંસ્થામાં કામ કરવું એ સમાજકાર્ય :

કેટલાક લોકો એવું વિચારે છે કે સમાજસેવાની સંસ્થામાં કાર્ય કરે તેને સમાજકાર્યકર કહેવાય અને તેમના દ્વારા જ કાર્ય કરાય તેને સમાજકાર્ય કહેવાય, પરંતુ વાસ્તવિકતામાં એ સમાજકાર્ય નથી કારણકે જ્યાં સુધી સમાજસેવા કરવા માટે કોઈ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો ઉપયોગ કરવામાં ન આવે, સમાજકાર્યની પદ્ધતિઓ અનુસરવામાં ન આવે ત્યાં સુધી તે કાર્યને સમાજકાર્ય કે તે કરનારને સમાજકાર્યકર કહી શકાય નહી.

ફિલ્ડવર્કની મદદથી સમાજકાર્યકરમાં જ્ઞાનનો ઉપયોગ અને પરિસ્થિતિ વિશે સમજણ કેળવવાની ક્ષમતામાં વધારો થાય છે. સમાજકાર્યકરમાં કૌશલ્યનો વિકાસ શિક્ષણ અને તાલીમ દ્વારા થાય છે. સમાજકાર્યકર કાર્યક્રમના કૌશલ્ય દ્વારા સેવાર્થીની સાથે ઉદ્દેશ્યપૂર્ણ સબંધ સ્થાપન કરે છે. સમાજકાર્યકર સમાજ સ્થિતિનું કૌશલ્યપૂર્ણ રીતે વિશ્લેષણ કરે છે. ઉપરાંત વ્યક્તિ તથા જૂથોની લાગણી સમજે છે. સેવાર્થીને આત્મનિર્ભર બનાવવા માટે સંસ્થાનો સામુદાયિક સ્ત્રોતોનો ઉપયોગમાં લે છે. સમાજકાર્યકરમાં સૌથી મહત્ત્વનું કૌશલ્ય એ પોતાના સબંધોનો રચનાત્મક ઉપયોગ કરે છે. સમાજકાર્યની પ્રયુક્તિઓ જેમાં નિરિક્ષણ, પ્રશ્નોત્તરી, પરામર્શ, સ્પષ્ટીકરણ, વિશ્લેષણ, સહાયતા, મુલાકાત, સામનો, માહિતીપ્રદાન, સહમતી, પુનઃઅભ્યાસ વગેરે સમાજકાર્યકર માટે અનિવાર્ય છે. મદદ કરવી એ માનવીની સાહજિક વૃત્તિ છે. સમાજકાર્યકર કે બીજા કોઈપણ સેવા કરનાર વ્યાવસાયિક સુધી પહોંચતા પહેલા વ્યક્તિ મોટે ભાગે કુટુંબ, મિત્ર, પડોશી કે સ્વૈચ્છિક કાર્યકર દ્વારા મદદ મેળવે છે. સાહજિક મદદ પરસ્પરના સબંધોને આધારે થાય છે. તેમાં મદદકર્તા પોતાના જીવનના અનુભવો અને આંતરસૂઝને આધારે માર્ગદર્શન આપે છે. કેટલીક વખત જટિલ સમાજ સમસ્યાઓ જેમાં અસરકારક માનવસેવા પહોંચાડવા માટે વિશેષ જ્ઞાન અને કુશળતા જરૂરી હોય છે, ત્યાં સાહજિક મદદ કરનાર તેની લાક્ષણિક રીતે મદદ કરે છે એને કારણે કેટલીક વખત સમસ્યા વધુ જટિલ બનતી જોવા મળે છે. શિક્ષણ એ માનવ જીવનમાં ખુબ ઉપયોગી છે. શિક્ષણ થકી પરિવાર, સમાજ અને રાષ્ટ્રનો વિકાસ થાય છે. સમાજ વ્યક્તિઓનો સમાજ સબંધથી બને તે માત્ર વ્યક્તિઓનો સમૂહ, મનુષ્ય સમાજ પ્રાણી છે. તે માત્ર આંતરિક કે બાહ્ય ભૌતિક કે સહજ વૃત્તિથી પ્રેરાઈને વર્તન કરતો નથી. માનવી સમાજ પર આધારીત છે. માનવ સ્વભાવનો વિકાસ સમાજ જીવનમાં જ શક્ય બને છે. વ્યક્તિમાં વ્યક્તિત્ત્વનો વિકાસ અન્ય માનવીના સંપર્કથી થાય છે. માનવી પાસે જૈવિક પ્રાણીનો વારસો હોવા છતાં સમાજ માનવ બનવા માટે સમાજનો સંપર્ક જરૂરી છે. સમાજના સંપર્કના અભાવે માનવીમાં માનવગુણોનો વિકાસ થતો નથી. તે દર્શાવતા અનેક ઉદાહરણો છે. ઈ.સ.1920માં આપણા દેશમાં બનારસની ગુફામાંથી મળેલી અમલા નામની બાળકીના દ્રષ્ટાંતો એવું દર્શાવે છે કે માનવજાત માનવક્ષમતાઓ હોવા છતાં કોઈપણ કારણોસર સમૂહ જીવનથી વંચિતરહી ગયેલા આ બાળકો સમાજ, સાંસ્કૃતિક અસરોથી અલિપ્ત રહ્યા હોવાથી તેઓ સમાજ માનવી તરીકે વિકાસ પામી શકયા ન હતા.

ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને આધુનિકરણ એ વિકાસવાદી સભ્યતાને પ્રભાવિત કર્યા છે. આદિવાસી સમાજના વિકાસ માટે ધાર્મિક સંસ્થાઓએ તેમના જીવનમાં સુધાર લાવવા પ્રયાસ કર્યા અને આગળ જતા સમાજ સંસ્થાઓની શરૂઆત થતા તેમણે આ વિચાર સાથે કામ કરવા પ્રયત્ન કર્યા અને ક્ષેત્રકાર્યનો ઉદ્ભવ થયો.

## 16.8 સમાજકાર્યમાં શિક્ષણનો ઈતિહાસ :

ભારતમાં સૌ પ્રથમ સમાજકાર્ય શિક્ષણની શરૂઆત 1936માં થઈ. સર દોરાબજી દ્વારા ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ અમેરીકાના કલીફર્ડ મેન્સહર્ટની સલાહ લઈને સર દોરાબજી દ્વારા સ્કુલ ઓફ સોશ્યલ સાયન્સની સ્થાપના મુંબઈમાં કરવામાં આવી. જેને હાલમાં તાતા ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્કના નામે ઓળખાય છે. આ ઉપરાંત દિલ્હી, લખનૌ, વડોદરા વગેરે સ્થળોએ પણ સમાજકાર્ય અંગેની શિક્ષણ આપતી સંસ્થાઓ શરૂ થઈ. જે.સી. કુમારપ્પાને સૌ પ્રથમ વ્યવસાયિક સમાજકાર્યકરોનું સંગઠન બનાવવાનો વિચાર 1951માં આવ્યો. 1960માં સમાજકાર્ય શિક્ષણના ક્ષેત્રમાં સંગઠીત બની કાર્ય કરે તે માટે એસોસિયેશન ઓફ સોશ્યલ વર્ક ઈન ઈન્ડિયાની સ્થાપના કરવામાં આવીત. ભારતમાં રાષ્ટ્રીય સ્તરનાં બે મહત્ત્વનાં સમાજકાર્ય સંલગ્ન એસોસિયેશન બનેલા છે જે અંતર્ગત એસોસીયેશન ઓફ ટ્રેઈન્ડ સોશ્યલવર્કર્સ છે. આ ઉપરાંત ઈ.સ. 1970માં અમેરિકન એસોસિયેશન ઓફ સોશ્યલ વર્કર્સ તથા નેશનલ એસોસિયેશન ઓફ સોશ્યલ વર્કસ દ્વારા સમાજકાર્યની વ્યવસાયિક પ્રેક્ટિસમાં એકરૂપતા લાવવા માટે આચારસંહિતા ઘડવામાં આવી. ભારતના સંદર્ભમાં જોઈએ તો કોઈ અલગ આચારસંહિતા બનાવાઈ નથી.

શિક્ષણ હશે તો આપણો દેશ વિકસિત થશે, એક વ્યક્તિનો વિકાસ થશે તો આખા કુટુંબનો વિકાસ થશે. સમાજ શિક્ષિત હશે તો વહેમ, અંધશ્રદ્ધા, વ્યસન, કુરિવાજો, બેરોજગારીનો અંત આવી જશે. વ્યક્તિ શિક્ષિત હશે તો તેઓને રોજગારી પ્રાપ્ત થશે અને રોજગારીથી સારું જીવન વ્યતીત કરી શકાશે. જીવન જરૂરિયાતની બધી વસ્તુઓ પૂરી કરી શકશે, માહિતીને અન્ય સાથે વહેંચણી કરવાથી શિક્ષણનું પ્રમાણ વધે છે. સમાજકાર્યકર સુક્ષ્મભાવે શિક્ષકની ભૂમિકા ભજવે છે, જેનું કાર્ય માહિતી આપવાનું હોય છે. માહિતી આપનાર તરીકેની ભૂમિકા ભજવી સમાજકાર્યકર વ્યવસાયિક પ્રતિબદ્ધતા વધારવાનું કાર્ય કરે છે અને આખરે વ્યવસાયિક સ્તરે તે સંશોધનકર્તા અને શિક્ષણની, શિક્ષકની અને વિદ્વાનની ભૂમિકા ભજવી સમાજકાર્યના જ્ઞાનનો વિકાસ કરવાનું કાર્ય કરે છે.

જ્યારે આપણો દેશ આઝાદ થયો ન હતો ત્યારે શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું હતું. ધીમે ધીમે લોકો સમજ્યા કે શિક્ષણથી વ્યક્તિનો માનસિક, બૌદ્ધિક વિકાસ થાય છે. તેથી લોકો શિક્ષણ લેતા થયા અને દેશમાં જાગૃતિનું પ્રમાણ વધ્યું, અંધશ્રદ્ધાનું પ્રમાણ ઘટ્યું. શિક્ષણના લીધે અને નવી નવી ટેકનોલૉજીનું સંશોધન થયું. અત્યારે આપણા દેશમાં 60% સાક્ષરતાનું પ્રમાણ થઈ ગયું છે. અત્યારે લોકો શિક્ષણને મહત્ત્વ આપે છે.

''શિક્ષણ એટલે વ્યક્તિનો વિકાસ''

''શિક્ષણ એટલે કુંટબનો વિકાસ''

''શિક્ષણ એટલે માહિતીની આપ-લે''

''શિક્ષણ એટલે રાષ્ટ્રનો વિકાસ''

સમાજકાર્ય શિક્ષણને એક અલગ વ્યવસ્થા સાથે સ્વીકારાયું છે. મોટાભાગના દેશોમાં, યુનિવર્સિટીઓમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં સમાજકાર્યનું શિક્ષણ સ્નાતક, અનુસ્નાતક, પીએચ.ડી કક્ષા સુધી આપવામાં આવે છે. સમાજકાર્ય શિક્ષણ એ વિદ્યાર્થીને સૈદ્ધાંતિક અને વ્યવહારીક બંને પ્રકારનું શિક્ષણ પ્રદાન કરે છે. સમાજકાર્યના વિદ્યાર્થીઓને અભ્યાસના હેતુ માટે વિવિધ સંસ્થાઓમાં મોકલવામાં આવે છે. જેમાં તેમને સમાજકલ્યાણના કેન્દ્રો, ગ્રામપંચાયત

વગેરે જગ્યાએ ક્ષેત્રકાર્ય કરવા માટે મોકલવામાં આવે છે.

## 16.9 સમાજકાર્ય શિક્ષણના તબક્કાઓ :

### 16.9.1 આરંભનો તબક્કો :

સમાજકાર્ય પ્રેક્ટિસમાં આરંભના તબક્કાની કુશળતાઓ ખૂબ મહત્ત્વની છે. સમાજકાર્યકર જ્યારે પહેલી વખત સેવાર્થીને મળે છે. ત્યારે એની પ્રથમ છાપ મહત્ત્વની હોય છે. શરૂઆતની આ છાપ ભવિષ્યમાં જોડાણ અને કાર્ય ઉપર અસર કરે છે. આરંભની કુશળતાઓના યોગ્ય ઉપયોગથી સેવાર્થી સાથેની મુલાકાતને હકારાત્મક અને અર્થપૂર્ણ બનાવી શકાય છે. અસરકારક શરૂઆત સમસ્યા મુદ્દા સબંધિત માહિતી ભેગી કરવામાં, સેવાર્થીને માહિતી આપવામાં, સમસ્યાની આકારણી કરવા માટે સારા પરિણામ આપી શકે છે. સેવાર્થીની રજૂઆત અંગે સ્પષ્ટતા કરવી, સાથે મળીને કાર્ય કરવું, અન્ય સંસ્થાઓ વ્યવસાયિકોની સેવાઓ મેળવવા આયોજન કરવું, શરૂઆતના સમયમાં સેવાર્થી પણ નીતિ અને સિદ્ધાંતો અંગે કેટલીક સ્પષ્ટતાઓ કરવા માગતા હોય છે.

### 16.9.2 સબંધસ્થાપનની કુશળતા :

આરંભની મુલાકાત ખૂબ મહત્ત્વની હોય છે. જે દરમિયાન સેવાર્થી સમાજકાર્યકરમાં વિશ્વાસ મૂલ્યો છે. સમાજકાર્યકરના અમુક વર્તનોની સેવાર્થી ઝીણવટભરી ચકાસણી કરે છે. પ્રારંભથી આ મુલાકાતમાં સેવાર્થી અને સમાજકાર્યકર વચ્ચેના સબંધનો પાયો રચાય છે. પ્રથમ મુલાકાતમાં સેવાર્થી અને સમાજકાર્યકર વચ્ચેના સબંધનો પાયો રચાય છે આ સબંધ પરસ્પર વિશ્વાસ, માનસિક ઐક્ય, ઉષ્મા, મૈત્રીભાવના વગેરે લક્ષણો દ્વારા દર્શાવી શકાય છે. એમાં કાર્યકર સેવાર્થી સાથે એવું પ્રત્યાયન કરે છે તે સેવાર્થી ને સમજે છે અથવા સમજવાનો પ્રયત્ન કરે છે. પ્રારંભિક મુલાકાત માટેના સબંધોનો સબળ અને રચનાત્મક પાયો નાખે છે. આ મૈત્રીપૂર્ણ વાતાવરણમાં સેવાર્થી પોતાની સમસ્યા પ્રત્યેના મનોવલણો વ્યક્ત કરે છે.

### 16.9.3 હેતુ વર્ણવવાની કુશળતા :

સમાજકાર્યકરે સેવાર્થીને પોતાની પ્રાથમિક મુલાકાતનો હેતુ શો છે તે જણાવવું જોઈએ. એટલું જ નહી પરંતુ સમાજકાર્યકર તરીકે પોતાની શું ભૂમિકા રહેશે એ પણ જણાવવું જોઈએ. સમાજકાર્યકર તરીકે સામાન્ય ભૂમિકાઓ જેવી કે વકીલ, મેનેજર, કાઉન્સેલર, શિક્ષક, સંશોધક, સારવારકર્તા હોય છે. જો કે પ્રથમ મુલાકાતમાં ઘણી વખત ભૂમિકા સ્પષ્ટ કરવી મુશ્કેલ હોય છે. ત્યારે સેવાર્થી કેવા પ્રકારની સેવાઓ સંસ્થા પાસેથી મેળવવા ઈચ્છે છે અને સંસ્થા પાસે કેવા પ્રકારની સેવાઓ કે કાર્યક્રમો ઉપલબ્ધ છે તે જણાવી શકાય છે.

### 16.9.4 સેવાર્થીની ભૂમિકા નિર્ધારિત કરવાની કુશળતા :

શરૂઆતમાં વ્યવસાયિક મદદના સબંધમાં કેટલીક વખત સેવાર્થી પોતાની અપેક્ષાઓ વિશે અસ્પષ્ટ હોય છે તેથી તેને કેવી રીતે મદદ કરવી તે સ્પષ્ટ થતું નથી. આ પરિસ્થિતિમાં સમાજકાર્યકર અને તેને તેની સ્થિતિ અંગે સ્પષ્ટતા કરવામાં મદદ કરે છે. મદદની પ્રક્રિયામાં સેવાર્થીની સંપૂર્ણ ભાગીદારી કયા પ્રકારની હશે તેની સેવાર્થીને જાણ કરે છે. આ રીતે સેવાર્થીની ભૂમિકા નક્કી થાય છે. સાથે સાથે કામ કરવામાં નીતિ તથા નૈતિક નિયમોની

સેવાર્થીને જાણ કરવામાં આવે છે. સેવાર્થી સાથેના વિશ્વનીય સબંધ માટે તે જરૂરી છે. બીજી રીતે જોઈએ તો તે સેવાર્થીની સંમતિનો ભાગ છે. નીતિ અને સિદ્ધાંતો અંગે સંસ્થાનું કોઈ માહિતીપત્રક હોય તો તે સેવાર્થીને આપી શકાય. જો કે બધા સેવાર્થી તે વાંચી શકે તેમ હોતા નતી તેની મૌખિક જાણ કરવી જરૂરી બને છે. આ નીતિ અને સિદ્ધાંતોના સંદર્ભમાં સમાજકાર્ય પ્રેક્ટિસમાં એક બાબત મહત્ત્વની છે કે આ કુશળતાને માત્ર ટેક્કિલ રીતે ન લેવી જોઈએ. સમાજકાર્યની તમામ કુશળતાઓમાં સમાજકાર્યકરે પોતાના સ્વનો ઉત્તમ ઉપયોગ કરવો જરૂરી બને છે.

### 16.9.5 પ્રતિપુષ્ટિ મેળવવાની કુશળતા :

સેવાર્થીને શરૂઆતનો હેતુ, સમાજકાર્યકરની ભૂમિકા સેવાર્થીની ભૂમિકા, નીતિ અને નૈતિક બાબતો વિશે અભિપ્રાય આપવા પ્રેરવામાં આવે છે. તેના દ્વારા સમાજકાર્યકર એ તપાસે છે કે તેણે જે કહ્યું છે તે સેવાર્થી બરોબર સમજ્યા કે કેમ ? સેવાર્થીના પ્રતિભાવ દ્વારા સમાજકાર્યકર તેની સંમતિને સમજે છે. સમાજકાર્યકર સેવાર્થીને તેના અસ્પષ્ટ વિચારો જે તેની અસંમત બાબતો અંગે કહેવા આમંત્રણ આપે છે કે આ પારસ્પરિક સંમતિની પ્રક્રિયા છે. સમાજકાર્ય એવું વ્યક્ત કરે છે કે સેવાર્થી જે કહે છે તેમાં તેમને રસ છે અને તેમને આશા છે કે સેવાર્થી સક્રીય સહભાગીદાર બનશે.

## 16.10 સમાજકાર્ય એક વ્યવસાયના રૂપમાં :

સમાજકાર્ય એ પદ્ધતિસર અને વૈજ્ઞાનિક જ્ઞાન પર આધારીત છે. સમાજકાર્યમાં મહત્ત્વના ક્ષેત્રોના જ્ઞાનનો સમાવેશ થાય છે.

(1) માનવવર્તન અને સમાજ પર્યાવરણ : વ્યક્તિ, તેને અસરર કરતા પરિબળો, સિદ્ધાંતો, સમાજ પાસાં, મનોચિકિત્સકીય પાસું, સામાજીકરણ, સમાજ નિયંત્રણ, પર્યાવરણ, માનવસબંધો, સમાજ સંસ્થાઓ વગેરેનું જ્ઞાન.

(2) સમાજકાર્ય પદ્ધતિઓનું જ્ઞાન : સમાજકાર્યની પદ્ધતિઓ જેવી કે વૈયક્તિક કાર્ય, જૂથકાર્ય, સામુદાયિક સંગઠન, સમાજ વહીવટીતંત્ર, સમાજ ક્રિયા ઉપરાંત પ્રયુક્તિઓ જેવી કે નિરિક્ષણ, મુલાકાત, પ્રશ્નોતરી, સલાહ, સમજાવટ, સમાજ સંશોધન, માહિતીપ્રદાન વગેરેનું જ્ઞાન જરૂરી છે.

(3) સમાજ સમસ્યા : સમાજ સમસ્યાઓનું જ્ઞાન જેમાં બેરોજગારી, ગરીબી, દેહવ્યાપાર, એચ.આઈ.વી, ભ્રષ્ટાચાર, દારુ, ભિક્ષાવૃત્તિ, બાળમજૂરી વગેરે.

(4) વ્યવસાયિક સંગઠન : સમાજકાર્ય શિક્ષણનો વિકાસ થવાની સાથે, સમાજકાર્યના વ્યવસાયિક સંગઠનો બનતા ગયા. રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણા વ્યવસાયિક સંગઠનો કાર્યરત છે, જેમાં મુખ્યત્વે અમેરિકન એસોસિયેશન ઓફ સોશ્યલ વર્કર્સ, બ્રિટીશ એસોસિયેશન ઓફ સોશ્યલ વર્કર્સ, ઈન્ટરનેશનલ સ્કુલ ઓફ સોશ્યલ વર્ક ઈન ઈન્ડિયાની શરૂઆત 1960માં થઈ. એસોસિયેશન ઓફ સ્કુલ્સ ઓફ સોશ્યલ વર્ક ઈન ઈન્ડિયા, ઈન્ડિયન એસોસિયેશન ઓફ ટ્રેન્ડ સોશ્યલ વર્કર્સ છે.

(5) સમાજ માન્યતા : સમાજકાર્યને એક વ્યવસાય રતીકે સરકાર દ્વારા માન્યતા પ્રદાન થયેલ છે. સરકારી તેમજ બિનસરકારી સંસ્થા વિવિધ હોદ્દાઓ પર સમાજકાર્યકરની સેવા લે

છે.

(6) આચારસંહિતા : સમાજકાર્યકર્તાઓ માટે નિશ્ચિત આચારસંહિતા છે. દરેક વ્યવસાયની જેમ સમાજકાર્યકરે પણ આચારસંહિતાનું પાલન કરવું આવશ્યક છે.

## 16.11 સમાજકાર્યના જ્ઞાન શિક્ષણનો વિકાસ :

જેમ જેમ સમાજકાર્યના જ્ઞાનનો વિકાસ થતો ગયો તેમ તેમ સમાજકાર્યની પ્રેક્ટિસની પ્રકૃતિ અને વિભાવના બદલાતી ગઈ છે. વૈયક્તિક કાર્ય પદ્ધતિની શોધ થઈ ત્યારથી અત્યાર સુદીના સમાજકાર્યના જ્ઞાનના વિકાસમાં પાંચ વિભાવનાઓ વધુ મહત્ત્વની છે. આકારણી, પર્યાવરણ, સબંધ, પ્રક્રિયા અને દરમિયાનગીરી આ વિભાવનાઓ ઈતિહાસના જુદા જુદા સમયે વિકસી છે. સમાજકાર્ય પ્રેક્ટિસ માટેના સૈદ્ધાંતિક જ્ઞાનમાં વૈયક્તિક સેવાકાર્ય, જૂથકાર્ય અને સામુદાયિક સંગઠન પદ્ધતિની ક્રમાનુસાર શોધ થઈ છે. સમાજકાર્યના જ્ઞાનના વિકાસને ઐતિહાસિક તબક્કાવાર સમજવો જરૂરી છે.

### 16.11.1 ઈ.સ 1920 પહેલાં :

સમાજકાર્યની શરૂઆતની પ્રેક્ટિસને પૂર્વ સૈદ્ધાંતિક સમય તરીકે જોઈ શકીએ. વૈયક્તિક સેવાકાર્યની પરિભાષાનો પ્રયોગ ઈ.સ.1920 પહેલા શરૂ થયો પણ એ વિચારના બીજ તો ઈ.સ. 1870માં અમેરીકામાં ગરીબ લોકોની સ્થિતિ સુધારવા માટે સ્થપાયેલી મંડળની પ્રવૃત્તિમાં વવાયા હતા. ગરીબીના પ્રશ્ને વૈયક્તિક રીતે હાલ કરવાનો સૌ પ્રથમ પ્રયાસ આ મંડળે હાથ ધર્યો હોય એમ લાગે છે. આ મંડળનો હેતુ ગરીબોની એમનાં ઘરોમાં જઈ મુલાકાત લેવી, તેમને સલાહ આપવી, શક્ય હોય તો નોકરી ધંધો મેળવી આપવામાં મદદ કરવી, એમને આત્મસન્માન અને સ્વાવલંબનની પ્રેરણા આપવી, એમનામાં કરકસર, ખંત અને સંયમની ટેવો નિર્માણ કરવી અને અનિવાર્ય આપત્તિ વખતે એમની જરૂરિયાતો પૂરી કરવા રાહત પહોંચાડવી એ હતો.

### 16.11.2 દાન સંગઠન સંઘ :

ઈ.સ. 1877માં અમેરિકામાં સ્થાપેલી ચેરીટી ઓર્ગેનાઈઝેશન સોસાયટી અને આ નિર્ધન સ્થિતિસુધારક મંડળના કાર્યને વિશેષ પ્રેરણા અને ગતિ આપી, ટોમસ ચાલ્સના સમાજ દર્શનના પાયા પર ચાલતું આ મંડળ માનતું હતું કે ગરીબીનું કારણ વ્યક્તિનાં વ્યક્તિગત દોષો, આળસ, દારૂની લત, જુગાર, દુરાચાર વગેરે નૈતિક દોષો છે. એટલે ગરીબોની સ્થિતિ સુધારતા પહેલાં એમને આ ગરીબીના પાપમાંથી મુક્ત કરવાની પ્રથમ જરૂર છે. વળી આ મંડળ એમ પણ માનતું હતું કે ગરીબોને અપાતા વિવેકપૂર્ણ દાનો એમના આત્મસન્માનને નષ્ટ કરે છે. અને એનાથી તેઓ દાન પર જ આધાર રાખતા થઈ જાય છે માટે દાન આપવાનું બંદ કરી દેવું જોઈએ.

દાન સંગઠન સંઘની યોજનાનો હેતુ મદદ લેનાર વ્યક્તિ સમાજમાં પુનઃપોતાનું સમાયોજન પ્રાપ્ત કરી શકે એ હતો. એ માટે સંઘે વિભાગીય સમિતિઓની રચના કરી. એ સમિતિઓના સભ્યો ગરીબોને ત્યાં જઈ એમની વ્યક્તિગત મુલાકાતો લઈ એમની હાલતનું નિરીક્ષણ કરતા, આ સમિતિઓના સભ્યો જાતે પ્રત્યક્ષરૂપે મદદનું કામ કરવાને બદલે મદદ આપનાર સ્વૈચ્છિક સંસ્થાઓ સાતે ગરીબ વ્યક્તિઓનો સબંધ જોડી આપતા હતા. અને આવી વ્યક્તિઓને મદદની ખરેખર જરૂર છે કે નહીં તે અંગેનો નિર્ણય

કરવામાં મદદ કરતા હતા. આમાં વૈયક્તિક કાર્યપ્રક્રિયાની આપણને ઝાંખી થાય છે.

ગરીબી માટે સમાજ સ્થિતિ જવાબદાર છે તેવી વિભાવનાનો વિકાસ એવું માનતું હતું કે ગરીબીનું કારણ વ્યક્તિગત દોષ છે. એમ પણ મનાતું હતું કે ઉપદેશ આપીને, ધંધે વળગાડીને કે એમનું દેવું ભરપાઈ કરીને ગરીબોનું સમાયોજન સાધી શકાશે પણ જ્યારે દાન સંઘની સમિતિઓના નિરિક્ષકોએ ગરીબોના ઘરોની મુલાકાત લેવાનું અને એમની હાલતું નિરીક્ષણ કરવાની શરૂઆત કરી ત્યારે એમને ખબર પડી કે એમની ગરીબી માટે જવાબદાર કારણે એમના વ્યવહારદોષ નથી પણ એમની સમાજ પરિસ્થિતિ છે. સેવાર્થી અથવા એમના કુટુંબની બીમારી, અસંખ્ય બાળકો, અસ્વચ્છ અને ગીચ વસવાટો, ઓછી મજૂરી, અપૂરતો ખોરાક, અપૂરતું શિક્ષણ, દેવુ વગેરે એમને નિરાશામાં ધકેલી દે છે. આ અનુભવને આધારે દાન સંગઠન સમિતિઓએ પોતાનું ધ્યાન હવે આર્થિક સુધારણાને બદલે સમાજ સુધારણા પર કેન્દ્રિત કર્યું. કેટલીક સમિતિઓએ એ માટે સેવાકાર્યાલયો, દવાખાના, મનોરંજન કેન્દ્રો, સંસ્થાઓ, ધર્મશાળાઓ વગેરે સ્થાપ્યા. દાન સંગઠન સંઘના આશ્રયે શારીરિક રીતે અશક્ત, અંધ, અપંગ, અને બહેરા મૂંગાઓના પુનર્વસન માટે પ્રશિક્ષણ કેન્દ્રો પણ શરૂ કર્યા.

### 16.11.3 ઈ.સ 1976-1990 :

આ સમયગાળામાં સમાજકાર્ય શિક્ષણ અને પ્રેક્ટિસના સંદર્ભમાં બી.એસ.ડબલ્યુ અને એમ.એસ.ડબલ્યુમાં જુદું શું હોય, તેમની ભૂમિકાઓમાં તફાવત શું હોય, તેના ધોરણો નક્કી થયા. આ સમયગાળામાં ઘર વિહોણાની સમાજ સમસ્યાઓ, એચ.આઈ.વી., ન્યાયના મુદ્દાઓ અને વૈશ્વિકીકરણનાં કારણે ઉદ્ભવેલી સમસ્યાઓ તરફ ધ્યાન વધુ કેન્દ્રિત થયું અને આંતરરાષ્ટ્રીય સમાજકાર્યની શરૂઆત થઈ. આમ, દુનિયામાં બદલાતા જતા સ્થિતિ, સંજોગો, મૂલ્યો, ખ્યાલોએ સમાજકાર્યના સૈદ્ધાંતિક જ્ઞાનને સતત બદલ્યું છે.

## 16.12 સમાજકાર્ય શિક્ષણ દ્વારા સમાજમાં આવેલા પરિવર્તનો :

ગુજરાતમાં મુખ્યત્વે હિંદુ ધર્મ પાળતા લોકોની વસ્તી વધારે પ્રમાણમાં જોવા મળે છે. જે 88 % જેટલી વસ્તી હિંદુ ધર્મ પાળે છે. અન્ય ધર્મ પાળતા લોકોની વસ્તી 12% છે. આમ હિંદુ ધર્મને અનુસરતી વસ્તીનું પ્રમાણ વધુ જોવા મળે છે. આ જ્ઞાતિઓને કારણે તેમની જીવનશૈલી, પરંપરા અને રીતરિવાજોમાં પણ જુદાપણું જોવા મળે છે. આ મુદ્દામાં પટેલ જ્ઞાતિને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરવામાં આવ્યો છે.

### 16.12.1 જુદા જુદા ખંડોમાં વિભાજન :

પહેલાના સમયમાં પટેલ જ્ઞાતિમાં મુખ્યત્વે કડવા, લેઉવા, કચ્છી પટેલ જેવા પેટા પ્રકારો જોવા મળતા અને તેમાં પણ વિવિધ પેટા પ્રકારો ગોળ પણ જોવા મળતા. દા.ત. કડવા પટેલમાં 52, 42 મોટા બાર વગેરે. આ ગોળ વ્યવસ્થાની પકડ મજબૂત હતી. નક્કી કરેલા ગોળમાં જ સમાજ લેવડ દેવડ શક્ય બનતા. અત્યારના સમયમાં ધોરણોમાં પરિવર્તન આવવાથી તેમજ શિક્ષકનો પણ વ્યાપ વધવાને કારણે ઉપર જણાવેલ ગોળ વ્યવસ્થા જોવા તો મળે છે. પરંતુ તેના જે ચુસ્ત બંધનો અને નિયમો હતા તે નાબૂદ થવા પામ્યા છે અને અન્ય ગોળ વચ્ચે સમાજ લેવડ દેવડ તેમજ લગ્ન પણ થાય છે.

### 16.12.2 કોટીક્રમ :

પહેલાના સમયમાં પટેલ જ્ઞાતિમાં મુખ્યત્વે લેઉવા પટેલ ઊંચા ગણાતા જ્યારે ત્યારબાદ કડવા પટેલ અને અંતે કચ્છી પટેલને સ્થાન આપવામાં આવતું. આ ઉપરાંત ગોળ વ્યવસ્થામાં પણકોટીક્રમ હતા. અત્યારે પ્રાપ્ત દરજ્જો અને શિક્ષણનો વ્યાપ વધવા પામ્યો છે. જેને કારણે આ પ્રકારની પટેલની કોટીક્રમ વ્યવસ્થા કયાંક તૂટવા પામી છે અને અત્યારે સમગ્ર પરિવારની સમાજ એકત્રિત થવા માટેના પ્રયત્નો કરે છે. દા.ત. હમણાં થોડા સમય પહેલાં જ લવકુશ પાટીદાર સંમેલનમાં લેઉવા અને કડવા પાટીદારને એક થવા માટેના પ્રયત્નો કરાયા હતા.

### 16.12.3 સમાજ વ્યવહાર અંગેના નિયંત્રણો :

પહેલાના સમયમાં ઉચ્ચજ્ઞાતિઓ તેનાથી નિમ્નજ્ઞાતિના હાથે બનાવેલ ભોજન ગ્રહણ કરતા તથા પોતાની જ્ઞાતિથી નીચી જ્ઞાતિના લોકોને સ્પર્શ કરતા નહી અને તેમને ઘરમાં પણ પ્રવેશ નિષેધ હતો. અત્યારે સ્વતંત્ર ભારતમાં સમાનતા પર ભાર મુકવાથી અને શિક્ષણનો વ્યાપ વધવાને કારણે પટેલ સમાજમાં ઉપર જણાવેલ સમાજ વ્યવહારના પ્રતિબંધો ઘણે ખરે અંશે નાશ થવા પામ્યા છે. અત્યારે વ્યવસાયના સ્થળે તેમજ હોટલોમાં પણ આ પ્રતિબંધો પાડવા શક્ય ન હોવાથી તેઓ નાબૂદ થવા પામ્યા છે.

### 16.12.4 લગ્ન ઉપરના નિયંત્રણો :

પહેલાના સમયમાં મુખ્યત્વે પોતાની જ્ઞાતિ કે નક્કી કરેલ ગોળમાં જ લગ્ન કરવામાં આવતા જો તેનાથી અન્ય જ્ઞાતિમાં લગ્ન કરે તો તેને આકરો દંડ કે સજા ફટકારવામાં આવતી અને તેને નાતની બાર કરવામાં આવતો તો કયારેક લગ્ન કરનાર બંને વ્યક્તિઓને મારી નાખવાની કોશિશ પણ કરવામાં આવતી. આ નિર્ણયો જ્ઞાતિપંચને આધારે કરવામાં આવતા. અત્યારના સમયમાં પટેલ જ્ઞાતિના લગ્ન ઉપરના પ્રતિબંધોમાં પણ પરિવર્તન આવ્યું છે. બંધારણમાં આંતરજ્ઞાતિય લગ્નોને પણ માન્ય કરાય છે. શિક્ષણનો વ્યાપ વધવાથી પણ લગ્ન અંગેના ધોરણો નબળા બનવા પામ્યા છે. દરેક જ્ઞાતિમાં આંતરજ્ઞાતિય લગ્નને સહર્ષ રીતે સ્વીકારવામાં આવે છે.

### 16.12.5 વર્તમાન સમયમાં કુટુંબમાં આવેલું પરિવર્તન :

અત્યારે શિક્ષણ તેમજ સ્વતંત્રતા બાદ સ્ત્રીશિક્ષણ અને સ્ત્રી - પુરુષ અસમાનતા પર ભાર મુકાવાથી હિંદુ પટેલ કુટુંબમાં પતિ-પત્ની વચ્ચેના સબંધો સહકાર પૂર્ણ અને સમાન બનવા પામ્યા છે. પતિ પોતાની પત્નીને લગ્ન બાદ ભણવાની કે નોકરી કરવાની છૂટ આપતા થયા છે. ઉપરાંત જો પત્ની ભણી ન હોય તો તેને ભણાવા માટે આગ્રહ રાખે છે. ઘરના નાનાથી લઈ મોટી બાબતોના નિર્ણયમાં પણ પત્નીના નિર્ણયને સ્થાન બનવા પામ્યું છે. ઉપરાંત તેની સહમતી કે અસહમતી લક્ષમાં લેવામાં આવે છે. પત્ની પરના વિવિધ અંકુશો દૂર થવા પામ્યા છે. બાળ ઉછેરની જવાબદારી માત્ર ને માત્ર પત્ની પર ન છોડી દેતા પતિ-પત્ની સાથે મળીને સારી રીતે ઉપાડે છે. પહેલાના સમયમાં બાળકોનું સામાજીકરણ માં-બાપનાં હાથ નીચે થવા પામતું હતું. અત્યારે બાળકોને શાળામાં મૂલ્યોને શાળા અને પરિવાર થકી બાળકમાં સમાજરણની પ્રક્રિયામાં પણ પરિવર્તન આવવા પામ્યું છે.

## 16.13 ક્ષેત્રકાર્યનું મહત્ત્વ :

ક્ષેત્રકાર્યનો અર્થ એટલે ''વિવિધ જ્ઞાન દ્વારા અને કુશળતાઓના વિકાસ દ્વારા માનવની સમસ્યાઓને સમાદાન માટે પ્રાપ્ત કરવામાં આવતો અનુભવ''. ક્ષેત્રકાર્ય એટલે સમાજ પ્રક્રિયા જેના દ્વારા વિવિધ વિસ્તારના લોકો વચ્ચેની પ્રાથમિક માહિતી પ્રાપ્તિ કરી શકાય છે.

સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એટલે કોઈપણ પ્રકારનો પ્રત્યક્ષ અનુભવ સમાજ સંસ્થામાં થાય છે. આ પ્રકારનો અનુભવ જે વિદ્યાર્થીઓ સમાજકાર્યના અભ્યાસમાં સમાજકાર્યકર બનવા માટે જોડાયા હોય તેમના માટે વ્યવસ્થિત રીતે યોજવામાં આવ્યો હોય છે. સમાજકાર્ય શિક્ષણમાં ક્ષેત્રકાર્ય એ વિદ્યાર્થી અને સમાજ જીવન સ્થિતિ વચ્ચે માર્ગદર્શન આંતરક્રિયાની પ્રક્રિયા છે. જેના સમાજકાર્યના એક વ્યવસાય તરીકે ઊંડી અસર હોય છે. જેના માનવના વાતાવરણને ક્ષમતાઓમાં પરિવર્તન તેમજ સમૃદ્ધ વિકાસ લાવવામાં આવે છે. સમાજ સંસ્થાઓ અને સમુદાયો દ્વારા ક્ષેત્રકાર્ય હાથ ધરવામાં આવે છે. જેના વિદ્યાર્થીઓ શૈક્ષણિક આયોજન મુજબ કુશળતાઓ અને જ્ઞાનને ચકાસવાનું શીખે છે. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થી અને ક્ષેત્ર આધારીત હોય છે. ક્ષેત્રકાર્યની ટ્રેનીંગ એ નિરીક્ષણની પ્રેક્ટિસ છે જે વિદ્યાર્થીને કાર્યકર્તા દ્વારા હાથ ધરવામાં આવે છે. ક્ષેત્રકાર્ય દ્વારા વિદ્યાર્થીઓ સંસ્તા એજન્સી કે સમુદાય સાથે તાદાત્મ્ય સાધી શકે છે. તેમનાં જ્ઞાનમાં વધારો થાય છે જેવી તે માનવ જરૂરીયાતની અસરોના અનુભવ પ્રાપ્ત કરી શકે છે.

## 16.14 ક્ષેત્રકાર્યના ઉદ્દેશ્યો :

- પ્રત્યક્ષ તાલીમ દ્વારા વ્યવસાયિક કુશળતાઓને પ્રાપ્ત કરવી.
- વ્યક્તિ, જૂથ કે સમુદાયની સમસ્યાઓના સમાધાન માટે કુશળતાઓ વિકાસ કરવો અને સમાજ સંસ્થામાં પરિવર્તન લાવવું.
- સંકલિત વર્ગ અભ્યાસ માટે સમાન તક પ્રદાન કરવી.
- વ્યવસાયિક પ્રેક્ટિસમાં નિશ્ચિત તાલીમ માટે જરૂરી કુશળતાઓનો વિકાસ થાય છે.
- અનિર્ણાયક અને પૂર્વગ્રહરહિત વલણો વિકસાવવા.
- વ્યવસાયિક મૂલ્યો અને જવાબદારીનો વિકાસ જેમકે વ્યક્તિનું ગૌરવ ભાગીદારીની તક, આત્મનિર્ણય અને યોગ્ય સમાજને મદદરૂપ થવું.
- પોતાના અને બીજાના પ્રત્યે હકારાત્મક વિચારોનો વિકાસ કરવો.
- ટીમવર્ક આયોજન અને સંગઠન વિશે પરિચય કરાવા તેમજ સબંધિત કુશળતાઓનો વિકાસ કરવો.
- કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે જવાબદારીનો અનુભવ કરાવવા.
- પોતાના સ્વવિકાસ અને કાર્યના અમલ અંગેના અનુભવોનો સામનો કરવો.

## 16.15 ક્ષેત્રકાર્યની તાલીમ :

વિદ્યાર્થીઓને સમગ્ર વર્ષ દરમિયાન ક્ષેત્રકાર્યની તાલીમ માટે વિવિધ સંસ્તાઓમાં મૂલ્યોવામાં આવે છે. અને તેઓ સંસ્થાઓનો એક ભાગ બની જાય તેવી અપેક્ષા રાખવામાં આવે છે. ક્ષેત્રકાર્યની સમગ્ર પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ તાલીમ પામેલ માર્ગદર્શકમાંથી તાલીમ પ્રાપ્ત કરે છે. તેઓને એજન્સીઓ અને તાલીમકારો સાથે વ્યવસાયિક સબંધો સ્થાપિત કરવા પડે છે. ક્ષેત્રકાર્યની તાલીમ સાથે દરેક વ્યક્તિ મહત્ત્વ ધરાવે છે. વિદ્યાર્થીઓ, સંસ્થાઓના કર્મચારીઓ પાસેથી ઘણું બધું અગત્યનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. અલગ અલગ કૉલેજો દ્વારા વિદ્યાર્થીઓને અલગ અલગ રીતે ક્ષેત્રકાર્યમાં મોકલવાનું આયોજન કરવામાં આવે છે. ક્ષેત્રકાર્યના દિવસો અલગ અલગ રાખવામાં આવે છે. કેટલીક કોલેજમાં ક્ષેત્રકાર્યના બે દિવસો રાખવામાં આવે છે. તો કેટલીક કોલેજમાં ત્રણ દિવસ રાખવામાં આવે છે જેમાં વિદ્યાર્થીઓ અઠવાડીયાના 15 થી 20 કલાક કામ કરે છે.

સમગ્ર વર્ષ દરમિયાન તેમની કામગીરીમાં તેમાં વૈયક્તિક સેવાકાર્ય પદ્ધતિ જૂથકાર્ય પદ્ધતિ સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉપયોગ કરવાનો રહે છે. ક્ષેત્રકાર્યમાં જતા પહેલાં તેઓ પોતાના માર્ગદર્શક પાસેથી માર્ગદર્શન લે છે. વિદ્યાર્થીઓને ક્ષેત્રકાર્યની નોંધ રાખે છે. શહેરી કે ગ્રામ્ય વિસ્તારોના જરૂરિયાત આધારીત અને સંકલિત અભિગમ હોવો જોઈએ અને દરેક પદ્ધતિનો પ્રત્યક્ષ અમલ કરવાનો હોય છે. સમાજકાર્યમાં વિદ્યાર્થીઓ માટે ગ્રામીણ શિબિરનું આયોજન અધ્યાપકો દ્વારા કરવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારની મુલાકાત લેવામાં આવે છે. વ્યવસાયિક આંતરક્રિયાને સમજવાન પ્રયત્ન કરવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં જરૂરિયાત આદારીત કાર્યક્રમો ઘડવા માટે લોકોની રૂચી અને જરૂરિયાતોને ખ્યાતી પ્રાપ્ત કરવામાં આવે છે. કાર્યક્રમના આયોજનમાં અધ્યાપકો સમુદાયની મદદ માટે વ્યવસાયિક તાલીમને ધ્યાનમાં રાખવામાં આવે છે.

## 16.16 સેવાકાર્યના વિવિધ ક્ષેત્રો :

(1) કુટુંબ કલ્યાણ : કુટુંબ માનવ જીવનનું મૂળભૂત એકમ છે જે આજે અસ્તવ્યસ્ત થઈ રહ્યું છે. તેના માટે આજે અનેક સંસ્થાઓ કાર્યરત છે પરંતુ આ યોગ્ય રીતે તેનો અમલ કરી શકતો નથી. સેવાકાર્ય કુટુંબ સભ્યોની મદદ દ્વારા સમાયોજન સબંધિત સમસ્યાઓને દૂર કરવાનો પ્રયત્ન કરે છે.

(2) બાળ કલ્યાણ : આર્થિક તથા કુટુંબ ક્રિયામાં પરિવર્તનના કારણે અનેક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે જેના માટે અનેક સંસ્થાઓ કાર્યરત રહે છે.

(3) યુવા કલ્યાણ : યુવા કલ્યાણમાં સેવાકાર્યમાં વિવિધ પ્રકારના કાર્યક્રમોમાં યુવકોની સહાયતા પ્રદાન કરવામાં આવે છે.

(4) મહિલા કલ્યાણ : મહિલા કલ્યાણમાં સેવાકાર્ય દ્વારા અનેક સંસ્તાઓ જેવી કે માતૃસેવા, પ્રસૂતિ ગૃહ વગેરે કામ કરે છે.

(5) શ્રમ કલ્યાણ : શ્રી કલ્યાણમાં સેવાકાર્ય પદ્ધતિનો ઉપયોગ કરી મજુરીના પ્રશ્નો, ઔદ્યોગિક વિવાદ, સામાન્ય સ્થિતિ, ઉત્પાદન વગેરે સબંધિત કાર્યો કરવામાં આવે છે.

(6) ચિકિત્સકીય કલ્યાણ : વર્તમાન પરીસ્થિતિમાં અનેક શારીરિક રોગ મનોવૈજ્ઞાનિક અસમાયોજનના કારણે ઉત્પન્ન થાય છે. સેવાકાર્યના માધ્યમથી આ સમસ્યાને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

## 16.17 ક્ષેત્રકાર્યમાં તકનિકી સાધનોનું મહત્ત્વ :

કાર્યકર્તાનું મહત્ત્વનું ઉતારદાયિત્ત્વ એ છે કે તે જૂથની ક્રિયાઓનું ક્રમબદ્ધ રીતે આલેખન કરે, તેના કાર્યમાં લોકોના અભિપ્રાયો તથા અભિલેકન એક મહત્ત્વપૂર્ણ કાર્ય છે. સંસ્થાઓની નીતિઓ અનુસાર આ અભિપ્રાયો અને અભિલેખનોના વિષય વસ્તુ અને શૈલીમાં અલગતા હોઈ શકે, પણ તેના પ્રકારમાં સમાનતા હોય છે. વ્યક્તિઓ અને જૂથની નોંધણી, ભરતી, ઉપસ્થિતિ વગેરેના સંદર્ભમાં સુચનાઓનો ઉલ્લેખ, હેતુ, નોંધણી કાર્ડ અથવા રજીસ્ટરનો પ્રયોગ કરવામાં આવે છે.

➢ અભિલેખન શૈલી : ચોક્સાઈ અને સ્પષ્ટતા એ સારી વૈજ્ઞાનિક લખાણના પાયાના ગુણો છે.ક્ષેત્રકાર્યમાં અહેવાલ લખવાનું કામ દેખીતી રીતે સરળ લાગે છે પરંતુ વાસ્તવમાં આ કામ આપણે ધારીએ છીએ એટલું રહેલું નથી. આનું કારણ એ છે કે ક્ષેત્રકાર્યની પ્રક્રિયાઓ અનેક દિશાઓમાં વિસ્તરેલી હોય છે. જેમકે, ક્ષેત્રકાર્યમાં જરૂરિયાત મુજબ

ફેરફારો વારંવાર કરવા પડતા હોય છે. આ બધી બાબતો સમાવીને વિગત પૂર્ણ ક્ષેત્રકાર્યના અભિલેખનનું કામ સારી રીતે કરવા સારી પેઠે વિચારણા અને ધૈર્ય માગી લે છે. જહોડા જણાવે છે કે સ્પષ્ટતા અને ચોક્સાઈ એ બે ઉત્તમ પ્રકારના વૈજ્ઞાનિક લખાણના મૂળભૂત ગુણ છે. આમ અભિલેખન શૈલી એ ખાસ વિચારણા અને સમજણ માંગી લેતી બાબત છે.

➢ સાદી ભાષા : અભિલેખનની ભાષા સાદી હોવી જોઈએ અને તેનું વ્યાકરણ શુદ્ધ હોવું જોઈએ. એક જટિલ વાક્ય કરતા બે-ત્રણ સાદા વાકયોનો ઉપયોગ કરવાથી વિચારને વધુ સારી રીતે વ્યક્ત કરી શકાય છે. ભાષાની સ્પષ્ટતા મળતી નથી અને અહેવાલને જોઈએ તેટલો આવકાર મળતો નથી. આથી સ્પષ્ટ અને ચોક્સાઈ પૂર્વકનો અહેવાલ લખવા માટે વૈજ્ઞાનિક ભાષાનો ઉપયોગ કરવો જોઈએ. અહેવાલમાં સ્પષ્ટતા લાવવા માટે અહેવાલના ફકરા પણ બહુ લાંબા ન હોય એ ઈચ્છનીય છે. લખાણને નાના ફકરાઓમાં વહેચવું જોઈએ અને જરૂર પડે ત્યાં ફકરાને પેટામથાળા બાંધવા જોઈએ.

➢ પારિભાષિક શબ્દોનો કાળજીપૂર્વક ઉપયોગ : ક્ષેત્રકાર્ય અભિલેખનના લેખકે અભિલેખનમાં શબ્દોનો પરીભાષાનો ઉપયોગ અત્યંત કાળજીપૂર્વક કરવો જોઈએ. ખાસ કરીને સ્થાનિક માનવ સમાજમાં ઉપયોગમાં લેવાતા ઘણા શબ્દો સામાન્ય લોકો પણ રોજના વ્યવહારમાં જુદા જુદા અર્થમાં ઉપયોગમાં લેતા હોય છે. આથી જે શબ્દોનો અભિલેખન લખવામાં ઉપયોગ કરે તે શબ્દો તેણે પૂરેપૂરા વ્યાખ્યાબદ્ધ થવા જોઈએ.

## 16.18 ક્ષેત્રકાર્યમાં હોસ્પિટલ કક્ષાએ સમાજકાર્ય :

કોઈપણ વિષયને વિસ્તારપૂર્વક સમજતા પહેલા તેનું મુખ્ય વિષયવસ્તુ જાણવું જરૂરી છે. સમાજકાર્યમાં યોગ્ય રીતે કેળવણી પામવા માટે તેની પદ્ધતિ, અંગો, ઘટોક, ક્ષેત્રો અંગે વિગતવાર માહિતી મેળવવી ખૂબ જ જરૂરી બને છે. હોસ્પિટલ કક્ષાએ વ્યક્તિગત, સામુહિક કે જૂથમાં રહીને જન સ્વાસ્થ્ય તેમજ સંસ્થાગત સમાજકાર્ય પ્રેક્ટિસ માટેના વિવિધ ક્ષેત્રો પૈકીના અલગ અલગ કક્ષાએ સમાજકાર્ય થતું હોય છે. હોસ્પિટલમાં ડોક્ટર, નર્સ, કમ્પાઉન્ડર, પટાવાળા કે પછી સફાઈ કામદારો આ દરેકે પોતાની જવાબદારીપૂર્વક હોસ્પિટલમાં આવતા દર્દીઓ સાથે પ્રેમભાવ રાખવો ખૂબ જ જરૂરી બને છે તે રીતે સમાજકાર્યકરે પણ દર્દીઓ સાથે પ્રેમપૂર્વક વર્તન-વ્યવહાર કરવો જોઈએ.

➢ હોસ્પિટલમાં ક્ષેત્રકાર્ય : હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીના રોગોનો ઉપચાર કરવો એ બાબત હોસ્પિટલના સમગ્રસ્ટાફ માટેની મહત્ત્વની બાબત ગણાય છે. દાખલ દર્દીની યોગ્ય રીતે ચોક્સાઈપૂર્વક સારવાર આપવી તેમજ યોગ્ય દવાઓ આપવી એ બધી જ બાબતનું તેઓએ ધ્યાન રાખવું એ મહત્ત્વની બાબત છે. આ ઉપરાંત દાખલ દર્દીને તેના આરોગ્ય વિશેનું શિક્ષણ આપવું એ પણ એક મહત્ત્વની બાબત છે. દા.ત. ડાયાબીટીસના દર્દીઓને ગળ્યા પદાર્થો ખાવાની ના પાડવી. હોસ્પિટલમાં રહેતા સમગ્ર સ્ટાફે મળીને આવનાર દર્દી સાતેના સમાજ સબંધો દ્રઢતા પૂર્વક કેળવાય તેનું ધ્યાન રાખવું જોઈએ. આ ઉપરાંત તેમને સામુહિક ચિકિત્સા અને વ્યવસાયિક ચિકિત્સા પદ્ધતિનો પણ ઉપયોગ કરવો જોઈએ.

➢ સામુહિક કાર્ય અને આરોગ્ય શિક્ષણ : કયારેક સમાજમાં ઘણા એવા ભયંકર રોગ ફાટી નીકળતા હોયછે જે સમાજના વ્યક્તિની થોડી જ બેદરકારીના કારણે થતા હોય છે. જ્યારે પણ આવી પરિસ્થિતિ સર્જાય ત્યારે હોસ્પિટલમાં થતા સમાજકાર્યના એક ભાગરૂપે સમગ્ર જૂથમાં અથવા એક-બે વ્યક્તિઓને એકી સાથે યોગ્ય સલાહ સૂચન મળી રહે તે પ્રમાણે સમગ્ર જૂથને સંગઠિત કરી આરોગ્યનું મહત્ત્વ દર્શાવવું જોઈએ અને તેમને

શારીરિક સ્વાસ્થ્ય અંગેની યોગ્ય જાણકારી આપવી જોઈએ. આ ઉપરાંત સમાજમાં વ્યક્તિઓને આરોગ્ય અંગેની સાચી સમાજ કેળવવામાં આવે અથવા દરેક વ્યક્તિનું આરોગ્ય સારું રહે અને સમાજમાં આરોગ્યનું સ્તર ઊંચુ રહે તે માટેના ઉપાયો બતાવવા જરૂરી છે. ઘણા લોકોમાં કેટલાક રોગો પ્રત્યે ગેરમાન્યતાઓ પ્રવર્તતી હોય છે. દા.ત. ઓરી નામના એક ભયંકર રોગને લોકો ઓરીમાતા ગણતા હોય છે. અને દવાઓ લેવાનો આગ્રહ રાખતા નથી. તો ડોક્ટરો દ્વારા આવી ગેરમાન્યતાઓ દૂર થાય તેવી સલાહ આપવી અને લોકોમાં ગેરમાન્યતાઓ કે અજ્ઞાનતાને દૂર કરવી જોઈએ. આ ઉપરાંત સરકાર દ્વારા મફતમાં મળતી કેટલીક મહત્ત્વની આરોગ્યની સુવિધાઓ અંગેનું જ્ઞાન આપવું જોઈએ.

➢ સામુહિક કાર્ય અને જન સ્વાસ્થ્ય : સમગ્ર જન સ્વાસ્થ્ય કલ્યાણ અર્થે કૈર્યરત હોય એવા વિભાગમાં વિવિધ પ્રકારની સેવાઓ આપવી જરૂરી હોય છે. જન સ્વાસ્થ્યનો વિચાર કરીને યોગ્ય પ્રકારે અને સુવિધાજનક કાર્યો કરવા એ હોસ્પિટલની સમાજ ફરજ છે. જેમાં ઉપચારાત્મક સેવાઓ આપવી એટલે કે આરોગ્ય અંગેની સુવિધાઓ વધારવી અને આરોગ્યલક્ષી યોગ્ય સુવિધાજનક જ્ઞાન આપવું. સમાજમાં કયારેક પોલિયો, મેલેરિયા કૉલેરા જેવા ભયંકર રોગોનો ઉપદ્રવ વધી જતા હોય છે. ત્યારે સમાજકાર્યના હિસ્સારૂપે હોસ્પિટલ એ પોતાની જવાબદારી સંભળાવી જરૂરી બને છે. તેઓએ રોગના નિયંત્રણ સબંધી સેવાઓ આપવી જોઈએ. યોગ્ય દવાઓ પણ આપવી જોઈએ તેમજ લોકોના સ્વાસ્થ્ય જળવાઈ રહે અને રોગોના ઉપદ્રવને અટકાવી શકાય તેવા પગલા લેવા જોઈએ.

➢ શારીરિક વિકલાંગતા અને ક્ષેત્રકાર્ય : કેટલીક હોસ્પિટલો વિકલાંગ વ્યક્તિઓ માટેની મહત્ત્વની સેવાઓ આપતા હોય છે અથવા વિકલાંગ બાળકના માતા-પિતા સાથે ચર્ચા કરે છે. તેઓ બાળકની વિકલાંગતાનું કારણ, લક્ષણો વગેરે જાણી સમજીને વિકલાંગ બાળકોને તૈયાર કરે છે. તે બાળકોની ગેરમાર્ગે દોરનારી મનોવૃત્તિઓ દૂર કરે છે. અને વિકલાંગો પોતે જ પોતાના ઉપર નિર્ભર રહે તે માટેની તાલીમ આપવામાં આવે છે. ઈ.સ.1976માં પ્રજ્ઞાચક્ષુની સંખ્યા 90 લાખ હતી. સમાજકાર્ય દ્વારા આવા લોકોની મદદ કરવી એ મહત્ત્વની બાબત છે. સમાજકાર્યમાં પોતાની ફરજ સમજીને આવા લોકોની મદદ કરવી જોઈએ જેમાં કેન્દ્ર સરકાર દ્વારા મળતી રોજગારીના લાભો આવા લોકોને અપાવવા અને આવા લોકોનો સર્વે કરી સમાજમાં વ્યક્તિઓને તેની પરિસ્થિતિ મુજબ તેમનું પુર્નર્વસન કરવું. આ ઉપરાંત આવા લોકોના માતા-પિતાને સહાય કરવી એ પણ સમાજકાર્યનો જ એક ભાગ છે. આવા વ્યક્તિ કે બાળકોને સ્નેહ, પ્યાર, શિક્ષણ, તાલીમ અને સ્વતંત્રતા દ્વારા આત્મનિર્ભર બનાવવામાં આવે છે.

## 16.19 ક્ષેત્રકાર્યમાં સમાજકાર્યકરની ભૂમિકા :

ઘણી વખત કાર્યો અને ભૂમિકા વચ્ચેનો ભેદ દર્શાવવો મુશ્કેલ લાગે છે. ભૂમિકા એટલે વ્યક્તિના કાર્યસ્થાન કે પદને અનુરૂપ તેની પાસેથી કાર્યની પરીપૂર્ણતાની રખાતી અપેક્ષા સમાજકાર્યકરની ભૂમિકા છે. જ્યારે સમાજકાર્યકર પોતાની ભૂમિકા પરિપૂર્ણ કરવા માટે જે કઈ વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો હોય તેનું વર્ણન કરવા વપરાય છે.

### 16.19.1 મધ્યસ્થી તરીકેની ભૂમિકા :

સમાજકાર્ય વ્યવસાયનો પ્રાથમિક હેતુ લોકોને તેમની જરૂરિયાતો પૂરી કરવામાં અને તેમની સમસ્યાઓના નિવારણમાં ઉપયોગી સાધનો મેળવવામાં મદદ કરવાનો છે. મધ્યસ્થી તરીકે સામુદાયિક સેવાઓ સાથે વ્યક્તિઓ અને જૂથોનું જોડાણ કરવામાં સમાજકાર્યકર મદદ કરે છે. ખાસ કરીને જ્યારે તેમને આ સેવાઓ કયાંથી ઉપલબ્ધ થશે તેની ખબર હોતી નથી ત્યારે સમાજકાર્યકર સાધનોના વિકલ્પ અને યોગ્ય સંદર્ભ સેવાઓ વિશેની માહિતી પૂરી પાડીને સેવાર્થીનું ઉપલબ્ધ સાધનો સાથે જોડાણ કરે છે. મધ્યસ્થી તરીકે કામ કરતી વખતે સમાજકાર્યકર પરિસ્થિતિની ચકાસણી કરે છે. સેવાર્થીને પસંદગી પૂરી પાડે છે. સરકારી વિભાગો પોતાની સેવાઓ વિશેની માહિતીનું સતત આદાન પ્રદાન કરે છે જેથી સમાજકાર્યકરો પોતાના સેવાર્થીને સંદર્ભ સેવાઓ પૂરી પાડી શકે.

### 16.19.2 સમર્થકર્તા :

સમાજકાર્યકર વ્યક્તિઓ અને કુટુંબો સાથે સેવાર્થીની સમાજ કાર્યાત્મકતા જ્યાં અવરોધરૂપ બને છે, તે અવરોધોના નિવારણ માટે સમાજકાર્યકર નિષ્ણાત તરીકે સેવાઓ આપે છે. સમાજકાર્યકર કાઉન્સેલિંગ દ્વારા વ્યક્તિ અને કુટુંબને સમસ્યાનિવારણની પ્રક્રિયામાં સામેલ કરે છે અને તેમની સાથે સમસ્યાનિવારણની વ્યૂહરચના ઘડે છે. સમર્થક તરીકેની ભૂમિકામાં સમાજકાર્યકારનો ઉદ્દેશ "લોકોને તેમની યોગ્યતાને વિસ્તારવામાં અને તેમની સમસ્યા નિવારણ અને સમસ્યાનો સામનો કરવાની ક્ષમતામાં વધારો કરવામાં મદદ કરવાનો છે. વ્યક્તિ કે જૂથોને તેમની જરૂરિયાતોને સ્પષ્ટપણે કહેવામાં, તેમની સમસ્યાઓને ઓળખવામાં અને તેને સ્પષ્ટ રીતે સમજવામાં, સમસ્યાના ઉકેલની વ્યૂહરચનાને શોધવામાં અસરકારક રીતે હાથ ધરવામાં સમાજકાર્યકર મદદરૂપ બને છે. સશક્તિકરણ એ સમાજકાર્યકરની પ્રેક્ટિસનું ચાવીરૂપ ધ્યેય છે. જે વ્યક્તિઓ, કુટુંબ, જૂથો, સંસ્થાઓ અને સમુદાયોની વ્યક્તિગત, સમાજ રાજકીય, આર્થિક શક્તિઓ વધારવાની પ્રક્રિયા છે. આ શક્તિ સમર્થતા સેવાર્થીને તેના સંજોગોમાં સુધારો કરવામાં મદદ કરે છે. સમાજકાર્યકર સેવાર્થીને તેની ક્ષમતાનો વિકાસ કરવામાં, તેના પર્યાવરણને સમજવામાં, પોતાની સામેના વિકલ્પોમાંથી પસંદગી કરવામાં મદદરૂપ બને છે. સશક્તિકરણ કેન્દ્રિત કાર્યમાં સમાજકાર્યકર વિવિધ જૂથો અને સમુદાયમાં સાધનો અને સત્તાની સમાન વહેંચણી થાય તે માટે પ્રયત્ન કરે છે."

### 16.19.3 સલાહકાર તરીકેની ભૂમિકા :

સલાહકારની ભૂમિકામાં સમાજકાર્યકર સેવાર્થી સાથે તેની સ્થિતિમાં પરિવર્તન લાવવા માટે સાથે મળીને આયોજન કરે છે. પરિવર્તન માટે વિચાર વિનિમય કરે છે. પરામર્શમાં વ્યક્તિગત, કૌટુંબિક, સંસ્થાગત અને સમાજ સમસ્યાના ઉકેલ માટે પ્રેક્ટિસનર તરીકે સમાજકાર્યકરને એ વિશ્વાસ હોય છે કે સેવાર્થી તેની સમસ્યાના સંદર્ભમાં જરૂરી માહિતી અને સાધનો ખરેખર ધરાવે છે અથવા પ્રાપ્ત કરવા સંભવ હોય છે. સેવાર્થીની સમસ્યા કે મુદ્દાને સ્પષ્ટ કરવા, તેની ક્ષમતાઓને ઓળખવા, વિકલ્પો વિશેની માહિતી પૂરી પાડવી તથા આ પ્રક્રિયા દરમિયાનની સંભાવનાઓને સમજવા માટે પરામર્શક સહકારયુક્ત પ્રક્રિયા ઉભી કરે છે. જેમાં સેવાર્થીના જ્ઞાન, મૂલ્યો, અને કુશળતાઓને

ધ્યાન પર લઈ તેને ઉજાગર કરે છે. આ પ્રકેરે કાર્ય કરવા માટે પરામર્શક એક સારો આયોજનકર્તા હોય તે જરૂરી બને છે. આયોજક તરીકે સેવાર્થીની જરૂરિયાત અને સમસ્યાની ચકાસણી કરવાની છે. સેવાર્થી માટે ઉપલબ્ધ સેવાઓની યાદી તૈયાર કરવાની હોય છે. સેવાર્થી અને તેના પર્યાવરણનું નિરિક્ષણ અને તેના વિવિધ ભાગોનું ક્ષેત્રિય સંશોધન કરીને સમસ્યાને સમજવા અને તેનો ઉકેલ શોધવાનો હોય છે. પરામર્શક તરીકે સમાજકાર્યકર સેવાર્થીને સક્ષમ બનાવે છે. તેની લાયકાતનો આદાર કરીને, તેની શક્તિઓ પર સેવાર્થી સક્ષમ બનાવે છે. તેની લાયકાતનો આદર કરીને, તેની શક્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને તેની સમસ્યાઓનો ઉકેલ મેળવવા સહકારથી કામ કરે છે. પરામર્શ અને પરામર્શક અને સહાયની જરૂરિયાતવાળા સેવાર્થી કે તંત્ર વચ્ચેનો સ્વૈચ્છિક સબંધ છે. જેમાં પરામર્શક સેવાર્થીને કોઈ વર્તમાન કે સંભવિત સમસ્યાને હલ કરવામાં મદદરૂપ થવા પ્રયાસ કરે છે.

### 16.19.4 શિક્ષક તરીકેની ભૂમિકા :

સમાજકાર્યમાં સેવાર્થી અને પ્રેક્ટિસનર વચ્ચે સતત માહિતી અને વિચારોનું આદાન પ્રદાન થાય છે. ખરેખર જોઈએ તો આ એક શૈક્ષણિક પ્રક્રિયા છે. જેમાં સેવાર્થી અને સમાજકાર્યકર શીખવા શીખવવાની પ્રક્રિયામાં સામેલ હોય છે. પાઉલો ફેરી (1990) કહે છે તેમ શિક્ષણમાં સાધન તરીકે સંવાદ સૌથી અસરકારક સાધન છે. સહયોગાત્મક રીતે શીખવું એટલે એમ માનવામાં આવે છે કે સેવાર્થીમાં સ્વદોરાવણીની સંભાવના છે અને તેની પાસે અનુભવોનો ભંડાર છે જેને આધારે તે નવું શીખી શકે છે અને તેના અમલ દ્વારા પોતાની સ્થિતિમાં સુધારો કરી શકે છે. આમ શિક્ષક તરીકે સમાજકાર્યકર સેવાર્થીના જ્ઞાન અને અનુભવને માન આપે છે અને તેના મહત્ત્વને સમજે છે.

શિક્ષક તરીકે સમાજકાર્યકર પોતાના કાર્યના વ્યાપક ક્ષેત્રોમાં વિવિધ સ્તરે શીખવવું, તાલીમ, સઘન સંપર્ક અને સંશોધનની પ્રવૃત્તિઓ કરવાની હોય છે. જેમાં તેની શિક્ષક તરીકેની ભૂમિકા જોવા મળે છે. શિક્ષકની ભૂમિકામાં જીવનના કાર્યોને અસરકારક રીતે કરવાની કળા, ભૂમિકા ભજવણી અને પોતાના જીવન પરના જરૂરી નિયંત્રણ માટે સેવાર્થીને માહિતી પૂરી પાડીને તેને સક્ષમ બનાવવાનું કામ થાય છે. જેથી સેવાર્થી પોતાની તાત્કાલિક સ્થિતિનો સામનો કરી શકે અને નવી ઉભી થનાર મુશ્કેલીઓને આવતી અટકાવી શકે છે.

## 16.20 સારાંશ :

ફિલ્ડવર્કની મદદથી સમાજકાર્યકરમાં જ્ઞાનનો ઉપયોગ અને પરિસ્થિતિ વિશે સમજણ કેળવવાની ક્ષમતામાં વધારો થાય છે. સમાજકાર્યકરમાં કૌશલ્યનો વિકાસ શિક્ષણ અને તાલીમ દ્વારા થાય છે. સમાજકાર્યકર કાર્યક્રમના કૌશલ્ય દ્વારા સેવાર્થીની સાથે ઉદ્દેશ્યપૂર્ણ સબંધ સ્થાપન કરે છે. સમાજકાર્યકર સમાજ સ્થિતિનું કૌશલ્યપૂર્ણ રીતે વિશ્લેષણ કરે છે. ઉપરાંત વ્યક્તિ તથા જૂથોની લાગણી સમજે છે. સેવાર્થીને આત્મનિર્ભર બનાવવા માટે સંસ્થાનો અને સામુદાયિક સ્ત્રોતોનો ઉપયોગમાં લે છે. સમાજકાર્યકરમાં સૌથી મહત્ત્વનું કૌશલ્ય એ પોતાના સબંધોનો રચનાત્મક ઉપયોગ કરે છે. સમાજકાર્યની પ્રયુક્તિઓ જેમાં નિરિક્ષણ, પ્રશ્નોત્તરી, પરામર્શ, સ્પષ્ટીકરણ, વિશ્લેષણ, સહાયતા, મુલાકાત, સામનો, માહિતીપ્રદાન, સહમતી, પુનઃઅભ્યાસ વગેરે સમાજકાર્યકર માટે અનિવાર્ય છે.

મદદ કરવી એ માનવીની સાહજિક વૃત્તિ છે. સમાજકાર્યકર કે બીજા કોઈપણ સેવા કરનાર વ્યાવસાયિક સુધી પહોંચતા પહેલાં વ્યક્તિ મોટે ભાગે કુટુંબ, મિત્ર, પડોશી કે સ્વૈચ્છીક કાર્યકર દ્વારા મદદ મેળવે છે. સાહજિક મદદ પરસ્પરના સબંધોને આધારે થાય છે. તેમાં મદદકર્તા પોતાના જીવનના અનુભવો અને આંતરસૂઝને આધારે માર્ગદર્શન આપે છે. કેટલીક વખત જટિલ સમાજ સમસ્યાઓ જેમાં અસરકારક માનવસેવા પહોંચાડવા માટે વિશેષ જ્ઞાન અને કુશળતા જરૂરી હોય છે, ત્યાં સાહજિક મદદ કરનાર તેની લાક્ષણિક રીતે મદદ કરે છે એને કારણે કેટલીક વખત સમસ્યા વધુ જટિલ બનતી જોવા મળે છે. શિક્ષણ એ માનવ જીવનમાં ખૂબ ઉપયોગી છે. શિક્ષણ થકી પરિવાર, સમાજ અને રાષ્ટ્રનો વિકાસ થાય.

સમાજ વ્યક્તિઓનો સમાજ સબંધથી બને તે માત્ર વ્યક્તિઓનો સમૂહ, મનુષ્ય સમાજ પ્રાણી છે. તે માત્ર આંતરિક કે બાહ્ય ભૌતિક કે સહજ વૃત્તિથી પ્રેરાઈને વર્તન કરતો નથી. માનવી સમાજ પર આધારીત છે. માનવ સ્વભાવનો વિકાસ સમાજ જીવનમાં જ શક્ય બને છે. વ્યક્તિ વ્યક્તિત્ત્વનો વિકાસ અન્ય માનવીના સંપર્કથી થાય છે. માનવી પાસે જૈવિક પ્રાણીનો વારસો હોવા છતાં સમાજ માનવ બનવા માટે સમાજનો સંપર્ક જરૂરી છે. સમાજના સંપર્કના અભાવે માનવીમાં માનવગુણોનો વિકાસ થતો નથી. તે દર્શાવતા અનેક ઉદાહરણો છે. ઈ.સ.1920માં આપણા દેશમાં બનારસની ગુફામાંથી મળેલી અમલા નામની બાળકીના દ્રષ્ટાંતો એવું દર્શાવે છે કે માનવજાત માનવક્ષમતાઓ હોવા છતાં કોઈપણ કારણોસર સમૂહ જીવનથી વંચિત રહી ગયેલા આ બાળકો સમાજ, સાંસ્કૃતિક અસરોથી અલિપ્ત રહ્યા હોવાથી તેઓ સમાજ માનવી તરીકે વિકાસ પામી શકયા ન હતા.

ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને આધુનિકરણ એ વિકાસવાદી સભ્યતાને પ્રભાવિત કર્યા છે. આદિવાસી સમાજના વિકાસ માટે ધાર્મિક સંસ્થાઓ એ તેમના જીવનમાં સુધાર લાવવા પ્રયાસ કર્યા અને આગળ જતા સમાજ સંસ્થાઓની શરૂઆત થતા તેમણે આ વિચાર સાથે કામ કરવા પ્રયત્ન કર્યા અને ક્ષેત્રકાર્યનો ઉદ્‌ભવ થયો.

## 16.21 તમારી પ્રગતિ ચકાસો :

1. સમાજકાર્યની વ્યાખ્યા આપો.
2. સમાજકાર્યના કોઈપણ ત્રણ મૂલ્યો લખો.
3. સમાજકાર્ય વિશેની કોઈ બે ગેરમાન્યતાઓ લખો.
4. સમાજકાર્યના કાર્યો વિશે સમજાવો.
5. ક્ષેત્રકાર્ય નું મહત્ત્વ સમજાવો.
6. ક્ષેત્રકાર્યના ક્ષેત્રો જણાવો.
7. હોસ્પિટલ કક્ષાએ સમાજકાર્ય જણાવો.
8. ક્ષેત્રકાર્યમાં અહેવાલ લેખનનું મહત્ત્વ સમજાવો.
9. ક્ષેત્રકાર્યમાં સલાહકાર તરીકેની ભૂમિકા જણાવો.
10. ક્ષેત્રકાર્ય કઈ કઈ જગ્યાએ ઉપયોગી છે.
11. સમાજકાર્ય શિક્ષણનું મત્ત્વ સમજાવો.
12. ભારતમાં સમાજકાર્ય શિક્ષણનો ઈતિહાસ જણાવો.

13. સમાજકાર્ય શિક્ષણ દ્વારા સમાજમાં કેવા કેવા પરિવર્તનો આવ્યા છે ?
14. સમાજકાર્ય શિક્ષણને વ્યવસાય તરીકે કેમ ઓળખાય છે ?
15. સમાજકાર્ય શિક્ષણ દ્વારા જ્ઞાનમાં વિકાસ કેવી રીતે થઈ શકે છે ?

## 16.21 સંદર્ભ સૂચિ :


1. સમાજકાર્ય : ડૉનેહલ ત્રિવેદી, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.
2. વ્યવસાયિક સમાજકાર્ય : ગીતા ચાવડા, રન્નાદે પ્રકાશન, અમદાવાદ.
3. Introduction to social work and Social Welfare: Charles Zastrow, Cole Wadsworth Publishing Company, New York
4. Gandhian Approach to Social Work : Dayal P. Gujarat Vidhya pith, Ahmedabad.
5. Social Work in India : Wadia A.R(1961), Allied Publishers.
6. ડૉ.શૈલેષ બ્રહ્મભટ્ટ, ગ્રામીણ સમુદાયમાં ક્ષેત્રકાર્ય આયુધ પબ્લિકેશન રાજકોટ.
7. પ્રો. એ.જી શાહ, ભારતીય સમાજનો પરિચય, અનડા પ્રકાશન, અમદાવાદ.
8. રામ આહુજા, ભારતીય સમાજ, રાવત પબ્લિકેશન, દિલ્હી.
9. Kripal Shing, Filed work in Social work, Raam Prakasan Noida.
10. Gore M.S. (1965), Social work and social work education Asia publishing House, Bombay.
11. ડૉ.આનંદી પટેલ, વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો, વ્યવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ.
12. ડૉ. કૃપાલસિંહ, સમાજકાર્ય દર્શન - ઈતિહાસ.
13. ડૉ.ગીરીશકુમાર, સમાજકાર્યના ક્ષેત્ર, ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન લખનૌ.
14. ડૉ.હર્ષદ પટેલ, વસ્તી શિક્ષણ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.


*******************